Shri. C. M. Joshi.
PURCHASED
Date 8-3-65
Initial
7CT
1508
G. 21665 V2B4
Rs. 10=00

# આજમ અનંતજી અમરચંદ વસાવડા.
# જુનાગઢના મરહુમ દિવાન ઇત્યાદિનું
# જીવન ચરિત્ર.

किं मधुना किं विधुना ॥
किं सुधया किंच वसुधयाऽखिलया ॥
यदि हृदय हारि चरितः ॥
पुरुषः पुनरेति नयनयोरयनम् ॥१॥

લખનાર,
ભવાનીશંકર નરસિંહરામ.

૧૯૫૩.

વઢવાણ કાંપ.
"આર્ય વિદ્યા પ્રકાશ" પ્રિન્ટીંગ પ્રેસમાં
રામચંદ્ર કૃષ્ણાજી પવારે છાપ્યું.



રા. રા. અનંતજી અમરચંદ વસાવડા સ્વ. જુનાગઢ

# AZAM ANANDJI AMARCHAND VASAVDA,

*( LATE DIWAN OF JUNAGAD &c. &c. )*

The lines of former generations are a lesson to
Posterity, that a man may review the remark-
able events which have happened to
others, and be adminished; and
may consider to history of
people preceding ages, and
of all that hath be
fallen them, and
be
restrained.

Lang.

*By*

BHAWANISHANKER NARSINHRAM.

યોગ તે પુરૂષના મરણ બાદ કરીને પ્રજાને તેના અનુભવ-જ્ઞાનથી વિદિત કરીને એકસરખો લાભ આપે છે. એવો રીવાજ આપણામાં નથી.

આપણે આપણા માટે ઘણા બેદરકાર છીએ. આપણી વચ્ચે વસતા પરાક્રમી દેશી લોકોના સમ્બંધમાં જાણવાને આપણે ઘણી ઇચ્છા ધરાવતા નથી--પરવા કરતા નથી, તેથી સંપૂર્ણ નોંધ જે "જીવન્ ચરિત્ર" નું જીવન છે-પ્રાણ છે-તેજ છે, તે વગર અપૂર્ણ ચરિત્ર-રસ વિનાનું-નિર્જીવ લાગે છે, પરંતુ એવાં એવાં અપૂર્ણ ચરિત્રો પણ થોડો ઘણો લાભ કરી શકે છે ખરાં.

શ્રી સૌરાષ્ટ્ર-ગુજરાતના પ્હાડી સ્કૉટલાંડ એ હિન્દમાં દૈવી દેશ ગણાય છે. જે દૈવી દેશમાં શ્રી કૃષ્ણ પરમાત્માએ નાના પ્રકારની લીલા કરીને લીલા વિસ્તારી છે. જે દેશમાં જૈન લોકોના ઘણાં તિર્થંકરો મોક્ષપદ પામ્યાં છે. જે દેશમાં વિવિધ તરેહની વિદ્યાવડે કરીને વિખ્યાત થયેલા પંડિત હેમાચાર્ય, દયાનંદ સરસ્વતિ, સહજાનંદ નરસિંહ મહેતો અને બીજા અનેક ભક્ત કવિ-પંડીતો પ્રકાશી ગયા છે તથા ભારત મારતંડ પંડિત-ગટુલાલજી, કવિ દલપતરામ આદિ બીજા પણ અનેક સમર્થ વિદ્વાનો આધુનિક કાળમાં પણ એ મહાન્ દેશની કીર્તિનો પ્રકાશ કરે છે, જે દેશમાં રાજ્યતંત્ર ચલાવનારાં અનેક સુકાની-મુત્સદ્દી-પ્રધાનોએ પોતાની જીંદગીમાં દેશનો મહિમા વધારીને દેશને સંપત્તિ-સુધારાના શિખરપર ચઢાવવાનો ભગીરથ પ્રયત્ન કીધો છે ને કરે છે એવા દૈવી દેશે આજમ અનંતજી અમરચંદને જન્મ આપીને પોતાની પીઠપર નાના પ્રકારના પ્રયોગો કરાવ્યા છે. એવા પુરૂષનું ચરિત્ર લખવાની બહુ જરૂર હતી, પરંતુ તે સાધનો વગર-ઉત્સાહ વગર અને રિવાજના અભાવને લીધે આજ સુધી ન લખાયું તે વિશેષ વિસ્મયકારક નથી.

આ અતિ ઉપયોગી કામ જૂનાગઢના પ્રખ્યાત્ રાજ્યદ્વારિ અને

ધાર્મિકવૃત્તિ ધારણ કરનાર રા. રા. નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચ આજમ અનંતજીને ચાહનારામાંના એક અગ્રેસર હોવાને લીધે શ્રી વલ્લભીપૂરના વિદ્યાવિલાસી કાર્યભારી મિ૦ લીલાધરદાસ હર્ષચંદ્ર દ્વારાએ મારા હાથમાં મુક્યું. એ કામ મેં હાથમાં લીધું તો ખરૂં, પરંતુ એક ચરિત્ર લખવાં જેવાં પ્રકારનાં સાધનો જોઇએ તે સાધનો વગર હું બહુજ વિચારમાં પડયો. ગમે તેવો સારો લખનાર હોય પણ ઇતિહાસિક બાબતોના ગ્રંથમાં ઉપયોગી નોંધ વગર તે ઉત્તમ પ્રકારનો લેખ લખી શકતો નથી. એક કલ્પિત લખાણ કરવામાં કવિ–કલ્પનાનું માપ થઈ શકે છે, પરંતુ આવા ગ્રંથમાં તો લખનારને અમૂક હદમાં રહીને જેના સંબંધમાં તે લખતો હોય તેનાજ યથાર્થ પરાક્રમપર તેની દૃષ્ટિ એક સરખી રહેછે, તેથી મેં કૈલાસવાસી દિવાનના સંબંધમાં મળી આવે એવી હકીકતો મેળવવાને ગૂજરાત–કાઠિયાવાડમાં નાનો સરખો પ્રવાસ કરવાનો આરંભ કીધો.

પ્રથમ વલ્લભીપૂર ગયો ને ત્યાંના કાર્યભારી મિ૦ લીલાધરદાસને મળ્યો. તેમની પાસેથી કેટલીક વિગતો પ્રાપ્ત કરીને શ્રી સોરઠ દેશના રાજ્યતખ્ત જૂનાગઢ પંહોચ્યો. એ શેહેર મરહુમ પ્રધાનનું જન્મ નગર હોવાથી મેં અનેક પુરૂષોની મુલાકાત લીધી, પૂછવા લાયક પ્રશ્નો પુછ્યા પણ મારે જે પ્રકારની મદદ જોઇતી હતી તે ન મળી. આજથી પા સૈકાપર થયેલા એક અતિ કીર્તિવાન રાજ્યદ્વારિ પુરૂષના સંબંધમાં, તેમની સાથે રહેલા-વસેલા ને તેમના હાથ નીચે રહીને અનેક કાર્યો કરેલાં તેવા પુરૂષો હૈયાત છતાં પણ ઉપર ટપકેની થોડી ઘણી વાતો સિવાય ખરી સિલસિલાબંધ હકીકત ન મળી શકી, તેનું કારણ આપણે ઉપર વાંચી ગયા તેમ નિત્ય કર્મ ન લખી રાખવાની ભૂલનું છે. તેમ છતાં હું મારી હિમત હાર્યો નહિ, કારણ કે રા. રા. નૃસિંહપ્રસાદ અને રા. રા. લીલાધરદાસના ઉત્તેજન



લાયક ટેકાવડે કરીને મારા ઉત્સાહમાં જેવોને તેવો હું દૃઢ રહ્યો. જૂનાગઢથી કાઠિયાવાડના રાજ્યનગર રાજકોટમાં ગયો, ને કેટલાક માણસોને મળ્યો. ત્યાં પણ તેવીજ નિરાશા ઉત્પન્ન થઇ, તેથી લોંગ લાઇબ્રેરીમાંથી જૂનાં વર્તમાનપત્રોની મદદ મેળવવાનો આરંભ કીધો. એ કામમાં શ્રી સૌરાષ્ટ્રના હિતચિંતક માજી આસિસ્ટંટ એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર રા. બા. ગોપાળજીભાઇ સુરભાઇએ સારીસ્હાયતા કીધી, તે છતાં પણ રહેજ નોંધ સિવાય વધારે પત્તો ન મળ્યો. સબબ આજમ અનંતજીની કારકીરદીમાં રેલ્વે ને તારથી આ દેશ ગૂજરાતની સાથે જોઇએ એવી રીતે જોડાયેલો ન હોવાથી કાઠિયાવાડ સંબંધી વિશેષ પડતી ચર્ચા વર્તમાન પત્રોમાં લખવામાં આવતી નહોતી. મહા મેહેનતે "અનંત યાત્રા ચંપૂ" નું સંસ્કૃત પૂસ્તક જે આ ચરિત્રની પાછળ પ્રકટ કીધું છે તે મેળવી શકયો. તે મેળવવાના યત્નમાં મારા પરમ સ્નેહિ મી૦ વિશ્વનાથ લક્ષ્મિધર જે ગોહિલવાડ પ્રાંતના મદદગાર પોલિટિકલ એજંટ સાહેબના સિરસ્તેદાર છે તેઓએ મારી સાથે ભાગ લીધો હતો તેથી તેમનો આ સ્થળે ઉપકાર માનુંછું.

આ પૂસ્તક પ્રકટ કરાવવામાં ખરો ઉત્સાહ ને ખરી ખંત રા. રા. નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચની તથા રા. રા. લીલાધરદાસ હર્ષચંદ્રની છે. તેમની મદદથી, સલાહથી ને ઉપયોગી સૂચનાથીજ આ ઉપયોગી ચરિત્ર પ્રકટ થઈ શકયું છે. જે કામ કૈલાસવાસી પ્રધાનના આપ્ત વર્ગના માણસોએ કરવાનું હતું તે કામ સદરહુ ઉત્સાહી પુરૂષોએ પાર પાડવાથી તેમને ધન્યવાદ ઘટે છે. ધન્ય છે તેમને કે તેઓએ પોતાના હિતેચ્છુની યતકિંચિત્ સેવા બજાવી ને તેમની પાછળ પોતાનું કર્તવ્ય કર્મ કીધું છે. એજ મહાત્મા છે. એજ ઉદાર છે ને એજ કદર જાણે છે કે પોતે જેને ચાહે છે–વખાણે છે–તેની અવિચળ કીર્ત્તિ કરવાને તેમની હૈયાતી પછી પણ તેવાજ ઉમંગી રહે છે.

મારે આ સ્થળે સ્પષ્ટ જણાવવું જોઇએ કે, આજમ અનંતજીની સ્હાયતાથી વધેલા, તેમનો પૂર્ણ પ્રસાદ પામેલા, એક ગૃહસ્થનો મેળાપ મને બહુ બહુ કાળ સુધી સ્મર્ણમાં રહેશે. હું મોટી ઉમેદથી— હોંશથી તેમનીકને કૈલાસવાસી અનંતજીના સંબંધમાં હકીકત મેળવવાને ગયો, પરંતુ તે ગ્રહસ્થે તે બાબતમાં પોતાનું કેવળ અજાણપણું બતાવીને શબ્દોથી પોતાના શિરપર ચઢેલો મરહુમનો ઉપકાર વાળવાની તક ન લીધી. શબ્દ દાનની પણ કૃપણતા બતાવી એવા પુરૂષને માટે વધારે લખવાને ઈચ્છા નથી.

આ પુસ્તકની હકીકત મેળવવાના સંબંધમાં જુનાગઢ નિવાસી રા. રા. અમરજી આણંદજી કચ્છી, કૈલાસવાસીના વડિલ ભાઇ રા. રા. અમ્રતલાલના પતિ અને આપ્ત વર્ગમાંના રા. હીરાલાલ માણેકલાલ અને અમદાવાદના રા. બા. ગીરધરલાલ હલટરામ વગેરેને મળ્યો હતો તેમાંના કેટલાકે પોતાથી બનતી મદદ આપી છે તેથી તેમનો આભાર માનુંછું.

આ પૂસ્તક લખતાં વગર સાધને મને જે કાંઈ મુશીબત પડી છે, તે મારો જીવ જાણે છે, તે છતાં મારા આ અલ્પ પ્રયાસથી આ પુસ્તક કાંઈપણ ઉપયોગી થયેલું જાણીને હું પ્રસન્ન થઇશ.

કેટલાંક કારણોથી, મારી તથા છાપખાનાની રોકાણથી, આ પૂસ્તક પ્રકટ થતાં વિશેષ મૂદત થઇ છે, પરંતુ તેમ છતાં આ પૂસ્તક આવી સ્થિતિમાં પ્રકટ થયું છે, એજ મારો સંતોષ છે, અને એજ બદલો છે.

વડોદરા, વાડીમાં છેલ્લીપોળ.
તા. ૨૦ મી ફેબ્રુઆરી ૧૮૯૭
ભવાનીશંકર નરસિંહરામ
કર્તા.

---



# અનુક્રમણિકા.


## પ્રકરણ ૧ લું.

દર્શન ૧ લું.
આજમ અનંતજીનું કુળ વર્ણન.

દર્શન ૨ જું.
આજમ અનંતજીનું કુટુંબ.

દર્શન ૩ જું.
આજમ અનંતજીનો જન્મ.

## પ્રકરણ ૨ જું.

દર્શન ૧ લું.
આજમ અનંતજીની બાલ્યાવસ્થા.

દર્શન ૨ જું.
આજમ અનંતજીની બાળકેળવણી.

દર્શન ૩ જું.
આજમ અનંતજીનો રાજ્યદ્વારિ સંબંધ.

## પ્રકરણ ૩ જું.

દર્શન ૧ લું.
રા. અમ્રતલાલનું રાજ્યક્ષેત્રમાં દાખલ થવું.

દર્શન ૨ જું.
જબર શેઠનો કારોબાર.

દર્શન ૩ જું.
આજમ અનંતજીની દિવાનગીરી.

## પ્રકરણ ૪ થું.

દર્શન ૧ લું.
આજમ અનંતજીના રાજ્યદ્વારિ કાર્યો.

દર્શન ૨ જું.
આજમ અનંતજીની કારકિર્દિ.

દર્શન ૩ જું.
આજમ અનંતજીની રાજ્ય સત્તા.

## પ્રકરણ ૫ મું.

દર્શન ૧ લું.
જીર્ણગઢમાં પંચનું નિમાવું.

દર્શન ૨ જું.
પંચની કારકીર્દિ.

દર્શન ૩ જું.
આજમ અનંતજીની કીર્તિનો મધ્યાન કાળ.

પ્રકરણ ૬ ઠું.

દર્શન ૧ લું.
વાઘેરોનું તોફાન.

દર્શન ૨ જું.
આભપરાની લડાઇ જીર્ણગઢનું પ્રધાનપદ છોડવું.

દર્શન ૩ જું.
આજમ અનંતજીની દ્રઢતા-ચઢે તે પડે.

પ્રકરણ ૭ મું.

દર્શન ૧ લું.
જુનાગઢનો રાજ્ય મામલો.

દર્શન ૨ જું.
આજમ અનંતજીનું સ્વતંત્ર ઉદ્યોગમાં મચવું.

દર્શન ૩ જું.
આજમ અનંતજીનો બ્રિટિસ સત્તાવાળાઓ સાથેનો સબંધ.

પ્રકરણ ૮ મું.

દર્શન ૧ લું.
નાગરો અને કર્નલ કિટિંજ.

દર્શન ૨ જું.
ગિરનારની પ્રદક્ષિણા.

પ્રકરણ ૯ મું.

દર્શન ૧ લું.
યાત્રાની ઉત્કંઠા.

દર્શન ૨ જું.
મહા યાત્રા વર્ણન.

પ્રકરણ ૧૦ મું.

દર્શન ૧ લું.
આજમ અનંતજીનો એકાંતવાસ.

દર્શન ૨ જું.
આજમ અનંતજીની સ્થિતિ અને નિત્ય કર્મ.

પ્રકરણ ૧૧ મું.

દર્શન ૧ લું.
આજમ અનંતજીનો સ્વર્ગવાસ.

દર્શન ૨ જું.
આજમ અનંતજી સંબંધી અગત્યની નોંધ.

વધારો.

અનંત યાત્રા ચંપૂ.
આજમ અનંતજીને મળેલાં પ્રમાણ પત્રો.


# અનુંક્રમણીકા.


| પ્રકરણ. | દર્શન. | બાબત |
|---|---|---|
| ૧ | ૧ | આજમ અનંતજીનું કુલ વર્ણન.... ...... ... ...... |
| ,, | ૨ | આજમ અનંતજીનું કુટુંબ.... ... ... ... ......... |
| ,, | ૩ | આજમ અનંતજીનો જન્મ.... ... ... ... ...... |
| ૨ | ૪ | આજમ અનંતજીની બાલ્યાવસ્થા.... ... ... ...... |
| ,, | ૫ | આજમ અનંતજીની બાળ કેલવણી.... ... ............ |
| ,, | ૬ | આજમ અનંતજીનો રાજ્યદ્વારી સબંધ. ... ... ...... |
| ૩ | ૭ | રા. અમૃતલાલનું રાજ્યક્ષેત્રમાં દાખલ થવું... ... ... ... |
| ,, | ૮ | જબર શેઠનો કારોબાર.... ... ... ... ... ...... |
| ,, | ૯ | આજમ અનંતજીની દિવાનગીરી.... ... ... ......... |
| ૪ | ૧૦ | આજમ અનંતજીના રાજ્યદ્વારી કાર્યો... ... ......... |
| ,, | ૧૧ | આજમ અનંતજીની કારકીર્દિ.... ... ... ........... |
| ,, | ૧૨ | આજમ અનંતજીની રાજ્ય સત્તા.... ... ... ......... |
| ૫ | ૧૩ | જીર્ણગઢમાં પંથનું નીમાવું.... ... ... ... ......... |

| | | | |
|---|---|---|---|
| ॥ | ૧૪ | પંચની કારકીર્દિ... ... ... ... ... ... ...... | ૧૩૩ |
| ,, | ૧૫ | આજમ અનંતજીની કાર્તિનો મધ્યાન કાળ ... ......... | ૧૪૬ |
| ૬ | ૧૬ | વાઘેરોનું તોફાન.... ... ... ... ... ... ...... | ૧૫૫ |
| ,, | ૧૭ | આભપરાની લડાઇ-જીર્ણગઢનું પ્રધાનપદ છોડવું ......... | ૧૫૯ |
| ,, | ૧૮ | આજમ અનંતજીની દ્રઢતા-ચઢે તે પડે ... ... ...... | ૧૬૫ |
| ૭ | ૧૯ | જુનાગઢના રાજ્યનો મામલો... ... ... ... ...... | ૧૬૭ |
| ,, | ૨૦ | આજમ અનંતજીનું સ્વતંત્ર ઉદ્યોગમાં મચવું .... ...... | ૧૭૫ |
| ,, | ૨૧ | આજમ અનંતજીનો બ્રીટીશ સત્તાવાળાઓ સાથેનો સબંધ... | ૧૭૯ |
| ૮ | ૨૨ | નાગરો અને કર્નલ કીટિંજ... ... ... ........... | ૧૮૬ |
| ,, | ૨૩ | ગિરનારની પ્રદક્ષિણા..... ... ... ... ... ...... | ૧૯૦ |
| ,, | ૨૪ | યાત્રાની ઊત્કંઠા ... ... ... ... ... ........... | ૧૯૫ |
| ૯ | ૨૫ | માહાયાત્રા વર્ણન ... ... ... ... ... ........ | ૧૯૮ |
| ,, | ૨૬ | આજમ્ અનંતજીનો એકાંત વાસ.... ... ... ...... | ૨૧૨ |
| ,, | ૨૭ | આજમ અનંતજીની સ્થિતિ અને નિત્યકર્મ.... ........ | ૨૧૮ |
| ૧૦ | ૨૮ | આજમ અનંતજીનો સ્વર્ગવાસ.... ... ... ........... | ૨૨૪ |
| ,, | ૨૯ | આજમ અનંતજી સંબધી અગત્યની નોંધ.... ......... | ૨૩૩ |





| વધારાના પ્રમાણ પત્રો. | પૃષ્ઠ | [illegible] |
|---|---|---|
| આજમ અનંતજીને મળેલાં પ્રમાણ પત્રો.... ...... | | [illegible] |
| મે. લાંગ સાહેબ.... ... ... ... ...... | ૨૫૧<br>૩૧૧ | [illegible] |
| મે. લીથ સાહેબ.... ... ... ... ...... | ૨૫૨<br>૩૧૫ | [illegible] |
| મે. ફારબસ સાહેબ.... ... ... ... ...... | ૨૫૩<br>૩૧૪<br>૩૨૨ | [illegible] |
| મે. વાએટ્રી સાહેબ ... ... ... ... ...... | ૨૫૪ | [illegible] |
| મે. અંડરસન સાહેબ.... ... ... ... ... | ૨૫૫<br>૩૨૩ | [illegible] |
| મે. જુનાગઢના નામદાર નવાબ સાહેબ.... ...... | ૨૫૬ | [illegible] |
| મે. હેબર્ટ સાહેબ. | ૨૫૮<br>૩૧૨<br>૩૨૧ | [illegible] |
| મે. રીગબી સાહેબ ... ... ... ... ...... | ૩૧૩ | [illegible] |
| મે. કર્નલબાર સાહેબ.... ... ... ......... | ૩૧૬<br>૩૧૯ | [illegible] |
| દફતરદાર રાવબાહાદુર બાપુભાઇ દયાશંકર.... ... | ૩૧૭<br>૩૨૦ | [illegible] |
| સેક્રેટરી હેબલોક....... ... ... ... ......... | ૩૨૪ | [illegible] |

| | | | |
|---|---|---|---|
| | | વસીયતનામું.... ... ... ... ... ... ........ | ૧ |
| | | સુધારો વધારો.... ... ... ... ... ............ | ૧૮ |


*આ પુસ્તકની હકીકતમાં કાંઈપણ ફારફેર અથવા સત્યતા—અસત્યતા હોય તો ક્ષમા કરવી; કારણ કે આ હકીકત અનેક માણસોદ્વારા મેળવી છે તેથી તેની સત્યતાનું જોખમ અમારે શિર રહેતું નથી. અમને કાંઈપણ સત્ય હકીકત બતાવવામાં આવશે તો અમે બીજી આવૃત્તિમાં મોટી ખુશીથી સુધારો કરીશું.

ભવાનીશંકર નરસિંહરામ.

## AZAM ANANDJI AMARCHAND VASAVDA.

*(LATE DIWAN OF JUNAGED &c. &c.)*

The lines of former generations
Are a lesson to Posterity
That a man may review the remarkable events
Which have happened to others,
And be admonished; And may consider
To history of people preceding ages;
And of all that hath befallen them
And be retained.

Law.

*By.*

BHAVANISHANKER NARSINHRAM.

# आजम अनंतजी अमरचंद वसावडा.

( જૂનાગઢ અને રાજકોટના મરહુમ દિવાન, ઇત્યાદિ. )

## प्रकरण १ लुं.

## કુળ,-કુટુંબ અને જન્મ.

## प्रथम दर्शन.

### આજમ અનંતજીનું કુળ વર્ણન.

खद्योत तेज स्तावद्वै, या वन्नो दयिते शशी ॥

उदितेच दिवानाथे, न खद्योतो न चंद्रमा. ॥१॥

અર્થ—પતંગીઆંનું તેજ કયાં સુધી? ચંદ્રનો ઉદય થયો નથી ત્યાં સુધી. ચંદ્રનું તેજ કયાં સુધી? સૂર્યનો પ્રકાશ થયો નથી ત્યાં સુધી ”

પ્રતાપિ પુરૂષોના-પ્રતાપ-પ્રતાપિ પુરૂષની પ્રજા પ્રતાપવાન્ થાયછે. -કુળાભિમાનની આવશ્યકતા-કુળાભિમાનથી થતા લાભ-ગેરલાભ-કુલિન-અકુલિનની પરિક્ષા. ભારતવર્ષમાં ચાર વર્ણ-ચાર વર્ણમાં બ્રાહ્મણોની શ્રેષ્ટતા-વડનગરા નાગરો-વસાવડાની ઉત્પત્તિ-તેના સંબંધી દંતકથા ઇત્યાદિ—

ગ્રહરાજ ચંદ્રના ઉદયથી આકાશને વિષે પ્રકાશતા ગ્રહો અને ઉપગ્રહોનું તેજ ઝાંખ મારી જાયછે, અને સવિતાનારા-

ચણુના પ્રકાશથી ચંદ્રમાનું તેજ લય પામે છે, તેવીજ રીતે એક પ્રતાપિ પુરૂષના પ્રકટ થવાથી ક્ષુદ્રપુરૂષો જે પતંગીઆની પેઠે અહિં તહિં પ્રકાશતા હોયછે, તે તેજહીણ એટલે અદૃષ્ય થઈ જાયછે; મતલબ કે તેની કીર્તિ ઝાંખી પડે છે. જેમ ન્હાનાવિધિનાં વૃક્ષ-લત્તા-વડે શોભાયમાન્ એવાં વન-અરણ્યને વિષે વસતા વનપતિ કહેતાં કેશરીસિંહના દબદબા વડે, વનમાં ફરતાં મૃગ વિગેરે, ક્ષુદ્ર પશુઓ દબાઇ રહે છે, તેવીજ રીતે એક પ્રતાપિ પુરૂષના બળ-પ્રતાપવડે અધમ કહેતાં ચોર-ખળ-અને રાજ્યદ્રોહી સરખા ક્ષુદ્રજનો અંજાઈ જાય છે. એવા પ્રતાપિ પુરૂષનું જન્મવું આ ક્ષણિક સંસારને વિષે લાભકારક છે. એવા પુરૂષના પગલાં આ પૃથ્વીનેવિષે માંગલિક છે. એવા વિર્યવાન્ અને પ્રતાપવાન્ પુરૂષને ધન્યવાદ છે.

પ્રતાપિ-પુરૂષની પ્રજા પણ પ્રતાપિજ થાય છે. આ સૃષ્ટિનેવિષે જે જે શ્રેષ્ટ અને ભગિરથ પ્રયત્નો થયાં છે, તે પણ તેવાજ પુરૂષોના હાથથી થયાં છે. સિંહની પ્રજા સિંહ સરખી બળવાન્ નિપજે છે, અને તેજ હાથિના કુંભસ્થળને તોડે છે; પણ નીચ કહેતાં શિયાળ અને તેનાં જેવાંજ ક્ષુદ્ર પ્રાણિથી મહત્ કાર્યો બની શકતાં નથી, અને તેજ સબબથી પ્રતાપિ એવા કુળવાન્ પુરૂષોના હાથથી ગમે તેવા આપત્તિ કાળમાં પણ કનિષ્ટ કૃત્યો થતાં નથી;* તેથી તેઓનું

---

* શ્રી ઇંગ્લાંડની રાણી એલીઝાબેથની ઇતરાજીમાં તેનો એક પ્રધાન્ આવી પડ્યાથી તેને માથે મોતનો દૂત ભમતો હતો. એક દિવસની પ્રભાતમાં રાણીશ્રીએ તેને હજુરમાં તેડી મંગાવ્યો, ત્યારે તેનાં ગાત્ર શિથિળ થયાં અને ભયથી થરથર કંપવા લાગ્યો. એવી સ્થિત્તિ જોઇને દેવિશ્રીએ કુળાભિમાનના આવેશમાં કહ્યું કેઃ—

"શું તમે નથી જાણતા કે અમે સિંહની ઓલાદથી ઉતરેલાં છીએ, અને તેથી ઉંદર અને એવાંજ બીજાં કોઇ હલકાં કીડા (પ્રાણિ) નો



જન્મવું તથા જીવવું સાફલ્ય છે; મતલબ કુળવાન્પણું એ મનુષ્યના મ્હોટા મનનું, મ્હોટી ગ્રહસ્થાઇનું, ઉચ્ચ આચાર-વિચારનું અને ઉચ્ચ નીતિ-ધર્મનું શ્રેષ્ટ પ્રમાણપત્ર છે. આ સૃષ્ટિમાં સ્તુતિ પામતા -ગવાતા સર્વે ઉચ્ચ ગુણો ઉચ્ચ કુળમાં આવી જાય છે, એટલે ઉચ્ચ કુળનો મહિમા અવર્ણિય છે, અને તેનો લાભ અતૂલ્ય છે. એવા ઉચ્ચ કુળના અથવા ખાનદાનના અભિમાનનો જુસ્સો વંશપરંપરા સતેજ રહેવાની આવશ્યક્તા છે. સતેજ રહેલો જુસ્સો ન્હાના પ્રકારના સત્કર્મો ભણી મનુષ્ય માત્રને દોરે છે, અને તેની ઉચ્ચ સ્થિત્તિનું ભાન કરાવીને અધમ પદપર ઉતરી પડતાં ઘણી વાર અટકાવે છે. એવાં ઉચ્ચ કુળની બલીહારી છે.

કુળાભિમાનવડે અનેક તરેહનાં યશ ભરેલાં કાર્યો બને છે. જેના હૃદયનેવિષે કુળાભિમાન નથી તે પુરૂષ આ સૃષ્ટિનેવિષે કશાં કાર્યનો પ્રારંભ કરી શકતો નથી. લોહિનુ અભિમાન મનુષ્ય માત્રને થોડું-ઘણું પણ હોયછે. ચિનાઇ પાદશાહ પોતાના વંશજોને આકાશ-વાસી કહેવરાવે છે. યુરોપના રાજા-પાદશાહો, પાદશાહી લોહીની મગરૂરી ધરાવે છે, અને દરેક દેશની પ્રજા પોતપોતાના જાતિ લોહીને માટે માન-ગર્વ રાખેછે. એવા ગર્વવડે આ સૃષ્ટિમાં અનેક તરેહના સુધારા થયા છે અને થાયછે. ઉચ્ચ કુળનું અભિમાન ધરાવનારાંઓ નીચ કૃત્ય કરનારાં નીચ મનુષ્યોમાં ભેળાતાં નથી; તેથી તેઓમાં વંશપરપરા ઉચ્ચવૃત્તિ અને ઉચ્ચ કૃતિ રહેછે. તેઓમાં વ્યાધિકારક વ્યસનો વધતાં નથી. તેઓમાં હાનિકારક રીવાજ પ્રવેશ પામતા નથી. ટુંકામાં ઉચ્ચ કુળની પ્રજા ચઢતિ-પડતિમાં પણ ઉચ્ચવૃત્તિ ધારણ કરીને ઉચ્ચ આચરણ પકડેછે, એવી પ્રજાને ધન્યછે.

---

શિકાર કરવાનો અમારો સ્વભાવ (ધર્મ) નથી. મતલબ અમે તમારા સરખા ક્ષુદ્ર પ્રાણિના લોહીથી અમારા પાદશાહી હાથ ખરડતાં નથી."

મનાય છે. નાગરો એ બ્રાહ્મણોની અંદર ઉત્તમ-કર્મ-ધર્મવડે ઉત્તમ જાતિ લેખાય છે, અને એ નાગરોની અંદર મુખ્યત્વે કરીને છ શાખો છે. આ તો મૂળ શાખો છે, પણ તેની ઉપશાખાઓ જુદી જુદી અનેક છે, અને તેને અવટંક અથવા ઓડક કહે છે.

———*o*———

## वडनगरा नागरो

ની વસ્તિ અને વિખ્યાતિ શ્રી સૌરાષ્ટ્ર પ્રાંતમાં વિશેષે કરીને છે. વડનગરમાં આવીને વસ્યા તેથી વડનગરા કહેવાયા.

પ્રથમ-પહેલાં વડનગરમાં નાગરો ક્યારે અને ક્યાંથી આવ્યા અથવા વડનગરનો નાશ થઇને જુદા જુદા પ્રાંત-દેશમાં તેઓનું જવું કેવી રીતે અને ક્યારે થયુ એ એક ઈતિહાસિક સવાલ છે અને તે કોઈ કાળે કોઈ યોગ્ય પ્રસંગે ચર્ચવાનુ રાખીને આપણે આ ઉચ્ચ પ્રજાના ઉચ્ચ ઉંચોગપર આવીશું.

બ્રાહ્મણોની ઉચ્ચ જ્ઞાતિમાં આપણે નાગરોને ઉચ્ચ પદવી આપી છે, તેનું કારણ જોઇશું તો તેમની ઉચ્ચ બુદ્ધિ, ઉચ્ચ વૃત્તિ અને ઉચ્ચ કૃતિ છે. કલમ, કડછી ને બરછી એ કહેવતમાં તેમની કૃતિ સમાએલી છે. મુત્સદ્દગીરી કરવી, રસોઇ કરવી અને લશ્કરી નોકરી-ચાકરી કરવી એ ઉદર પોષણનાં મુખ્ય ત્રણસાધનો તેઓએ સાધેલાં છે. મુત્સદી નાગરો કરતાં સિપાઇ નાગરોની શ્રી સૌરાષ્ટ્રને વિષે સારી સંખ્યા છે, પણ તેઓ અહુણાના વખતમાં મુત્સદીપણાનો ઉદ્યોગ કરે છે, તેથી તેઓ મુત્સદી નાગર તરીકે ઓળખાય છે, અને તેથીજ મુત્સદ્દગીરીમાં પ્રસિદ્ધ થયેલા નાગરોમાં આપણા પ્રસિદ્ધ રા. રા. અનતજીભાઈ પણ આવે છે, હવે આપણે તેમની વસાવડાની અવટંક ઉપર આવીએ. વડનગરા નાગરોની એક ઉપશાખા જે



## वसावडा

ની છે તે કુળમાં શ્રીમન્ અનંતજીભાઇ જન્મ્યા, દિપ્યા અને ખ્યાતિ પામી ગયા છે.

ઉપશાખાઓ કેટલીક વખત ઉદ્યોગ-ધંધા ઉપરથી અને કેટલીક વખત રહેણાકની જગ્યા ઉપરથી જોડવામાં આવી હશે એ અનુમાન સબળ મતવાળું છે, તેથી આ કુળને વસાવડાની ઉપશાખા કેમ જોડાણી હશે તે જાણવાની આકાંક્ષા આ વૃત્તાંત વાંચનારને સ્વભાવિક રીતે થવી જોઈએ, પરંતુ એ આકાંક્ષા પૂરી પાડવાને માટે અમારી પાસે કલ્પના સિવાય અન્ય સાધન નથી.

આપણે જોઈએ છીએ તો સ્પષ્ટ જણાય છે કે શ્રી સૌરાષ્ટ્રમાં રજપૂત-કાઠિઓ અને મુસલમાન નવાબ બાબીઓની સત્તા સર્વત્ર છવાઇ રહી છે. એવા સત્તાવાળા રાજકર્ત્તાઓની પંક્તિમાં આપણે નાગર તાલુકદારને મુકીએ તો તે વસાવડાના દેશાઇ તાલુકદારોજ છે, અને તેથી વસાવડાને પ્રાપ્ત થઇને આ અવટંક જોડાણી હોય અથવા વસાવડ મેળવતાં આ વિશેષ ઉપશાખા પડી હોય તે સ્પષ્ટ કહી શકાય તેમ નથી, કારણ કે આ બે અનુમાનમાં કયું અનુમાન ખરૂં હશે તે અદ્યાપિ પર્યંત ચોકસ થયું નથી.

ગેઝીટીયરમાં* વસાવડને વસા નામના રબારીના નામથી પડેલું ગણવામાં આવ્યું છે.

---

વસાવડ-વસ્તિ ૨૯૬૯ માણસોની છે. તાલુકો જુદી ખંડણી આપે છે, અને તે હાલમાં વસાવડ પરગણાના દેશાઇ નાગર બ્રાહ્મણોના તાબામાં છે. એ વસાવડી નદિ ઉપર બાબરાથી પશ્ચિમે ૧૭, ચિતળથી વાંવ્યે ૧૨, અને ગોંડળથી અગ્નિ દિશાએ ચૌદ મૈલ ઉપર છે. અહિં એક વડનાં ઝાડની પાસે કોઇ વાસા નામના ભરવાડનો નેસ હતો, તે

વસાવડની જહાંગીર સૌરાષ્ટ્રના નાગરોના હાથમાં કેમ ટકી રહી એ આશ્ચર્ય ભરેલી બીના છે, કારણ કે મુસલમાનોના, મરેઠાઓના અને આસપાસ આવેલા કાઠિ તાલુકદારોના અનેક હુમલાઓ છતાં ઘણી મુદ્દત થયાં જેવી ને તેવી સ્વતંત્ર સ્થિત્તિમાં આ જહાંગીર વસાવડાના વંશજોના હાથમાં રહી છે. અહુણાં આપણે જોઈએ છીએ તો જુનાગઢના નવાબ સાહેબના "ગનીમ" વેરાની રકમ વસાવડ તાલુકા પાસેથી ઉઘરાવવામાં આવે છે, તે ઉપરથી અનુમાન થાયછે કે એ નવાબી રાજ્યનો આશ્રય યોગ્ય વખતને માટે એટલે બીજાં રાજ્યોના હુમલામાંથી બચવાને ટાંકણે લીધો હશે અથવા લેવો પડયો હશે અને તેથીજ તેના સંરક્ષણના બદલા તરીકે આ "ગનીમ" વેરાની રકમ ઠરાવવામાં આવી હશે.

આ ઉત્તમ વસાવડા કુળમાંના એક આપણા પ્રસિદ્ધ રાજ્યદ્વારિ પુરૂષ આજમ અનંતજીભાઈ છે, અને રા. રા અનંતજીભાઈની પેઢીએ જે વંશમાં વસાવડ તાલુકાની જહાંગીર ચાલે છે તે જોડાઈ જાય છે.

---

વધીને ગામ થયું માટે એ વસાવડ (વસાનો વડ) કહેવાય છે, પછીથી એ ચૂડાસમાઓના રાજ્યનો ભાગ થયો. રાવ વીકાને જુનાગઢના રાવોએ વસાવડ ગરાસમાં આપ્યું હતું. એના વંશજો સોરઠ, ગૂજરાતના સુલતાનોએ જીતી લીધું ત્યાં સુધી અહિં રાજ્ય કરતા હતા. આઇન-ઈ-અકબરી તથા મિરાત-ઇ-અહમદીમાં લખ્યું છે કે મોગલ સરકારના વખતમાં વસાવડ, પરગણાનું મુખ્ય ગામ હતું મિરાત-ઈ-અહમદીમાં વળી લખ્યું છે કે ગામને એક ન્હાનો સરખો કોટ હતો તથા અહિં એક ફોજદાર રહેતો અને એના તાબામાં ૯૭ ગામો હતાં. ગામના કોટની બહારની મસીદમાંથી ગામ માંહેના ભમરીઆ કુવા સુધી જમીનની અંદરથી રસ્તો છે.

(જુઓ-કર્નલ જે. ડબલ્યુ વૉટસન-કૃત્ય કાઠિયાવાડ સર્વ સંગ્રહ પૃષ્ઠ ૫૭૬-૭૭.)



આપણે આગળ જોઇ ગયા છીએ કે વસાવડના દેશાઈઓ આસમાની-સુલતાની આફતોની સામે લડી-જય મેળવીને જેવી રીતે સ્વતંત્ર રહ્યા છે, તેવીજ રીતે એજ કુળના જીર્ણદુર્ગવાસી રા. પ્રભાશંકર, રા. પ્રભુદાસ ન્હાનાભાઇ અને રા. વિજયશંકર વિગેરે ગામ-ગરાસ મેળવી, અમીરી પદ ધારણ કરીને આજદીન સુધી પોતાની અને પોતાના કુળ-ખ્યાતિની રક્ષા કરી રહ્યા છે. એજ કુળને વિષે પ્રકટ થયેલા સૂર્યસમાન ઉજ્વળ કીર્તિવાન્ આજમ અનંતજીભાઇનું વૃત્તાંત આપણે શરૂ કરીએ તો તેમની ચોથી પેઢીએ વિર-ધીર પુરૂષ તરીકે રા. લાહોરીદાસ આવે છે.

ઉચ્ચ આચરણ ધારણ કરનારી પ્રજા નીચ કાર્યને આરંભ કરતી નથી. કુળવાન્ પુરૂષની પ્રજામાં ઉચ્ચ ગુણો ઉતરે છે, અને એ ઉચ્ચ ગુણો ક્રમાનું-ક્રમે ઉતરતાં ઘણેજ કાળે તે પ્રજા શૌર્યવાન્ ને સતેજ ઉચ્ચ, વૃત્તિવાળી થાય છે. ખાનદાની લોહીનાં રજકણો વંશજોમાં ઉતરતાં રહેવાથી મનુષ્ય માત્રમાં કુળાભિમાન નામની એક ઉચ્ચ શકિત ઉત્પન્ન થાયછે, અને એ શક્તિવડે અથાગ શોભા-યૂક્ત અને પોતાને યશ આપનારાં તથા પ્રજાને લાભ કરનારાં કાર્યો સ્થાપન્ થાયછે. તેઓ ગમે તેવા ભયમાં પણ પોતાની ટેક મુકતાં નથી.*

કુળોત્પતિના લાભ ગેર લાભ વિષે એક ગુર્જર સાક્ષર આપ્રમાણે લખે છેઃ--

" પ્રતાપિ કુળમાં જન્મવું અને ઊછરવું એથી અનેક લાભ

---

* રાણો પ્રતાપ કુળવાન્ અને અડગ ધૈર્યવાન્ હતો. કુળાભિમા-નવડે અંત સુધી અત્યંત સંકટ સહન કર્યાં છતાં પણ અકબરને ન નમ્યો, ને ટેકમાંજ રહયો. તેના સંબંધમાં એક હિન્દિ કવિ ઉચ્ચે સ્વરે ગાય છે કે,—

बाढी बादशाई प्रलेकालके पयोधिसम,<br>
डुबे राव–राना पेनकीनो तेग खरको,<br>
देन लागे नवल दुलैया नव रोजनमें,<br>
निठ निठ आये मुख देखे निज घरको;<br>
बांधी तरवार बादशाहनसें कीधी रार,<br>
भनत प्रसाद अवतार साचें हरको,<br>
दोउ दीन दाना बात अकथ कहाना एसे,<br>
उचे रह्यो राना जेसें पात अखेबरको. ॥१॥



" થાયછે એ ખરૂં, પરંતુ આ જગતની આ સર્વ સ્થિત્તિમાં લાભ " હાની રહેલાંછે, તે તેમાં પણ છે. શ્રીમંત્ કુળમાંની સંપત્તિરૂપ " વર્ષાદમાં વસી વધવાથી બાળકનું અંતઃકરણ રસાળ રહેછે. મન " ઉચ્ચ થાયછે; બુદ્ધિ તીવ્રતા પામેછે; ચિત્ત અતિ સ્વાર્થિ થતું નથી; " અને કુળનું અભિમાન મહાશયતા રખાવેછે ઉચ્ચ સમાગમમાં " રહ્યાથી કેટલુંક અનાયાસેજ થયાં જાયછે, તુચ્છ અને નીચ વિચાર કરવાનો પ્રસંગ ક્વચિતજ આવેછે. ગંભીરતા અને લાવણ્યતા મુખ " ઉપર રમી રહેછે. આચાર, રીતિ, મર્યાદા, અને સંક્ષેપમાં સર્વ " બાહ્યાચરણ દૃષ્ટિને આકર્ષે એવાં થાય છે. સુ કુટુંબમાં ઉત્પન્ન થયેલાં " મનુષ્યોની વાણીમાં બહુનાં મન હરી લે એવી મનોહર મધુરતા " વસે છે. જે કુલીનનું મુખ્ય લક્ષણ અને મુખ્ય શસ્ત્ર ગણાય છે."

મનુંષ્યની કુલીનતા તથા કુલહીનતાની ખરી કસોટી તેના વચન-માંજ છે. એક સંસ્કૃત કવિ ભણે છે કે,—

नजारजा तस्य ललाट शृंगं, कुल प्रसूतस्य न पाणिपद्मं॥<br>
यदा यदा मुञ्चति वाक्य बाणं, तदा तदा जाति कुलप्रमाणं.॥१॥

અર્થ —" નીચ કુળમાં જન્મેલાંને કપાળમાં શીંગડું હોતું નથી, અને ઉચ્ચ કુળનેવીષે અવતરેલાંને હાથે કમળ હોતું નથી, પણ વાણીરૂપી બાણ જયારે જયારે છોડે છે ત્યારે ત્યારે તેની જાતી અને કુલીનતાનું પ્રમાણ થાય છે-,,

કુળ અથવા ઉચ્ચ લોહીના સબંધમાં વિશેષ ઉપોદ્ઘાત્ લખવાને બદલે આપણે એક એવા પ્રખ્યાત કુળવાન્ આજમ અનંતજી અમર-ચંદના કુળ-કુટુંબની ઓળખાણ અમારા વાંચનારાઓને કરાવવાની આવશ્યક્તા સમજીએ છીએ.

ભાર્તવર્ષમાં મુખ્યત્વે કરીને ચાર વર્ણ એટલે ચાર જ્ઞાતી શ્રીમન્ મનુ રાજાએ બાંધી છે, અને એ ચારે વર્ણમાં બ્રાહ્મણ જ્ઞાતિ સર્વોત્તમ

# दर्शन २ जुं.

## આજમ અનંતજીનું કુટુંબ.

(अनुंष्टुप.)

कुला नामा करो नास्तिह्य कुलानांच भारत ॥
विद्या तपसा वापिधने न धार्यते कुलम् ॥१॥

અર્થ—"કુળવાન, અકુળવાનની ક્યાંય ખાણો હોતી નથી. વિદ્યા, તપ તથા ધનથી કુળ ઉત્પન્ન થાય છે."

———o:*:o———

રા. અનંતજીના પૂર્વજોની વંશાવળી-ગરીબોનું બળ-સ્વપરાક્રમનું સર્વોપરીપણું-એક પુરૂષ શું શું કરી શકેછે-રા. ભાણજી ભાઇની નબળી સ્થિતિ-ભાગ્યોદય થવાની અગમચેતી-નશિબ અજમાવવાને વડોદરે જવું--વાડ વગર વેલ્લિ ન ચઢે-રા. ભાણુજીભાઇનું ગાયકવાડી રાજ્યની નોકરીમાં જોડાવું-તેમના ઉદયની શરૂઆત-વધતાં માણસને કુદરત વધારેછે--ઝવેરની પરિક્ષા ઝવેરીને હોય-રા. ભાણજીભાઇનું વિરત્વપણું-- તેમણે લઢાઇમાં બતાવેલી બહાદુરી--તૃષ્ણા, તૃષ્ણાને વધારેછે--શ્રીમંત દામાજી સરકારની તેમનાપર વધેલી પ્રસન્નતા--રા. ભાણજીભાઈનું રાજ્ય સત્તા પર વધવું. નિજ આશ્રિતોને રાજ્યમાં ઠેકાણે પાડી દેવાનું અભિમાન--ગરીબાઈથી વધેલા પુરૂષો--ગરીબની કદર ગરીબ પિછાણે છે--આંબા પ્રતિ ઊક્તિ—પરોપકારની આવશ્યકતા -"ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો" એવો પરમારથ હાનીકારક છે—મહાભારતનો એક પ્રસંગ—



યુધિષ્ઠિર—પ્રત્યે અર્જુનનો ઉપદેશ—રા. ભાણજીભાઈની નિજ બન્ધુઓપર અપૂર્વ પ્રીતિ—તેમને રાજ્યમાં ઠેકાણે પાડવાની લીધેલી તક—ગાયકવાડી રાજ્ય સેનાની અવ્યવસ્થા—તેની સુધારણાર્થે રા. ભાણજીભાઇએ પહોંચાડેલુ લક્ષ—સેના એજ રાજાનું બળ અને સત્તા છે, એ કાળનો રાજ્ય મામલો-બળીઆના બે ભાગ—પરદેશિ નોકરો પૈસા પ્રાપ્ત કરવાને માટેજ નોકરી કરે છે—એવા સ્વાર્થિ નોકરોનો પ્રજાપર જુલમ—એ જુલમ કમી કરવાને રા. ભાણજીભાઇનો ઉદ્યોગ—તેને લીધે તેમના માથાપર ઉભા થયેલા અનેક શત્રુઓ—તેઓએ શ્રીમંત ગાયકવાડ સરકારને ઉશ્કેરવાને લીધેલી તક—રાજાને કાન હોય પણ સાન ન હોય-રાજા કોઇના મિત્ર નહિ-રાજાઓ નારંગીની માફક પ્રધાનનો ઉપયોગ કરેછે-રાજ્ય સેવાપર રા. ભાણજીભાઈની અરૂચી-આત્મ કલ્યાણપર થયેલી રૂચી-અંતે સન્યસ્ત ધારણ કરીને કાશિ નિવાસ કરવો—નિજ ભાઈઓનું રાજ્ય સેવા તજી દઈને જુર્ણગઢભણી જવું-શ્રીમંત ગાયકવાડ સરકારે તેમનું કરેલું સન્માન ઈત્યાદિ ઇત્યાદિ.

———

વનરાજના વંશજો બળવાન્ પેદા થાય છે, તેની ખાત્રિ આ વૃત્તાંત્ વાંચતાં જઈશું તેમ તેમ આપણને થતી જશે.

લાહોરીદાસ એ આજમ અનંતજીભાઈની ચોથી પેઢીએ વિર્યવાન્ પુરૂષ થયા અને તેમને ત્યાં (૧) કુંવરજી, (૨) બજીભાઇ, (૩) ભાણજીભાઇ અને (૪) લાલાજી નામના ચાર તેજસ્વિ રત્નો પ્રકટ્યાં.



## આજમ અનંતજી અમરચંદના પિતૃપક્ષની વંશાવળી.




+ રા. રા. નૃસિંહપ્રસાદ જુનાગઢના જાણીતા ગ્રહસ્થ અને એ મહાન્ રાજ્યના માજી કાઉન્સિલર તથા પેન્શનર છે.

* રા. રા. વિઠ્ઠલદાસ; ભાવનગરના દિવાન અને રા. રા. લલ્લુભાઈ, રેવન્યુ કમિશનરના હોદ્દાપર વિરાજે છે.



આ વંશવેલિ ઉપરથી વાંચનાર જોશે કે લાહોરીદાસને ચાર પૂત્રો હતા. તેમાં લાલાજી બાળવયમાંજ સ્વર્ગવાસી થયાથી (૧) કુંવરજી, (૨) બજીભાઇ અને (૩) ભાણજીભાઇ એ ત્રણ પૂત્રવડેજ નિજવંશ દેદિપ્યમાન થયો છે. આ ત્રણે પૂત્રોમાં રા. ભાણજીભાઇનાં પરાક્રમ અદ્દભુત્ અને વિરત્વ દર્શાવનારાં હતાં. આપણે અનેક પ્રસંગે અને અનેક ઠેકાણે વાંચ્યું છે કે ગરીબ માણસોજ સ્વપરાક્રમવડે આગળ વધ્યા છે અને નિજ નામના કરીને વિશ્વને વિસ્મય પમાડ્યું છે. આપણે આ જગતને વિષે જે જે ભગિરથ શોધોનાં ફળ ભોગવીએ છીએ તે આ ગરીબ જનોના બુદ્ધિ બળનું અને જાતિ મહેનતનુંજ પરિણામ માત્ર છે. ગરીબ જનોનાં મનમાં અને તનમાં વિશ્વપતિએ કેવું અદ્દભૂત બળ મૂક્યું છે તે જાણીને આપણે આશ્ચર્ય પામીએ છીએ. ગરીબ કોલંબસે મહા કષ્ટે કરીને અમેરિકાની શોધ કરી. ગરીબ સિપાઈની સાધારણ પંક્તિમાંથી નેપોલીઅન બોનાપાર્ટે સ્વપરાક્રમવડે ફ્રાન્સની પાદશાહી મેળવી, અને યૂરોપને એક લાકડીએ હાંકીને નિજ બળની હાક વગાડી. જીર્ણગઢના ઈતિહાસપ્રસિદ્ધ અમરજી દિવાન્ એક સાધારણ મુત્સદ્દીમાંથી આગળ વધીને સૂરાષ્ટ્રના પ્રધાન્ થયા. જમાદાર સાલેહિન્દી એક દેવડીના સિપાઇમાંથી વધીને રાજ્યભક્તિ તથા સ્વભાવિક શક્તિવડે જીર્ણગઢનું દિવાન્‌પદ પામી શક્યા. શ્રીમન્ત્ શંકરાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય, શ્રી સહજાનંદ અને યૂરોપના લ્યુથર સરખા રાજ્ય સત્તાના બળ વગરના સાધુ પુરૂષોએ સ્વપરાક્રમવડે નવા નવા ધર્મની સ્થાપના કરી. મતલબ સૃષ્ટિપર જે જે નવીન સુધારો અને અદ્દભૂત્ પરાક્રમોનો વધારો થયો છે, તે આપણા ગરીબ વર્ગના મનુષ્યોથીજ થયેલો માલમ પડે છે.

લાહોરીદાસ ગરીબ હતા, તેથી તેમના ત્રણે પૂત્રોને ગરીબાઈનો વારસો મળ્યો હતો અને તેને લીધે તેઓ સાધારણ સ્થિતિમાં

પોતાના દિવસો લેતા હતા.

મનુષ્ય માત્રને સંકટ સમયમાં ઘણીવાર સંકલ્પ–વિકલ્પ અને બહુ વારતો એવી એવી આગમચેતી થાય છે કે–જેવડે ભવિષ્યમાં ઉચ્ચા સુખનો પાયો નાખવાને શક્તિવાન્ બને છે. આવી આગમ-ચેતી રા. ભાણજીભાઇને થઇ અને તેમાં ભાસી આવ્યું કે “હું સ્વ પરાક્રમવડે સત્તાવાન્ અને સંપત્તિવાન્ થઈશ.” ભવિષ્યની ખાત્રીને આધારે તેઓ નશિબ અજમાવવાને માટે શ્રી અમરેલી ગયા. આ સમયે તેમની અને તેમના કુટુંબની એવી રાંક સ્થિત્તિ હતી કે વાટ ખર્ચીને વાસ્તે પોતાની સ્ત્રીનાં અમુક વસ્ત્રો વેચવાં પડ્યાં.

નિર્ધનનું જીવવું આ જગતને વિષે ધિઃક્કારયુક્ત છે. મહાભા-રતમાં નિર્ધનના સંબંધમાં કહ્યું છે કે,—

“પાસે ઉભેલા દરિદ્રિને, લોકો દૂષિત થયેલાંને જુએ તેમ જુએ છે, માટે લોક વિષે પાતકરૂપ એવું દારિદ્ર પ્રશંસા કરવા યોગ્ય નથી. માટે હે રાજન! પતિતનો શોચ કરે તથા નિર્ધનનો શોચ્ કરે માટે પતિત તથા નિર્ધન બેઉ સરખા છે.” એવાંજ કારણથી નિર્ધનનો આ જગતને વિષે તિરસ્કાર થાય છે, અને તેનું આ લોક તથા પરલોક બન્નેનું બગડે છે. શ્રીઅર્જુને શ્રીયુદ્ધિષ્ટિરને એક પ્રસંગે આ પ્રમાણે કહ્યું છેઃ—

“હે પુરૂષોતમ! નિર્ધનને આ લોક તથા પરલોક બન્ને સુધરતા
“નથી, અર્થાત્ બેઉ બગડે છે, કેમકે નિર્ધન માણસ ધર્મ કૃત્ય
“પણ યથાર્થ કરી શકે નહિ, માટે પર્વતમાંથી જેમ નદિ શ્રવે તેમ
“ધર્મ ધનથીજ થઇ શકે છે,” અને તેથીજ શાસ્ત્રકારો દ્રવ્યનો મહિમા વખાણી ગયા છે. શ્રીયુદ્ધિષ્ટિરે રાજ્યપાટ ત્યાગ કરીને વન-



વાસ કરવાની ઈચ્છા પ્રકટ કરી ત્યારે શ્રીઅર્જુને શ્રીયુદ્ધિષ્ટિરને આ પ્રમાણે કહ્યું છે,—

“હે પ્રભો! ધર્માદિક સર્વ અર્થને છોડી દઈ હણાયું છે કલ્યાણ
“જેનું એવા નિષ્કંચન થઈ મૂઢની પેઠે શું કરવા ભિક્ષા માગવાની
“ઈચ્છા કરો છો? આ રાજકુળવિષે ઉત્પન્ન થઇ સમગ્ર પૃથ્વીને
“જીતી, સમગ્ર ધર્મ તથા અર્થને છોડી દઈ, મૂઢપણાથી શું કરવા
“વનમાં જવા ઇચ્છો છો? તમ વગરના રહેલા આહુત દ્રવ્યને જો
“અસાધુ એવા કોઇ મંથન કરશે તો યજ્ઞાદિ ધર્મ લોપ જન્ય પાપ
“તમને પ્રાપ્ત કરશે. નિષ્કિંચનપણું મુનિઓનું ભુષણ છે, રાજાઓનું
“નથી. એ વાકયના ઉદ્દેશથી નહુષ રાજાએ પણ અધનતા નિમિ-
“ત્તથી નિર્દય કર્મ કરી કહ્યું છે જે નિર્ધનપણાને ધિક્કાર છે, ને
“નિષ્કિંચનપણું ઋષિઓને ભુષણ રૂપ છે, એ તમે પણ જાણો
“છો, ને જે આ ધર્મ એ રીતે કહેવાય છે તે પણ ધ્યાનથીજ
“પ્રવર્તમાન થાય છે. જે જેનું ધન હરણ કરેછે તે તેનો ધર્મજ
“હરણ કરે છે. હે રાજન! આપણું ધન હરણ કરે ત્યારે ક્ષત્રિય
“એવા આપણે કોનો અપરાધ ક્ષમા કરીએ? પાસે ઉભેલા દરિદ્રિને
“લોકો દુષિત થયેલાને જુએ તેમ જુએ છે.”

આવા આવા વિચારોથી રા. ભાણજીભાઈનું ચિત્ત ઉદ્વેગને વશ થતું હતું, પરંતુ તેઓ દ્રઢતામાં અચળ હોવાથી પુરૂષાર્થવડે ધન પ્રાપ્ત કરવાને માટે યત્નમાં પડ્યા.

શ્રી અમરેલીમાં આ સમયે જીર્ણગઢના નાગર ગૃહસ્થ રા. ત્રીકમદાસ ભગવાનદાસ શ્રીમંત્ ગાયકવાડ સરકારની નોકરીમાં હતા. તેઓની કૃપા આપણા રાજેશ્રી ભાણજીભાઈપર દૈવ્ય યોગે કરીને થોડા દિવસમાં વધી પડી. સૂર્ય ઉગવાના સમય પહેલાં આકાશમાં સોનેરી રંગ છવાઇ રહીને સુર્યોદય થવાની આપણને અગમચેતી

આપે છે. તોફાન થયા પહેલાં વાવાઝરડું અને ગાજવીજ થઈને મનુષ્ય માત્રને તોફાન થવાની ખબર કરે છે, તેવીજ રીતે ઉદય અથવા અસ્ત થવાનો હોય છે ત્યારે પણ મનુષ્યને થોડે ઘણે અંશે કાંઇક ગેબી શક્તિવડે પિછાણ થાય છે. એવીજ પિછાણ રા. ભાણજીભાઇને થઇ અને તેથી તેઓ શ્રીમંત્ ત્રીકમદાસ સાથે શ્રી વટનગર (વડોદરા) ને વિષે આશા ને ઉમેદ વચ્ચે ગળકાં ખાતા કાર્ય પ્રસંગ હાથમાં ધરીને જઈ રહ્યા.

પ્રભુ કૃપા મનુષ્યપર ઉતરેછે ત્યારે તેને આગળ વધતાં કશી અડચણો ન નડતાં ઉલટું અનેક તરેહનું ઉત્તેજન મળી આવે છે. એવુંજ ઉત્તેજન આપણા ઉમેદવાર રા. ભાણજીભાઈને મળ્યું. "વાડ વગર વેલી ચડતી નથી" એ કહેવત યથાર્થ છે. એક કવિ આશ્રયનો પ્રત્તાપ આ પ્રમાણે ગાય છે.—

"ઊંચું પદ આશ્રય વિના, કોઇ નથી પામેલ;
"કદિએ ઉંચી નવ ચડે, વણ આધારે વેલ. ॥ ૧ ॥

એવો આશ્રય અને વગ મળ્યાથી રા. ભાણજીભાઈને ઉદ્યોગનું ક્ષેત્ર અલ્પ કાળમાં મળી ગયું. તેઓ શ્રીમંત્ વડોદરા સરકારની પાયગાના અધિકારી તરીકે અમૂક રકમના સાલીઆણાથી નિમાયા. આ વખતથીજ લાહોરીદાસના કુટુંબનો રાજ્યદ્વારી સબંધ થયો, અને તેમના ઉદયની શરૂઆત થઇ. એક ઉત્સાહી અને ઉમંગી માણસને ઉદ્યોગ મળે છે ત્યારે તે ઉત્કૃષ્ટ કાર્યો કરીને આગળને આગળ વધવાની તક હાથમાં લેછે. દૈવ ઈચ્છાથી એક પછી એક એવી તકો આપણા રાજ્યશ્રીયૂતને મળતી ગઇ. આ નોકરીપર જોડાયાને અલ્પકાળ થયો એટલામાં દક્ષિણમાં કોઈ બળવાન્ મરાઠા સરદારને આધીન કરવાને માટે આ સૌરાષ્ટ્રિ ગ્રહસ્થની નોકરીની જરૂર જણાઈ



આવી. પાણીદાર મોતીની કિંમત ગુપ્ત રહી શકતી નથી. કિંમતી ઝવેરની કિંમત ઝવેરીજ જાણી શકે છે. એવીજ રીતે આ વિર પુરૂષની શક્તિ પણ અજાણી ન રહી. તેની કિંમત ને કૌશલ્યતાની પિછાણ તેના ઉપરીએ થોડી મુદતમાં કરી લીધી.

શ્રીમંત્ ગાયકવાડ સરકારની બળવાન્ સેનાએ ત્વરીત્ દક્ષિણભણી કૂચ કરી, અને વિરૂદ્ધ પક્ષકારોનો પરાજય કરવામાં નિજ શક્તિ કામે લગાડીને રા. ભાણજીભાઈએ સારી સાબાશી મેળવી. મનુષ્ય માત્રને એકવાર યશ મળે છે એટલે બીજી વાર વધારે યશ મેળવવાની લાલસા–તૃષ્ણા થાય છે, અને એ તૃષ્ણા તૃપ્ત કરવાને માટે પોતાની તમામ શક્તિનો ઉપયોગ કરે છે, અને વખતે સહસા પણ આદરે છે. શ્રીમંત્ ગાયકવાડ સરકાર રા. ભાણજીભાઈની કુશળતા, શૌર્ય અને સબળ શક્તિ જોઇને અતિ પ્રસન્ન થયા. રાજાની કૃપાદ્રષ્ટિ વધે છે ત્યારે કશી હદ રહેતી નથી. એવીજ બેહદ કૃપા શ્રીમાન્ ભાણજીભાઇ ઉપર વધી પડી, અને તેના પરિણામ તરીકે ૧૧૦૦ સ્વારની પાયગાઓ તથા ત્રણ હાથી શ્રીમંત સરકારે તેમની સ્વાધિનતામાં સોંપ્યા. આ ઉંચી પાયરીએ ચડ્યા પછી તરતજ રા. ભાણજીભાઈની શક્તિની વિશેષ કસોટી કરવાની તક આવી ઉભી. શ્રીમંત દામાજી (જે પાછળથી ગાયકવાડની ગાદીપર બેઠા.) ને દક્ષિણભણી મ્હોટાં સૈન્ય સાથે લડાઈ કરવાની ગાયકવાડ સરકાર તરફથી આજ્ઞા થઇ. આ ખરેખરીના સમયે શ્રીમંત્ દામાજી ગાયકવાડની નજર રા. ભાણજીભાઈભણી ખેંચાણી. તેઓએ આ વિર પુરૂષને પોતાની સાથે એક સ્હાયક તરીકે લીધા, પરંતુ દૈવ ઇચ્છા વગર જય મળતો નથી. દામાજીના લશ્કરે નશિબ યોગે હાર ખાધી, શ્રીમંત, શત્રૂના દળ કટકમાં સપડાઇ ગયા, અને ક્ષણવારમાં તેમની સ્થિત્તિ ભય ભરેલી થઈ પડી. આવી ભય ભરેલી સ્થિત્તિમાંથી સમય સૂચકતાવડે છોડાવવાને રા. ભાણજીભાઈ શક્તિવાન્ થયા. યૂદ્ધ પ્રસંગમાં બહુ બહુ

વાર સમયસૂચકતા વાપરવી પડે છે, અને એવી સમયસૂચકતા રા. ભાણુજીભાઈમાં સ્વભાવિક હતી, તેથી તેમણે વગર નુકશાને શ્રીમંત દામાજીને શત્રુના હાથમાંથી મૂક્ત કરવાનો ભગીરથ યત્ન કર્યો, અને તેમાં તેઓ ભાવી બળથી ફાવ્યા. શ્રીમંત દામાજીને તથા તેમના હાર પામેલાં સૈન્યને ક્ષેમ-કુશળતા સાથે ઠેઠ શુળપાણેશ્વર-નર્મદા કિનારા સુધી લાવવાને શક્તિમાન થયા. આ ભગિરથ સેવાનો બદલો આપવાની ઈચ્છા શ્રીમંત દામાજીના હૃદયમાં ઘોળાતી હતી, પણ તત્સમયે તેઓ યુવરાજપદપર હોવાથી વધારે નવાજેશ કરવાને સામર્થવાન નહતા, પરંતુ તે દિવસથી રા. ભાણુજીભાઈનો કાબુ આ તરૂણ યુવરાજપર વધતો ગયો.

ભવિષ્ય બળવાન છે. થોડી મૂદતમાંજ એક વખતના યૂવરાજ દામાજી, શ્રીમંત ગાયકવાડ સરકારના તખ્તપર બિરાજ્યા. રાજ્યાભિષેકની ક્રિયા પૂર્ણ થઇ રહ્યા પછી શ્રીમંત દામાજી સરકારે રા. ભાણુજીભાઇની અપૂર્વ સેવાનું સ્મર્ણ કરીને હઝૂર-માનકારીનો હોદ્દો બક્ષ્યો. આ હોદ્દાની કિમત આજના કરતાં તે કાળે વિશેષ હતી. રાજાની કૃપાદ્રષ્ટિમાં આવેલા એટલે ભગિરથ રાજ્ય સેવા બજાવનાર અને વિશ્વાસપાત્ર પુરૂષનેજ આવી કિમતી નોકરી મળતી હતી હઝુર માનકારીના કિમતી હોદ્દાથી રા. ભાણુજીભાઇની કીર્ત્તિમાં બેહદ વધારો થયો. તેઓ સમયને સારી રીતે ઓળખનાર હતા, તેથી નિજકુટુંબને અને નિજ આશ્રયી જનોને રાજ્યમાં દાખલ કરવાને અને દાખલ કરીને વધારવાને તત્પર હતા. આજદિન સુધી નિજ આશ્રિતો અને નિજકુટુંબીજનો જે ચાતકની પેઠે તેમના હૃદયની આશા કરીને તેમના સામી નજર માંડી બેઠા હતા; તેમની આશા પૂર્ણ કરવાની ઈચ્છા ઘણાકાળ થયા સુરા ભાણુજીભાઇમાં બંધાણી હતી. મહાત્મા પુરૂષો નિજ આશ્રિતોને સમયપર ભૂલતા નથી, પરંતુ ગરીબાઈમાંથી કર્મ સંયોગે વધી ગયેલા એવા ઘણા



કુળહીણ પુરૂષો હોય છે કે જેઓ પદવીપર ચઢ્યા પછી નિજસેવકોને કાંઈપણ આશ્રય આપવાની દરકાર કરતા નથી, પરંતુ ઉલટું તેમને વગર કારણે ધિઃકારતા શિખે છે. તેઓ જાણતા નથી કે એકવાર અમે પણ ગરીબ હતા, અને બીજાના આશ્રયવડે દિવસ લેતા હતા. તેઓ જાણતા નથી કે જેઓ અહુંશ અમારી આશા કરીને અમારી કૃપા સંપાદન કરવાને ચાહે છે, તેવીજ કૃપા મેળવવાને અમારે પણ એકવાર મથન કરવું પડતું હતું. તેઓ જાણતા નથી કે એક સમયે અમારૂં અને અમારા ગરીબ કુટુંબનું જીવન પારકા આધાર અને પારકી આશાપર હતું. તેઓ ક્ષણવારમાં આવા વિચારો ભૂલી જાય છે અને "ગરીબની કદર ગરીબને હોય છે" એ કહેવત સત્ય ઠરાવતા નથી. આવા જનોને ધિઃકારવા જોઈએ. એક સંસ્કૃત કવિ આંબાના વૃક્ષપ્રતિ ઉક્તિ કહે છે કે,—

ये मीते मुकुलोद्गमादनु दिनंत्वा माश्रिताःषटपदाः ।
स्ते भ्राम्यंति फलाद बहिर्भ हिंरतो दृष्ट्वान संभाससे ॥
येकाटास्तवद्द कपथंच न गतास्तेत्वत् फलाभ्यंतरे, ।
धिकत्वा चुततरो परापर परिज्ञाना न भिज्ञोभवान् ॥१॥

અર્થ—"હે! આંબાના વૃક્ષ! તને ધિઃકાર છે, કેમકે તું-પારકા પોતાનો ભેદ સમજી શકતું નથી. જો કે જ્યારથી તને મ્હોર આવ્યો ત્યારથી આ ભમરાઓ તારો આશ્રય લઇને રહેલા હતા, તે તને જ્યારે ફળ આવ્યાં ત્યારે તેં તેમને દૂર કર્યા, અને આ કિડા જે તારી પાસે અસલથી નહોતા તે તારા અંતરમાં (એટલે ફળની અંદર) આવીને બેઠા છે, અને તેં તેમને સંઘર્યા છે."

પરંતુ રા. ભાણુજીભાઈએતો તડકો-છાંયો જોયો હતો. તેઓ એક વખતે ગરીબ હતા તેથી તેઓને ગરીબની કદર હતી. ગરીબાઈ એ કાંઈ ઇશ્વરી ગુન્હો નથી, પણ મનુષ્યના કર્મની શિક્ષા છે.

એવાં કર્મની શિક્ષા ભોગવનારાં રાંક માણુસોપર કરૂણા કરવી એજ મ્હોટો પરોપકાર છે, અને આવા પરોપકારની શરૂઆત ઘરમાંથીજ કરવી જોઈએ.

### "ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને પાડોશીને આટો આપે."

એ કહેવતને અનુંસરીને પરોપકાર કરવો યથાર્થ નથી. નિજ કુટુંબનું પોષણ કરવું, એકવારની રાંક સ્થિત્તિ ભોગવીને દુર્બળ થયેલાં કુટુંબને ઉચ્ચ સ્થિત્તિમાં આણીને ઉચ્ચ સંસાર સુખ આપવું, એ કુટુંબના ઉચ્ચ સ્થિત્તિપર આવેલા મહાન્ પુરૂષનો ધર્મછે. નિજ કુટુંબને સેવનારા પુરૂષને મહત્ પૂણ્ય થાય છે. મહાભારતને વિષે અર્જુન શ્રીયુદ્ધિષ્ટિર પ્રત્યે કહે છે કે,—

" પ્રાતઃ કાળ અને સાયંકાળે યથા વિધિ પોતાના કુટુંબને
" જે અન્નનો વિભાગ કરી આપે તે વિઘસાશિદુરાધર્ષ એવાં પદને
" પ્રાપ્ત થાય છે. જે પુરૂષો અતિથિ, દેવ, પિતૃઓને તથા સ્વજનને
" યથા વિધિ અન્ન આપી અવશિષ્ટનું જે ભોજન કરે તેઓ વિઘ-
" સાશિ કહેવાય છે, માટે જે સ્વધર્મનો આશ્રય કરીને સુંદર વ્રત-
" વાળા સત્યવાદી એવા પુરૂષો નિઃસંશય થઈ લોકના ગુરૂ થાય છે
" તે શોભે નહિ."

આવાં અનેક નીતિ–ધર્મનાં વાકયોને અનુંસરીને રા. ભાણુજી-ભાઈએ નિજ કુટુંબીઓને રાજ્ય સેવામાં આગળ પાડવાનો યત્ન કર્યો. વડિલ ભાઈ કુંવરજીને તથા બજીભાઈને આદરસહીત વડોદરે બોલાવ્યા. આ સમયે શ્રીમંત દામાજી સરકાર પાસે રા. ભાણુજી-ભાઇનું સારૂં ચલણ હતું, તેથી વડિલ ભાઈશ્રી કુંવરજીને નવસારી મહાલ, અને બીજા ભાઈશ્રી બજીભાઇને કડી–પંચમહાલનો કારોબાર સોંપ્યો. શ્રી સૌરાષ્ટ્રિ મુત્સદ્દીનો પગ અને કાણુ શ્રીમંત ગાયકવાડ



સરખા રાજ્યકર્ત્તાપર થાય એ એક લેખે સૌરાષ્ટ્રિ પ્રજાને શોભા અને ગૌરવ ભરેલું છે.

શ્રી કુંવરજી અને બજીભાઈએ પોતાના મહાલોનો વહિવટ અચ્છી રીતે ચલાવીને રાજા તથા પ્રજાને સન્તોષવામાં મણા ન રાખી. એકતો પોતાના ભાઇની ઉંફ અને વળી રાજ્યકાર્યમાં પ્રથમ પ્રવેશ કર્યાથી યશ–માન મેળવવાની ઉત્કંઠા. આ બન્ને લાલચથી શક્તિવાન્ અને સત્તાવાન્ પુરૂષ ઘણું કરી શકે છે. આવી રીતે નિજ બન્ધુઓને ઠેકાણે પાડીને રા. ભાણુજીભાઇ નિવૃત્ત થયા અને રાજ્ય ક્ષેત્રમાં પોતાનું પરાક્રમ દાખવવાને પ્રવૃતિ પામ્યા.

આ સમયે શ્રીમંત્ ગાયકવાડ સરકારના રાજ્યબંધારણની વ્ય-વસ્થા કરવાની તક કોઈ પ્રધાન–વજીર અને રાજ્ય હિત્તેચ્છુએ નહોતી લીધી, તે તક રા. ભાણુજીભાઈએ હાથમાં લીધી. પ્રથમ સીબંદીની સુધાર્ણાપર એ નાગર ગ્રહસ્થનું લક્ષ પહોંચ્યું. પોતે રાજ્ય કર્ત્તા મુત્સદ્દી અને વળી શૌર્યવાન્ તેથી સૈન્ય સુધારણા તરફ ધ્યાન પહોંચે એ આશ્ચર્યકારક નથી. ગાયકવાડી સૈન્યની સ્થિત્તિ એ કાળે સ્તુતિ-કારક ન હતી. તેમના હાથમાં આ કાળને શોભે એવાં અસ્ત્ર–શસ્ત્ર ન હતાં, અને તેમને વખતસર પગાર–મુસારા નહોતા મળતા તેથી તેઓને ગુજરાનની વેલા પડતી હતી. આવી રીબાતી હાલતના સિ-પાઈઓ રાજ્ય સત્તા કેવી રીતે બજાવી શકે? જેનાપર રાજ્યની ચડતી–પડતી અને મુખ્ય આધાર, જેના વડે રાજ્ય, તેજ, જ્યારે નેષ્ટ સ્થિત્તિમાં આવી પડે ત્યારે રાજ્યની સ્થિત્તિ ઉત્તમ નજ હોય. એ સઘળું રા. ભાણુજીભાઇની તીવ્ર નજરમાં ઊતર્યું અને આવી ત્વરાથી ઉતરવાનું કારણ તેમનો જાતિ અનુભવ પણ હતો. તેઓએ પ્રથમ પ્રસંગે ગાયકવાડી સૈન્યના ઉપઅધિકારી અને અન્ય પ્રસંગે સ્વતંત્ર સત્તા-ધારી બનીને લશ્કરની સ્થિત્તિ તપાસી જોઇ હતી, અને તેજ સમયથી

તેમના મનમાં સૈન્ય સુધારણાની ઇચ્છા રમી રહી હતી તે આજે પાર પડી.

આધુનીક કાળમાં લડાઈ-ટંટાના ફિસાદ કમી, નહિ સરખા થઈ પડ્યા છે, તેથી વાંચનારના મનમાં સીબંધીની જરૂરીયાત પુરે-પુરી નહિ ઉતરે, પરંતુ એ કાળે તો બળીઆના બે ભાગ હતા. જેના હાથમાં જોર તેજ રાજ્યકર્ત્તા, વળી ગાયકવાડી રાજ્યના સિમાડા અને આજુબાજુના સંરક્ષણાર્થે કસાએલી અને કૌવતવાળી સીબંદી રાખવાની આવશ્યકતા હતી, પણ આ ધારણા પાર પાડતાં ખર્ચનો બોજો વધવાનો હતો; અને એ બોજો શ્રીમંત સરકારની રાજ્ય તીજોરી સહન કરવાને અશક્ત હતી, તેથી રાજ્યનિપુણ ભાણજી-ભાઈએ ગાયકવાડી રાજ્યના સમસ્ત મહાલકારીઓને વટનગર (વડોદરા) માં એકઠા કર્યા અને પૈસાની મદદ માગી.

શ્રીમંત દામાજી ગાયકવાડના રાજ્યમાં કેળવાએલા અને રાજ્ય હિત ઈચ્છનારા મનુષ્યો જોઇએ એટલા ન હતા. તેમાંનો મ્હોટો ભાગ એવા પરદેશીઓનો હતો કે જેઓ ફક્ત એકજ મતલબથી શ્રીમંત સરકારના રાજ્યની ચાકરી શોધતા આવતા હતા. એ મત-લબ પૈસા પ્રાપ્ત કરવાની હતી, અને ગમે તેવી રીતે પણ પૈસા મળ્યા એટલે પાછા એ રાજ્યને છેલ્લા નમસ્કાર કરીને સ્વદેશમાં જઈ રહેતા; અને અમન-ચમનમાં દહાડા નિર્ગમન કરતા હતા. ખરી રીતે જોઈએ તો તેમના પગાર ન્હાના હતા, અને એવા ન્હાના પગારમાં એક નિષ્ઠાથી રાજ્ય સેવા કરે તો યોગ્ય મુદતમાં વંશ પરંપરા ઉચ્ચ સ્થિત્તિમાં રહેવાય એટલો પૈસો એકઠો નજ થાય, તેથી તેઓ પ્રજાને કચરી-નિચોવીને પણ પૈસા મેળવતા હતા, અને સમયપર રાજ્ય ધનમાંથી પણ ગૂપ્તપણે ભાગ લેતા હતા. આ સઘળો પ્રપચ રા. ભાણજીભાઇના જાણવામાં હતો, અને તેથી તેવા લોકોને દડીને અને અનેકતરેહની યુક્તિવડે રાજ્ય પેદાશ વધારીને ગાયકવાડની તીજોરી



તર કરવાની યોજના તેઓએ તૈયાર કરી હતી. આ યોજના ઘણા વહિવટદારો અને મહાલકારીઓને પસંદ ન પડી, તેથી એવા સ્વાર્થિ કારભારીઓની ઇતરાજીમાં આપણા સોરાષ્ટ્રિ નાગર ગ્રહસ્થ આવી પડ્યા. એક મનુષ્યની ઇતરાજીમાં આવી પડવાથી ભય રહે છે તો આવી રીતે અનેક અધિકારીઓની ઈતરાજીમાં આવેલા પુરૂષને માથે કેટલો ભય લટકેલો હોય તે સ્હેલાઇથી જણાઇ આવશે; પરંતુ રા. ભાણજીભાઈ ગમે તેવા ભયને લેખે એવા નહોતા. તેઓનો નિયમીત-પણે શાંત સ્વભાવથી તન, મન ઘસીને રાજ્ય સેવા બજાવતા હતા. સપાટી ઉપર આવી શાંત્તિ હતી, ત્યારે ગુપ્તપણે કેટલાક ખટપટી લોકો શ્રીમંત દામાજી ગાયકવાડના કાન રા. ભાણજીભાઈ સામે ભંભેરવાનો મહત્ પ્રયત્ન કરતા હતા. આતો જાણીતી કહેવત છે કે "राजाने कान होय पण सान न होय". એવી રીતે દામાજી ગાયકવાડ પોતાના પ્રતિષ્ટિત પ્રધાનના શત્રુઓને પેટ આપીને તેમની આગળ કાન ધરતા, તેમનું સાંભળતા અને સાંભળીને રા. ભાણજી-ભાઈ તરફ અવિશ્વાસ અને ઈતરાજીપણે વર્તવાની પહેલ કીધી. જે રાજા, જે પુરૂષના યશ કીર્તનથી અહાનિશ સંતુષ્ટ રહેતો હતો તે હવે ઉઘાડી રીતે તેનાભણી ઇર્ષ્યાવાન્ થયો, અને કાંઈપણ પ્રસંગ શોધીને નિજ આશ્રયથી વધેલા પુરૂષને હણવાની પ્રેરણા કરી. આ તો સત્ય વાર્તા છે કે "राजा मित्र नहीं" એક શાસ્ત્રકાર અમારા મતને પુષ્ટિ આપે છે કે—

काकेशौचं द्यूतकारेच सत्यं। सर्पे क्षान्तिः स्त्रीषु कामोप शान्ति ॥
क्लिबे धैर्यं मद्यपे तत्वचिन्ता। राजामित्रं केनदृष्टं श्रुतंवा ॥१॥

અર્થ-"કાગડાનેવિષે પવિત્રપણું, જુગારને વિષે સત્યપણું, સર્પને વિષે ક્ષમાપણું. સ્રીને વિષે કામની શાન્તિ, નપુંશકને વિષે ધીરજ, મદ્યપીનારમાં આત્મજ્ઞાનના વિચાર, અને રાજાને વિષે મિત્રપણું અમે દીઠું એ નથી ને સાંભળ્યું પણ નથી."

રા. ભાણુજીભાઇની હવે આંખ ઉઘડી. તેમણે જોયું કે, જે રાજ્યના ઉદયને માટે મેં તન, મનથી સેવા બજાવી, જે રાજ્યથી મારી પ્રતિષ્ટા બંધાણી, તે રાજ્ય તરફથીજ મારી હાની થવાનો સમય આવી પહોંચ્યો ત્યારે હવે રાજ્ય સેવા પડતી મુકીને નિજ આત્માનું કલ્યાણ કરવાનો યત્ન આદરીશ. અંતની ઘડિએ આ ગ્રહસ્થે જોયું કે રાજાઓ પ્રધાનનો ઉપયોગ નારંગીના ફળની માફક કરેછે. પ્રખ્યાત "डयुक ऑफ आलवा" કહેછે કે—

" જે રાજાઓ પોતાના સાથીઓ સાથે ઘણાજ મળતાવડા
" થવાને દેખાવ આપે તેમને માટે એમજ સમજવું કે તે માણસનો
" ઉપયોગ નારંગીઓના જેવો કરવાનો તેમનો વિચાર છે, એટલે
" એમ કે રસ ચુસવા માટે નારંગી ખરીદે છે, અને તે બરાબર
" ચુસાઇ રહી એટલે તેને નાખી દેછે. વાસ્તે સંભાળ રાખજે કે તે
" તારા વિચારો બધા વાંચી લે નહિ; કેમકે નહિતો પછી એક
" પુરેપુરી વાંચી લીધેલી ચોપડીને પોતાની પેટીની પછવાડે જેમ
" તે ફેંકી દેછે, તેમ તેને પણ ફેંકી દેવાને વાર લગાડશે નહિ."

વળી રાજાઓ કેવા દૈવિ છે તે બાબત પર "ग्रेसीअन" કહે છે કે—

" રાજાઓ કોઇની મદદ મળેલી ચાહેછે, પણ કોઇએ સરસાઈ
" મેળવેલી સાંખી શકતા નથી." ઈત્યાદિ વચનોનું સ્મર્ણ થયાથી રા. ભાણુજીભાઈનું મન રાજ્ય સેવા પરથી ઉઠી ગયું અને તેથી તે નિજ આત્માના કલ્યાણાર્થે સન્યસ્ત ધારણ કરીને શ્રીવણારસી-કાશીપુરીનેવિષે સ્થિર મન કરીને રહ્યા.

જેના પક્ષવડે આપણું શ્રેય થયું અને જેના પ્રતાપ વડે નિરંતર રક્ષણ થયું હોય, તેની વિદાયગીરી પછી તે સ્થળમાં રહેવાથી



અનેક તરેહની હાની પ્રાપ્ત થાય છે, એ વાર્ત્તા સત્ય માનીને વડા ભાઇ રા. કુંવરજીએ નોકરીનું રાજીનામું આપીને શ્રીનવસારીથી ઘોઘા માર્ગે સ્વદેશ ગયા, અને અચાનક આવો રાજ્ય રંગ બદલાયાથી રા. બજીભાઈનું ચિત્ત ભ્રમિત થયું.

કનિષ્ટ બન્ધુ શ્રી ભાણુજીભાઈએ સન્યસ્ત ધારણ કર્યું, તત્સમયે શ્રી વડોદરાનેવિષે રા. બજીભાઇ આવ્યા, અને નીજ કુટુંબની આવી હાલત થયાથી તેઓ આકુળ વ્યાકુળતાને પામ્યા હતા. આવી રીતે રા. બજીભાઈનું મન ભેદાએલું જોઈને શ્રીમંત ગાયકવાડ સરકારે મશાલ, પાલખી વિગેરે રાજ્યચિન્હ સાથે યોગ્ય આદર સત્કાર કરીને તેઓને શ્રી જીર્ણગઢ ક્ષેમ કુશળ પહોંચાડી દીધા, અને શ્રી પાટણમાં તેમની પાયગા, છત્રીને મશાલ હતાં તે જેમને તેમ કાયમ રાખ્યાં. તે હક ભોગવવાને માટે રા. બજીભાઇના વડિલ પૂત્ર ન્યાલચંદ અને તે પછી બાપુભાઇ ઉત્તરોત્તર પાટણ જઈ રહ્યા, કેમકે રા. કુંવરજીને એકજ પૂત્રરત્ન નામે રા. અમરચંદ હતું; પરંતુ તેઓ રાજ્યકારોબાર ચલાવવાને અશક્ત તથા સ્વભાવે ભોળા અને વ્યહવારિક કાર્યમાં પ્રવિણ નહતા, તેથી સઘળાં કાર્યનો બોજો તેમના ભાગ્યશાળી ભત્રિજાઓ કુશળતાથી ચલાવતા હતા.

# દર્શન ૩ જું.

## આજન્મ અનંતજીનો જન્મ.

*આદૌ મણિપુરં નામ, ચંદ્રકેતુ પુરં સ્મૃતૌ ॥
તૃતીયં રેવતં નામ, કલૌ પુરાતનં પુરમ્ ॥૧॥

અર્થ—"પ્રથમ જૂનાગઢનું નામ મણિપુર હતું. સ્મૃતિમાં તેને ચન્દ્રકેતુપુર કહ્યું છે. તેનું ત્રીજું નામ રૈવત ને કળિયુગપુરમાં પુરાતનપુર એ તેનું નામ છે."

શ્રી જીર્ણગઢનું વર્ણન—રા. અનંતજીના માતૃપક્ષની પિછાન—માતૃ પક્ષની વંશાવળી—માત પિતાની વ્યહવારિક સ્થિત્તિ—સંતતીની તૃષ્ણા—પ્રભુપર પ્રીત્તિભાવ—સંતતીનું સુખ—રા. અનંતજીનો; જન્મ—વડા પૂત્ર રા. અમૃતલાલના વ્યહવારિક કર્મ—રાજ્યદ્વારિ કામકાજનો અભાવ—રા. અમૃતલાલનું વ્યાપાર—રોજગારમાં ગુંથાવું. ઈત્યાદિ—

જે નગરની પૂર્વભણી ગિરિનાર સરખો પુરાણ પ્રસિદ્ધ ગીરિરાજ ઝુકી રહ્યોછે, જે પર્વતનેવિષે અનંત

* મહાત્મ તથા બીજાં પુસ્તકમાં તેને માત્ર દુર્ગ એટલે કિલ્લો કહેલ છે. જુના લેખોમાં જીર્ણદુર્ગ, જિરણ દુર્ગ, જિરણ ગઢ કહેલ છે. જુનાં શિલાલેખમાં ગિરિનાર નગર કહ્યું છે. પોરાતનપુર, પુર્વ નગર, જીર્ણદુર્ગ, જિરણગઢ એ નામનો અર્થ માત્ર જુનો કિલ્લો એટલું હતું.



સિદ્ધ પુરૂષો નિર્વાણપદ પામ્યા છે. જેના શિખરપર અદ્‌ભૂત્ દેવાલયો અને યોગી પુરૂષોને વસવા યોગ્ય ગહન ગુફાઓ આવી રહી છે. જેમાંથી શિતળ ને નિર્મળ પાણીના ઝરાઓ હળુ હળુ વહ્યાં કરે છે. જે શહેરની આસપાસ વન—ઉપવન છવાઇ રહી ને સદા પ્રાણીમાત્રને સુગંધમય વાયુ આચ્છયાદિત કરે છે. જે સુંદર નગર ન્હાના પ્રકારના હિન્દી, મુસલમાની તિર્થ—સ્થાનકોને લીધે ખ્યાતિ પામેલું છે, અને જે નગરનેવિષે સર્વોત્કૃષ્ટ બાબી રાજ્યના પ્રતાપિ રાજ્યવંશીની સત્તા પ્રબળતાને પામી ને ઝામી રહી છે; એવાં શ્રી જીર્ણગઢનેવિષે વસાવડા કુળમાં સૂર્ય સમાન્ શ્રી અનંતજીનો જન્મ થયો.

શ્રી અનંતજીના પિતા અમરચંદને ઘેર આજ દિન સુધીમાં બે પૂત્ર રત્ન પ્રાપ્ત થયાં હતાં. તેમાં.વડિલ પૂત્રનું"નામ અમ્રતલાલ અને તેથી ન્હાનાનું નામ પ્રભુલાલ હતું. રા. અનંતજીની માતાનું નામ લાડકુંવર હતું, અને તેમનું મોશાળ શ્રીમાંગરોળમાં હતું. માતા પક્ષ રાજ્યદ્વારિ સંબંધમાં પ્રાબલ્યતા પામેલો, અને ગર્ભશ્રીમાન્ હતો, તેથી તેમની અવટંક નાણાવટીની પડી હતી. નાણાવટી એટલે શરાફી ધંધો કરનાર, અને આ ધંધો કરનાર શ્રીમાન્ હોવાં જોઈએ. નાણાવટીની અવટંક કાંઈક—રેડીમનીની પારસીની અવટંકને મળતી આવે છે, અને એ ઉપશાખા બહુધા કરીને લોકોને વ્યાજે નાણું ધીરધાર કરવાના ધંધા ઉપરથી પ્રજા જન દ્વારાએ મળે છે; એટલે વાંચનારને ખાત્રી થશે કે—રા. અનંતજીનો માતાપક્ષ ગર્ભશ્રીમાન્ અને વ્યહવારિક કાર્યમાં પ્રતાપવાન્ હતો. માતૃપક્ષની પેઢી આ પ્રમાણે મળી આવે છે.

**કરશનજી નાણાવટી.**

ભગવાનદાસ

તુળજાદાસ.

લાડકુંવર.

અમ્રતલાલ. — પ્રભુલાલ. — અનંતજી

રા. અનંતજીનું મોશાળપક્ષ જૂનાગઢના જાણીતા રા. અમરજી અને રા. રણછોડજી દિવાનના સગપણમાં આપણા વસાવડા કુળને ખેંચી લેછે. હવે આપણે એક વધારે ઉચ્ચ સગપણની પિછાન કરવાની રજા લઇશું.

આપણે આગલાં પ્રકરણમાં વાંચી ગયા કે રા. કુંવરજીને શ્રીમતી રાધા અને રા. ભાણજીભાઈને શ્રીમતી ચંદનકુંવર નામની કન્યાઓ હતી. શ્રીમતી રાધાને પેટે જૂનાગઢના જાણીતા ગ્રહસ્થ રા. હરિપ્રસાદ, જેના પ્રખ્યાત્ પૂત્ર રા. નૃસિંહપ્રસાદ અને શ્રીમતી ચંદનકુંવરને પેટે ભાવનગરના જાણીતા રાજ્યદ્વારિપુરૂષ રા. પરમાનંદદાસ અને તેમના પૂત્ર રા. શામળદાસ ઉત્તમ દિવાનગીરી અને ઉત્તમ રાજ્યનીતિજ્ઞપણાને માટે વખણાઇ ગયા છે, તેમનો જન્મ થયો હતો; એટલે આ દ્વારાએ પણ આપણા અનંતજીભાઈ રાજ્યદ્વારિ કુટુંબના ખાનદાન સાથે જોડાય છે. આ સઘળાં વૃત્તાંત્ ઉપરથી સ્પષ્ટ રીતે રા. અનંતજીભાઈનું ઉચ્ચ લોહી અને ઉચ્ચ કુળ વાંચનારના જોવામાં આવશે.

રા. અનંતજીભાઇનો જન્મ જીર્ણદુર્ગ એટલે જૂનાગઢનેવિષે વિક્રમ્ સવત્ ૧૮૬૫ ના માર્ગશિર્ષ કૃષ્ણપક્ષની ૧૩ ને રોજ શ્રીમતી



લાડકોર બાઇને પેટે થયો. પિતા રા. અમરચંદ અને માતા શ્રીલાડકોર બાઈ ભગવત્ ભગત હતાં. તેમને પ્રથમ બાળકો જીવતાં નહિં તેથી તેઓ નિરંતર ઉદાસ રહેતાં અને સાધુ, સંત, સન્યાસી, અભ્યાગત અને અતિથિની શ્રદ્ધાપૂર્વક સેવા કરીને સંતોષ પામતાં હતાં. તે છતાં તેમના મનમાં સંતાનની ઘણી તૃષ્ણા હતી. ગમે તેવા જ્ઞાનિ પુરૂષને પણ દેહ ભાવથીજ ઘણી વાર લાગણી થાય છે, અને એવી લાગણીવડે તેઓને સુખ-દુ:ખની અસર પણ ઉપજે છે. માતા-પિતા પૂત્ર શા માટે ઈચ્છે છે તે બાબત શ્રીમહાભારતને વિષે એક સુંદર પ્રસંગ છે. શ્રીપાન્ડવોમાં શિરોમણી એવા યુદ્ધિષ્ટિર કહે છે કે:—

" માતા, પિતા. તપ, બ્રહ્મચર્ય, સત્ય, તિતિક્ષા, ઉપવાસ, યજન
" ગૌરીવ્રત, દુર્ગોત્સવાદિકૌતક તથા લક્ષ્મિનારાયણ, શિલાદિક મંગળ
" ઈત્યાદિ ઉપાયે કરીને બહુ કલ્યાણયૂક્ત એવા પૂત્રો ઈચ્છેછે. એમ
" કરતાં કોઇ વખતે માતાઓ ગર્ભ ધારણ કરે છે, તે પછી કુશ-
" ળતાથી તે ગર્ભ પ્રસૂત થઈને જીવે છે, તેમને જોઈને કૃપણ
" એવી ફળને ઇચ્છતિ તેમની માતાઓ આવી રીતે મનમાં વિચાર
" કરે છે જે,-સુન્દર કુંડળવાળા, આ પૂત્ર સંભાવિત યુવાવસ્થા-
" વાળા, બળિષ્ટ થઇને આપણને આ લોક તથા પરલોક વિષે સુખ આપો."

આવી ચિન્તામાં આ ભક્તિવાન્ જોડું વ્યાકુળ રહેતું, પણ ઇશ્વર કૃપાથી લાંબી મુદત તેની વ્યાકુળતા રહી નહિ. થોડી મુદતમાંજ તેનો અંત આવ્યો. ઇશ્વર ઇચ્છાથી અને પૂણ્યના પ્રભાવે કરીને રા. અમરચંદની અને તેમની પતિવૃત્તા સ્ત્રીની દીર્ઘ કાળની વાન્છના પૂર્ણ થઇ. ઉત્તરોત્તર ત્રણ પૂત્રો પ્રાપ્ત થયા,* અને એવા

* આના સંબંધમાં એવી વાર્ત્તા ચાલે છે કે આજમ અનંતજીભાઈના માત-પિતાને શ્રીભૂતનાથમાં આવી વસેલા એક મહાત્માએ પ્રસન્ન થઇને વર આપ્યો, અને તેના પ્રસાદથી તેમની મન કામના પરિપૂર્ણ થઇ,

" કર્ત્તા "

કુળદિપકના જન્મથી આ ભાગ્યશાળી ને ભગવતભક્ત જોડાંને અત્યાનંદ થયો.

રા. અમ્રતલાલને તેના કાકા શ્રીબાપુભાઇએ ગાયકવાડી નોકરીમાં જોડાવાની એટલે પોતાની પાસે સરકાર પાયગા વિગેરે જે સત્તા અને માન મરતબો હતો તે આપવાની ઈચ્છા જણાવી, પણ તે તેમણે કબુલ ન કરી; કારણકે રા. અમ્રતલાલનો સ્વભાવ રાજ્યદ્વારિ કામ કાજમાં પડવાને બદલે વ્યાપાર-વણજ મચાવવાનો વધારે હતો. તેમનામાં વ્યાપાર ખેડવાનો ગુણ તેમના મોશાળ પક્ષ તરફથી ઉતરેલો જણાય છે, કારણકે તેમના મોશાળીઆ નાણાવટી હતા, અને તેઓ ધીરધાર તથા વ્યાજ વટાવનો ધંધો ધમધોકાર ચલાવતા હતા. આવો સ્વતંત્ર ધંધો પડતો મુકીને પરતંત્ર અને વળી રાજ્યદ્વારિ સરખો અતિ જોખમકારક ધંધો સ્વિકારવાની રા. અમ્રતલાલને ઉલટ ન થઈ, અને આવા સ્વતંત્ર સ્વભાવના પુરૂષને સ્વભાવિક રીતે એવી ઉલટ પણ થવી ન જોઇએ. આથી રા. અમ્રતલાલે વ્યાપારદ્વારાએ નશિબ અજમાવવાનો નિશ્ચય કીધો.



# प्रकरण २ जुं.

## આજમ અનંતજીની બાલ્યાવસ્થા—બાળકેળવણી અને રાજ્યદ્વારી સંબંધ.

## दर्शन १ लुं.

### રા. અનંતજીની બાલ્યાવસ્થા.

—:o:—

**“बाल्यावस्था ए मोत साथे लडवानुं रणक्षेत्र छे.”**

—:*:—

રા. અનંતજીની બાળ ચેષ્ટા-તેના પનોતાં પગલાંનો પ્રતાપ-તેના પર કુટુંબી જનોની અપૂર્વ પ્રીતિ-તેની શારીરિક પ્રકૃત્તિ-બાળરક્ષાની આવશ્યક્તા-બાળકોને માથે લટકતો મોતનો ભય-બાળકો ઉછેરવામાં આપણી સ્ત્રીઓનું અજ્ઞાનપણું-માતાના સ્વભાવથી બાળકોને થતી સારી-માઠી અસર-રડવું એ બાળકોની સ્વભાવિક ભાષા છે. બાળકોને વિષપાન કરાવનારી માતાઓ-બાગાગોળીથી થતી નિર્દોષ બાળકોની ઘાતો-કન્યાઓને બાળકો ઉછેરવાનું જ્ઞાન આપવાની જરૂર-બાળકોના સ્વભાવિક દરદો-રા. અનંતજીનું એ દરદમાંથી મૂક્ત પામવું.

“पूत्रना लक्षण पारणामांथी वरतायछे.” એ કહેવત

રા. અનંતજીભાઇના સંબંધમાં આપણે ખરી પડેલી જોઈએ છીએ. રા. અનંતજીભાઈના જન્મ પછી તેમના કુટુંબની ચડતી થવા માંડી. રા. અમ્રતલાલ અને રા. પ્રભુલાલ વ્યાપાર ધંધામાં પડ્યા, અને તેમાં તેમને સારી કમાઈ જાગવા માંડી; તેથી તેમની વ્યહવારિક સ્થિત્તિ ઉચ્ચ દરજ્જે ચઢી. આવી રીતે ઉચ્ચ સ્થિત્તિપર ચઢવાનો પ્રત્તાપ-સર્વે કોઈ રા. અનંતજીના પનોતાં પગલાંનો ગણવા લાગ્યા. રા. અનંતજી બાલ્યાવસ્થામાંથીજ પૂર્ણ ભાગ્યશાળી નિવડ્યા. એક પરાક્રમિ પુરૂષમાં જેવાં રાજ્યચિન્હો જોવામાં આવે તેવાં ઉત્તમ રાજ્ય ચિન્હો રા. અનંતજીભાઇમાં દેખાયાં, અને તેથી તેમના માતા-પિતાને અત્માનંદ ઉપજ્યો. મુખમુદ્રા અને એવાંજ સામુદ્રિક લક્ષણોથી રા. અનંતજીના ભવિષ્યની ચઢતિ ભાસવા લાગી. ઉત્તમ પુરૂષની બાળચેષ્ટા પણ ઉત્તમ તરેહનીજ હોય છે, અને આવી ઉત્તમ ચેષ્ટા વડે આ ભાગ્યવાન્ બાળકે પોતાના માત-પિતાની અને ભાઇ-ભાન્હુઓની પૂર્ણ કૃપા સંપાદન કરી. સર્વે કોઈની કૃપામાં આવી પડેલાં બાળકોપર તેનાં કુટુંબની અને સગાં-વ્હાલાંઓની મમતા કેટલે દરજ્જે દોડેછે, તે આપણે રા. અનંતજીના સબંધમાં સારી રીતે જોઈશું. આખો દિવસ ને રાત્રિ આ લાડકવાયા લાલાને રાજી રાજી રાખવાને તેમના સબંધીઓમાંથી બની શકતું તેટલું કરવામાં આવતું, અને તેથી કશી રીતે તેમનું મન ન દુભાય એવી તજવીજ હાથમાં ધરતાં હતાં. તેમની બાળસ્થિત્તિ આરોગ્યતા ભરેલી નીવડી. રા. અનંતજીભાઈના શરીરની પ્રકૃત્તિ બાળપણથીજ નાજુક હતી, તેથી તેમના બાળ-શરીરનું રક્ષણ કરવાને માટે ઘણીજ સાવધાની રહેતી; તે છતાં અનેક વખતે સ્વભાવિક બાળ-રોગ વડે તેમના શરીરને ધક્કો લાગ્યો હતો. બાળકોને માથે બહુ બહુ તરેહના રોગો લટકેલા હોયછે. એક કુમળાં વૃક્ષને ઉછેરતાં જેવો યત્ન લેવો પડેછે, તેથી અધીક યત્ન એક બાળકને ઉછેરતી વેળા લેવો પડેછે. એક પ્રજાપતિ



એટલે કુંભાર માટીના ટીપીને તૈયાર કરેલાં પાત્રોને અગ્નિની ભઠ્ઠીની ઉષ્ણતાવડે તપાવી તપાવીને પરિપક્વ કરેછે, તેવીજ રીતે કુદરત પણ બાળકોને અનેક તરેહના રોગો લાગુ પાડીને તેનું શરીર પક્વ કરેછે. આવાં પૂર્ણ પક્વ થયેલાં શરીરને પુખ્ત વયમાં થતાં દરદો વધારે ખરાબ અસર કરી શકતાં નથી, કારણકે બાળ વયમાંજ કુદરતના વૈદે તેના શરીરને ન્હાના વિધિના દરદોથી પરિપક્વ કીધેલું હોયછે. એવાં પરિપક્વ શરીરપર રોગની જેટલી અસર થતી નથી, તેથી વધારે અસર બાળ વયમાં લાગુ પડતાં સ્વભાવિક દરદ વેળાએ થાયછે.- આ સમયજ બાળકોને ભય ભરેલો હોય છે. બાળક પ્રસવ એજ મોતના મ્હોડાંમાંથી બ્હાર નિકળવા સરખો બનાવ છે. જન્મ લીધા પછી તેનું શરીર, કોમળ-કાચા અવ્યયવો યુક્ત હોય છે. એવાં કુમળાં શરીરવાળાં-કાચાં બાળકોને હવાનો સાધારણ ફેરફાર અસાધારણ આધિ-વ્યાધિમાં નાખી દેછે. તેની માતાના મનપર થતી ખરાબ અસરથી બાળકોને પણ ભય ભરેલી અસર થવાનો ભય રહેછે, કારણકે બાળકોનાં શરીરનાં પોષણનો મુખ્ય આધાર તેની માતાના સ્તનપાન ઉપરજ હોય છે એક ખરાબ સ્વભાવવાળી સ્ત્રીના મનપર ક્ષણ-ક્ષણવારમાં ખરાબ ફેરફાર થયા કરેછે, અને તેથી તેના શરીરપર અને અગત્ય કરીને જેવડે નિજ બાળકોનું પોષણ થાયછે, તે દુધ ઉપર માઠી અસર થાય છે. એવી માઠી અસરવાળું એટલે વિકારવાળું-બગડેલું દુગ્ધ પીવાથી બાળકોને કનિષ્ટ રોગ લાગુ પડે છે. આવા રોગોમાંજ બાળકોનો મ્હોટો ભાગ ઉડી જાય છે. આ દેશની ઘણી સ્ત્રીઓ બાળકોને ઉછેરવાની વિધિથી અજ્ઞાન છે અને એવાં અજ્ઞાનપણાથી તેઓ પોતાને હાથે પોતાનાજ બાળકોની ઘાત કરે છે! રડવું એ બાળકોનો સામાન્ય સ્વભાવ છે. વાચા વગરનાં બાળકો પોતાની લાગણી રડવાની ચેષ્ટા વડે જાહેર કરે છે, કારણકે તેમને એ કાળે વાચા હોતી નથી. આવાં વાચા વગરનાં બાળકોનું

રડવું એ પણ એક સ્વભાવિક ભાષા છે, અને એ ભાષા ઉકેલવાને માતાઓએ શિખવું જોઈએ. રડવા-રડવામાં પણ ભેદ હેય છે. કુદરતિ રીતે બે પ્રકારનું રડવું સાબીત થયું છે. એકતો આનંદનું રડવું અને બીજું દુઃખ આપનારૂં રડવું. આ બે ફેરફારો ન્હાનાથી મ્હોટા મનુષ્યોમાં વારમવાર જોવામાં આવે છે, પરંતુ આપણી અજ્ઞાન માતાઓ રડવાની સ્વભાવિક ભાષા સમજી શકતી નથી. તેઓ તો ફક્ત એટલુંજ જાણે છે કે દુઃખ-દરદ બતાવવાનું સાધનજ રડવું છે અને તેથી ગમે તે પ્રકારે રડતાં બાળકને છાનાં-મુંગાં રાંખવાને માટે પોતાનાં વ્હાલાં બચ્ચાંને કુમળી વયમાંથી પોતાને હાથે ઘોળીને ઝેર પાય છે. વાંચનારજ આશ્ચર્ય પામશે કે એક માતા તેના પ્રાણ કરતાં વ્હાલાં બાળકને જાણી જોઈને ઝેર પાવાની હિમત ધરી શકે? અમે કહીએ છીએ કે હા! વાંચનાર! તારી માતાએ ક્વચિત બાળચેષ્ટા કરતાં અટકાવવાને માટે તને પણ ઝેર પાયું હશે! આ ઝેર તે બાળાગોળી છે અને એ ગોળીમાં મ્હોટો ભાગ અફીણનો હોવાથી ન્હાના બાળકોને તેથી ઘણીજ નઠારી અસર થાય છે. ઘણી વાર બચ્ચાંઓને ઝાડો થઇ આવે છે. ઘણી વાર મરડો થાય છે, અને ઘણી વાર દસ્ત બંધ રહેવાથી પેટની ચુંક અને આંચકી લાગુ પડીને તેની માતાના અજ્ઞાનપણાવડે તે ખિલતાં ગુલાબની માફક કરમાઇ જાય છે. આવી રીતે આપણી સ્ત્રીઓના અજ્ઞાનપણાથી કરમાઇ જતાં બાળકોને બચાવવાને માટે આપણે આપણી કન્યાઓને શિક્ષણિય આપવાની અવશ્યક્તા છે. આપણી શાળાઓની અંદર કન્યાઓને જે તરેહનું શિક્ષણિય મળે છે, તે તરેહનું શિક્ષણિય ઘણા ઉપયોગનું નથી. કન્યાઓને તો બાળકોને ઉછેરવાનું, ઘરબાર સુધારવાનું, અને એવાંજ વ્યહવારોપયોગી શિક્ષણિયની જરૂર છે, આપણે વાંચી ગયા તેમ બાળકોની ઘાત તેમનીજ માતાના અજ્ઞાનપણાને લીધે અને તે સાથે કુદરતિ દરદોથી પણ બહુ વાર થાયછે.



બાળકો જન્મ્યા પછી ક્ષણે ક્ષણે તેના શરીરમાં, અવયવોમાં અઘુદોઠ ફેરફાર થયા કરેછે. તેમાં દાંત ફુટવાની પીડાતો અસહ્ય હોયછે. ઘણુંક બાળકોને આ વખતે પેટ ફુટી જાય છે, ઉલટી થાય છે, આંખો આવે છે, અને ગળી ગળીને છેક હાડપીંજરની સ્થિત્તિમાં આવી પડે છે. આ આપદામાંથી મુક્ત થાય છે ત્યાં ઓરી, અછબડાં, ઉટાંટીઓ વિગેરે દરદો આવીને જાણે ઉભાંજ હોય છે. આવાં અનેક ભય ભરેલાં દરદોના હુમલામાંથી આયુષ્ય બળવડેજ બાળકો બચે છે, અને એવીજ તરેહના આયુષ્ય બળથી રા. અનંતજી સ્વભાવિક દરદોમાંથી મૂક્ત થયા.



# દર્શન ૨ જું

## રા. અનંતજીની બાળ કેળવણી.

### "ઘર એ સદ્ગુણ શિખવાની શાળા છે."

ઘર એ સદ્‌ગુણ શિખવાની શાળા છે-શરીર બળ વધારવાની આવશ્યક્તા-તન છે મજબૂત તેનું મન છે મજબૂત--સ્વભાવિક સુખ-બાળકો અને ફિરસ્તાઓ વચ્ચે સરખામણી-આગલા વખતની દેશિ રમત-ગમતો અને આજની કસરતો વચ્ચેનો તફાવત-આજની કેળવણી અને અગાઉની કેળવણી વચ્ચેનો અંતર-કેળવણી વિષે લોર્ડ બેકનનાં વચનો-નજીવી ટેવ પણ લાંબી મુદતે નુકશાન કારક થાય છે-એવી ટેવો અટકાવવાની આવશ્યક્તા-માતા-પિતાના ગુણ અવગુણો બાળકોમાં ઉતરે છે-તેના સબંધમાં ચાર્લસ બેલનો જાતિ અનુભવ-સર વીલીયમ નેપીયરના વાકયો--રા. અનંતજીને ઉત્તમ પુરૂષોનો સમાગમ--એવા પુરૂષોના સંગથી અવલોકન શક્તિનું વધવું--માણસ એજ કિતાબ છે જો ઉકેલતાં આવડે તો!--માણસ માણસથી જ્ઞાન મેળવે છે--તે બાબતમાં મિ, ફોકસના વચનો--સંગ તેવો રંગ—સત્સંગીનું મહાત્મ—સેનેકાના સોનેરી શબ્દો—જેવા-મિત્રો તેવા આપણે—તેના સબંધમાં સેન્ટ બીવના પ્રમાણ વચનો--પૂર્વ--પશ્ચિમ ભણીની પ્રજામાં ઉચ્ચ—નીચ લોહીનું અભિમાન—અધમ લોકોની સાથે ભેળાવાનો અભાવ—ઉચ્ચ સંગથી ઉચ્ચ પદ પમાય છે.—મહાત્માના દર્શનનો મહિમા—તેથી થતા અગણિત લાભ—રા. અનંતજીમાં પૂર્વજોનું અભિમાન—પૂર્વજોના સ્મર્ણની જરૂરીયાત—પરાક્રમિ પુરૂષોના મરણથી આપણને ખોટ પડતી નથી—તે વિષે લોર્ડ બીકન્સ ફીલ્ડના વચનો—વચન—વાણીવડે અમર રહેનારા પુરૂષો—ઉપદેશ શ્રવણ કરવા કરતાં નકલ કરવાના ફાયદા—વયે વૃદ્ધ નહિ પણ ઉમરે વૃદ્ધ--રા. અનંતજીપર તેના કુટુંબીઓએ બાંધેલી આશા—પૂત્રના લક્ષણ પારણામાંથી પરખાય છે—તે સબંધી કવિ મિલ્ટનનું વાકય—પંડિતો જન્મતા નથી પણ જન્મિનેજ પંડિત થાય છે—કેળવણીનું મહાત્મ--કેળવણી એટલે શું?--ખરી કેળવણીના ઉત્તમ ફળ.



ફિક્કા ચ્હેરાના મોત સાથે લડવાના રણક્ષેત્રમાંથી જય મેળવ્યા પછી બાળકોને એ જયનું સુખ મેળવવાનો પ્રસંગ મળે છે, એ પ્રસંગ તે કાંઈજ નહિ પણ તન મન ખિલવવાની તક છે.

સંસાર વ્યહવારમાં પડવાને માટે અને પડીને અનેક જાતની આધિ-વ્યાધિઓ જે દરેક ક્ષણે અને દરેક પળે વ્યહવારિક માર્ગમાં આવીને ઉભી રહે છે, તેની સામે થવાને માટે મજબૂત તન અને મજબૂત મન રાખવાની જરૂર છે.

શરીર એ આત્માને વસવાનું મંદિર છે અને એક મજબૂત મંદિરમાં નિવાસ કરતાં આત્માનું રક્ષણ સારી રીતે થઈ શકે છે, એટલા માટેજ આપણા શાસ્ત્રકારોએ ગમે તે પ્રસંગે શરીરનું રક્ષણ કરવાની આજ્ઞાઓ કરી છે. જેનું મન બળવાન છે તેનું મન પણ બળવાન હોય છે, તેથી પ્રથમ આપણે આપણું શરીરબળ વધારવાનો યત્ન કરવો જોઇએ છીએ. સ્વભાવિક રીતેજ બાળકોનું મન કુદરતે એવી તરેહનું કર્યું છે કે તે રમત-ગમતથા રીઝી શકે. આવી રમતોથી બાળકોનું તન અને નિર્દોષ ગમતોથી તેમનું મન ખિલે છે, અને આગળ જતાં તેથી અગણિત લાભ મળે છે.

સુજ્ઞ અનંતજીભાઇ બાળક હતા, અને એક બાળક સરખું નિર્દોષ સુખ એક રાજાને પણ હોતું નથી, અને તેથી રાજ્યમહાલયમાં વસતા અને છપ્પર પલંગમાં પોઢતા રાજાઓ પણ પારણામાં

ઝૂલતાં અથવા તો ધૂળમાં આળોટતાં બાળકોના સુખનો ઘણીવાર દ્વેશ કરે છે: બાળકોને આવું અવર્ણિય સુખ મળે છે તેનું કારણ છે. સંસારની ન્હાના પ્રકારની જંજાળો અને અનેક તરેહની ફિકરોથી નિર્દોષ બાળકો અજાણપણું ધરાવે છે. તેઓનું કાર્યતો ફક્ત ક્ષુધા લાગે ત્યારે સારૂં સારૂં ખાવું, તૃષ્યા લાગે ત્યારે જળપાન કરવું, ખુશીમાં આવે ત્યારે રમવું, નાચવું, કુદવું; મરજી પડે ત્યારે સંસાર રચના અને અનેક તરેહના રંગો જોવા અને પરિશ્રમવડે ઉંઘ આવે ત્યારે મીઠી નિન્દ્રામાં પડવું. આવાં સુખની કોણ અદેખાઇ ન કરે? બાળકોની સ્થિત્તિ એક સંસાર ત્યાગ કરીને એકાંત વાસમાં બ્રહ્મ સુખ ભોગવતા પરમહંશ સરખી પવિત્ર હોય છે. પરમહંશ જેમ વિકાર રહીત છે, તેવાંજ વિકાર રહીત બાળ-બચ્ચાંઓ છે. આવાં નિર્દોષ બચ્ચાંઓનું કુદરતિ સુખ અવર્ણિય છે. એક કુદરતિ સુખ આગળ બળાત્કારથી સંપાદન કરેલું કૃત્રીમ સુખ તૂચ્છ છે. સ્વભાવિક સુખની મઝા "હ્યુમર લાઇફ" નામના ગ્રન્થમાં આ પ્રમાણે વર્ણવીછે.

"જનાવરો અને પંખિઓનું બંધારણ જુદી તરેહનું છે, અને "તેઓને સ્વર્ગિય સુખ આપવામાં આવ્યું છે. એ સુખનો તેઓ "સંપૂર્ણ અનુંભવ લે છે. તેઓની જરૂરીયાત માત્ર કુદરતિ ખોરાક અને "કુદરતિ રીતના સુખોમાંજ છે, અને આ બન્ને સુખ જો તેઓને "સારી પેઠે આપવામાં આવેલાં હોય તો તેનો તેઓ ઘણો સારો "ઉપયોગ લે છે......તેઓને તમે કોઈવાર દુઃખી જોયેલાં છે? આ "સંસારમાં તેમની હાલત સન્તોષ અને સુખમાંજ છે. અમૂક બાબત "નીતિવાળી છે કે અનીતિવાળી છે તે વિષે તેઓને વિચાર કરવાનો "નથી. અમૂક બાબતો શકવાળી છે કિંવા અમૂક બાબતનો પશ્ચા-"તાપ કરવાનો પણ તેમને નથી."

ઘણુંખરૂં આવુંજ સુખ આપણા બાળકોને-આપણા ફિરસ્તા-ઓનેજ છેક આપણા શ્રીમદ્દભાગવતમાં અને શ્રી રામાયણમાં પણ



બાળકોની નિર્દોષ અવસ્થાનાં ઉચ્ચ સુખનું વર્ણન વર્ણવેલું છે, અને ક્રિશ્ચિયન ધર્મશાસ્ત્ર-બાઇબલમાં તો બાળકોને ફિરસ્તાની સાથે સરખાવીને તેની પવિત્ર ઉપમા આપી છે, કારણ કે ફિરસ્તાઓ જેવા પવિત્ર છે, તેવાંજ પવિત્ર-વિકાર વગરના; નિર્મળ અંતઃકરણવાળાં આ બાળ-ફિરસ્તાઓ છે.

એવાં ફિરસ્તાઓથીજ ગ્રહ શોભે છે અને કુટુંબ સુખી દિસે છે. આપણા રા. અમરચંદનું ગ્રહ પણ અનંતજીની બાળ ચેષ્ટાવડે આ કાળે શોભાયૂક્ત હતું.

રા. અનંતજીની બાળ ચેષ્ટાઓ ઉત્તમ પ્રકારની હતી, તે આપણે આગળ વાંચી ગયા. હવે આપણે તેમની તન અને મનની કેળવણીપર આવીએ.

આજ કાલ શારીરિક આરોગ્યતા વધારવાને માટે જેમ દરેક શાળા અને પાઠશાળાઓમાં કસરત ગ્રહો છે, અને એવાંજ કસરત ગ્રહોની અંદર ક્રિકેટની, દંડ પીલવાની અને એવીજ તરેહની કસરતો કરાવવામાં આવે છે, તેવીજ જાતની કસરતો તે કાળે સ્વપ્નામાં પણ કોઈએ સાંભળી નહતી. સુધારો જેમ જેમ આગળ વધતો જાય છે, તેમ તેમ મનુષ્યો સ્વભાવિક અને વગર ખર્ચની નિર્દોષ રમત-ગમતનો અનાદર કરીને વિશેષ ખર્ચવાળી, અને વિશેષ ટાપ-ટીપવાળી રમત-ગમતો શોધતા જાય છે. આજે પશ્ચિમભણીની કસરતોમાં ક્રિકેટની, દડિદાવની, બીલયર્ડની અને એવીજ રમતો મુખ્ય મનાય છે, પણ આપણા દેશમાંતો થોડાં વર્ષ પહેલાં જૂદીજ તરેહની કસરતોથી શરીર ખિલવામાં આવતાં હતાં. આર્યવ્રતના ન્હાનાં ગામડાં અને શહેરોમાં ન્હાનાં બાળકોથી તે મ્હોટી વયના મરદોમાં પણ નાગલીઓ, મગમાટલી, હડતુતી, તલવલી, ખીલચપાટો, વિગેરે ઠેકવા-કુદવાની અને ગેડીદડાની સ્વભાવિક રમતો પૂર્ણ ઉલટ સાથે ચાલતી હતી.

આવી નિર્દોષ અને સાદી રમત ગમતોથી રમનારનાં શરીરને કશી તરેહની ઈજા થવાનો ભય રહેતો નહિ, અને વગર ભયે તથા વગર ખર્ચે શારીરિક બળ વધતું હતું. આવીજ રમત રમવાનો તથા તેમાંથી મળતી ગમત મેળવવાનો શોખ રા. અનંતજીમાં વિશેષ હતો. તેઓ સમ વયના સ્નેહિઓ સાથે દિવસનો અમૂક ભાગ બાળ-ખેલ કરવામાં ગાળતા અને બાકીનો વખત મન ખેલવવામાં લેતા હતા. તેમના માત-પિતા જાતે કુળવાન અને વળી મુત્સદ્દી હોવાથી તેમનું ધ્યાન આ ન્હાના રાજેશ્રીને કેળવણી આપવાપર વિશેષ હતું. આપણે આજે જેને કેળવણી કહીએ છીએ તેવી કેળવણી મેળવવાનાં સાધનો એ સમયે કાંઈજ નહતાં, પરંતુ મ્હોટાં ગામડાંમાં અને શહેરોમાં પંડ્યાજીઓએ ગામઠી કેળવણી આપવાની ગોઠવણો કરી હતી. તે વખતની શાળાઓનાં મકાનો તે ફક્ત સાધારણ ઘર સરખાંજ હતાં. મ્હોટી વસ્તિવાળા મ્હોલ્લાઓમાં એકાદ બ્રાહ્મણ એકાદ જીર્ણ-ખડેર સરખાં અવાવરૂ ઘરમાં આવી ગામઠી નિશાળ માંડતો હતો। અને તેમાં ભણવાને માટે જે જે બાળકો આવતાં તેમને બેસવાને માટે લીંપ્યા ધુંટયા વગરની-ધૂળથી ભરેલી ભોંય હતી. એ ભોંયપર સઘળા વિદ્યાર્થિઓને દિવસના ઘણા ભાગ સુધી બેસવાનું હતું; સબબ તત્સમયે પત્થર પાટી અને પત્થરપેન સરખી લખવા કરવાની સગવડતાવાળી ચીજો મળતી નહતી; તેથી બાપડા વિદ્યાર્થિઓ લાકડાંની પાટીપર ધૂળ નાખીને વતરણાવતી આંક લખતા અને તેમના કરતાં શિખીને આગળ વધેલા વિદ્યાર્થિઓ પત્રાંપર ચાક અથવા ખડીવતી મૂળાઅક્ષરો અને બારાક્ષરી વિગેરે શબ્દો લખતા હતા. તે વખતનું જ્ઞાન ફક્ત આંક અને અક્ષર જ્ઞાન તરીકે કક્કો અને બારાક્ષરીમાંજ સમાયેલું હતું, એટલે સાધારણ વ્યહવારિક હિશાબ આવડ્યા અને સાધારણ લીપીજ્ઞાન એટલે વાંચતાં-લખતાં આવડ્યું એટલે કેળવણીનો છેડો આવેલો સમજાતું હતુ. એ સમયે વિશેષ કેળવણીની આવસ્યક્તા પણ રહેતી નહતી. નામું-ઠામું લખતાં



આવડે એટલે વધારે શિખવાની અગત્ય રહેતી નહતી, તે છતાં તેઓને બીજું વ્યહવારિક જ્ઞાન આજના કરતાં તે કાળે વિશેષ મળતું હતું. આજના કેળવાએલા-ડીગ્રી પામેલા વિદ્યાર્થિઓ વ્યહવારિક કેળવણીથી બે-નશિબ રહે છે, અને તેથી તેઓ વ્યહવારમાં વિશેષ ઉપયોગી અને નામધારી થઈ પડતા નથી; સબબ તેઓને બાળપણમાંથીજ શાળાઓમાં ગોંધાઈ રહેવું પડે છે, તેવાં બહુ કારણોને લીધે જોઈએ એવો સંસાર અનુભવ તેમને મળી શકતો નથી; એજ સબબથી તેઓમાંનો મ્હોટો ભાગ વેદીઆ ઢોર સરખો એટલે ભણ્યા પણ ગણ્યા નહિ, એવો રહી જાય છે, પરંતુ પ્રાચિન્ કાળમાં એવું બનતું નહતું. સંસાર કેળવણી એ વખતના વિદ્યાર્થિને ઉત્તમ રીતે મળતી હતી, તેથી તેઓ ઘડાઇ ઘડાઈને જ્ઞાનવાન્ તથા વ્યહવારવાન્ થઈ શકતા હતા. કેળવણી વિષે **लॉर्ड बेकन** કહે છે કે,—

"ખચીત રસમ કુમળી વયથી લાગુ પડી હોય તે સંપૂર્ણ રસમ છે, તેને આપણે કેળવણી કહીએ છીએ, અને તેની અસર ધ્યાનમાં લેતાં બીજું કાંઈજ નહિ પણ ન્હાનપણથી લાગુ થતી રસમ છે."

એટલે ન્હાનપણમાં જેવી ટેવ લાગુ પડે છે તેવી ટેવ મ્હોટી વયે રહી જાય છે, તેથી બાળપણમાંજ માતા-પિતાએ પોતાના બાળકોની સંભાળ લઇને અવગુણકારક ટેવોથી નિજ બાળકોને બચાવવાં જોઈએ. એકવાર એક નાદાન ઉમરનું બાળક નાદાની ભરેલી રમત કરતું હતું, તેને જાણીતા યુનાની પંડિત **प्लेटा**એ ઠપકો દીધો, ત્યારે તે બાળકે ઉત્તર આપ્યો કે "તમે મને ઘણીજ નજીવી વાતને માટે ઠપકો આપોછો." તેના જવાબમાં **प्लेटो**એ કહ્યું કે,—

"નજીવી વાતની પણ ટેવ પડે એ સારૂં નહિ. ખરાબ ટેવ પડીને પછી લક્ષણનું રૂપ પકડેછે, અને પાછળથી તે માણસપર એવી જુલમી સત્તા ભોગવે છે કે ઘણીવાર માણસ દુર્ગુણને ધિઃકારે છે તોપણ તેઓને તે વળગી રહે છે, અને તેને લાગેલી ખરાબ ટેવોનો તે જીંદગી સુધી ગુલામ થઈ રહે છે."

મતલબ બાળકોમાં ખરાબ ટેવનાં બીજ રોપાય તે શરૂઆતમાંથીજ અટકાવવાં જોઈએ. આગળ આપણે વાંચી ગયા કે "घर एज केळवणी लेवानी शाळा छे." તે યથાર્થ છે. માતા-પિતાની ચાલચલગત ઉપરથી બાળકોને જે અસર થાય છે, અને જે જ્ઞાન મળે છે; તેવું જ્ઞાન બીજે એકે દ્વારથી મળતું નથી. ખરૂં જોતાં માતા-પિતાના ગુણ-અવગુણો બાળકોમાં ઘણે દરજ્જે ઊતરેછે. તેમની રીત ભાત અને તેમની રહેણી-કહેણીથી બાળકો ઘણું જ્ઞાન પ્રાપ્ત કરે છે. જાણીતો સર ચાર્લસ बेल નિજ અનુભવ ઉપરથી કહે છે કે,—

"કેળવણીને વાસ્તે ઘણા જણાઓએ ઘણું ઘણું લખ્યું છે; પણ એક એકના દાખલા-દ્રષ્ટાંતોથી માણસને જે ફાયદા-ગેરફાયદા થાય છે તે બાબત ઉપર તેઓએ ઘણુંજ થોડું ધ્યાન આપ્યું છે. મારી સર્વમાં સરસ કેળવણી મારા ભાઈઓએ જે મને દાખલો આપ્યો હતો તેજ હતી. તેમને સર્વ કામમાં બીજાથી સ્વતંત્ર રહીને પોતાની ઉપર આધાર રાખવાની અને ચાલવાની ટેવ હતી, અને મેં પણ તેમનોજ દાખલો પકડીને તેવીજ ટેવ પાડી હતી."

सर विलीयम नेपीयर જેની વર્તણુંક ઘણી સારી હતી તે લખે છે કે—

"જો મારા સારા ગુણ હોય તો તેને માટે હું મારી માતાના તથા પછી મારા લશ્કરના વડા સર જોનમુઅરના દાખલાને માટે આભારીછું."

રા. અનંતજીની કેળવણી જો કે આ જમાનાના હિશાબે સાધારણ હતી, પરંતુ તેમના માતા-પિતા અને સબંધીઓની ઉચ્ચ વર્તણુંકથી તેમનું જ્ઞાન બેહદ વધી ગયું હતું. તેમનો માતૃપક્ષ ધનાઢ્ય હતો અને એ પ્રબળ પક્ષદ્વારાએ જૂનાગઢના જાણીતા દિવાનજીના કુટુંબના સબંધમાં તેઓ સારી રીતે આવ્યા હતા, તેથી તેઓ રોજને રોજ નવનવાં માણસોના પ્રસંગમાં આવતા અને



એવાં મનુષ્યોના સમાગમથી તેમનામાં અવલોકનશક્તિ પ્રબળપણું પામી હતી.

શેખશાદી કહેછે કે,—

" માણુસ એક કિતાબ છે, જો તને ફેંકેલતાં આવડે તો. " આ કહેવતનો અર્થ એજ છે કે માણસ એક પૂસ્તક છે પણ એનું અવલોકન કરતાં આવડવું જોઇએ, અને જો આવડે તો દરેક મનુષ્યમાંથી કાંઈને કાંઇ નવું જ્ઞાન ચતુર માણસો મેળવી શકે છે. જન સ્વભાવનાં જીવતાં ચિત્રોથી મનુષ્યને જેવો ઘડો, જેવું શિક્ષણિય મળે છે તેવો ઘડો ને તેવું શિક્ષણિય શાળાની કેળવણીથી મળી શકતું નથી. મહાન્ વક્તા बर्कने માટે તેનો મિત્ર फोक्स કહે છેકે;-

"બર્ક સાથની વાતચિત અને તેના દાખલાથી મને જે જે ગુણ થયા છે, તે માટે તેનો કેટલોક આભારી છું, તે હું માન સાથે કબુલ કરૂં છું. જે હું ચોપડીમાંથી શિખ્યોછું, જે કાંઇ દુનિયાના લોકો અને તેમને લગતી બાબતોથી મને જ્ઞાન મળ્યુ છે, તે સઘળું ત્રાજવાના એક પલ્લાંમાં મૂકું અને બર્કની શિખામણ અને તેની સાથે વાતચીત કરવાથી મારામાં જે સુધારો થયો છે, તે બીજા પલ્લાંમાં મૂકું તો તે બીજું પલ્લું ઘણુંજ વધારે થાયછે."

સુજ્ઞ અનંતજીમાં જન સ્વભાવનું અવલોકન કરવાની સારી શક્તિ હતી, અને તે શક્તિ દિવસે દિવસે ખિલવાથી તેઓનું વ્યહવારિક જ્ઞાન પરિપક્વ થતું ગયું. તેમના ઉચ્ચ કુટુંબના અને વિશેષે કરીને તેમના માતપિતાના ઉચ્ચ ગુણો તેમનામાં સારી રીતે ઉતર્યા હતા. તેમને સંગમાં સંગ ઉચ્ચ જનોનોજ રહેતો. ઉત્તમ કુળના માણસોને નીચ જનોનો સંગ કરવાનું બની શકતુ નથી, તેથી તેઓને નિરંતર ઉચ્ચ અને વૃદ્ધ જનોનોજ સમાગમ રહેછે. સંગ અથવા સોબત પ્રમાણેજ મનુષ્ય માત્રમાં ગુણ-અવગુણ આવે છે, એ પ્રસિદ્ધ અનુભવની વાર્તા છે. "तुख्मे तासिर" "અથવા सोबते

असर" એ કહેવત જાણીતી છે. એજ મતલબની એક સ્પેનિસ કેહેવત છે કે—

"वरुओनी संगतमां जो तमे वससो तो तेमनी माफक भुंकतां शिखशो,"

ગમે તેવાં ઉચ્ચ માણસને પણ કુસંગ અવગુણ કરે છે, તેથીજ મહાત્મા પુરૂષો સત્સંગના એક સરખી રીતે ગુણ ગાય છે. આપણને સત્સંગથી શું શું મળે છે તે સબંધમાં એક વચન છે કે-

"सत्संगच्च विवेकाच्च लभते ज्ञान मुत्तमं."

અર્થાત્--"સત્સંગ અને વિવેકથી ઉત્તમ જ્ઞાન મળે છે."

ઊત્તમ જ્ઞાન મેળવવાના આ ક્ષણભંગુર સંસારને વિષે બે રસ્તા છે. એક તો આપણે વાંચી ગયા તેમ સત્સંગ અને બીજો વિવેક. સત્સંગ અને વિવેક વગરનો માણસ આંધળો છે. એ બાબત એક સાહિત્યકાર કથેછે કે—

"सत्संगश्च विवेकश्च निर्मलं नयनं द्वियां
घ

"यस्य नास्ति नरः सोंघ कंथ नस्याद मार्गगः

અર્થ--"સત્સંગ અને વિવેક એ બે માણસના નિર્મળ નેત્ર છે. એ બે ગુણ વગરનો માણસ આંધળો છે અને તે કુમાર્ગે ગયા વગર કેમ રહે?"

આવા અનેક લાભ કરવાવાળા સત્સંગનું સેવન મનુષ્ય માત્રે કરવું ઊચિત છે. સત્સંગના સબંધમાં સસ્કૃત લખનારાઓ ઘણું ઘણું લખી ગયા છે. સત્સંગ શું શું કરે છે તેપર એક શ્લોક આ પ્રમાણે છે—

अद्यौघं प्राचिनं विघट यत्ति पूण्य प्रथयाति ।
प्रसूते सद्दबुद्धि नच नव कलां पल्लवयाति ॥



हरत्य ज्ञानाध्यं दिसति परमानंद पदविं ।
सतांसंगः कल्पद्रुम इवन किंकिं वितनुते ॥१॥

અર્થ--"સત્સંગ, પ્રાચિન્ કાળનું જે અનેક પ્રકારનું પાપ હોય "તેનો નાશ કરીને પૂણ્યની વૃદ્ધિ કરેછે. સદ્ બુદ્ધિને ઉત્પન્ન કરી નવી "નવી કળાઓને પ્રકટ કરે છે. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરીને "પરમાનંદ સ્વરૂપ પરમાત્માનો સાક્ષાત્કાર કરાવીને જન્મ-મરણાદિ "દુઃખથી છોડાવે છે, એવો કલ્પદ્રુમ રૂપ સત્સંગ મનુષ્યને શાશા લા- "ભ આપતો નથી?"

વળી—

जाड्यंधियो हरति सिंचति वा चि सत्यं ।
मानोन्नतिं दिशाति पाप मपा करोति ॥
चेतः प्रसादयाति दिक्षुतनोति कीर्तिं ।
सत्संगतिः कथय किन्न करोति पुंसाम् ॥१॥

અર્થઃ--"બુદ્ધિની જડતાને હરેછે, વાણીમાં સત્યતાને પ્રાપ્ત "કરે છે. ચિત્તને નિર્મળ કરીને સર્વત્ર કિર્તિ ફેલાવે છે. એવી સત્સંગતી મનુષ્યને શાશા લાભ નથી આપતી?"

અર્થાત્ સર્વ તરેહના લાભ આપે છે. આવા અનેક લાભ કિશોર અનંતજીને પ્રારબ્ધ યોગ્યે મળતા ગયા. આપણા આ તરૂણ રાજેશ્રીની વય વધતી ગઇ તેમ તેમ તેમના અંતરને વિષે સત્સંગની મહતાઇ જણાવા લાગી. सतां संगोहि भेपजम् ॥ એટલે સત્સંગ એજ ઔષધ છે, અને આવું ઔષધ સેવવાની ઈચ્છા રા. અનંતજીના મનમાં પ્રાબલ્યપણું પામી, તથા તેનું પ્રકટપણું જણાઇ આવ્યું. તેમના જેયામાં અને જાણવામાં જે જે કનિષ્ટ વર્ગના પુરૂષો આવતા તેમના સંગથી તેઓ સર્વદા દૂરને દૂર રહેવાની તજવીજ કરતા હતા. એવા કનિષ્ટ પુરૂષો સાથે ભેળાઇને વાતચીત કરવાની

તેઓ કદી પણ તૃષ્ણા રાખતા નહતા, કારણકે તેઓ જાણતા હતા કે તેવા મનુષ્યો સાથે વાતચીત કરતાં પણ દોષ લાગે છે. એ નિર્વિવાદ સિદ્ધ થયું છે. सेनेका નામનો નામાંકિત પંડિત જણાવેછે કે—

" ખરાબ માણસોની સાથે વાતચીત કરવાથી પણ આપણને
" હાની થાયછે, અને જોકે તેમની વાતથી તરત કોઈને ગેરફાયદો
" થતો જણાતો નથી, તોપણ તેનું બીજ આપણા મનમાં રહી
" જાય છે, અને આપણે તેનાથી દુર જઇએ છીએ તોપણ એક
" મરકીની માફક તે આપણી પાછળ આવે છે. "

" सेंटबीव " નામનો એક વિદ્વાન્ પોતાના મિત્રને કહેતો કે—

" તમે પોતે કેવા છો અને તમારી ચાલ ચલગત, તમારા
" શોખ, અને તમારા ગુણો કેવા છે.
" તમે હલકાં માણસને પસંદ કરોછો ?
" ત્યારે તો તમે હલકી જાતના છો.
" તમે પૈસાદારને ચાહોછો ?
" ત્યારે તો તમે આ જગતની મિથ્યા માયાનો શોખ રાખોછો.
" તમને મોટી પદવી અને ખિતાબવાળા પુરૂષો ગમેછે ?
" ત્યારે તો તમે ખુશામતી અને ચાપલુસીખોર છો.
" તમે પ્રમાણિક, બહાદુર અને હિમતવાન્ માણસોને ચાહોછો ?
" ત્યારે તો હું કહુંછું કે તમે પણ તેમના જેવાજ છો. "

એટલા માટેજ શાસ્ત્રકારો નીચ સંગત વર્જવાને આગ્રહ કરીને ઉચ્ચ સોબત રાખવાની ભલામણ કરી ગયા છે. કુલિન્ પુરષોની સોબતના અવર્ણિય લાભ છે. આર્ય પ્રજા નિચ કુળવાળા મનુષ્યોની સાથે ભેળાવામાં પાપ એટલે દોષ માને છે, અને આજની પશ્ચિમ દેશની પ્રજા પણ ઉચ્ચ અને નિચ લોહીનો તફાવત સારી રીતે સમજે છે. તેઓમાં સ્પર્શા સ્પર્શનો દોષ નથી, તે છતાં ઉચ્ચ પુરૂ-



ષોથી શોભાયુક્ત થયેલાં જમવાનાં આસનપર અધમ પંક્તિના પુરૂષોને બેસવા નહિ દે; અને વિશેષ તો ઉચ્ચ લોહીની મગરૂરી ધરાવનારાં ઉતરતાં લોહીનાં એટલે નિચ બુનિયાદવાળાં મનુષ્યોની સાથે લગ્ન વ્યહવાર બાંધવામાં અડચણ જોશે. એજ નિચ–ઉચ્ચ કુળનું અભિમાન છે; અને એવું અભિમાન દરેક પ્રજાને ઉચ્ચ સ્થિત્તિ પર પહોંચાડવાનુ પ્રબળ સાધન છે. ઉચ્ચ સોબત કરનારા પુરૂષો ક્યારેય પણ નાશ પામતા નથી. એ મતને પુષ્ટિ આપનારો એક શ્લોક છે કે—

कुलिनैः सह संपर्क पंडितैः सह मित्रतां ॥
ज्ञातिभिश्च समं स्नेहं कुर्वाणो न विनश्यति. ॥१॥

અર્થ––" કુળવાન્ પુરૂષો સાથે સોબત, પંડિતો સાથે મિત્રતાઇ, તથા જ્ઞાતિ ભાઇ સાથે સંપ કરનારો પુરૂષ કયારેય પણ નાશ પામતો નથી. "

કુસંગે કરીને ઉચ્ચ પદવી મેળવવાની આશા રાખવી એ મિથ્યાત્વપણું છે. ઝેરી વૃક્ષ વાવીને અમ્રત ફળની આશા નજ રખાય. ભાષામાં કહ્યું છે કે—

" करत कुसंग चाहे कुशळ, एज वडो अफशोस;
" महिमा घटयो समूद्रको, रावन भयो पडोश. " ॥१॥

એક પ્રાચિન દંતકથામાં એક જમીનનો કકડો પોતાના વિષે વાત કરતાં કહેછે કે—

" મારામાં ગુલાબના છોડ રોપ્યા, ત્યાંસુધી હું સાધારણ મટો-
" ડીજ હતી, પણ પાછી તેમની સંગતથી, ઉંચી પદવી પામી. "

ઉચ્ચ પદવીપર ચઢવાને ઉચ્ચ સોબતની આવશ્યક્તા છે. ઉચ્ચ જ્ઞાનિ પુરૂષના સહવાસથી સ્વભાવિક રીતે ઉચ્ચ ગુણ એટલે

અધિક જ્ઞાન આવે છે. તેનો મ્હોળો અનુભવ, તર્ક શક્તિ, ધર્મ-કર્મની રીતભાત અને આચાર-વિચારથી તેનું સેવન કરનાર પણ એવા ઉત્તમ ગુણો મેળવવાને ભાગ્યવાન્ થાય છે. ઉચ્ચ પુરૂષને સેવવાથી ઉચ્ચ વૃત્તિ આવે છે, અને ઉચ્ચ વૃત્તિવડે ઉચ્ચ પાયરીપર ચઢવા-ની તૃષ્ણા પ્રાપ્ત થાય છે; એવાં અનેક સબબોને લીધેજ આપણા આર્ય ધર્મ ગ્રન્થોમાં ઉચ્ચ એટલે મહાત્મા પુરૂષના દર્શનનો મહિમા વર્ણવ્યો છે, અને એવા પુરૂષના ફક્ત એક વાર દર્શન લીધાંથી પણ અનેક ભવના દરિદ્ર ટળાયાના દ્રષ્ટાંતો આપણી આંખ આગળ અસંખ્યાત છે "चेटोब्रायन्डे" નામના એક ઉત્સાહી ગ્રહસ્થે માત્ર એકજ વાર વાશીંગ્ટનને જોયો હતો, અને તે દિવસથી તેના સરખો થવાની તેના અંતઃકરણમાં ઉલટ રહી હતી. તે પોતાની નોંધપોથીમાં લખી જાય છે કે—

"મારૂં નામ પ્રસિદ્ધતા પામ્યું તેની ઘણો વખત અગાઉ; વાશિંગ્ટન દુનિયા છોડી ગયો હતો; અને તેના વખતના ઘણાક અપ્રસિદ્ધ લોકો-માંનો હું પણ એક હતો. તે તો પોતાની કીર્ત્તિના ઉન્ચામાં ઉન્ચા બુરજ ઉપર ચઢેલો હતો; ત્યારે મને તો કોઈ ઓળખતું પણ નહતું. તેની સાથે પિછાન કરાવવા મારૂં નામ કહેવામાં આવ્યું તે વેળાએ તેણે મારા ઉપર નજર કીધી તેથીજ હું સુખી થઇ ગયો. બાકી મારૂં નામ તો ચોવીસ કલાક પણ તેના સ્મર્ણમાં રહ્યું ન હશે તેની નજર મારા ઉપર પડવાથી મારા મનને અને તનને પુષ્ટિ મળી,"

મન અને તનને પુષ્ટિ મળી એટલે તે મનુષ્યમાં વિજળી સ-રખી ઊંચી લાગણી ઉત્પન્ન થાય છે આવીજ લાગણી ઉત્પન્ન કર-નારાં અનેક સાધનો યુવાન અનંતજીને મળ્યાં હતાં. તેના વડવાઓએ શ્રીમંત્ ગાયકવાડ સરકારની ઉચ્ચ પ્રકારની સેવા કરી હતી. તેનું સ્મર્ણ તેમના હૃદયમાં જાગતાં ને ઉંઘતાં થતું હતું. તેમના વડિલ શ્રી ભાણજીભાઇના વિરત્વપણાની અદ્દભૂત વાર્તાઓ તેમના માત-પિતા અને જ્યેષ્ટ ભાઇઓ તરફથી વારમવાર સાંભળવામાં આવતી હતી,



તેના મોશાળ પક્ષમાં થઇ ગયેલા જૂનાગઢના ઈતિહાસ પ્રસિદ્ધ દિવાન શ્રી અમરજીનાં પરાક્રમોની અદ્દભુત કથાઓ તેના વાંચવામાં અને શ્રવણ કરવામાં આવતી હતી, તેથી એવાં પરાક્રમો કરવાની અને એવો યશ મેળવવાની લલૂતા રા૰ અનંતજીભાઇમાં પ્રકટ થતી હતી. એક દૈવિ પુરૂષ જે આ સૃષ્ટિને વિષે ન્હાનાં પ્રકારનાં દૈવિ કૃત્યો કરવાને માટે જન્મેલો છે, તેના મનમાં અહોનિશ આવા વિચારો સ્ફુર્યા કરે એ આશ્ચર્યકારક નથી. આ સૃષ્ટિને વિષે પરાક્રમિ અને ભલા પુરૂષોએ અગત્યના ફેરફારો કીધા છે, તે ઇતિહાસ ઉપરથી જણાઇ આવે છે. તેમના પરાક્રમોની અને યશની વાર્તાઓ વિજળી-વેગે ચો-ખંડ પ્રસરી જાય છે, અને નવા આશાતુર તથા સાહસ કર્મને ચાહનારા પુરૂષોને યત્નવાન્ બનાવીને યશ અપાવે છે. "केनन मोझली" નામનો એક ધર્મગુરૂ કહે છે કે—

"ભલાં અને પરાક્રમયુક્ત શ્રેષ્ઠ પુરૂષોથી આપણી સૃષ્ટિને કેટલો અપૂર્વ લાભ થાય છે? ભલાઇ ને સાહસવૃત્તિ તે ધણીનેજ ફાયદો કરે છે. ઠુંડાઇ તથા આળસાઇ પણ તેવોજ ગુણ ધરાવનારાનેજ અવગુણ કરે છે એમ નથી એકની ભલાઈ અને ઉત્તમવૃત્તિ બીજાને લાભ કરેછે, તેમજ એકની બુરાઇ અને નીચવૃત્તિ બીજા ઘણાની ખરાબી કરેછે, અને એ રીતે સારા-નઠારા ગુણો ફેલાવો પામે છે. આપણે પાણીમાં પત્થર નાખીએ છીએ ત્યારે તેમાં જેમ પહેલું એક ન્હાનું કુંડાળું પડે છે. પછી બીજું જરા મ્હોટું, એમ એક એકથી જરા મ્હોટાં કુંડાળાં જ્યાં-સુધી તેઓ કિનારા સુધી પહોંચે છે. ત્યાંસુધી પડયાં કરે છે. તેમજ સારાં કે નઠારાં માણસોની અસર ચોતરફ લોકોમાં પ્રસરી જાયછે."

આવા આવા અભિપ્રાયો ઉપરથી સ્પષ્ટ માલમ પડે છે કે-મ્હોટા પરાક્રમિ અને યશસ્વિ પુરૂષોના મરણથી આપણને કશી પણ ખોટ પડતી નથી. તેઓએ પોતાની જીંદગીમાં જે કાંઇ જન કલ્યાણ અને દેશ સુધારા કીધાં હોય છે, તેવાજ સુધારા તેમના પ્રમાણ વચનોથી તેમની હૈયાતી પછી પણ થાય છે એટલે તેઓ

મુએલા નથી, પણ આ પૃથ્વીપર અને આપણી વચ્ચે જીવતાજ છે. મી૦ “कोब्डन” નામના પાર્લામેન્ટના એક સભાસદના મરણ વિષે બોલતાં સ્વર્ગવાસી लोर्ड बीकन्स फ़ील्ड બોલ્યો હતો કે--

“મ્હોટાં માણસોના મરણથી આપણને નીપજેલી ન પુરાય એવી ખોટ વિષે આપણે વિચાર કરીએં છીએ ત્યારે આપણને એટલોજ સંતોષ મળે છે કે તેઓ તદ્દન આપણા વચ્ચેથી ગુમ થયા નથી. પાર્લામેન્ટમાં આપણે વારમવાર તેઓના બોલો ટાંકી બતાવીશું અને તેમના દાખલા લઇ શકીશું, તથા બીજાઓને દેખાડી શકીશું અને તકરારો કરતી વેળાએ તેમના મતોનો આપણે સ્વિકાર કરીશું.”

એક બીજો કવિ કહે છે કે,—

“જે લોકોને આપણે મરણ પછી છોડી જઇએ છીએ તેમના મનમાં જો આપણે જો વાસો કરી જઈએ તો તે કાંઈ આપણું મરણ કહેવાય નહિ. સારાં માણસોનાં કહેલાં બોલો અને તેઓના દ્રષ્ટાંતો અનંતકાળ સુધી રહીને આગળ આવતા જમાનાના લોકોના મનમાં પ્રવેશ થાયછે, અને તેમને જીંદગીનો રસ્તો કાપવામાં મદદ કરે છે, એટલુંજ નહિ પરંતુ મરતી વખતે પણ તેમને તેથી દિલાસો મળે છે.”

એટલે મહાન્ પુરૂષના ઉંચા ગુણોની નકલ કરવી. નકલ કરવી એટલે તેમની રીતભાતનું અવલોકન કરવુ અને તે પ્રમાણે ચાલવાની તજવીજ કરવી. પ્રાચિન્ પુરૂષોના પ્રખ્યાત્ કાર્યોની આપણે નકલ કરીએ છીએ અને તેથી આપણું જ્ઞાન સંપૂર્ણતા પામે છે. દરેક ચીજ જે આપણે શિખીએ છીએ, તે ઉપદેશ તથા બોધ નકલ કરતાં વધારે જાણીએ-શિખીએ છીએ અને તે આપણા મનમાં વધારે અસરકારક રીતે ઠસી જાય છે, એટલુંજ નહિ પણ તે વધારે ખુશીથી શિખાય છે. આપણી રીતભાતો અને આપણા વિચારો આપણી જીંદગીનું મૂળ છે. રા. અનંતજી અહોરાત્રિ અવલોકન કરતા અને એવી અવલોકન કરવાની શક્તિવડે તેઓએ પોતાના જ્ઞાનમાં બેશક



HANSA MEHTA LIBRARY UNIVERSITY BARODA

વધારો કર્યો. એક દીર્ઘદ્દષ્ટિનું મનુષ્ય પોતાની સરલ પ્રકૃતિથી અને આચાર-વિચારથી આસપાસના માણસોનું ધ્યાન ખેંચી લેછે, તેનુંજ ધ્યાન યૂવાન અનંતજીએ કિશોર વયમાંથીજ અતિ ચાપલ્યાતાવડે સર્વે કોઇનું ખેંચી લીધું. જ્ઞાનનો આધાર વય ઉપર નથી. વયે વૃદ્ધ હોય છે, તેના કરતાં જ્ઞાને વૃદ્ધ હોય તેજ શ્રેષ્ટ અને મ્હોટો કહેવાય છે. ફારસીમાં એક કહેવત છે કે—

બુઝોરગી બ અકલ અસ્ત ન બશાલ,
તવાંગરી બદેલ અસ્ત, ન બમાલ.

અર્થાત્—“ઉમર નહિ પણ અક્લજ સરસાઇ આપે છે. શ્રીમંતાઇ નહિ પણ કરૂણાદૃષ્ટિજ મ્હોટાઇ આપે છે.”

આવી મ્હોટાઇ મેળવવાને તરૂણ અનંતજી ભાગ્યવાન્ હતા. બાળપણમાંથીજ તેઓ જ્ઞાન વૃદ્ધપણું પામ્યા હતા. તેમના ઘરમાં તેમના વિચારો માન્ય થતા, અને તેમની ચાપલ્યવૃત્તિથી તેમના માતપિતા તથા અન્ય કુટુંબીજનો આનંદ પામતા હતા, દિવસ વધતા ગયા તેમ તેમ જ્ઞાની અનંતજીમાં ચાપલ્યતા અને વ્યહવારિક તથા રાજ્યદ્વારિ જ્ઞાન વધતું ગયું. કવિરાજ मिल्टन કહે છે કે,—

“દિવસ નિર્મળો કે મલીનતાવાળો થવાનો વરતારો પાડનાર જેમ અરૂણોદય છે, તેમજ મનુષ્યના ઉત્તમ-અધમપણાનો ભાસ પાડનાર બાળપણું છે”

બાળક અનંતજીના સંબંધમાં તેમના કુટુંબી જનોએ મ્હોટી મ્હોટી આશા અને ઉમેદો બાંધી હતી; તે કેટલે દરજ્જે પાર પડી તે આપણે આગળપર જોઇશું. આપણે વગર આનાકાનીએ માન્ય કરીશું કે બાળ સુધરવાનો મુખ્ય આધાર તેના માતપિતાના સદ્દગુણપર છે. જેના માત-પિતા સદ્દગુણી તેના બાળકો પણ સદ્દગુણી હોય છે. તરૂણ અનંતજીના પિતા રા. અમરચંદ અને તેમના માતુ

શ્રી લાડકુંવર કેવાં ભગવત્ ભક્ત અને સદ્ગુણ મૂર્તિ હતાં તે આપણે પ્રથમ પ્રકરણમાં વાંચી ગયા. એવી ઉચ્ચ વૃત્તિવાળાં માતપિતાના સહવાસમાં રહેનારાં સંતાનો પણ ઉચ્ચ ગુણયુક્તજ પ્રકટે છે. પંચતંત્રમાં વિશ્ણુ શર્મા પંડિતે કહ્યું છે કે—

"मातृ पितृ कृता भ्यासा, गुणवंतो हि बालकाः ॥
"गर्भच्युति मात्रेण पूत्रो भवति पंडित॰

અર્થ—"માત પિતા અભ્યાસ કરાવે છે ત્યારે બાળક ગુણવાન થાય છે. જન્મ માત્રથીજ કોઇ પંડિત થતો નથી."

એ વચન પ્રમાણે રા. અનંતજીને તેના માતપિતાએ તે વખતે બની આવે તેટલું જ્ઞાન આપવામાં કચાશ રાખી નહિ. તેઓ જાતે રાજેશ્રી હતાં, અને તેથી વિદ્યાનો મહિમા જાણતાં હતાં. જાતે મુત્સદ્દી અને મુત્સદ્દીપણાથીજ આગળ વધવાનું છે. એવું જાણનારા વડિલો બાળકને વિદ્યાદાન આપવામાં કચાશ રાખે નહિ. આજદીન સુધીમાં તરૂણ અનંતજીને જે કાંઈ વિદ્યાજ્ઞાન થયું તે ઉપરથીજ તેમના મનમાં વિદ્યાની શક્તિ જણાવા માંડી. વિદ્યા એ આ સૃષ્ટિને વિષે અમ્રત સમાન છે. અમ્રત પીનાર જેમ આનંદ પામે છે, તેમ વિદ્યાવિલાસી જનો પણ સદાય મગ્ન રહે છે. એકાંત વાસમાં, પ્રવાસમાં અને ગમે તેવા ભય-સંકટમાં પણ વિદ્યા એક ઔષધ રૂપે અથવા, મિત્ર રૂપે મદદ કરે છે. સિસરોએ કહ્યું છે કે,—

"વિદ્યાભ્યાસ એ તરૂણાવસ્થામાં પોષણ, વૃદ્ધાવસ્થામાં મોજ, સંપત્તિમાં શણગાર તથા વિપત્તિમાં દિલાસો છે. ઘરમાં તેથી આનંદ ઉપજે છે, બહાર નમ્રતા પથરાય છે, ને દિવસે કે રાત્રિને વિષે, મુસાફરીમાં કે એકાંતવાસમાં તે આપણને છોડી જતી નથી."

એક નીતિ ગ્રન્થમાં મહા વાક્ય છે કે,—

"કેળવણી એ આબાદીની વખતે આભૂષણ રૂપ છે. પડતિની વેળાએ તે રક્ષણ રૂપ છે અને વૃદ્ધાવસ્થામાં તે પોષણ કરનારો ખોરાક છે.



કેળવણી એ મગજની આંખ છે. ગરીબોના હાથમાં રૂપું છે, શ્રીમંતોના હાથમાં સોનું છે, અને રાજપુત્રોના હાથમાં કિંમતી જવાહીર છે. યુવાવસ્થામાં કેળવણી તે વૃદ્ધાવસ્થામાં ડહાપણ છે."

વિદ્યા–કેળવણીનો આવો અવર્ણિય મહિમા જાણીને તે સંપાદન કરવાને કોણ ન લલચાય? વિદ્યાપાન જેટલું કરીએ તેટલું ઓછું છે. વિદ્યા કાંઈ અંગ્રેજી, સંસ્કૃત કે એવીજ ભાષા ભણવામાં સમાયેલી નથી. એ તો સઘળી લીપીઓ છે અને ભાષા એ તો માત્ર મનનાં વિચારો જાહેર કરવાનું એક સાધન છે. એવું સાધન પછી ગમે તે મેળવીએ તેમાં કાંઈ પણ અડચણ નથી, પરંતુ કેળવણી તો પુરેપુરી લેવી જોઈએ. કેળવણીનો સ્પષ્ટ અર્થ જ્ઞાની થવું એજ છે, જ્ઞાન અનેક તરેહનું ગણાય છે. રાજ્યદ્વારિક, વ્યહવારિક, આ લોકનું, પરલોકનું અને એવું અનેક પ્રકારનું જ્ઞાન મેળવવું જોઈએ. આવા જ્ઞાનનેજ કેળવણી કહે છે. કેળવણીનો બીજો અર્થ સંપુર્ણ થવું એવો છે, અને એવો અર્થ જાણ્યા વિનાની કેળવણી કશા કામની નથી. પોપટીયું જ્ઞાન તે કાંઈ જ્ઞાન નથી, અને એવું જ્ઞાન કાંઈ કામ પણ કરી શકતું નથી. રા૦ અનંતજીમાં સંગીન જ્ઞાનનાં બીજ રોપાયાં હતાં અને એ બીજ વયની વૃદ્ધિ સાથે વધીને વૃક્ષ રૂપે થયાં અને એ વૃક્ષનાં શુભ ફળો ચાખવાની તક તેમને, તેમના કુટુંબને તથા આશ્રિત જનોને કેવી રીતે મળી તે આપણે વખત પર જોઇશું.



# दर्शन ६ ठुं.

## આજમ અનંતજીનો રાજ્યદ્વારિ સંબંધ.

उतंग शैल शिखर स्थित पाद पद्मः।
काकोऽपि मंक्षु फल मा लभते सपक्ष॥
सिंहो बली गज विदारण दारुणोपि :
सीदत्यहो तरु तलेखलु पक्षहिनः ॥

(शार्ङ्गधर पद्धति.)

"ઉંચું પદ આશ્રય વિના, કોઇ નથી પામેલ;
કદીએ ઉંચી નવ ચઢે, વણ આધારે વેલ.
અબળ દબાવે સબળને, પક્ષ પ્રતાપે આજ;
માખી ગજ મસ્તક ચઢે, તે તો પક્ષ પ્રતાપ."

પક્ષની પ્રબળતા—પક્ષ વગર ઉંચાઇના શિખર પર નજ ચઢાય—આશ્રય વગરના પુરૂષો ઉગે છે ત્યાંજ કરમાય છે—પૂર્વના સંસ્કાર વગર આશ્રય મળતો નથી. રા. અમૃતલાલનો રા. રણછોડજી દિવાન સાથે સબંધ—ઉદ્યોગથી માણસો વધી શકે છે—ઉદ્યોગનો મહિમા—ઉદ્યોગ ને ખંત વડે માણસો યશ મેળવે છે.—ઇજત એ મ્હોહું જોવાની આરસી છે. એ આરસીનું રક્ષણ કરવાની આવશ્યકતા—રા૰ અમૃતલાલની ઇજત આબરૂ—એ આબરૂ વડે વ્યાપાર-રોજગારમાં બંધાએલી



આંટ—સૌરાષ્ટ્રના રાજ્યવાળાઓનું ગર્વિષ્ટપણું—ઢમઢોલ માંહી પોલ—બ્રિટીશ રાજ્યનું સર્વોપરીપણુ—એ સત્તાવડે કાઠિ-રજવાડા પાસેથી લેવાતી ખંડણી—ખંડણી ઉઘરાવવાની રીત—ભાટ-ચારણોની હામી લેવાનો રવૈયો—સૌરાષ્ટ્રના સંસ્થાનોનું ઉડાઉપણુ—તેને લીધે કરજનું વધવું—હામી લેવાની રીતભાતમાં ફેરફાર કરવાને કર્નલ બાંધવેલનું આવવું—શરાફોની હામી લેવાની નવી રીત—શરાફોની ના હિંમત—રા. અમૃતલાલે લઘાડેલી નવી પેઢી—તેને લીધે રજવાડાના તથા બ્રિટીશ અધિકારીઓના સબંધમાં આવવું—ટુંકા વખતમાં મળેલી ફત્તેહ—એક વધતાં માણસને કુદરત વધારે છે—જુનાગઢમાં રા. સદાશીવનો કારોબાર—તે ચલાવવામાં તેની અશક્તિ—મંત્રિ કેવા જોઈએ?—દૈવ્યની વિચિત્ર ગતિ—રા૰ અમૃતલાલનું જીંજુવાડની દિવાનગીરીપર આવવું—રા૦ અનંતજીનો ધ્રાંગદ્રાના રાજ્ય સાથે સંબંધ ઇત્યાદિ.

પક્ષનો પ્રબળ પ્રતાપ છે. પક્ષવડે સર્વ કાર્યની સિદ્ધિ થાય છે. પક્ષવાળો પુરૂષ પક્ષના પ્રતાપ વડે ઉંચાઈના શિખર પર વગર પ્રયાસે ચઢિ શકે છે. પક્ષવાળો પુરૂષ ગમે તે સ્થળે પરાક્રમ પામીને પુજાય છે. એવા પક્ષની બલીહારી છે.

સ્વપરાક્રમ અને પક્ષનું પ્રબળ એકત્રપણું પામવાથી પુરૂષો અદ્ભૂત ચમત્કાર દર્શાવી શકે છે. પક્ષથી આગળ વધવાને જોર-શક્તિ આવે છે. આવી શક્તિ પક્ષ વગરના પુરૂષમાં હોતી નથી, અને તેથી તે વગર આશ્રયે ઉગે છે તેવોજ આશાભેર કંઇ પણ પુરૂષાર્થ દર્શાવ્યા વગર કરમાઇ જાય છે. ગમે તેવી ઉચ્ચ શક્તિનો પુરૂષ આધાર વિના ઉચ્ચ પદવીપર આવી શકતો નથી. કવચિત આવે છે તો ટકી શકતો નથી, અને દૈવી બળથી ટકે છે તો જોઈએ એવી રીતે બળમાં ઉંચ્ચાઇના શિખર પર ચઢિ શકતો નથી. વેલિનો સ્વભાવ ઉંચ્ચે ચઢવાનો છે, એવી ઉંચ્ચી વેલિને આધાર નથી મળતો તો તે નીચીને નીચીજ ભોંયપર વધે છે અને વધે છે

તેમ તેમ તે ગુંચવાતી જાય છે; પરંતુ જો તેને અલ્પ આધાર મળે છે તો તેના ટેકા વડે તે ઉંચી ને ઉંચી ચઢતી જાય છે, તેવીજ દશા મનુષ્ય માત્રની છે. ગમે તેવી ઉચ્ચ શક્તિનું માણસ આશ્રય વિના મનમાં ને મનમાં ગુંચવાયા કરે છે, તેની આશાઓ જેવીને તેવી અંતરને વિષે ઉભી રહે છે. તેનાથી એકે કાર્ય આરંભી શકાતું નથી. વિના આશ્રયની દશા વિપરીત બને છે. તેના હૃદયમાં નવા નવા તરંગો ઉત્પન્ન થાય છે અને ક્ષણ વારમાં કરમાઈ જાય છે. તેવા પુરૂષો પોતાની શક્તિની અને શક્તિવડે મેળવેલી કીર્ત્તિની સુગંધ પ્રજાને આપી શકતા નથી. આપણે જોઈએ છીએ કે પ્હાડોની ઉંડી અને અંધારી ખીણોમાં ઉગતાં ગુલાબ અને એવાંજ સુગંધીદાર પુષ્પો જનમંડળને સુવાસ આપી શકતાં નથી, તેની સુગંધ સુવાસ પ્હાડોની અંધારી ખીણોમાંજ અનંતકાળ સુધી રહે છે, એવીજ રીતે ઘણી વાર ઉત્તમ શક્તિના મનુષ્યોની પણ ગતિ થાય છે, પરંતુ જેનાપર દૈવ્યની કૃપા ઉતરે છે, તેવાંજ મનુષ્યોને વિના શ્રમે આશ્રય મળી આવે છે, એ સઘળી પુર્વના સંસ્કારની વાર્તાછે

આપણા વસાવડા કુટુંબને ભાવિ-બળથી ઉત્તમ આશ્રય મળી આવ્યો. ઈતિહાસે પ્રસિદ્ધ રા૦ રણછોડજી દિવાનનું આ ઉચ્ચ કુટુંબ સાથે માતૃ પક્ષથી સગપણ બંધાણું હતું, અને એ સગપણ વડે કરીને તેઓ એક બીજાના સ્હવાસમાં સારી રીતે આવ્યા હતા. આવી રીતે પિછાનમાં આવ્યા પછી ભાગ્યશાળી અમ્રતલાલે દિવાન જીના ઘરને પ્રીતિ અને વિશ્વાસમાં લઈ લીધું અને તેથી કરીને રા. અમ્રતલાલની પ્રતિષ્ટા ને આંટ જીર્ણગઢની આસપાસ ઘણીજ વધી પડી. શરૂઆતમાં તો તેઓ પોતાને હિસાબે શરાફીનો ધંધો કરતા હતા, અને તેમાં તેઓ આજ સુધીમાં ફાવ્યા હતા અને ફાવે તેમાં નવાઈ પણ નથી. એક યત્નવાન સાહસ વૃત્તિના મનુષ્યને કશી અશક્ય વાત નથી. ઉદ્યોગ એજ જેનો ઇષ્ટ દેવ છે, ઉદ્યોગ એજ જેનું



ઉપાસના છે, ખોરાક પણ જેનો ઉદ્યોગજ છે, અને ઉદ્યોગ એજ જેનું જીવન છે તેવા પુરૂષની આગળ લક્ષ્મી હાથ જોડીને ઉભી રહે છે, અને આપો આપ સત્તા અને સંપત્તિ આવે છે. સાહીત્યકારે કહ્યું છે કે—

यथा मृत्पिडतः कर्त्ता, कुरुते यद्य दिच्छति॥
एव मात्म कृतं कर्म, मानवः प्राति पद्यते.॥१॥

અર્થ—"જેમ ઉદ્યોગી પ્રજાપતિ કહેતાં કુંભાર માટીના પીંડમાંથી જેજે ધારે છે, તેતે કરે છે, એ પ્રમાણે ઉદ્યોગી માણસ પોતાના કરેલાં કર્મમાં સિદ્ધિ પામે છે."

એક માણસની કાર્યસિદ્ધિ થઇ એટલે તેની આગળ સંસારનું સઘળું સુખ હાજર થાય છે, કવિ કહે છે કે—

निपान मिव मंडुकाः सरः पूर्ण मिवांडजाः॥
सोद्योगं नर-मायांति, विवशाखनु संपदः १॥

મતલબ—"થોડાં પાણીવાળી જગ્યોમાં દેડકાં અને ભરેલાં તળાવ ઉપર પક્ષીઓ જેમ પોતાની મેળે આવીને મળે છે, તેમ ઉદ્યોગી માણસ પાસે સર્વ સંપત્તિ સ્વમેળે આવી મળે છે."

ઉદ્યોગની સાથે ખંતીપણું પણ વસાવડા કુટુંબને આભુષણરૂપ હતું. "खंतीपणुं ए सद्गुणनी श्रेष्ट निशाळ छे." એ સદ્ગુણશાળામાં વસાવડા કુટુંબે આગ્રહપણે અભ્યાસ કીધો હતો અને આવી રીતે ઉદ્યોગ તથા ખંતીપણાના આશ્રયથી તેઓએ ઘણીજ આબરૂ ઈજ્જત મેળવી હતી. તેઓ આબરૂ અથવા યશનેજ સર્વોપરી માનતા હતા. તેઓના હૃદયમાં હતું કે "ઇજ્જત એ મ્હોડું જોવાની આરસી છે, તે આપણા સ્વાસોસ્વાસથી મેલી થઇ હશે તો લુછવાથી તે સ્વચ્છ થશે. પણ જો એકવાર તડ પડી તો પછી સંધાવાની નથી."

આવા વિચારો ઘણું કરીને વ્યાપારી વર્ગના મનુષ્યોમાં વિશેષ હોય છે. આબરૂ એજ તેમના ધંધા-રોજગારનું સુકાન છે અને આ સુકાન જો જરા બગડયું તો ધંધારૂપી વ્હાણ ચકડોળે ચઢીને ભાંગી તુટી જવાનું. આવાં કારણોથી રા. અમ્રતલાલ પોતાના ધંધામાં ઘણાજ સાવચેત રહેતા અને આવી સાવચેતી તથા સમય સૂચકતાથી જ તેઓ અલ્પ કાળમાં દીપિ નિકળ્યા હતા, અને હજુ પણ વધારે તક દૈવે તેમના હાથમાં દીધી.

શ્રી સૌરાષ્ટ્રના પહાડી પ્રદેશમાં કાઠિ, ક્ષત્રિવંશિ અને મુસલમાન રાજા-જમીનદારોની પચરંગી ધ્વજાઓ ફરકે છે. આ ધ્વજાઓ તેઓની સ્વતંત્ર સત્તા દર્શાવનારી નથી, પણ ગર્વપણું તથા રાજ્યમદ બતાવનારી છે. આ ધ્વજાઓ તેમાત્ર શોભાની છે, પરંતુ તેઓના ઉપર સર્વોત્તમ સત્તા દેખાડનારી બ્રિટિશ જય ધ્વજા છે. મતલબ શ્રી સૌરાષ્ટ્રનાં ન્હાનાં-મ્હોટાં સંસ્થાનો પાસેથી દર વર્ષે પેશકશીના આકારમાં બ્રિટીશ સરકાર શ્રીમંત્ ગાયકવાડ અને શ્રીમંત પેશવા સરકારના પ્રતિનીધિ દાખલ જે ખંડણી ઉઘરાવે છે તે વખતસર આવે જાય અને લશ્કર મોકલવું ન પડે તે માટે રાજ્ય પેદાશ અને રાજ્ય સત્તાના પ્રમાણમાં ઈ. સ. ૧૮૬૪ માં કર્નલ વૉકર સાહેબે રાજ્ય અને રાજ્ય સત્તાના પ્રમાણમાં મુકરર કીધી હતી. તત્સમયે શ્રી સૌરાષ્ટ્રમાં બ્રિટીશ સરકારની સત્તાનો સૂર્ય તરતનોજ ઉદય થયો હતો, એટલે પ્રભાતના સૂર્યમાં કાંત્તિની પ્રબળતા જોઈએ એવી હોતી નથી, અને એવા એક શાંત-કાંત્તિના સૂર્યનો તાપ પ્રાણિને ચમકાવતો નથી. સૌરાષ્ટ્રમાં પણ તેમજ હતું. બ્રિટીશ સત્તાના બળ તથા પ્રતાપથી રાજા અને પ્રજા અજાણ હતી, અને તેથી પ્રતિવર્ષે પેશકશીની ઠરાવેલી રકમ આપવાની પરવા રાજાઓમાં હતી નહિ. ખરી રીતે જોતાં તો શ્રી સૌરાષ્ટ્રના રાજવાડાઓની સ્થિત્તિ કરૂણા ભરેલી પણ વધારે સ્વતંત્ર હતી. તેઓની તીજોરીમાં નાણાંની રેલછેલ નહોતી. મુત્સદ્દીઓ



અને સિપાઇ નોકરોને વખતસર પગાર-મુસારા મળતા નહતા, તેથી તેઓ સઘળા બડબડતા હતા અને ફાવે તેમ પેટ ભરવાની યૂક્તિ કરતા હતા, પણ તેમને વારનાર કોઇ નહોતું. મુત્સદ્દીઓ અથવા સુલેહ જાળવનારા સત્તાવાળાઓ ખેડુતોને નીચોવીને પોતાના દિવસો લેતા અને સિપાઈઓ પ્રજાપર જુલમ વરસાવીને પેટ ભરતા હતા. આવી અવ્યવસ્થા કાઠિ સંસ્થાનોની હતી. રાજાઓને માથે કરજ ચઢેલાં હતાં. તેઓ દરેક પ્રસંગે વ્યાજખાઉ વેપારીઓ પાસેથી વ્યાજે નાણાં કઢાવતાં અને કેટલાક ક્ષણિક મોજ મઝામાં, અને કેટલાક બીજા પ્રસંગમાં એવાં કરજે કઢાવેલાં નાણાં ખર્ચીને રાજ્યને નબળું કરતા હતા. આવી સ્થિત્તિમાં તેઓ શ્રી બ્રિટીશ સરકારને નીયમસર ખંડણી ભરી શકવાને કેવળ અશક્ત હતાં, તેથી ગમે તેવાં મ્હોટાં રાજ્ય પાસેથી પણ હામી-જામીનગીરી માગવામાં આવતી હતી. જામીન થનારાઓમાં મ્હોટો ભાગ ભાટ—ચારણનો હતો, તેઓનો કાબુ રાજાઓપર તે કાળે ઘણો હતો, કારણ કે રાજાઓ ભાટ—ચારણોને પૂજ્ય તરીકે માનતા અને સર્વ પ્રકારે તેમનું માન જાળવવાની કાળજી ધરાવતા હતા. ભોગ જોગે જો ભાટ-ચારણનું રાજ્ય તરફથી અપમાન થતું અથવા તો તેમને આપેલી કબુલાત-પ્રતિજ્ઞા તોડવામાં આવતી તો તેઓ પોતાનું અને પોતાના કુટુંબીઓનું લોહી વહેવડાવીને રાજ્યદરબારને છાંટતા હતા, આખી પ્રજામાં અને બીજા રજવાડામાં તે રાજાની કીર્ત્તિ ઝાંખી પડતી અને તે રાજ્ય હત્યારૂં અથવા અપવિત્ર થતું હતું, એવા અનેક સબબોને લીધે ભાટ-ચારણોની જામીનગીરી સધર જામીનગીરી તરીકે લેખાતી હતી, પરંતુ આવી સધર જામીનગીરી જેટલી મુદતને માટે થતી તે પૂરી થયાથી ફરીને નવી ગોઠવણ અને પેશકશીમાં યોગ્ય ફેરફાર-સુધારો કરવાને સરકારની આજ્ઞા લઈને ઇ સ. ૧૮૭૮ માં કાઠિયાવાડના પોલીટીકલ એજંટ તરીકે કર્નલ બાણ્વેલ આવ્યો

હતો તેણે આવતાંવેંત ભાટ-ચારણો અને એવાંજ રાંક માણસોની હામી લેવાની રીત નાપસંદ કરીને શ્રીમંત-શરાફોની હામી આપવાની સૌરાષ્ટ્રના રાજવાળાઓને માથે ફરજ પાડી, પરંતુ આ ફરજ તેઓને સખ્ત વસ્તાણી; સબબ શ્રી સૌરાષ્ટ્રમાં હિંમતવાન્ અને તે સાથે દ્રવ્યવાન્ સરાફોની અછત હતી. જે થોડા ઘણા દ્રવ્યવાન વેપારીઓ હતા, તેમનામાં હિંમત નહોતી, અને હિંમત હતી, તેવા આશામીઓની પાસે ધીરધાર કરવાને દ્રવ્ય નહોતું, પણ આવાં કાર્યમાં તો દામ અને હામ બન્નેની સંપુર્ણ ગરજ હતી. દામ સાથે હામની જરૂર એટલા માટે હતી કે રજવાડાની કબુલાતોપર સૌરાષ્ટ્રના શરાફોને અવિશ્વાસ હતો, અને એવા અવિશ્વાસની સાથે બ્રિટિશ સરકારના સબંધમાં આવવાનો પણ ભય જોડાયેલો હતો. આવા ભય પ્રસંગમાંથી દૂર રહેવાને દેશી શરાફો ચ્હાતા હતા અને સમય જોતાં એવી ચાહના રાખે એમાં કાંઇજ આશ્ચર્યકારક નથી, પરંતુ આપણે જોઈએ છીએ તો ઘણીવાર મ્હોટા ભય સાથે લડનારા અને લડીને જય મેળવવાને આગળ પડનારા પુરૂષો પણ મળી આવે છે. એવોજ એક પુરૂષ આ સમયે મળી આવ્યો તે પુરૂષ કોઇ નહિ પણ આપણા ઉત્સાહી અને ઉગ્ર ભાગ્યવાન્ રા. અમ્રતલાલ હતા. રા. અમ્રતલાલનો ઉદ્યોગ અને તેની હામ અપૂર્વ હતી. ધૈર્યતાએ તેમને આગળ પાડ્યા. દીવાન શ્રી રણછોડજીઅને બીજા કેટલાક શ્રીમાન્ નાગર ગ્રહસ્થોએ આ યશદાયક ઉદ્યોગમાં મનધાર્યું અને રા. અમ્રતલાલના નામની એક મ્હોટી પ્હેડી ઉઘાડી આ પ્હેડીનું કામ રાજારજવાડાઓને નાણાં ધીરવાનું અને તેમની વતી હામી થવાનું હતું. આ ધંધો દિવસે દિવસે લાભકારક અને યશદાયક નિવડયો. શ્રી સૌરાષ્ટ્રના સંસ્થાનો તત્સમયે કરજથી કેવળ દબાઈ ગયાં હતાં. તેમને આ પ્હેડી સુખરૂપ થઈ પડી. દરેક તંગીવખતે તેઓ આ પ્હેડીની મદદ માગતા અને મદદ લઈને પોતાની તંગી ફિટાડતા હતા. રા. અમ્રતલાલ આ ધંધાની રૂએ સૌરાષ્ટ્રના



સંસ્થાનો અને યૂરોપીયન અમલદારોની ઓળખાણ-પિછાણમાં સારી રીતે આવ્યા. જાતે મુત્સદ્દી, રા. રણછોડજી દીવાન સરખા રાજ્યનિતિજ્ઞ પુરૂષના પ્રસંગમાં આવેલા, સ્વભાવિક શિક્ષણિય પામેલા અને વ્યવહાર તથા રાજ્યકાર્યમાં ઘડાઈ ઘડાઇને પરિપક્વપણું પામેલા પુરૂષની શક્તિ અને ચાપલ્યતામાં શું પુછવું ? આવા પુરૂષને ધંધામાં વધતાં શી વાર ? તક આવી મળી એટલે આગળ વધવાનોજ અને વધીને જગતને આશ્ચર્ય ઉપજાવવાનોજ. રા. અમ્રતલાલે ટુંક મુદતમાં આસપાસના લોકોને આશ્ચર્ય ઉપજાવ્યું. આ પ્હેડી અલ્પકાળમાં શ્રી સૌરાષ્ટ્રના સંસ્થાનોને એવી સુખરૂપ થઈ પડી અને બ્રિટિશ સરકારના અધિકારીઓને તેથી એટલી બધી સગવડતા થઈ કે તેને માટે રા. અમ્રતલાલનો ધન્યવાદ ભણાયો. તેઓ રાજાઓને આપત્તિની વેળાએ ખરી ગરજની વખતે એક વૈદ સરખા થઇ પડ્યા. દરેક સલાહમાં અને દરેક-પ્રસંગમાં રા. અમ્રતલાલની સલાહ કિંમતી જણાણી. એજન્સિ અમલદારોના તેઓ માનીતા થતા ગયા. તેમનું માન અને દરજ્જો રજવાડામાં અને એજન્સિમાં ઉત્તરોત્તર વધતો ચાલ્યો અને તેમની બુદ્ધિની તેમજ ઉપયોગીપણાની સર્વે કોઇએ કદર પિછાણવા માંડી. "એક વધતાં માણસને કુદરત વધારે છે." એ સત્ય વચન છે અને એ વચનની સત્યતા રા. અમ્રતલાલના સબંધમાં સિદ્ધ થઈ.

શ્રી જીર્ણગઢમાં રા. સદાશીવરામ નામના દક્ષિણી ગ્રહસ્થ આ સમયે દિવાનપદપર હતા. તેઓ હતાતો દિવાન પણ રાજ્યતંત્ર ચલાવવાની જોઇએ એવી શક્તિ અને આવડત તેમનામાં નહોતી. રાજ્ય ચલાવવું એ પ્રબળ શક્તિવાન્ પુરૂષનુ કામ છે. શક્તિ વગરના માણસથી રાજ્યકારોબાર સંતોષકારક રીતે ચાલી શકતો નથી. એવા અશક્ત કાર્યભારીથી રાજા અને પ્રજા બન્ને અસંતોષિ રહે છે, અને બન્નેને એક સરખું નુકશાન થાય છે.

સાહિત્યમાં વચન છે કે,—

सन्मन्त्रिणा वर्धयते नृपाणा, लक्ष्मी महीधर्म यशःसमूहः ॥
दुर्मन्त्रिणा नाशयते तथैव, लक्ष्मी मही धर्म यशःसमूहः

અર્થ—"સારા—કુશળ મંત્રિથી રાજાની લક્ષ્મિ, પૃથ્વી, રાજ્યધર્મ અને યશનો ઘણો વધારો થાય છે, અને નઠારા મંત્રિથી એ સર્વનો નાશ થાય છે."

એટલા માટેજ વિચારવાન રાજાઓ કુશળતા પામેલા અને કુળવાન કહેતાં શ્રેષ્ટ દેશમાં ઉત્પન્ન થયેલા પુરૂષનેજ મંત્રી તરીકે પસંદ કરે છે. મંત્રિ કેવો જોઇએ તેના સબંધમાં એક કવિ કહે છે કે—

मौलान् शास्त्रविदः शूरान् लब्ध लक्षान् कूलोद्गतान्;
साचिवान् सप्त चष्टो वा प्रकुर्वीत परीक्षितान. ॥१॥

અર્થ—"મંત્રિ બાપદાદાના વખતથીજ રાજ્ય સેવા કરનાર, રાજ્ય નીતિ શાસ્ત્રમાં કુશળ, શૂરવિર, ધાર્યું કામ પાર પાડે એવો અને કૂળવાન્ જોઈએ."

રા. સદાશીવરાવની રાજ્યનીતિથી રાજા અને પ્રજા નાખુશ થયાં એટલે દિવાનગીરી બદલાવવાની જરૂર પડી. પ્રજામાં ન્હાના પ્રકારની ચર્ચા વધી પડી. અનેક માણસો અનેક ઉમેદવારોના નામ આપતા હતા પણ दैवी विचित्रा गतिः દૈવની ગતિ વિચિત્ર છે. તેની ઇચ્છા તો એક એવા કુળવાન અને રાજ્યભક્ત પુરૂષને દિવાન પદની વરમાળા આરોપવાની હતી કે, જેનું નામ આ સમયમાં સર્વત્ર પ્રકાશમાન અને યશમાન થઇ ચુક્યું હતું. એ પુરૂષ તે આપણા રા. અમ્રતલાલ હતા. જે પુરૂષે આજદીન સુધી રાજ્યદ્વારિ પ્રસંગમાં પડવાની ચાહના નહોતી કરી, જે પુરૂષે વ્યાપાર—વણજની આવડતમાં કુશળતા ધરાવીને પોતાની આંટ વધારી હતી, અને જેની



સલાહ અને સ્હાયતા શ્રી સૌરાષ્ટ્રનાં ન્હાનાં મ્હોટાં સંસ્થાનો ચાહતાં હતાં, તે પુરૂષ શ્રી જીર્ણગઢ સરખા સર્વોત્કૃષ્ટ રાજ્યની દિવાનગીરી મેળવે એ અશક્ય વાત નથી, પણ આશ્ચર્યકારક તો છે, કારણ કે થોડી મૂદત પહેલાં જે પુરૂષના મનમાં રાજ્ય સેવા ઉઠાવવાની ઉત્કંઠા નહોતી, જેનો વિચાર વ્યાપાર—રોજગારમાંજ જીંદગી ગાળવાનો હતો, અને જેના લોહીમાં માતૃ-પક્ષથી એક વેપારીના ગુણ ઉતરેલા હતા, તે માણસે એકાએક રાજ્ય સેવા કબૂલ રાખી, એ આશ્ચર્ય ભરેલું નહિ તો બીજું શું ગણવું? પરંતુ મનુષ્ય માત્રને રાજ્યસત્તા ભોગવવાની અને એ દ્વારાએ યશ—માન મેળવવાની વિશેષ તૃષ્ણા હોય છે એવીજ તૃષ્ણા આ ગ્રહસ્થના હૃદયમાં કદાચ ઉભરાણી હોય અને તે સાથે રાજ્યભક્તિ દર્શાવવાની તક વગર પ્રયાશે આવી ને ઉભી રહી એ બન્ને સબળ કારણોથી રા. અમ્રતલાલે આ રાજ્યસેવા સ્વિકારવાની આવશ્યકતા જોઈ.

રા. અમ્રતલાલ અમરચંદ ઈ. સ. ૧૮૩૫ એટલે લગભગ વિક્રમ સંવત ૧૮૯૧ ની શાલમાં શ્રી જીર્ણગઢના મુખ્ય કારભારી એટલે દિવાન થયા. એ દરમ્યાન તેમના કનિષ્ટ ભ્રાતા અને આપણા ચરિત્ર નિરૂપ્ય રા. અનંતજી શ્રી ઝાલાવાડમાં આવેલા પ્રથમ વર્ગના સંસ્થાન ધ્રાંગધ્રાના રાજ્યકારોબારમાં જોડાયા. આવી રીતે શ્રી વસાવડા કુળને વિષે શ્રી સૂર્યસમાન બન્ને ભાઇઓ રાજ્યરૂપી ક્ષેત્રમાં દાખલ થઇને કીર્ત્તિના શિખરે પહોંચવાને માટે સતત ઉદ્યોગે વળગ્યા.

# प्रकरण ३ जुं.

## दर्शन ७ मुं.

### રા. અમ્રતલાલનું રાજ્ય ક્ષેત્રમાં દાખલ થવું

"એક ઉચ્ચ જાતીનું માણસ મધમાખીઓના આળસુ નરની માફક બીજાઓની મહેનત ઉપર પોતાનો નિર્વાહ કરવાને અથવા શાર્ક માછલીની માફક ન્હાની માછલીઓનો શિકાર કરવાને ધિઃક્કારશે, એટલુંજ નહિ પણ બીજાં માણસોની સંભાળ તથા મેહેનતથી તે તેના એકલાની ઉપર જે ઉપકાર થયા હોય, તેને વાસ્તે તે આખી પ્રજાની કોઈ અગત્યની સેવા બજાવવાને અથવા કોઈ મ્હોટું ભલાઇ ભર્યું કામ કરીને ઉપકારનો બદલો જોઈએ તે કરતાં વધારેજ વાળી આપશે, કારણ કે રાજાથી તે ખેડુત સુધીમાં કોઈપણ એવો ધંધો નથી કે જે ફતેહથી, માનથી, અને સંતોષથી બજાવવાં જતાં મગજ અથવા હાથનું અને ઘણી વેળાએ એ બન્નેનું કામ નહિ માગતો હોય."

(બેરો.)

રા. અમૃતલાલ અને રા. અનંતજીનું રાજ્ય રૂપી ક્ષેત્રમાં દાખલ થવું—તેમના આશ્રિતોની આશાનો સૂર્યોદય—સુખમાં સબુરી અને દુઃખમાં દીલાસો—ઉચ્ચ-નીચની પરિક્ષા—કુળવાન પુરૂષો તક આવે નીજ આશ્રિતોને તારેછે અને અકુળવાન પુરૂષો એવે સમયે નિજ આશ્રીતોને



તજેછે. ગરીબોને હીણનારા ગમારો--પોતાના દૂર કરીને પારકા મનુષ્યોને સેવનારા અધમ પુરૂષો—બાબી રાજ્યનું સૌરાષ્ટ્રના સંસ્થાનોમાં સર્વોપરીપણું—રા. અમૃતલાલપર અભાવ ધરાવનારા અદેખાઓ—જાફરાબાદ અને જુનાગઢ વચ્ચે તકરાર—તેમાંથી ઉઠેલી લડાઇ—તેમાં જાફરાબાદના સીદી સુબેદારનું મરણ પામવું—વધારે બખેડો અટકાવવાને એજન્સિ અમલદારોનું વચ્ચે પડવું—નથુખાંએ આ લડાઈમાં લીધેલો ભાગ—તેને બચાવવાની રા. અમ્રતલાલે કરેલી તજવીજ—તેને લીધે એજન્સિ અમલદારોની તેના ઉપર ઉતરેલી ઇતराજી—દિવાનગીરી ઉપરથી હાથ ઉઠાવવાની પડેલી ફરજ—એજન્સિ અમલદારોનું વર્તન---એકના કૃત્યનું ફળ બીજાને ભોગવવું પડયું એવી ચાલતી લોકવાણી—અર્વાચિન કાળના એજન્સિ અમલદારોની કીર્તિવંત વર્તણુક—રા૦ અમૃતલાલ અને રા૦ અનંતજીની દઢતા—તેઓએ કુવેપાર-વણજપર લગાડેલું લક્ષ યત્નવાનના યત્ન ફળેછે—પુરુષ પ્રયત્ન વડે સિદ્ધિ પમાયછે--એક ઉત્તમ તક--ગોંડળની રાજ્ય સુધારણાર્થે આમંત્રણ—રા૦ અમૃતલાલે મેળવેલો યશ--બ્રિટિશ અમલદારો અને ઠાકોરની પ્રસન્નતા--તેઓએ કરેલી યોગ્ય સ્તુતિ--સરકારનો ઠરાવ--એજન્સિમાં બંધાએલી નવી આબરૂ.

શ્રી વસાવડા કુળને વિષે ગ્રહરાજ સમાન અતિ તેજસ્વિ અને શિતળ પ્રકાશમાન રા. અમ્રતલાલ અને રા. અનંતજીને નીજ શક્તિ બતાવવાને રાજ્યદ્વાર રૂપી વિશાળ ક્ષેત્ર મળવાથી તેમના સબંધીઓ અને આશ્રિત જનો અપૂર્વ સંતોષ પામ્યા, કારણ કે જેના આધાર વડે પોતાનો ઉદય અને પોતધી. શ્રેય થવાની આશા ટીંગાઈ રહી હતી, તે દિવસો હવે નજીક પ્રથમ વેલા હતા. આજ દીન સુધી શ્રી વસાવડા કુળના આશ્રિતઅમરસિંહ રીતે પોતાના મનનું સમાધાન કરીને દહાડા લેતા હતા. પ્રીત્તિ સંપાઋતુ ધાર્યા કરતાં નજદીક આવી ઉભી. પછી તેનાથીહી અનંતજીએ માં પુછવાનું શું? ગુણવાન પુરૂષો ગમે તેવાં સંકટભાઇનો આ પ્રથમ

ધૈર્યતા દર્શાવેછે, એટલે એ દુઃખી દિવસો આનંદમાં અને ઉમેદમાં નિર્ગમન કરેછે, એટલામાં તો તેમના શુભ કર્મવડે સુખ પામવાના દહાડા નજદિક આવીને ઉભા રહેછે. એવા સબબથીજ સંકટમાં સબુરી રાખવાનો ઉપદેશ વિદ્વાન પુરૂષો કરતા આવ્યા છે. એક ઉપદેશ વચન છે કે—

तावत् कोकिल विरसान् या पय दिवसान् वनान्तरे निवस ॥
या वन्मिलद् लिमालः कोऽपिरसालः समुल्लसति ॥१॥

અર્થ—"હે કોકિલ ! જ્યાં સુધી મળેલી છે અનેક ભ્રમરની માળા જેને એવો આમ્રવૃક્ષ કોઈપણ ફાલે ત્યાં સુધી બીજાં વનોમાં નિવાસ કરીને વિ-રસ એવા દિવસો નિર્ગમન કર."

મતલબ—વસાવડા કુળને વિષે રા૦ અમ્રતલાલ અને રા૦ અનંતજી રૂપી બે આમ્ર વૃક્ષો ફળ્યાં હતાં અને તેનાં અમ્રત સમાન ફળો પામવાની ઊમેદમાં આશ્રિત જનો હતાં; અને તે ઊમેદ ફળવાની પણ તેમના અંતઃકરણમાં પૂર્ણ આશા હતી, કારણકે આ કુળદિપક પુરૂષો સમયની પિછાણ કરનારા હતા એટલે સમય આવે સેવકોને આશ્રય આપવાને આતુર હતા. કુળવંત પુરૂષોનો એવોજ ધર્મછે. તેઓ સમયને પિછાણેછે. સમય આવે સેવકોની સેવાનો બદલો આપેછે. તેઓ જેમ જેમ દરજ્જે વધતા જાયછે, તેમ તેમ ગર્વ રહીત અને મ્હોટાં મનનાં થતાં જાયછે. પારસમણી પોતાને સેવનારાને પોતાની સમાન
કરેછે, પરંતુ અધમ કહેતાં નીચ કુળને વિષે ઉત્પન્ન થયેલા પુરૂષો
માગતો જેમ જેમ ઉંચી પાયરીપર ચઢેછે, તેમ તેમ ગર્વિષ્ટ અને દુષ્ટ
હરનારા થાયછે. તેઓ પોતાના કુળની એબ ઢાંકવાને માટે
રનો દોર દમામ પ્રજાપર ચલાવીને સર્વે કોઈની અપ્રીત્તિ
રા. અમૃતલ તેઓ ગુણ ઉપર અવગુણ કરેછે, અને પોતાના રાંક
થતું—તેમના આશ્રિ રાંક કુટુમ્બીઓને સર્વદાને માટે તજેછે, કારણકે
ખમાં દીલાસો—ઉચ્ચ
આશ્રિતોને તારેછે અને ગરીબ હતા તેથી ગરીબાઈને—લાંછન માનીને



સ્વભાવિક રીતે ગરીબાઈ પામેલા નિજ આશ્રિતોને હીણેછે. તેમને જોઈને હસેછે, અને તેમને પોતાની પાસેથી દૂરના દૂર રાખેછે, એવા પુરૂષોને સેવનારા સેવકોની આશા તૃપ્ત થતી નથી. આશ્રયની તો રહી પરંતુ આવકારની પણ તેમના તરફથી આશા રાખી શકાતી નથી. એવા ગર્વિષ્ટ અધમ પુરૂષોના ઉપર બાંધેલી અનેક પ્રકારની આશા ફળીભૂત થતી નથી. એક ખાખરાના વૃક્ષપર આવેલાં કેશુડાંનાં પૂષ્પોથી લલચાઇને તેનું સેવન કરનારા સુડાઓ ઠગાય છે, તેમજ આવા પુરૂષોને સેવનારા પુરૂષો પણ વખત આવતાં પોતાની ભુલ જુએ છે, અને પાછળથી સ્વપરાક્રમપર આશા બાંધે છે. એવા અધમ પુરૂષોને એક સંસ્કૃત કવિ આ પ્રમાણે ઠપકો આપેછે.

नभसि निरवलम्बे सिदता दिर्घकालं ।
त्वदभि मुख निषण्णो त्ता न चन्चु पुरे न् ॥
जलधर जलधारा दूर तस्ताव दास्तां ।
ध्वनि रपि मधुरस्तेन श्रुत श्चांतकेन् ॥१॥

અર્થ—"હે જળધર ! આ ચાતક પક્ષિએ દીર્ઘ કાળ સુધી વગર આધારના આકાશ સામું મ્હોં કરી પોતાની ચાંચ ઉઘાડી રાખી જોયાં કર્યુંછે, તેને તારી જળધારા તો રહી, પણ તારો મધુર ધ્વની પણ તેના કાને પાડયો નહિ."

આપણા શ્રી વસાવડા કુળ દિપકો ગુણજ્ઞ હતા, તેથી નિજ આશ્રિતોને અને ગુણવાન પુરૂષોને સંતોષવાને તક હાથમાં લીધી. રા. અનંતજી શ્રી ધ્રાંગધ્રાના રાજ્યમાં સ્થિર થયા. એ રાજ્ય પ્રથમ વર્ગનું અને પ્રતિષ્ઠાવાન છે. તેના રાજ્ય કર્તાનું નામ અમરસિંહ રાજ હતું. તેઓ ઘણાજ દીર્ઘદષ્ટિવાળા અને પ્રજાની પ્રીત્તિ સંપાદન કરનારા હતા. એવાં ઉત્તમ રાજ્યમાં જઈને ઉત્સાહી અનંતજીએ અનેક સુધારણા ચાલુ કીધી. જો કે રા૦ અનંતજીભાઇનો આ પ્રથમ

રાજ્ય પ્રસંગ હતો, તે છતાં તેઓ કુશળ રાજ્ય નીતિજ્ઞ પુરૂષની પેઠે આ આલા વંશના રાજ્યને વિષે રાજાની અને પ્રજાની પ્રસન્નતા અલ્પ કાળમાં પામ્યા. આણી તરફ તેમના વડિલ ભાઈશ્રીએ જૂનાગઢનું દિવાનપદ હાથમાં ગ્રહણ કરીને અનેક રાજ્ય–પ્રજા હિતની યોજના લાગુ કરી. શ્રી જૂનાગઢનું રાજ્ય શ્રી સૌરાષ્ટ્રને વિષે સર્વોત્કૃષ્ટ છે, અને એ રાજ્ય “ जोरतलबी ” ને નામે અન્ય કાઠિ સંસ્થાનો પાસેથી ખંડણી ઉઘરાવવાનો હક ધરાવે છે. આવા બાબી વંશના રાજ્યમાં વસાવડા કુટુંબની લાગવગ દાખલ થઇ તેથી ઘણાક દ્વેષિ પુરૂષોની આંખમાં વિષ આવ્યું. દ્વેષિ પુરૂષની આંખ નિરંતર દ્વેષયુક્ત રહેછે. તેઓ બીજાઓનું સારૂં જોઈ શકતાં નથી, અને તેથી મનુષ્ય જાતને ન સોહે એવા પ્રપંચો કરીને તેમની આંખમાં રમી રહેલાં માણસોનું બુરૂં કરેછે અને ત્યારેજ સંતોષ પામેછે. આ સમયે પણ તેમજ થયું. રા૦ અમ્રતલાલની સાથે દ્વેષ ધરાવનારાઓની એક સંખ્યા આ તકે ઉભી થઇ અને તે સાથે એક બીજો અગત્યનો બનાવ એવો બન્યો કે એવા દ્વેશિ લોકોની ધારણા પાર પડી. થોડી મુદતમાં શ્રી જુનાગઢ અને શ્રી જાફરાબાદને કાંઇક કારણસર તકરાર ઉઠી. આ તકરાર ઉઠવાનું કારણ જાહેરમાં જણાયું નથી, પરંતુ આ ટંટાને લીધે આ રાજ્યો વચ્ચે ઘણોજ અણબનાવ થયો. આસપાસના રાજા–રજવાડા વચ્ચે આવા આવા અણબનાવો ક્ષણે ક્ષણે ઉઠવાનો તે સમય હતો, સુલેહ સાંત્તિનો નહોતો,, પરંતુ ટંટા–ફિશાદ અને લડાઇ–બખેડાનો હતો, તેથી વારમવાર પડોશના રાજ્યો સાથે પરસ્પરના હકો જાળવવાના સબંધમાં અથવા એવાંજ કારણસર તકરારો ઉઠવાનો સંભવ રહેતો હતો. એવોંજ બનાવ આ બન્ને રાજ્યો વચ્ચે બનવાથી એક મ્હોટું ધીંગાણું થયું અને એ ધીંગાણામાં જાફરાબાદનો સીદી સુબેદાર મરણ પામ્યો; અને વધારે માણસોની હાની ન થાય એટલા માટે એજન્સિ અમલદારોને તેથી વચ્ચે પડવાની જરૂર જણાઈ. વચ્ચે



પડીનેજ માત્ર તેઓ અટકયા નહિ, પરંતુ જૂનાગઢના જે જે મુખ્ય માણસો ધીંગાણામાં હતા, તેની તપાસ ચલાવવાનો નિશ્ચય કીધો. આ લડાઇમાં શ્રી જૂનાગઢ તરફથી આગેવાની ભરેલો ભાગ નથુખાંએ લીધો હતો, અને એવો ભાગ લેવાની તેની ફરજ પણ હતી, કારણકે તેણે જૂનાગઢના રાજ્યનું નિમક ખાધું હતું, અને તે નીમક હલાલ કરવાને માટે ઇશ્વરે તેના હાથમાં આ ઉત્તમ તક આપી હતી. એ ફરજ બજાવતાં તેને બ્રિટીશ સરકારની ઈતરાજીમાં આવવું પડયું અને એજન્સિ અમલદાર દ્વારાએ તેની તપાસ શરૂ થઈ. આ તપાસમાં નથુખાંને બનતી મદદ કરવાની જૂનાગઢ સરકારે અગત્ય જોઈ, કેમકે એક પ્રકારની રાજ્ય સેવા બજાવતાં તેને માથે આ આપદા આવી પડી હતી. હજુ તો તપાસનો છેડો પણ આવ્યો ન હોતો એટલામાં દિવાન શ્રી અમ્રતલાલ અને રા૦ પ્રભુલાલ પર એજન્સિ અમલદારોની ખફગી ઉતરી. તત્સબંધમાં એવું સભળાય છે કે તેઓએ અગત્યના શાક્ષિઓને લાંચ આપીને તોડવાની તજવીજ કરી હતી. આ સઘળી બનાવટ હતી, અને એ બનાવટ રાજ્ય શત્રૂઓએ ઉભી કરી હતી અને તેમાંથી બચવાનો ઈલાજ નહોતો. એજન્સિ અમલદારોએ તરતજ રા. અમ્રતલાલના હાથમાંથી દિવાનગીરી છોડાવવાની એ નવાબી રાજ્યને માથે ફરજ પાડી, અને બીજે કોઈ ઠેકાણે તેમને નોકરીમાં નહિ રાખવાની ભળામણ કરવામાં આવી હતી. આ ઠરાવના છાંટા રા. અનંતજી ભાઈને પણ ઊડ્યા વગર ન રહ્યા. તેઓને પણ એજન્સિ અમલદારોના દબાણથી રાજસાહેબની નોકરી છોડવી પડી. તેમના હૃદયમાં ઉચ્ચ શક્તિ બતાવવાની અભિલાષા હતી. હજુ તો તેઓ તરતનાજ રાજ્ય ક્ષેત્રમાં દાખલ થયા હતા. હજુ તો તેમની રાજ્ય સુધારણાની યોજનાઓ હૃદયમાં રમી રહી હતી. હજુ તો રાજા–પ્રજાની કૃપા હાંસલ કરવાની તેઓએ શરૂઆત કરી હતી, એટલામાં અણધારેલા પેગે

રાજા-પ્રજાને રામ રામ કરવા પડ્યા, એ ઘણીજ લાગણી ઉશ્કેરનારા બીના હતી, પરંતુ લાગણી ઉશ્કેરીને કરવું શું? તે વખતના એજન્સિ અમલદારોમાં કેટલાક જોકે ઉચ્ચ મનના હતા પણ તરતનાજ ઇંગ્લાંડથી આવેલા આ દેશની રીતભાતને માટે અજાણ અને અનુભવ વગરના તથા કાચા કાનના હતા; તેથી તેઓ પોતાને રાગે રહેનારાઓને આગળ પાડતા અને સ્વતંત્રતાથી ચાલનારાઓને તોડી પાડવાની તજવીજ કરતા હતા. એ વખતમાં ન્યાય-અન્યાયની વાત ગુંચવણમાં હતી મગજમાંથી જે વિચાર આવ્યો એજ ન્યાય ને એજ કાયદો! એમ ન હોય તો એકની ભૂલ ચુકની સજા બીજાને કરવાનાં પગલાં કેમ ભરવામાં આવે? પરંતુ તે કાળમાં અને આ કાળમાં આસમાન જમીનનો તફાવત છે. તે કાળે એજંટો અને મદદગાર એજંટો તરીકે લશ્કરી અમલદારોનેજ મોકલવામાં આવતા હતા, અને એવા લશ્કરી અમલદારો તરતના વખતમાં સત્તા જમાવવાની રીત પસંદ કરતા હતા, પણ આજે ફેરવાયેલા કાળથી સીવીલીયન-મુત્સદી-અમલદારોનો ઘણો ભાગ આ હોદ્દા પર આવેછે, અને તેઓ ઉજવળ ન્યાયથી બ્રિટિશ સરકારની કીર્તિને અતિશય ઉજવળતા આપેછે. પોલીટીકલખાતાં માટે સીવીલીયન વધારે બંધ બેસતા છે કે મીલીટ્રી તે ચર્ચવા લાયક સવાલ છે. આવી રીતે પોતાની સત્તાનો અને કીર્તિનો એક દમ ભોગ આપવાથી પણ આ બન્ને કીર્તિવંત ગ્રહસ્થો ન ગભરાયા કે ન ડગ્યા. તેઓએ માન્યું કે આ તો સત્તા અને સ્વાર્થનો ભોગ આપવો પડયોછે પરંતુ રાજ્ય સેવા બજાવતાં કવચિત્ પ્રાણ આપવો પડે તો તે પણ કાંઈ વિશાત્માં નથી. આવી આ વસાવડા ગ્રહસ્થોએ રાજ્યભક્તિ દર્શાવી. તેઓએ મનમાં સંતોષ માન્યો કે મનુષ્ય માત્રના સરખા દહાડા જતા નથી. તેઓની ચઢતિનો સૂર્ય ઉદય પામે છે, અને એક સરખી રીતે તપીને વળી અસ્ત થાયછે આવી જ મતલબ પર એક શ્લોક છે કે-



दिन मेकं शशि पूर्ण क्षीणस्तु बहु वासरान् ॥
सुखात दुःखं सुराणा मप्यधिक का कथानृणां ॥१॥

અર્થ--"એક દહાડો ચંદ્ર પૂર્ણ હોય છે, અને ઘણા દહાડા સુધી અપૂર્ણ હોયછે. આ ઉપરથી દેવને પણ સુખ કરતાં દુઃખ વધારે છે, તો મનુષ્યની તો શી વાત?"

બે દહાડા સુખના છે તો ચાર દિવસ દુઃખના છે. એવી રીતે આ સુખ-દુઃખ મિશ્રિત્ મૃત્યુ લોકછે, ત્યારે કોઈએ પણ સુખથી ઉન્મત થવું નહિ અને દુઃખથી વ્યાકુળ થવું નહિ. આવી રીતે પોતાના મનનું સમાધાન કરવાનો શુભ ગુણ આ વસાવડા કુળ દિપકોમાં હતો, તેથી તેઓ દિવાનગીરીનું રાજીનામું આપીને પોતાને ઘેર બેઠા. સંવત ૧૮૯૩.*

ઘેર પણ વગર ઉદ્યોગે બેસવાનું નહોતું. રજવાડાને ધીરવાનો એટલે અડી કડીને વેળાએ નાણાંની ધીરધાર કરીને તેમની મુસ્કેલી ટાળવાનો ધંધો ધમધોકાર ચાલતો હતો. આ ધંધામાં પાછું આ પ્રખ્યાત્ પુરૂષે ધ્યાન રોક્યું, પણ રા. અમ્રતલાલનું લક્ષ આ વેપારમાં જેવું ખુંચતું તેવું રા. અનંતજીનું ખુચતું નહોતું. તેનું ધક ધ્યાનતો રાજ્ય ક્ષેત્રમાં ધુમવામાં ગયું હતું; એકવાર આવેલી તક હાથમાંથી ગયા છતાં તેઓ નિરાશ ન થયા. તેઓ દ્રઢ મનના હતા. દ્રઢતાવડે ગમે એવાં કાર્યો સાધી શકાય છે. તેમાં કશી મુસ્કેલી નડતી નથી, અને કવચિત નડે છે તો ધૈર્યતાના ગુણવડે તેવી મુસ્કેલીઓ ટાળવાની મહેનત નડતી નથી.* વગર દ્રઢતાનો અફશોસ પામતો નર કેવી હાની ભોગવે છે તે સંબંધમાં "महा भारत" નામના ગ્રન્થમાં એક પ્રસંગ છે કે—

*રા૦ અમ્રતલાલ સંવત ૧૮૯૨ ની લગભગમાં જુનાંગઢના દિવાન થયા, અને ૧૮૯૩ માં દિવાનગીરી છોડી. સુમારે એક વર્ષ કારોબાર ચલાવ્યો,

*જુઓ સ્ત્રી પર્વ અધ્યાય ૧ લો.

"શોચ કરતો મનુષ્ય અર્થને પામે નહિ. શોચ કરતા જનને ફળ પ્રાપ્ત થાય નહિ, તથા શોચ કરતો મનુષ્ય પરમપદને પણ પામે નહિ. માટે પોતેજ વસ્ત્રમાં અગ્નિ ઉત્પન્ન કરી, તે વસ્ત્ર શરીર વિષે વીંટી પછી બળવા માંડે એટલે સંતાપને પામે તે કાંઇ પંડિત કહેવાય નહિ."

"પુરૂષ પ્રયત્ન અને ઈશ્વર કૃપા" વડે માણસ ફાવે છે. જય મેળવે છે. ઉદ્યોગથી કર્મ બંધાય છે અને કર્મ તથા ઈશ્વર કૃપા સાથે મળવાથી મનુષ્યને તેનું ફળ મળે છે. મહાભારતમાં શાંતિ પર્વમાં ૫૫ મા અધ્યાયમાં ભિષ્મપિતાશ્રીએ યુદ્ધિષ્ટિર પ્રત્યે આ પ્રમાણે કહ્યું છે—

"હે! યુદ્ધિષ્ઠિર! તારે પુરૂષ પ્રયત્નવડે કરીને સર્વદા યત્ન કરવો; કેમકે પુરૂષ પ્રયત્ન વિના દૈવ અર્થ સિદ્ધ કરી શકતું નથી. દૈવ અને પુરૂષ પ્રયત્ન એ બન્ને રથના બે પૈડાંની પેઠે સાધારણ બાબતો છે, પણ પુરૂષ પરાક્રમને હું વધારે માનું છું. તારો પ્રયત્ન એકવાર નિષ્ફળ થાય તો પણ તેનો સંતાપ તું કરીશ નહિ, પરંતુ બીજીવાર પ્રયત્ન કરવા માંડજે."

આવા હિત વચનોનું જ્ઞાન આ અલૌકિક પુરૂષોના હૃદયમાં હતું, તેથી તેઓ પુરૂષ પ્રયત્નમાં અચળ મચ્યા રહેતા. દૈવ્ય યોગ્ય બળવાન થાય છે, ત્યારે એકવાર હાથમાંથી ગયેલી તક બીજીવાર મળતાં વાર લાગતી નથી. આ યુગ્લ પુરૂષને પણ ત્વરીત્ દૈવ્ય ઈચ્છાથી એક તકે આવીને જાગ્રત કર્યા. ગોંડલનો તાલુકો આ વખતે કરજમાં દબાઇ ગયો હતો. તેની રાજ્યાવસ્થાનું ઠેકાણું નહોતું. સરકારની પેશકશી ચઢી ગઈ હતી, અને એવાં બીજાં અનેક કારણોથી એજન્સિ અમલદારોનું દબાણ આ તાલુકાપર વધ્યું હતું. આવી રીતની અવ્યવસ્થામાં આવી પડેલાં આ બીજાં વર્ગના રાજ્યે રાજ્ય-નીતિજ્ઞ અમ્રતલાલની મદદ માગી તેઓ દરેક ક્ષણે અને દરેક પળે શ્રી સૌરાષ્ટ્રના સંસ્થાનોને સહાયતા કરવાને તૈયારજ હતા. તેમની મદદ પણ કિમતી હતી. સ્વભાવિક રીતે રા. અમ્રતલાલનું મન



રાજ્યની નાણાં પ્રકરણની સ્થિત્તિ સુધારણાના કાર્યોથી બળવાન હતું અને તેથી કરીને ગમે એવી તંગીમાં આવી પડેલાં રાજ્યને પણ ઉચ્ચ સ્થિત્તિમાં આણવાને તેઓ શક્તિવાન્ હતા. ગોંડળના રાજ્યે કરેલી માગણી તેઓએ સ્વિકારી અને જમાબંદીના કરજની સાથે રાજ્ય બંધનની એવી સરસ વ્યવસ્થા કરી કે તેથી શ્રી ગોંડળના ઠાકોર સાહેબે તેમની એક અવાજે સ્તુતિ કરી અને કદર પિછાણી, એટલુંજ નહિ પણ તે વખતના એજન્સિ અમલદારો પણ તેથી પ્રસન્ન થયા. આ પ્રસન્નતાનું ફળ આ રાજ્યનીતિજ્ઞ ગ્રહસ્થને ત્વરીત્ મળ્યું. એજન્સિ અમલદારોએ આગળ કરેલો ઠરાવ રદ કરવાની આ તક લીધી, અને તે સાથે રા. અમ્રતલાલની સ્તુતમાં વડિ સરકારને રીપોર્ટ કર્યો, અને તે મંજુર પણ રહ્યો. આથી હવે આ ભાગ્યવાન્ કુટુંબ આગળની માફકજ સરકાર–દરબારની મહેરબાનીમાં આવ્યું. રાજ્ય દરબારોમાં તેની વાહવાહ થઈ અને એજન્સિમાં વિશેષ આબરૂ બંધાણી*

---

*ગોંડળના બંદોબસ્તના સમયમાં શ્રી રાજકોટનો ઈજારો પણ તેઓએ રાખ્યો, તેઓની એક કંપની સ્થપાયેલી હતી. તેમાં રા. રણછોડજી દિવાન જેવાનો અંદરખાનેથી હાથ હતો.

# દર્શન ૮ મું.

## જબ્બર શેઠનો કારભાર-તેની કારકીર્દિનો અંત.

"વરુથી ગોવાળીઆપણું થઇ શકતું નથી."

જબ્બર શેઠનો કાર્યભાર—નથુખાં સર્વાણીનો મદ-ગર્વ—રાજ્યમાં અંધાધુંધી-પ્રજાની કંગાલીયત-બળીઆના બે ભાગ-પૈસા પેદા કરવાનો પ્રયત્ન-રા. અનંતજીની અગમચેતી-નવાબ શ્રી હામદખાંની પરતંત્રતા-વિનાશ કાળે વિપરિત બુદ્ધિ-ગાય મારવાનું હુલ્લડ-એજન્સિમાં જમાદાર સુભાનસિંગનું તથા શેરખાનું આવવું-પ્રજાના મનની કરેલી સમાધાની-સર્વાણી નથુખાંના ચરિત્રો-સ્વતંત્રતા મેળવવાની નવાબની ઇચ્છા-એ ઈચ્છા પાર પાડવાની રા. અનંતજીની યુક્તિ-ગોંડળમાં કર્નલ માલેટની સાથે નવાબની મુલાકાત—જબ્બર શેઠની હવેલીપર ઘેરો—નથુખાનું ન્હાસી છૂટવું—રા. અનંતજીની રાજ્યભક્તિ—જબ્બર શેઠપર ધુંસરો—તેનું તાબે થવું—બાર લાખ કોરીનો દંડ--મંત્રિ કેવા જોઇએ? મહાન્ પ્રધાન વગર રાજા મહાન્ પદ મેળવી શકતો નથી. એક કુશળ મંત્રિમાં ત્રીશ ગુણ જોઇએ. રાજ્ય સેવાનો જોખમ--રા. અનંતજી જુનાગઢના દિવાન તરીકે.



રા. અમૃતલાલે દિવાનગીરી છોડ્યા પછી જૂદા જૂદા ધણીઓએ એ રાજ્યમાં દાખલ થવાની ઉમેદવારી કરી; અને થોડી-વધારે મૂદત રાજ્યસત્તા ભોગવ્યા પછી જામ કંડોરણાવાસી શેઠ જબ્બર લીલાધર જેઓ જાતે ભાટીઆ હતા તેના હાથમાં શ્રી જીર્ણગઢની દિવાનગીરી આવી.

આ સમયે નવાબ શ્રી બહાદુરખાનજી બેહસ્તનશિબ થયા હતા અને તેમની ગાદીપર શ્રી હામદખાનજી તરતનાજ વિરાજ્યા હતા. તેઓની બાળ વય હતી અને તેથી તેઓ માતુશ્રી દાદીબુની સંભાળ નીચે હતા, પરંતુ રાજ્ય વર્ગના લોકોપર માતુશ્રીનો જોઇએ એવો કાબુ નહતો ચાલતો. ખરી રીતે જોતાં રાજ્યની અંદર સત્તાવાન અને વગવાન નથુખાં સર્વાણી, હબીબખાં સર્વાણી, અને શેઠ જબ્બર લીલાધર હતા. નથુખાંની સત્તા રાજ્ય કુટુંબપર ચાલતી હતી, અને એજન્સિ ખાતાંનો વહિવટ હબીબખાં સર્વાણીના હાથમાં હતો, તેથી આ બન્ને ભાઇઓની કુમકે કરીને શેઠ જબ્બર લીલાધરની સત્તા રાજ્યમાં બેહદ વધી પડી હતી. સર્વાણી નથુખાં અને જબ્બર શેઠ બાળક નવાબને દાબમાં રાખતા અને પ્રજાપર અનેક તરેહનો જુલમ વરસાવીને ત્રાહ ત્રાહ વરતાવતા હતા. રાજ્ય માતા તેમના જુલમથી કંટાળી ગયાં હતાં, અને પ્રજા જનો પણ શેઠ જબ્બર અને નથુખાં સર્વાણી વિરૂદ્ધ લાગણી ધરાવતાં હતાં. શેઠ જબ્બર મરજી માફક રાજ્ય વહિવટ ચલાવતો અને હરેક બ્હાને શેઠ-શાહુકારોની તથા બીજા આબરૂદારોની આબરૂપર હાથ નાખવાને અચકાતો નહોતો. આ શેઠ કરતાં તેના માણસોનો જુલમ રાજ્યમાં વિશેષ હતો. તેઓ બાપડા ખેડુતોને લૂટાય એવી રીતે લૂટતા અને રાંક પ્રજાને વગર વાંકે દંડતા હતા. તેમના વિરૂદ્ધની ફરીઆદો કરવાની કોઇ હિમત ધરાવતું નહતું અને ભોગજોગે એવી હિમત ધરાવનારો કોઇ નિકળતો તો તેનું કોઈ સંભળનાર પણ નહોતું. એવા સબબોને

લીધે મુલ્કીખાતામાં ઘણોજ ગુંચવાડો થયો હતો. રાજ્ય પેદાશનો મ્હોટો ભાગ શેઠ જબ્બર અને તેના સગાંવ્હાલાંઓના ઘરમાં ભરાતો હતો, અને તેથી રાજ્ય તીજોરી પણ ખાલી પડી હતી, તથા ઉપજ કરતાં ખર્ચ વધી ગયું હતું. પ્રજા કંગાળ બની હતી, અને રાજ્ય કરજદારની સ્થિત્તિમાં આવવાની તૈયારીમાં હતું. સઘળાં રાજ્યદ્વારિ માણસો વ્યાકુળ બની ગયાં હતાં. આરબો અને મકરાણીઓ તથા એવાંજ બીજાં રાજ્ય સેવા કરનારાં માણસોના પગારો ચઢી ગયા હતા, તેથી તેઓ હુલ્લડ ઉઠાવવાની તજવીજમાં હતા. આવાં સંકટમાંથી નીકળવાને માટે પૈસાની જરૂર હતી, અને એ જરૂર પુરી પાડવાપર જબ્બર શેઠ અને તેના સલાહકારોનું ધ્યાન દોડયું હતું. આવી મૂશ્કેલીઓમાંથી નીકળવાને માટે એક શૂદ્ધ ન્યાયી અને રાજ્યનીતિજ્ઞ પુરૂષના મનમાં જેવી યોજના ઉભી થાય છે, તેવી યોજના અશૂદ્ધ હૃદયમાં ઉગતી નથી. તેઓ તો સત્તા બળથી, ગમે એવા જોરજૂલમથી પણ દ્રવ્ય એકઠું કરવાની યૂક્તિ કરે છે, પછી તે યૂક્તિ ન્યાય યૂક્ત હો અથવા અન્યાય યૂક્ત હો તેની તેવા લોકોને સ્પૃહા હોતી નથી. તેઓ આવે પ્રસંગે રાજાઓને અવળું શિક્ષણિય આપે છે, અને આવાં અયોગ્ય શિક્ષણિયને તેઓ ન્યાય અને ધર્મ યૂક્ત શિક્ષણિય* સમજાવે છે.

---

*પુરાણમાં પણ એવા એક પ્રસંગને લગતું આ પ્રમાણે છે.

"હે! રાજન! ન્યાયથી તમે જુઓ! દેવ અને અસુરના યૂદ્ધને વિષે "દેવતાઓએ જ્ઞાતિ તથા બાંધવ એવા દૈત્યોનો વધ કરીને તેમનુ ધન "ગ્રહણ કર્યું, માટે જ્યારે પારકાનું ધન હરણ કરવું નહિ ત્યારે કેવી "રીતે ધર્માચરણ કરે? તેને પણ બીજી જીવીકા ન હોવાથી કોઇ "રીતે ધર્મ થાયજ નહિ. વેદ વિષે પણ કવિઓએ એટલોજ નિશ્ચય "કર્યો છે, જે વેદત્રયીનું અધ્યયન કરવું, વિદ્વાન થવું અને સર્વે પ્રકારે "ધન સંગ્રહ કરી યત્નથી યજન કરવું."



જેનો સ્વભાવ જુલમ કરવાનો છે, તે રાજ્યકારોબાર કરી શકતો નથી, કારણ કે વરૂથી ગોવાળીઆપણું થઇ શકતું નથી. જે રાજા અને કારભારીએ જુલમ આદર્યો તેણે પોતાની સત્તારૂપી દિવાલનો પાયો ખણી કાઢયો એમ જાણવું. આવી રીતે જબ્બરશેઠના કારભારથી શ્રી જૂનાગઢનું રાજ્ય વમળમાં પડવાની અણીપર હતું, એવામાં એક મ્હાન્ પુરૂષે તેને બચાવી લેઇને રાજ્યભક્તિ દર્શાવવાનો પ્રારંભ કીધો. એ પુરૂષ તે કોઇજ નહિ પણ રાજ્યનીતિને વિષે કુશળતા પામેલ, રાજ્યરંગ દર્શાવવાનો ઉત્સાહ ધરાવનાર, રા. અનતજી અમરચંદ વસાવડા હતા. રા. અનંતજી શાસ્ત્રજ્ઞ હતા મહાભારત અને એવાંજ પુરાણોની સાથે રાજ્ય પ્રકરણને લગતા ગ્રન્થોનું અધ્યયન કર્યું હતું, તેથી તેઓ ગમે તેવી રીતે આફતમાંથી રાજ્યને મૂક્ત કરવાને સામર્થવાન્ હતા. આકાશમાં તોફાન થવાનું હોય છે, તે પહેલાં કેટલાક કલાક અગાઉ નૌકા શાસ્ત્રિઓ તેની અગમચેતી કરીને પોત પોતાના વ્હાણોનું રક્ષણ કરવાને માટે બંદરમાં દાખલ કરી દે છે, તેવીજ રીતે રાજ્ય ઉપર ઝઝૂમતાં વાદળાંમાંથી તોફાન

---

એક બીજું વચન છે કે—

"દેવતાઓ દ્રોહથીજ સ્વર્ગ સ્થાનને વિષે પ્રાપ્ત થયાછે. દેવતાઓ જ્ઞાતિના દ્રોહ વિના બીજું શું ઇચ્છેછે? દેવતાઓનો એ રીતે નિશ્ચય છે. તેજ રીતે શાશ્વત એવા વેદ વાદ છે. અધ્યયન, અધ્યાપન. યજન. યાજન, તથા ધન સંગ્રહ એજ શ્રેયસ્કર છે. માટે રાજાઓને પારકાઓનું ધન લેવું એ કાંઈ દોષ નથી, કેમકે કોઈને અપકાર કર્યા વગર રાજાઓને કયાંઇ પણ ધન મળે એમ અમે જોતા નથી. માટે રાજાઓ તો એજ રીતે આ પૃથ્વીને જીતીને યજન કરે છે. પૂત્ર જેમ પિતાના ધનને "આ મારૂં છે," એમ કહે તેમ—"આ પૃથ્વી મારી છે" એમ કહે છે એ રીતે રાજર્ષીઓ પૃથ્વી સંપાદન કે યજન કરીને અંતે સ્વર્ગમાં જાય છે. કેમકે એમ કરવું એ રાજાનો ધર્મ છે.

ક્યારે ફાટી નિકળશે, તેની અગમચેતી કરવાનું અને રાજ્યને બચાવવાનું બળ રા. અનંતજીમાં હતું, અને એવાં બળવડે તેઓએ આ સર્વોત્તમ રાજ્યનું ખીચડું ખાઇને તેજ રાજ્ય સામે શિંગડાં ઉંચાં કરી ઉભા થયેલા મસ્તાન ગોધાઓને શાસન્ આપવાનું મન-ઉપર લીધું. આ મસ્તાન્ ગોધામાં પહેલો એકતો જબ્બરશેઠ હતો. તે આ સર્વોત્કૃષ્ટ રાજ્યનું નીમક ખાઇને તેની સામે પુરતાં જોરથી થયો હતો. નવાબ શ્રી હામદખાંની અને તેના રક્ષકોની સત્તાનો ઉઘાડે છોગે અનાદર કરતો અને પોતાનું ધારેલું પાર પાડવાને તે ઉમંગ રાખતો હતો. તેણે રાજ્ય કટુંબને દાબમાં રાખવાની યૂક્તિ રચી હતી, અને કવચિત એ યૂક્તિમાં પાર ન પડે અને તેનાપર ધાડ આવે તો તેમાંથી બચવાને માટે કેટલાક આરબોની તથા એવાંજ બીજાં માણુસોની ન્હાની સરખી ફોજ પોતાના કિલ્લાસરખા મકાનમાં રાખી હતી. આ સઘળું તેની શિરજોરીનું પરિણામ હતું. કેટલાએક બળવાન્ થયા પછી પોતાના આશ્રયદાતાનેજ દાબમાં રાખવાનો યત્ન કરે છે. એવો યત્ન આ ભાટીઆ કાર્યભારીનો હતો, અને એવા નીચ યત્નમાંથી અટકવાની સલાહ રા. અનંતજીએ જબરશેઠને આપી હતી, પણ તેણે તે માની નહિ. કેમ માને? મદમાં અને વળી રાજ્ય મદમાં આવેલો માણુસ એકાએક આવી શિખ નજ માને; કારણુ કે મનુષ્ય માત્રની "विनाश काळे विपरीत बुद्धि" થાય છે. સર્વ લોકને તથા લોકપાળને જીતીને જય મેળવનાર રાજાધીરાજ રાવણે શ્રી રામચંદ્રજીની સાથે યૂદ્ધ કરવાનો આરંભ કીધો હતો, તત્સમયે રાજ્યસભા ભરીને સર્વ પ્રધાન્ તથા અમીર-ઉમરાવોના અભિપ્રાય તેણે લીધા ત્યારે વિભિક્ષણે રાવણુ પ્રત્યે કહ્યું કે—

देवांगना नाम सुरां गनानां,
यक्षां गना नाम पि कोटि कोटि;



तथापि चेत्त स्तव राम पत्न्यं,
विनाश काळे विपरीत्त बुद्धि ॥१॥

અર્થ—"તારા ઘરમાં દેવતાઓની કરોડો સ્ત્રીઓ છે, અસૂરની પણુ કરોડો સ્ત્રીઓ છે, તે છતાં પણુ તારૂં મન શ્રી રામચંદ્રની પવિત્ર પતિવ્રતા સ્ત્રીમાં લોભાયું છે, માટે વિનાશ કાળે બુદ્ધિ ફરી જાય છે."

આવા રાજ્યમદમાં છકી ગયેલા અને રાજ્ય વિરૂદ્ધ કૃતિ કરનારા માણુસને વધારે આગળ વધવા દેવો એ ભય ભરેલું માનીને તેનો નિકાળ કરવાનું અને જોર તોડવાનું રા. અનંતજીએ મનપર લીધું. રા. અનંતજીપર નવાબશ્રી હામદખાનજીની અપૂર્વ પ્રીત્તિ હતી, અને તેથી તેમની સલાહ તેઓ વારમવાર મેળવતા અને તે પ્રમાણે ચાલવાની ઇચ્છા રાખતા હતા. એવામાં એક એવો બનાવ બન્યો કે જીર્ણુગઢી પ્રજાના મન કચવાઇ ગયાં. સંવત્ ૧૮૯૯ ના શ્રાવણુ કૃષ્ણુ પક્ષની ૧૦ ને રવિવારને રોજ કેટલાક અવિચારી અને જહનુંની મુસલમાનો એક ગાય શણુગારી શહેર વચ્ચે થઇને બડી ધામધુમથી દાતારને ચઢાવવાને માટે લઇ ગયા. આ એક અવર્ણિય ત્રાસદાયક બનાવ હતો અને આવા બનાવને લીધે જીર્ણુંગઢના હિન્દુઓના મન ઘણુંજ કચવાયાં અને તેથી એક માસ સુધી હડતાળ પાડીને પોતાની ઈતરાજી જાહેર કીધી. આ બનાવમાં મુખ્ય હાથ નથુખાં સર્વાણીનો હોય એમ માન ામાં આવ્યું છે, કારણુ કે ઉશ્કેરાયેલ મુસલમાનોને ઠંડા પાડવામાં અને હિન્દુઓને સમજાવીને હાથમાં લેવાના કામમાં હબીબખાંએ યોગ્ય ભાગ લીધો હતો, તે છતાં જૂનાગઢના હિન્દુઓનાં મન શાંત ન થયાથી એજન્સિમાંથી જમાદાર સુભાનસિંગ અને શેરખાં આવ્યા અને તેઓએ યોગ્ય બંદોબસ્ત કરીને આ નવાબી શહેરની રૈયતનાં મન શાંત કીધા. આવા આવા અનેક પ્રસંગોથી પ્રજા કંટાળી ગઇ હતી, અને

ખુદ નવાબ શ્રી હામદખાનજી પણ કાયર થયા હતા. તેમનાપર નથુખાંનો અને જબરશેઠનો એવો કાબુ હતો કે એક રાતી પાઈ પણ ખર્ચવાને માટે હાથમાં હતી નહિ. નવાબ સાહેબના, તેમના માણસોના અને ઘોડાના પણ હાલહવાલ હતા. તેમને સાંજ સ્હવાર ખાવાપીવાના પણ સાંસા હતા, પરતુ નથુખાં અને તેના માનીતા માણસોતો રાજ્ય સુખ મ્હાણતા હતા. સર્વાણી નથુખાં ફાંટાવાળો હતો અને તેથી ફાંટામાં આવે એવાં ચરિત્રો કરતો હતો* એકવાર નવાબ શ્રી હામદખાનજી શ્રી કેશોદ પધાર્યા હતા. સાથે નથુખાં સર્વાણી અને શેઠ જબર પણ હતા. નવાબ સાહેબના ઘોડાએ ભુખથી પગ ઠોકવા માંડ્યા, પરંતુ સુકું ઘાસ સરખુંએ તેને આખો દિવસ ન મળ્યું અને શેઠના તથા નથુખાંના ઘોડાઓને આવા ભર ઉનાળાના દિવસો હતા, તે છતાં લીલાં ઘાસવતી તૃપ્ત કરવામાં આવ્યા. તેથી નવાબ સાહેબને ઘણુંજ લાગી આવ્યું, અને તેજ કારણથી આખી રાત્રિ ઉંઘ ન આવી. ઉંઘ કેમ આવે? એક વિચારવંત પણ પરતંત્રતામાં પડેલા રાજાને પોતાની સ્થિત્તિની પિછાન થતાં શાંત્તિ નજ થાય, તેથી તેઓએ સ્વતંત્ર થવાને માટે કોશિશ કરવા માંડી, અને તેમાં રા. અનંતજીભાઈની મદદ માગી. આપણા રાજેશ્રી દરેક પ્રસંગે રાજ્ય ભક્તિ દર્શાવવાને આતુર હતા, તેથી તેઓએ પોલીટીકલ એજંટની સાથે નવાબ સાહેબને મેળવી દેવાની ગોઠવણ કરી.

થોડા દિવસમાં એજંટ કર્નલ માલટની સ્વારી ગોંડળમાં આવી. આ તક હાથમાં લઈને નવાબ શ્રી હામદખાનજી પોતાના વિશ્વાસુ માણસોને લઈને છડી સ્વારી સહીત ગોંડળ ગયા અને એ-

---

*હાથીપર અંબાડી નાખવામાં આવે છે પણ તેના મનમાં એકવાર એવો ફાંટો આવ્યો હતો કે ઘોડાપર અંબાડી નાખીને ફરવું. તે પરથી તેના ઘોડાઉપર સોનાની અંબાડી નાખવામાં આવતી હતી.



જંટની મુલાકાત લીધી. એ મુલાકાત ખાનગીજ હતી અને તેમાં નવાબશ્રીએ અચ્છી રીતે પોતાનું સંકટ વર્ણવીને સાહેબ મોસુફની પ્રીતિ ખેંચી લીધી. બીજે દિવસે સાહેબ સ્વારી નવાબ સાહેબની સાથે સાથે શ્રી જૂનાગઢ આવી અને જબર શેઠને તથા સર્વાણી નથુખાંને તાબે થવાની આજ્ઞા કરી પણ તેઓ તાબે ન થતાં પોતાના કિલ્લા સરખા મકાનમાં ભરાઈ ગયા; તેથી તેઓને જેર કરવાને માટે રા. અનંતજીભાઇએ સાહેબ મોસુફ અને નવાબશ્રીની સાથે મસલત કરી અને રાતના જળ જંપ્યા પછી ચુંટી કઢાડેલાં માણસોને સાથે લઇને જબર શેઠની હવેલી ફરતો ઘેરો ઘાલ્યો. આવી રાતે તેને અચાનક દબાવવામાં ન આવે તો કદાચ તેનાં અને નવાબશ્રીનાં માણસો વચ્ચે ઝપા ઝપી થઈ જાય અને વિના વાંકે બાપડાં માણસોનો ઘાણ નિકળે. “ विष्णु शर्मा ” નામના પંડિતે કહ્યુંછે કે—“ કિલ્લાના બુરજ ઉપર રહીને એક માણસ સો માણસોને હેરાન કરેછે, ” ત્યારે એક બચાવમાં સંતાઇ રહેલા સત્તાવાળાનું બળ અવર્ણિય કેમ ગણાય, પરંતુ એવાં અવર્ણિય બળને કળા કૌશલ્યતાવડે આધિન કરાય છે. “ पंच तंत्र ” માં કહ્યું છે કે—

“ હજાર હાથી અને લાખ ઘોડાઓ વડે જે કાંઈ થતું નથી, તે એક કળા કૌશલ્યતાથી થાયછે. ” આવી કળા કૌશલ્યતામાં અને રાજ્ય ચાતુરીમાં રા. અનંતજી ભાઇ પ્રવિણ હતા તેથી તેઓએ જબર શેઠને તાબે કરવાને માટે આવી રચના કરી પણ તે આવી યુક્તિને પત કરે એવો માણસ નહોતો. દુરાગ્રહી પુરૂષો સામ, દામ ને ભેદ એ ત્રણ ઉપાયથી સમજતા નથી પણ માત્ર દંડથીજ ઠેકાણે આવેછે.

રાત્રિ ઘોર મળી હતી. મ્હોલ્લાઓ શાંત હતા અને જાહેર

માર્ગમાં કોઈ કોઈ માણુસ જતું આવતું હતું. તેવે સમયે લશ્કરી માણુસોની દોડધામથી જે કોઈ મનુષ્યો જાગતાં હતાં તેઓ વિસ્મય થયાં અને એવાં વિસ્મય થયેલાં માણુસોની ન્હાસ ભાગથી જુર્ણગઢની પ્રજામાં ખળભળાટ થયો. રાત્રિનો શ્યામ પડદો કુદરતે ઉંચકી લીધો, અને પ્રભાત થયું. આ પ્રભાત ખુદ રાજા પ્રજાને મંગળકારક હતું, પરંતુ જબ્બર શેઠને તો અમંગળ હતું પ્રજાના સુખનો સૂર્ય ઉગ્યો. મધ્યાન કાળ થયો પણ શેઠ પોતાના હઠમાંથી ન ડગ્યો. તેથી શ્રીમાન્ નવાબ સાહેબે તેની હવેલીપર તોપો માંડી અને તે ઊડાવી દેવાને માટે એકાદ બે અવાજ પણ કર્યા.

એક રાજ્ય ભક્તિ દર્શાવનારી શાંત પ્રજા વચ્ચે અને સુલેહ ભરેલા શહેરમાં આવી રીતે તોપ માંડવાની ફરજ પડે ત્યારે હદ થયેલી જાણવી; પરંતુ આવી હદ ઓળંગવાની જબ્બર શેઠે ફરજ પાડી હતી, તેથી ના ઇલાજે સખ્ત ફરજ બજાવવાની રા. અનતજીને ફરજ પડી. એ ફરજમાંથી અટકાવવાને તેમના વડા ભાઇ રા. અમ્રતલાલે ઘણો ઘણો આગ્રહ કર્યો અને કહ્યું કે "રાજા કોઈના નથી. તેઓ તો નારંગીની માફક પ્રધાનનો ઉપયોગ કરેછે. આજે જબ્બર શેઠના ઉપર તવાઈ આવી છે અને કાલે ઉઠીને તમારા ઉપર કદાચિત્ આફત ઉતરશે, તે વખતે તમારી પણ આવીજ સ્થિતિ થશે. માટે તમે ક્ષમા કરો અને તોપ ઉઠાવી લો," તેના જવાબમાં રા. અનંતજીએ ન્યાય પૂર્વક રાજ્ય ભક્તિના આવેશમાં જવાબ દીધો કે— "ક્ષમા! ક્ષમા કેને કરવી? રાજ્ય સત્તા સામે જે મનુષ્ય થાય, રાજ્યને હાની પહોંચે એવી રીતે વર્તે, રાજ્ય હક ડુબાડે અને શિર જોર થઈને રાજા-પ્રજાને ન ગણે એવા રાજ્ય દ્રોહિ માણસને માટે ક્ષમા ન હોય. એવા રાજ્ય દ્રોહ મનુષ્યપર ક્ષમા કરવાથી તે વ્હેકી જાયછે અને અંકુશ વગરનો હાથી ન્હાના પ્રકારની હાની



કરેછે એવીજ હાની આ ક્ષમા પામેલા પશ્ચો કરેછે. મહાભારતમાં ભિષ્મ પિતાએ યુદ્ધિષ્ટિર પ્રત્યે કહ્યુંછે* કે—

"જેમ ક્ષમાવાળા હાથીનો હાંકનાર મહાવત તેના ઉપરજ બેસે છે. તેમ નિરંતર ક્ષમા રાખનાર રાજાનો નિચ પુરૂષ પરાભવ કરે છે, માટે રાજાએ અત્યંત કોમળ થવું નહિ; કે અત્યંત તિક્ષણ પણ ન થવું. શોભાયમાન વસંત ઋતુના સૂર્યની પેઠે નહિ શિતળતા આપનાર તથા નહિ પરિતાપ (ઘામ) આપનાર થવું."

માટે રાજાની સામે માથું ઉઠાવનારને તો શિક્ષા કરવીજ જોઈએ. મારો ધર્મ છે કે—રાજ્ય શેવા એક નિષ્ટાથી બજાવવી, તો મારે પણ સ્વાધિનતા દર્શાવીને રાજ્ય શિક્ષા સહન કરવી જોઇએ. ગુન્હેગારે ગુન્હાનાં ફળ ભોગવવાં જોઈએ અને મને મારી ફરજ બજાવતાં ચુકાવવો ન જોઇએ." આવાં ન્યાય યુક્ત વચનો સાંભળીને રા. અમ્રતલાલને બોલવાની બારી ન રહી. આમ રકઝક કરતાં સાંજ પડવા આવી, અને જબ્બર શેઠ લાઇલાજ થઇને શ્રી નવાબ સાહેબને આધિન થયો. સાંજ પડી. સૂર્યાસ્ત થયો, અને તે સાથે જબર શેઠની સત્તાનો સૂર્ય પણ આથમી ગયો. એક શરણે આવેલાં મનુષ્યની રક્ષા કરવાનો ધર્મ આપણને શાસ્ત્રકારો સમજાવે છે, તેવોજ ધર્મ રા. અનંતજીભાઇએ બજાવ્યો. તેઓ વચમાં પડ્યા અને શ્રીમંત હામદખાનજીને સમજાવીને રાજ્ય દંડ લેવાનું ઠરાવ્યું. શેઠના ઘરમાં ઝડતી લેવામાં આવી અને તેમાંથી રાજ્યભૂષણો પણ મળી આવ્યાં. એ સઘળો માલ-મુદ્દો સરકાર સ્વાધિન કરી લીધો. જુનાગઢમાં કોરીનું ચલણ છે અને જબર શેઠ પાસેથી ૧૨૦૦૦૦૦ બાર લાખ કોરીનો દંડ લઇને તેને ક્ષેમ કુશળતાની સાથે સરહદ પાર કીધો,

*મહાભારત શાંતિ પર્વ અધ્યાય ૫૬ મો.

અને નથુખાં સર્વાણી તો તેની પહેલાના પોતાને ગામ પહોંચી ગયા હતા. આવા એક જુલમી કાર્યભારીના જવાથી ખુદ નવાબ સાહેબ અને સમસ્ત પ્રજા પ્રસન્ન થયાં અને રા. અનંતજીને ધન્યવાદ મળ્યો. આપણે આગળ જોઇ ગયા છીએ કે શ્રી જીર્ણગઢના રાજ્યની સેવા બજાવતાં આ રાજ્યભક્ત પુરૂષોને પણ કેટલુંક સહન કરવું પડયું હતું અને તેથી શ્રી સૌરાષ્ટ્રની કદરદાન સરકાર તેમની કદર પિછાણવાને સાવધાનજ હતી.

મંત્રિ કેવા જોઈએ અને કેવા મંત્રિથી રાજ્યની તથા પ્રજાની આબાદી થાય એ શ્રી જૂનાગઢની સરકારની અજાણ બહાર નહોતું. "मांत्रि" એ બે અક્ષરોમાં મ્હોટો અર્થ સમાયેલો છે. મ્હાસાગ ના તોફાની મોજાઓમાંથી બ્હાણ ચલાવવાને જેમ સારા સુકાનીની જરૂરીયાત છે, તેમજ રાજ્યરૂપી વહાણ ચલાવવાને પણ સારા મંત્રિની આવશ્યકતા છે. એક સારા સુકાનીના આધારવડે બ્હાણ સારી રીતે ચાલે છે, તેવીજ રીતે એક કુશળ મંત્રિની કુશળતાથી રાજ્યતંત્ર સારી રીતે ચાલે છે, પરંતુ એક સમુદ્ર ખેડવાથી અજ્ઞાન એવો સુકાની, પાણીની સપાટીતળે છુપાઈ રહેલા અને પાણી ઉપર આવીને મ્હોડું વિકાશી રહેલા ખડકોની સાથે વહાણ અથડાવીને ડુબાડી દે છે, તેવીજ રીતે રાજ્યકાજમાં કુશળતા નહિ ધરાવનારા મંત્રિ પણ ઘણીવાર રાજ્યને ભય ભરેલી સ્થિત્તિમાં લાવી મૂકે છે, તે આપણે જબરશેઠના કારોબારમાં સારી રીતે જોઇ ગયા છીએ. એવા મંત્રિથી બહુજ સંભાળવાનું-ભય રાખવાનું છે. કારણ કે રાજ્યની મહતાઈ વધારનાર પ્રધાનજ છે? અને મ્હાન્ પ્રધાન વગર રાજ્ય પણ મ્હાન્ પદ મેળવી શકતું નથી. આપણી મહારાણીના સ્વર્ગવાસી સ્વામિ ધી. પ્રિન્સ કોન્સૉર્ટ કહે છે કે—

"મહાન્ પ્રધાન્ વિના કોઈ રાજા કદાપી પણ મ્હાન્ થતો નથી,"



એ યથાર્થ છે. એક રાજ્યમાં ગમે તેવા ઊત્તમ કાયદા-કાનુનો અને બંધારણ હોય પરંતુ ઉત્તમ શક્તિના પ્રધાન વગર તે કશાં કામના નથી. ઉત્તમ શક્તિનાં માણસોવડેજ રાજ્ય શોભે છે, અને એવાં માણસો પણ મળવાં મુશ્કેલ છે. એક પ્રસંગે ઇંગ્લાંડનો જાણીતો સ્વર્ગવાસી પ્રધાન् बी. डीझायली બોલ્યો હતો કે,—

"સુંદર કાયદા અને સારાં ધોરણથી રીઝવાતું નથી, માણસો શક્તિવાળાં જોઇએ. માણસમાં શક્તિ હોય તે મરદ જાણવો."

આવા મરદોથીજ રાજ્ય શોભે છે, અને તે આબાદાનીની ટોચપર ચઢે છે. ઝવેરની પરિક્ષા ઝવેરીનેજ હોય છે, અને એવીજ રીતે ઉત્તમ પુરૂષોની પરિક્ષા પણ ઉત્તમ પુરૂષોનેજ હોય છે. શ્રી જૂનાગઢનું રાજ્ય શ્રી સૌરાષ્ટ્રના રાજ્યોને માથે સાર્વભૌમ્યપણું ધરાવે છે અને એવાં સાર્વભૌમ્યપણું ધરાવનારાં સર્વોત્કૃષ્ટ રાજ્યમાં મંત્રિની પરિક્ષા પણ હોવી જાઇએ. એક મંત્રિમાં કેટલા ગુણો જોઈએ તે નીચે ટાંકેલા શ્લોકપરથી સારી રીતે જાણવામાં આવશે. એક પંડિત કહે છે કે મંત્રિમાં આ પ્રમાણે ૩૦ ત્રીશ ગુણ હોવા જોઇએ.

स्वामि भक्तो महोत्साहः कृतज्ञो धार्मिकः शुचिः
अकर्कशः कुलीनश्च शास्त्रज्ञ सत्य भासकः
विनीत सुक्ष्मलक्ष्य श्चा व्यसनी वृद्ध सेवकः
अक्षुद्रः सत्त्व संपन्न प्राज्ञः शूरोचिर क्रियः
पूर्वे परे क्षिवः सर्वोपधा सु निज देशजः
राजार्थ स्वार्थ लोकार्थ करकोमिः स्पृहः शमीः
अमोघ वचनः कल्पः पालिता शेष दर्शनः
पात्रो चित्येन सर्वत्र नियोजित्र पद क्रमः

आन्वीक्षि कीत्रयी वार्त्ता दंड नीति कृत श्रमः
क्रमागतो वणिक पुत्रोभवेन्मांत्रि नचा परः

અર્થ—"(૧) સ્વામિ ભક્ત, (૨) મ્હોટા ઉત્સાહવાળો, (૩) કરેલાં કામને જાણુનાર, (૪) ધાર્મિક, (૫) પવિત્ર, (૬) કઠોર નહિ, (૭) કુળવાન. (૮) શાસ્ત્રને જાણુનાર, (૯) સત્યવક્તા, (૧૦) વિનયવાન્, (૧૧) સુક્ષ્મ લક્ષણુવાળો. (૧૨) વ્યસન રહીત, (૧૩) વૃદ્ધની સેવા કરનાર, (૧૪) ક્ષુદ્રની પ્રકૃતિવાળો નહિ, (૧૫) શરીરે સંપત્તિવાળો, (૧૬) ડાહ્યો, (૧૭) શૂરવિર, (૧૮) સાહસિક ક્રિયા કરનાર નહિ, (૧૯) સર્વે સામગ્રીને વિષે આગળ પાછળ શું થશે તેનો વિચાર કરનાર, (૨૦) પોતાના દેશનો રહેવાસી, (૨૧) રાજાનો, પોતાનો અર્થ સાંભળનાર, (૨૨) નિઃસ્પૃહઃ (૨૩) શાંત, (૨૪) નિષ્ફળ જેનું વચન જાય નહિ, (૨૫) સમર્થ, (૨૬) છએ દર્શનનો પાઠક, (૨૭) જે જેનું પાત્ર તેવાં તેવાં સ્થાનમાં તેની યોજના કરનાર, (૨૮) આન્વીક્ષીકી, (૨૯) ત્રયી વાર્તા અને દંડ નીતિ એ ત્રણ પ્રકારની રાજ્ય નીતિના અભ્યાસવાળો, (૩૦) પરંપરાથી મંત્રિ પદે ચાલ્યો આવતો હોય તેવા વંશનો વાણીયાનો પૂત્ર *

આ પ્રકારના જેમાં ગુણ રહેલા હોયછે, તેજ રાજાનો મંત્રિ થવાને યોગ્ય છે. આવા રાજ્ય નીતિજ્ઞ મંત્રિની જૂનાગઢના રાજ્યને આ સમયે જરૂર હતી. તે જરૂર પૂરી પાડવાને માટે રા. અમ્રતલાલ

* વ્યહવારને વિષે કુશળ તેનું નામ વણીક વ્યહવાર અનેક પ્રકારના છે. ઘર વ્યહવાર, રાજ્ય વ્યહવાર, સંસાર-વ્યહવાર, ધર્મ વ્યહવાર, એવા અનેક વ્યવહારમાં કોઈ નીપુણ હોય તે નીપુણ કહેવાય. જાતે વણિક નહિ પણ ગુણે વણિક હોવો જોઇએ, મતલબ એવા ગુણવાળો જે મનુષ્ય હોય તે વણિક ગણાય.



પર રાજ્યની પહેલી નજર દોડી, પરંતુ રા. અમ્રતલાલનો સ્વભાવિક ગુણ વેપાર-વણજ દ્વારાએ કીર્તિ મેળવવાનો હતો, વળી આ સમયે તેની આબરૂની આંટ સૌરાષ્ટ્રનાં સંસ્થાનેમાં અને ગુજરાતના શાહુકારોમાં વિશેષ બંધાણી હતી, તેમનો ધંધો ફતેહમંદ ચલતો હતો. આ કાળમાં શ્રી અમદાવાદના જાણીતા શાહુકાર શેઠ વખતચંદ ખુશાલચંદ એક શ્રીમંત શાહુકાર તરીકે સારી પ્રતિષ્ટા ભોગવતા હતા, તેવીજ પ્રતિષ્ટા રા. અમ્રતલાલની શ્રી સૌરાષ્ટ્રમાં પુરત જહુરથી ઝળકી રહી હતી, તેથી દિવાનપદની તૃષ્ણા ન રાખતાં પોતાના કનિષ્ટ ભ્રાતા શ્રી અનંતજીને રાજ્ય કાજમાં આગળ પાડવાની તક લીધી. આપણે જોઇ ગયા છીએ કે એક કુશળ વેપારીના સર્વોત્કૃષ્ટ ગુણો રા. અમ્રતલાલમાં પ્રકાશતા હતા, તેવીજ રીતે રાજ્યદ્વારિ ખબરદારીના ગુણ રાજેશ્રી અનંતજીમાં ઉચ્ચ પ્રકારના હતા. એવા અનેક કારણોને લીધે શ્રી જૂનાગઢના રાજ્યના દિવાનની લગામ ન્હાના ભાઇને આપીને રા. અમ્રતલાલ કૃતાર્થ થયા.

રા. અનંતજી રાજ્યનીતિજ્ઞ પુરૂષ હતા અને રાજ્યરૂપી વ્હાણ ચલાવવાની તેમનામાં અલૌકિક કુશળતા હતી. તેઓ રાજ્યરૂપી ક્ષેત્રમાં ઘુમવાને અને ઘુમીને યશ પ્રાપ્ત કરવાને અભીલાષિ હતા. તેમાં મનુષ્ય વશ કરવાની સ્વભાવિક શક્તિ હતી. એ શક્તિવડે તેઓ ગમે તેવા મનુષ્યના ચિત્તનું હરણ કરતા હતા. એકવાર પરિચયમાં આવેલાં માણસને સ્મર્ણમાંથી જવા દેતા નહિ. મનુષ્ય વાંચવાનું તેમનામાં સ્વભાવિક જ્ઞાન હતું. એ જ્ઞાન તેમને આ રાજ્યદ્વારિ કાર્યોમાં ઘણું કામ આવ્યું. મનુષ્ય વાંચવાની વિદ્યા ઉપયોગી છે. એવી વિદ્યાવડે અનેક તરેહના માણસોની પ્રકૃતિની પિછાણ થાય છે, અને એવી પિછાણથી તેમનો કેટલે દરજ્જે વિશ્વાસ કરવો

તે લક્ષમાં રહે છે. રા. અનંતજીભાઈમાં આ વિદ્યા સંપૂર્ણ રીતે ખીલી રહી હતી, અને તેથી તેનો તેઓ યથાર્થ રીતે ઉપયોગ કરી શકતા હતા. રાજ્ય સેવા કરવાનું કામ રહેલું નથી. "राज्य सेवा मनुष्याणां व्याली वदन चुंबन." "સર્પણીના મુખનું ચુંબન કરવું એવી રાજ્ય સેવા છે."

રાજ્ય સેવાનું વર્ણન એક સંસ્કૃત કવિ વર્ણવે છે કે--

"राज्य सेवा मनुष्याणाम् सिधा रावलेहनं पंचानन परिष्वंणो व्याली वदन चुंबनं" અર્થ—રાજ્ય સેવા કરવી તે તરવારની ધારને જીભથી ચાટવી છે, રાજ્ય સેવા કરવી તે સાવજને બાથમાં ઘાલીને મળવું છે, અને રાજ્ય સેવા કરવી તે સર્પણીના મુખનું ચુંબન કરવું છે."

સર્પણીના મુખનું ચુંબન કરનાર દ્રઢ છાતીવાળો અને વિષ ઉતારવાની વિદ્યામાં પ્રવિણ જોઈએ. એવી પ્રવિણતા સાધારણ મનુષ્યમાં હોતી નથી, પણ મદારીમાંજ હોય છે; અને એવા મદારીઓજ સર્પણીના મ્હોડામાં હાથ નાખીને તેને રમાડી શકે છે. એવીજ શક્તિ આપણા રા. અનંતજીભાઈમાં હતી. તેઓ રાજ્યરૂપી સર્પણીને રમાડવાની આવડતમાં અને તેનું વિષ ઉતારવામાં કુશળ હતા, અને એવી કુશળતાના બળથીજ તેઓએ સૌરાષ્ટ્રના આ સર્વોપરી રાજ્યના પ્રધાનની લગામ હાથમાં લઈને રાજ્ય રંગ દેખાડવાની શરૂઆત કીધી.



# दर्शन ९ मुं.

## આજમ અનંતજીનો દિવાનગીરી.

'जे धणी दुनियांने चलावे, तेणे पेहेलां पोताने चलाववो जोइए.'
(સેમ્યુયલ દ્રયુ)

રાજ્ય સેવાનો જોખમ—દફતરોની સુધારણા—ઈન્સાફનાં ધોરણો—પોતે પોતાના ઊપર સત્તા ચલાવવી જોઈએ—મનમારતાં શિખાય તેજ કેળવણી—પ્રજા વિશ્વાસનો ભંગ ન કરવો—રાજા-પ્રજાના હકનું એક રીતે સંરક્ષણ કરવાની આવશ્યકતા—આજમ અનંતજીએ રાજ્ય સુધારણાનો કરેલો પ્રારંભ,

રા. અનંતજીભાઈના મનમાં રાજ્ય સુધાર્ણાર્થે જેજે વિચારો ઘોળાતા હતા, તેમાં રાજ્યના દફતરની સુધારણા ઉપર અને એવીજ બીજી ઉપયોગી બાબતો ઉપર પ્રથમ તેમનું મન દોડયું. આજ દિન સુધીમાં રાજ્ય દફતરોનું કશું ઠેકાણું નહતું. હર-હિસાબ સ્પષ્ટ રીતે લખાતો નહતો. આખાં કહોળાં ગેબ થઈ જતાં હતાં અને લોકોને લેખીત ન્યાય મળતો નહોતો. દફતરો-કાગળો રાજ્યમાં નહિ પણ ફક્ત દિવાન દફતરીને ત્યાં હતા. તેથી જોઇએ એવી રીતે ઉપયોગી દસ્તાવેજોનું તથા ઇન્સાફનું ઠેકાણું રહેતું નહિ. એવા સબબો ધ્યાનમાં લઈને રા. અનંતજીભાઇએ રાજ્ય પેદાશ અને રાજ્ય ખર્ચનાં નવાં દફતરો રાખવાની તે વખતની તેમની શક્તિ અને શરૂઆતનો પ્રસંગ ધ્યાનમાં લઈને યોજના ઘડી.

દરેક અમલદારોની મ્હોઢાંની ફરિયાદ સાંભળવાનું અને મ્હોઢેથી ન્યાય આપવાનું બંધ કીધું; તેને બદલે લેખીત અરજીઓ લેવાનું અને લેખીત ન્યાય આપવાનું ઠરાવ્યું. ઈન્સાફદારોના વર્ગ બાંધ્યા. દરેક મ્હાલોમાં અને ખુદ રાજ્યધાની—જીર્ણગઢમાં એ વખતે દિવાની ફોજદારી કામ ચલાવવાને માટે ન્યાય મંદિરો આ કાળના જેવાં નહોતાં તે પણ કાંઇક વિભાગ જણાય તેવી ગોઠવણો કરી સત્તાવાળા અમલદારોની નિમણુંક કરી. મુલ્કી અધિકારીઓમાં પણ ઘટિત સુધારો કીધો. વહિવટદારો અને મ્હાલકારીઓના હાથમાં રેવન્યુ સત્તા આપી અને પ્રજા તથા રાજાને લાભ થાય એવી તરેહની અનેક ગોઠવણો રચી. રાજ્યની આબાદીનો આધાર પ્રજાપર છે અને પ્રજા જો તાજી હોય તો રાજ્ય પણ આબાદ અને તાજું રહે, એવો રા. રા. અનંતજીભાઈનો અનુભવ હતો. તેઓ રાજ્ય પ્રકરણમાં ડહાપણ ધરાવતા હતા તેથી તેઓ નિયમીત રીતે કામ કરવાને તથા રાજ્યવર્ગિ માણુશો પાસેથી કામ લેવાને નિરંતર ઉત્સુક રહેતા. सेम्युलद्रयुએ કહ્યું છે કે,—

" જે ધણી દુનિયાંને ચલાવે તેણે પહેલાં પોતાને ચલાવવો જોઇએ."

આજન્મ અનંતજીભાઈ પોતે ચાલતા તે પ્રમાણે બીજાને ચલવવાની ફરજ લેતા હતા. પોતાપર સત્તા ચલાવનાર મનુષ્ય બીજાં માણુશોપર સત્તા ચલાવી શકે એ યથર્થ છે. તેઓ સત્યતાને ચ્હાતા હતા. અર્થશાસ્ત્રના નિયમને અનુસરીને વ્યહવારનો રસ્તો કાપતા હતા, અને ધર્મનિષ્ટાવાન્ હતા તેથી પોતાના તાબાના માણુશોને પણ તેવીજ રીતે ચલાવવાની ઈચ્છા રાખતા હતા. મન મારતાં શિખવું અથવા મનપર કાબુ રાખવો એજ કેળવણી અને એજ જ્ઞાન લાભકારક છે. "जोन सटलींग" નામનો ગ્રહસ્થ કહેછે કે—

" જે જે કેળવણીથી મન મારતાં શિખાય તેજ કેળવણી."



અને આવી કેળવણી રાજ્ય શ્રી યુક્ત અનંતજીભાઇને ભાગ્યબળે મળી હતી. "सेम्युयलद्रयु" એ એક ઠેકાણે લખ્યું છે કે;—

" કરકસર, ડહાપણ અને સંસારમાં રાખેલી સારી ગોઠવણ ખરાબ વખત સુધારવાને ઘણા સરસ કારીગરો છે. તેઓ કોઈ પણ ઘરમાં થોડી જગ્યા રોકેછે, પરંતુ કોઈ પણ વખત પાર્લામેન્ટમાંથી પસાર થયેલાં કોઈ પણ "રીફોર્મ બીલ" ના કરતાં પણ જીંદગીમાં પડતાં દુઃખોના ઇલાજ તેઓમાં ઘણાજ મળી આવેછે."

મન મારતાં શિખવું એ એક મ્હોટો સદ્ગુણ છે અને એ સદ્ગુણનું મ્હાત્મ પણ મ્હોટું છે. પોતે કરકસરથી અને ન્યાયથી વર્તવું અને પોતાના તાબાના માણશોને તે પ્રમાણે વર્તતાં શિખવવું, એ વડા જનોનો ધર્મ છે. રાજ્ય શ્રીયુક્ત અનંતજીભાઇમાં એક બીજો ઉત્તમ ગુણ એ હતો કે રાજાએ જે વિશ્વાસ પોતાના ઉપર મુકયો હોય તેનો ભંગ ન કરવો. વિશ્વાસ ભંગ કરવાનો વખત આવે તેના કરતાં રાજ્ય કાર્યભાર હાથમાં નજ લેવો એ ઉત્કૃષ્ટ છે આવા મતને "लोर्ड मेकोले" પુષ્ટિ આપેછે કે—

" રૈયતે આપણા ઉપર રાજ્યકર્તા તરીકે જે અતિ પવિત્ર વિશ્વાસ મૂકયો તેનો ઘાત કરીનેજ માત્ર જે સત્તા ભોગવીએ તે અથવા જે સત્તાનો પાયો અધમ-અજ્ઞાનપણા અને વળી કંગાળીયતપણા ઉપર રચાયેલો હોય તે સત્તા શા કામની? અથવા શી બરકતની?"

કારોબાર એવો રાખવો જોઈએ કે રાજા અને પ્રજા બન્નેને લાભ થાય, બન્નેના હક સચવાય અને બન્નેની આબાદાની થાય. એકલા રાજાના હકનું રક્ષણ કરતાં પ્રજાના હકને હાની પહોંચે અને હજારો-લાખો પ્રજાજનોએ બાંધેલા વિશ્વાસની ઘાત થાય; માટે રાજ્ય નીતિમાં કુશળ એવા પ્રધાને રાજા અને પ્રજાના હકનું સરખી રીતે સંરક્ષણ કરવું જોઈએ.

રાજા સ્વચ્છંદી હોય, પ્રજા હકને હાની કરતો હોય અને ની-

તિ માર્ગ તજીને અનીતિને એટલે રજ્યનીતિ ત્યગ કરીને અવળે રસ્તે ચાલતો હોય તેવા રાજાને પ્રધાને યોગ્ય શિક્ષણિય આપવું જોઈએ, પરંતુ આવું શિક્ષણિય આપનારા જેવલ્લેજ હોય મળી આવે છે. તેઓ રાજાની ઈતરાજી વ્હોરી લેવાના ભયમાં પોતાની ફરજ ડુબાવેછે અને એવી ફરજ ડુબવા સાથે રાજાને સત્ય રસ્તે ચઢાવવાના પાપમાં પણ ફસાઈ પડેછે, પરંતુ રાજ્ય શ્રી યુક્ત અનંતજી તો સત્યવાદી હતા. એવું સત્ય મથન કરતાં પોતાના લાભનો ભોગ આપવાને પણ તૈયારજ રહેતા. તેઓ કોઇ કાળે પોતાનો ધર્મ ચુકતા નહિ. "महाभारतमां" એક પ્રસગ છે, અને તે પ્રસંગનું તેઓ વારંવાર સ્મર્ણું કરતા હતા. कीरातमां એ પ્રસંગ આ પ્રમાણે, વર્ણવ્યો છે.—

"યુદ્ધિષ્ટિર રાજા વનમાં ગયા છે, ત્યાં એક વનવાશીને ડાહ્યો માણસ જાણીને દુર્યોધનની રાજ્યસ્થિતિની ખબર લાવવાને માટે મોકલ્યો છે. તે વનવાસી, બ્રહ્મચારીનો વેષ ધારણ કરીને દુર્યોધનને ત્યાં ગયોછે અને ત્યાંથી ખબર મેળવીને પાછો યુદ્ધિષ્ટિરની પાસે આવીને દુર્યોધનની રાજ્યસ્થિતિનું વૃત્તાંત તેને માઠું લાગશે એવો ભય રાખ્યા વિના જેવું હતું તેવું નિવેદન કર્યું છે. તે પ્રસંગે તેણે સ્વામિ તથા સેવકનું મહાત્મ દેખાડવાને આ વચન કહ્યુંછે.

"स किं सखा साधु न शास्ति योधिपं ।
"हिवान्न या संशृणुते स किं प्रभु ॥
"सदानुकूलेषु हि कुर्वतरातिं ।
"नृपेष्वमात्येपुच सर्वे संपदः ॥

અર્થ—"જે શેવક સ્વામિને સારી શિખામણ નથી દેતો તે નઠારો સેવક જાણવો. તેમ જે સ્વામિ સેવકનાં પ્રિય વચન સાંભળતો નથી. તે સ્વામિ પણ નઠારો જાણવો. માટે રાજા અને પ્રધાન હમેશાં અનુકુળ હોય તોજ સંપતિ પ્રીતિ પૂર્વક તે સ્થાનમાં નિવાસ કરેછે."



એકલા રાજાના હકનું સંરક્ષણ કરનારા પુરૂષો રાજાની કૃપા સંપાદન કરેછે, પણ તે સાથે પ્રજાની પ્રીત્તિનો નાશ કરેછે, અને એકલા પ્રજાના હકનું રક્ષણ કરનારા પ્રધાનો, રાજાની ઈતરાજીમાં આવીને પ્રધાન પદ ખોઈ દેછે; પરંતુ રાજા-પ્રજાના હકોનું એક સરખી રીતે સંરક્ષણ કરીને ઉભય પક્ષની પ્રીત્તિ વ્હોરી લે એવો પ્રધાન દુર્લભ છે. એક શ્લોક છે કે—

नरपति हित कर्त्ता द्वेष्यता याति लोके ।
जनपद हित कर्त्ता, त्यज्यते पार्थि वेन्द्रैः ॥
इति महति विरोधे, वर्तमाने समाने ।
नृपति जन पदांना, दुर्लभः कार्य कर्त्ता ॥ १ ॥

અર્થ—"જે રાજ્યમાં રાજ્ય કર્મચારીઓ કેવળ રાજાનુંજ હિત ઈચ્છે, તે રાજ્ય તથા રાજાના કાર્યભારીઓ પ્રજાને ધિઃક્કાર પાત્ર થાય છે, કેવળ પ્રજાના હિતને ઈચ્છનારા અધિકારીઓ રાજાથી ધિઃક્કાર પામીને ત્યાજ ગણાયછે, એ મ્હોટા વિરોધનો વિચાર કરી રાજા તથા પ્રજાને એક સરખી રીતે રાજી રાખે એવા રાજ્યદ્વારિ કાર્ય કર્તા દુર્લ્લભ છે."

અમે કહીએ છીએ કે સોમાં એકજ છે અને તે રાજા અથવા રાજ્યના અને પ્રજાના નશિબ બળે મળેછે. જીર્ણુંગઢના રાજ્યના ભાગ્ય યોગ્યે રા. રા. અનંતજીભાઈ સરખા રાજ્યનીતિમાં કુશળ પ્રધાન મળ્યા હતા અને તેઓએ પોતાની કુશળતા વડે રાજા-પ્રજાને એક સરખી રીતે રંજન કરીને યશ પ્રાપ્ત કરવાનો પ્રારંભ કીધો.

# પ્રકરણ ૪ થું.

## દર્શન ૧૦ મું.

### આજમ અનંતજીનાં રાજ્યદ્વારિ કાર્યો.

मणिना वलये वलयेन मणि, मणिना वलयेन विभाति करः॥
शशिनाच निशा निशयापि शशि, शशिना निशयाच विभाति नभः
पयसा कमलं कमलेन पयः, पयसा कमलेन विभाति सरः
कविनाच विभु र्विभुनाच कविः, कविना विभुनाच विभासि सभाः १

અર્થ—"મણિવડે કંકણ શોભેછે, કંકણ વડે મણિ શોભેછે, અને મણિ તથા કંકણ વડે હસ્ત શોભેછે. ચંદ્રમા વડે રાત્રિ શોભેછે, રાત્રિ વડે ચંદ્રમા શોભેછે, અને રાત્રિ તથા ચંદ્રમા વડે આકાશ સોભેછે. જળ વડે કમળ શોભેછે. કમળ વડે જળ શોભેછે, અને જળ તથા કમળ વડે સરોવર શોભેછે. (એજ રીતે) વિદ્વાન વડે રાજા શોભેછે, રાજા વડે વિદ્વાન શોભેછે, અને વિદ્વાન તથા રાજા વડે સભા શોભેછે.

આજમ અનંતજીની રાજ્યદ્વારિ જંજાળો—કાર્યભારીઓનાં કષ્ટો—કાઠિયાવાડનાં ન્હાનાં મ્હોટાં સંસ્થાનો વચ્ચે અણબનાવ—બારવટીઆઓનો જુલમ—એજન્સિ અમલદારોની સખ્તાઇ—દેશિ પ્રજાની કેળવણીપર અરૂચી—એક મીયાનમાં બે તરવાર—જુનાગઢ સાથે રાજકોટ તથા પાળીતાણા ઈત્યાદિમાં આજમ અનંતજીનોકારભાર—જીર્ણગઢમાં સુલેહ-શાંત્તિનો અમલ—સ્વચ્છ આકાશ એકાએક તોફાની વાદળાંથી છવાઇ જાયછે—રહેમાનનું બારવટું—તેણે જુનાગઢના રાજ્યમાં વરસાવેલો ત્રાસ—એક નાગર બ્રાહ્મણપર પડેલો જુલમ—રહેમાનનું મરણ—તેના છોકરાનું તાબે થવું—વિર પુરૂષો ક્ષમાશીલ રહેછે—ખુદાવંત્ નવાબ શ્રી હામદખાનનો દિવાન પર અપૂર્વ વિશ્વાસ—તેથી કરીને તેમના ઉપર દ્વેશિ માણસોનો વધેલો દ્વેશ—નવાબ સાહેબની સ્વતંત્રતા—રાજ્યગ્રહ સેવકો પર તેમનો દાબ—એવાં માણસોને દાબમાં રાખવાની આવશ્યકતા—રાજ્યમાં આબાદી—પ્રજામાં સુલેહ-શાંત્તિ—રાજા અને પ્રજાને સમાન રીતે રાખવાં એ દરેક પ્રધાનની પહેલી ફરજ છે—એવા કાર્યભારીઓ દુર્લભ છે. એવા રાજા-પ્રજાની જય હો."



---

શ્રી જીર્ણદુર્ગના પ્રધાનપદ પર આવીને રાજ્યશ્રીયુત અનંતજીભાઈને સુખ શાંત્તિથી બેસવાનું ન હતું, કારણકે શ્રી સૌરાષ્ટ્રમાં એ સમય સુલેહ શાંત્તિનો ન હતો, દરેક ન્હાનાં-મ્હોટાં સૌરાષ્ટ્રનાં સંસ્થાનોમાં થોડી ઘણી રાજ્ય ખટપટ સળગ્યા કરતી હતી, તેથી રાજા-રાણી અને પ્રધાન—અધિકારીઓને નિચે સ્વાસે બેસવાનું ન હતું. રાજા અને રાણી વચ્ચે અણુરાગ. રાજા, રાણી ભણી શકની નજરે જુએ અને રાણી, રાજાના બોલવા પર વિશ્વાસ ન ધરાવે—પ્રધાનપર રાજા—રાણીનો વિશ્વાસ નહિ અને રાજા—રાણી ઉપર પ્રધાનનો ભરૂંશો નહિ. આજે દિવાનગીરી ડોળતો દિવાન ડોલતા હાથીપર સોનાના હોદ્દા પર બેઠો હોય તે આવતી કાલે જાણે તુરંગમાં પડેલોજ અને તેમાંજ વરસોના વરસ સુધી સડીને મરવાનું તેના અદ્રષ્ટમાં સરજેલુંજ છે. પ્રધાન રાજાને પદભ્રષ્ટ કરવાને પ્રયત્ન કરે અને તેમાંજ પ્રજાની અભિરૂચી મળે એટલે પછી ઘણા દિવસનો ધુંધવાતો અગ્નિ ભયંકર સ્વરૂપ ધારણ કરીને અનેક કિમતી પ્રાણીની હાની કરી શકે.

આસપાસના કાઠિ સંસ્થાનોમાં સંપ નમળે. રોજ રોજ ઉઠીને

નવી નવી જાતની અગ્નિ સળગ્યા કરે. સિગાડાની-ગામ ગરાશની અને માન-મર્તબાની તકરારોથી એક બીજાં સંસ્થાનો વચ્ચે નિરંતર નો ચકમક ઝર્યા કરતો અને તેમાંથી વનનાં વન બાળી નાખે એવો દારૂણ અગ્નિ પ્રગટ થઈને રાજ્યોનું નસંતાન વાળવાને તત્પર રહેતો હતો. બારવટીઆ અને ચોર-લૂટારાની ધાસ્તિ કાંઇ ઓછી ન હતી. ગુજરાતના પ્હાડી સ્કોટલાન્ડ-સોરાષ્ટ્રના સ્વતંત્ર અને ભોળા સ્વભાવના લોકો નજીવા કારણુસર બારવટે નિકળતા, અને તેથી રાજા પ્રજાને અનેક તરેહની પીડા ભોગવવી પડતી અને રજવાડાઓને ખર્ચના ખાડામાં ઊતરવું પડતું હતું.

આ સઘળી ઉપાધીઓમાં જાણે ન્યુનતા હોય તેમ એજન્સિ અમલદારોનો દોર અને તોર જાળવવા માટે પણ સસ્થાનોને સાવધાન રહેવું પડતું હતું. દેશી રજવાડાના છીદ્ર શોધનારાઓ અને ગમેતે પ્રસંગ હાથમાં ધરીને રાજા-ઠાકુર તથા તેના કાર્યભારીઓને હલકા પાડવામાં ખબરદારી ધરાવનારા અમલદારોથી ઘણું ઘણું બ્હીવાનું હતું. તેઓ વખતો વખત કાઠિ-સંસ્થાનોને દબાવતા અને તેમની રાજ્યસત્તાને હાની પહોંચાડવાનો યત્ન કરતા હતા, તેથી કાઠિ સંસ્થાનોએ બહુ બહુ સાવચેતી ધરાવવાનો અને રાજ્ય હકનાં રક્ષણને સારૂ જોઈતા ઈલાજ લેવાનો તે બારીક સમય હતો.

આપણે જાણીએ છીએ કે રાજ્યરૂપી મહાસાગરમાં ભયંકર તોફાનો થયાં કરેછે, અને એવાં ભયંકર તોફાનોને લીધે ક્ષણે ક્ષણે મ્હોટા મ્હોટા મોજા અને તરંગો ઉઠેછે. એવાં તોફાની તરંગોમાંથી રાજા અને પ્રજાનું સંરક્ષણ કરવાનું કામ સમર્થ પ્રધાનનું હતું, એવા *સમર્થ પ્રધાન સુભાગ્યે કરીને નવાબ શ્રી હામદખાનજીને

* જુનાગઢમાં નવાબ હામદખાનજી રાજ્ય કર્તા હતા, તેઓ ગુણજ્ઞ સમજુ અને સ્વતંત્ર હતા. રા. રા, અનંતજી જેવા સમર્થ કારભારી હતા. (સુજ્ઞ ગોકળજી ચરિત્ર પૃષ્ટ ૨૭).



મળ્યા હતા. નવાબ શ્રી *હામદખાનજી રાજ્ય નીતિમાં કુશળ, શૌર્યવાન, અને ઉચ્ચ ગુણે કરીને યુક્ત હતા. એવા એક પ્રતાપવાન અને ગુણજ્ઞ રાજ્યકર્ત્તાની સ્હાયતાએ કરીને આજમ અનંતજીના ઉત્સાહને ઉત્તેજન મળ્યું હતું, પરંતુ એ સમયના લોકો જૂની-પ્રાચિન કાળની પદ્ધતિ પસંદ કરનારા અને નવી કેળવણી-સુધારાને અંતઃકરણથી તુચ્છકારનારા હતા. એવા દુરાગ્રહી અને રૂઢીની પ્રબળ સાંકળમાં જકડાએલા લોકોની સાથે રહીને રાજ્યરંગ દર્શાવવંદું અને યશ પ્રાપ્ત કરવાનું કામ વિડંબના યુક્ત હતું, પણ આજમ અનંતજીભાઇ દ્રઢ ચિત્તના, ગમે તેવા ભયમાં ન ચળે એવા વિર પુરૂષ હતા; તેથી તેઓ દરેક ભયમાંથી સંરક્ષણનો રસ્તો શોધી કાઢવાને સમર્થ હતા.

એક વધતાં પુરૂષને કુદરત વધારે છે એ કહેવત રાજ્યશ્રીયુત અનંતજીભાઇના સબંધમાં સત્ય ઠરેછે. આપણા રાજ્યશ્રીયુતે જીર્ણદુર્ગના કાર્યભારીપદની પાઘડી બાંધ્યા પછી તેજ વર્ષમાં એટલે સંવત ૧૯૦૧ માં તેમને એક બીજા વર્ગના સંસ્થાન તરફથી વિશેષ પ્રતિષ્ઠા મળી. તે સંસ્થાન તે શ્રી રાજકોટ હતું. રાજકોટના રાજ્યકુટુંબીને અને આજમ અનંતજીભાઈને સારો સબંધ હતો. તેઓ ઘણી મુદત થયા આ સંસ્થાનના સ્હાય્યકારી અને શ્રેય ઈચ્છનારા હત; તેથી સ્વાભાવિક રીતે રાજ્ય કુટુંબનો તેમના પર અપૂર્વ પ્રેમ હતો; અને એ પ્રેમ પ્રકટ રીતે દર્શાવવાનો યોગ ઈશ્વર ઈચ્છાથી અલ્પ કાળમાં આવી ઉભો.

* આ વખતે હામદખાનજીનું વય માત્ર ૧૨ વર્ષનું હતું, પણ તે બુદ્ધિમાન, શિકારના શોખીન, ને રાજ્યકાજમાં નીતિમાન તથા નિષ્પક્ષપાતી હતા, તેથી ઘણા સારા રાજ્યકર્ત્તા નિવડશે એવી લોકોએ આશા બાંધી હતી. (કર્નલ વોટસન કૃત 'કાઠિયાવાડ સર્વ સંગ્રહ)

શ્રી રાજકોટના ઠાકુર શ્રી સુરાજી સંવત ૧૯૦૧ ના જ્યેષ્ટ શુક્લ પક્ષની ૩ ને રોજ યુવાન વયમાં દેવલોક પામ્યા અને કુમાર શ્રી ન્હાની વયના હતા તેથી એજન્સિ દ્વારાએ રા. રા. અનંતજીભાઈને ત્યાંનો કાર્યભાર મળ્યો. તેથી કરીને રાજા અને પ્રજા ઉભય પક્ષ પ્રસન્ન થયા. એક મીયાનમાં બે તરવાર રાખવી અને તેનો એ-કજ સમયે એક સરખો ઉપયોગ કરવો એ અદ્‌ભૂત્ શક્તિના મનુષ્યનું કામ છે. રા. રા. અનંતજીભાઇ અદ્‌ભૂત્ શક્તિ ધરાવનારા હતા, અને તેથી તેઓએ આ પદ અંગીકાર કરીને વિશેષ રાજ્ય ભાર વહન કરવાની શક્તિનો પ્રકાશ કીધો, તે કરતાં કુદરતની ઇચ્છા હજુ વધારે હતી. રા. રા. અનંતજીભાઈની શક્તિની કસોટી કરવાનો જાણે આ યોગ્ય સમયજ હોય એવું જાણીને તે ઉત્સૂક બની હતી, અને તેથી તેમના શિરપર વધારે રાજ્યભાર નાખવાને તે અધીરી પડી હતી.

પાળીતાણા એ શ્રી સૌરાષ્ટ્રમાં બીજા વર્ગનું સંસ્થાન ગણાયછે, અને આ વખતે તેના રાજ્ય કર્ત્તા ઠાકોર શ્રી વેરીશાલજી હતા. તેઓ રાજ્યનીતિમાં ઘણાજ ખબરદાર અને બીજી રાજ્ય કળાઓમાં કુશળતા ધરાવનારા હતા. એવા પ્રવિણ અને પ્રતાપવાન્ ઠાકોર સાહેબની સાથે દીર્ઘકાળમાં રા. રા. અમૃતલાલનો અને રાજ્યશ્રીયુત અનંતજીભાઈનો ઠિક સબંધ જામ્યો હતો, અને એ સબંધે કરીને તેમની શક્તિની પિછાણ કરવાને ઠાકુરશ્રીને બહુ વખત મળ્યો હતો; અને એ લાંબા વખતમાં મેળવેલા અનુભવને લીધે તેમની પ્રસન્નતા રાજ્યશ્રીયૂત અનંતજી ઉપર ઉતરી હતી; અને તેથી પોતાના રાજ્ય કારભારીની જગ્યો તેમને આપીને તેઓ સંતોષ પામ્યા હતા. ઠાકોર સાહેબની પ્રસન્નતા યોગ્ય પણ હતી. એકલે હાથે એક કરતાં વધારે સંસ્થાનેનો કારોબાર કરવો તે કાર્ય ઘણુંજ મૂસ્કેલ છે, પરંતુ આપણા રાજ્શ્રીની શક્તિ આગળ ગમે તેવી મૂસ્કેલી ટકી શકે



એવું નહતું તેમનામાં રાજ્યરૂપી ક્ષેત્રમાં ધૂમવાની અને ધૂમીને યશ પ્રાપ્ત કરવાની સ્વાભાવિક શક્તિ હતી, અને એવી ગૂપ્ત શક્તિવડે તેઓ મ્હાન્ મૂસ્કેલીમાં પણ યશ મેળવવાને સમર્થ હતા. આ સમયે જીર્ણગઢમાંથી જોર જૂલમની સત્તાનો સૂર્ય અસ્ત થઈને સૂલેહ–શાંતિનો સૂર્યોદય થયો હતો, અને તેથી સર્વત્ર સ્થળે સૂલેહ ને શાંતિ તથા આબાદીની સ્થાપના થઇ હતી. તે છતાં કોઈવાર આકાશમાં વાદળાં ઘસડી લાવીને તોફાની પવન તોફાન મચાવવાને શક્તિવાન્ હતો. ઘણીવાર નિર્મળ આકશ એકાએક વાદળાંથી છ-વાઈ રહેતું, અને તેથી માણસો બ્હાવરાં બનીને રક્ષણાર્થે યોગ્ય સ્થળોમાં ભરાઈ બેસતાં હતાં. જબર શેઠના જોર–જૂલમની વાતોનું સ્મર્ણ લોકોમાંથી ઓછું થયું હતું, પણ તેના પસંદ કરેલાં જે માણસો રાજ્યમાં રહેલાં હતાં તેઓના હાથથી અદ્યાપિ પર્યંત કાંઇ ને કાંઈ નવાં જૂનું થયાં કરતું હતું; અને તેથી પ્રજાને અને રાજ્યને થોડી બ્હોત્ હાની પણ થતી હતી. એવી હાની થવાનો એક પ્રસંગ તત્કાળ આવ્યો. રહેમાનખાં નામનો એક મુસલમાન હતો; અને તે જબર શેઠનો જમાદાર હોવાથી તેનો તે ઘણોજ માનીતો હતો અને તેથી પ્રજા વર્ગમાં તેનો ત્રાસ વર્તાતો હતો. એવા જૂલમગારને આવા શાંતિના વખતમાં જમાદારની જોખમ ભરેલી જગ્યોપર રાખવાની મરજી ઘણા અધિકારીઓની નહતી, અને તેથી તેને તરત વેળા રજા આપવામાં આવી. આવી રીતે એકાએક રજા મળવાથી કે કોણ જાણે કોઈની ઉશ્કેરણીથી તે ઉશ્કેરાયો અને પ્રજાનું લોહી રેડવાને માટે બ્હારવટે નિકળ્યો. તેની સાથે તેનો સુલતાન નામનો દીકરો પણ સામેલ થયો. તેણે જૂનાગઢની પ્રજાને બહુ બહુ રીતે રંજાડવા માંડી.

ગીરિનાર એ શ્રાવકોના અને મુખ્યત્વે કરીને હિન્દુઓના તિર્થનું પવિત્ર સ્થળ છે, તેથી સેંકડો ને હજારો માણસોની જાવ

આ.વથી એ રસ્તો હળીમળી રહે છે. એવા ધોરી રસ્તાપરથી ઘણાં માણસોને તે પકડી જતો અને મનમાનતી રકમ મળતી ત્યારેજ તેમને છોડતો હતો. ગિરિનારપર શ્રાવકોનાં દેરાં છે, અને એ દેરાંનો થોડો ઘણો વહિવટ ભાટ લોકોના હાથમાં છે, અને તેથી એ લોકોનું માન રાજ–રજવાડામાં અને બીજા હિન્દુ લોકોમાં મ્હોટું છે, તેથી રહેમાનખાં ખુશાલભાટદ્વારાએ વાત–વૃષ્ટિ કરાવતો અને પકડેલાં માણસોનાં•બદલામાં નાણાંની રકમો મેળવતો હતો. તેને પકડવાને માટે જૂનાગઢની સરકારની ગીસ્તપર ગીસ્ત દોડતી પણ તે કયમે કરીને પકડાતો નહોતો. તે એવો સબળ અને ચાલાક હતો કે જૂના-ગઢ તળપદમાંથી બાન પકડી જતો અને લોકોમાં રાડ વગડાવતો હતો. એવામાં દિવાન રણછોડજીનો બ્રાહ્મણ નામે દુર્ગાશંકર ગિરિ-નારની યાત્રાએ જતો હતો, તેને તેણે પકડી લીધો અને તેથી શ્રી જૂનાગઢમાં ઘણોઃ ત્રાસ વર્તાણો. એક તો આ નાગર બ્રાહ્મણ યુવાન વયનો હતો અને વળી તરતનો પરણેલો હોવાથી તેના રક્ષણની રા. રા. અનંતજીને બહુ ફિકર પેઠી.• એ ફિકર ખોટી નહતી. તેને પકડી ગયાને લગભગ દોઢ માસ થયો હતો અને હવે જે વખત જાય તેમાં તેના જીવનું જોખમ હતું; કારણ કે રહેમાનને નાણાંની રકમ અથવા એવો બદલો મળવાની આશા દિવસે દિવસે ઓછી થતી હતી; તેથી રાજ્યશ્રીયૂત્ અનંતજીએ સખ્ત ઇલાજ હાથમાં લીધા. ખુશાલ બારોટને બોલાવીને ખૂબ તાપ દીધો અને તેથી તેણે સદરહુ બારવટીઓ પકડી આપવાનું વચન આપ્યું. એકલા સખ્ત ઇલાજથી કાર્ય સરે એવું નહોતું. કારણ કે એવા ઈલાજો લેવા જતાં દુર્ગાશંકરની હત્યા થવાનો સંભવ હતો, તેથી ત્યાં બારોટ ગયો અને છૂપી નિશાની કરી એટલે ગિરિનારપર આવેલા વિકટમાં વિકટ જે કાળકાની ટોચ ગણાય છે, તેપરથી નીચે ઉતરીને સદરહુ બારોટ સાથે વાતે વળગ્યો; એટલે નવાબ સાહેબના માણસો તેને પકડવાને ધાયાં અને સામસામી ઝપ ઝપીમાં તે ઘવાયો અને પડયો.



તેનો છોકરો આ ગડબડનો લાભ લઇને ન્હાસી ગયો, અને એકલે હાથે બ્હારવટું ખેડવાની તેનામાં શક્તિ નહોતી. રા. રા. અનંતજી-ભાઈને શરણે ગયો. શરણે આવેલા શત્રુને ક્ષમા કરવી, એવો એ રાજેશ્રીનો સ્વભાવ હતો, તેથી તેના કૃત્યો સામું ન જોતાં તેને સિપાહગીરીની નોકરીપર વળગાડી દીધો. क्षमान्वितं शौरं वरं–વિર પુરૂષ ક્ષમાશીલ રહે છે. તે વચન રાજ્યશ્રીયૂતે યથાર્થ કરી બતાવ્યું. સંવત્ ૧૯૦૨–૩ માં.

ખુ. નવાબ હામદખાનજીમાં અલૌકિક બુદ્ધિ હતી. તેઓ રાજ્યના અભ્યુદય માટે રાત્રિ દિવસ વિચાર કરતા, યત્ન કરતા અને તેમાં પાર પડે ત્યારેજ સંતોષ પામતા હતા. રાજ્યહદ વધા-રવાની, વધારીને તેનું રક્ષણ કરવાની અને રક્ષણ કરીને તેને આ-બાદ કરવાની ખુ નવાબ શ્રીની ઉત્કંઠા હતી; અને આવી ઉત્કંઠા પ્રદિપ્ત કરનાર રાજ્યશ્રી યુત્ અનંતજી ભાઈજ હતા.

ખુ નવાબ સાહેબ રાત્રિ-દિવસનો મ્હોટો ભાગ દિવાનશ્રી અનંતજીના સમાગમમાંજ ગાળતા. તેમની પાસેથી રાજ્ય સુધારાનું શિક્ષણય લેતા અને તેઓ ઘણીવાર અવકાશ મેળવીને દિવાનશ્રીને ઘેર પધારતા, અને "મામુ" ના નામથી બોલાવતા હતા. રાજેશ્રી અનંતજીપર ખુ. નવાબ સાહેબનો અપૂર્વ વિશ્વાસ હતો, અને એવા વિશ્વાસે કરીનેજ તેઓ અંતઃકરણથી દિવાનશ્રીને મ્હાતા-વડિલ સમાન માન આપતા અને તેમની આજ્ઞામાં રહેવાને પ્રસન્ન હતા. આવી રીતે એક મ્હાન્ રાજ્યકર્ત્તાને વિશ્વાસમાં લેવા એ અસાધારણ કાર્ય છે, પરંતુ કુદરતે રાજ્યશ્રીયૂત અનંતજીને એવાં અસાધારણ કાર્ય બજાવવાને માટેજ ઉત્પન્ન કર્યા હતા. તેઓ અહોનિશ રાજા અને પ્રજાના કલ્યાણર્થે યોજના કરતા હતા, અને એવી યોજનાની વચ્ચે તેમને અનેક અનેક વિઘ્નો આવી પડતાં,–તે છતાં તેઓ કવ-

ચિત પણ અધીર બનતા નહતા, કારણકે દ્રઢતાવડેજ દરેક કાર્યની સિદ્ધિ થાય છે. ધૈર્યવાન અપ્રાપ્ત વસ્તુ પ્રાપ્ત કરી શકે છે, પણ અધિર પુરૂષોને એવો લાભ મળતો નથી–સ્વપ્નામાં પણ એવું અલૌકિક સૂખ મળતું નથી.

શ્રીયુત્ અનંતજીપર નવાબશ્રીનો અથાગ પ્રેમ હતો, તેથી કરીને ઘણુંક દ્વેષિ પુરૂષો બળતા હતા, પણ તેમાં તેમનો કશો ઈલાજ ચાલતો ન હતો. નવાબશ્રીની પાસે રાજ્યગ્રહસેવકોનું કશું ચાલતું નહતું. તેઓ એવાં સાધારણ પંક્તિના માણશોના સમાગમમાં બહુ આવતા નહિ અને ક્વચિત્ આવતા તો કાન આપતા નહોતા, તેથી રાજ્ય મહાલયમાં રાજ્ય ગ્રહ સેવકોનું મૂદ્દલ ચલણ ન હતું. એવા હલકા વર્ગના માણશોના સંગથીજ રાજાઓ અનેક તરેહના કુછંદમાં ડૂબે છે. અનાચાર શિખેછે અને પ્રજાની આંખમાં હલકા પડેછે. એવા હલકા પડેલા રાજાઓની રૈયતનું મન ઉદાશીનતા પકડેછે, અને એક ઉદાશીન અને ઉંચા રહેતાં મનની પ્રજા નિરંતર સંકટમાં રીબાયાં કરેછે, પરંતુ જુંણુગઢનો રાજ્ય મામલો આ કાળે સ્થિર હતો. પ્રજામાં શાંતિ હતી, અને ખેડુત લોકો રાજ્યની રહેમદીલીથી સુખી ને સંતોષિ હતા મતલબ શ્રી જૂનાગઢની ચડતીનો આ સમય હતો તે આબાદીમાં, ઉપજ–નિપજમાં અને કીર્તિમાં ઉંચે ચઢતું જતું હતું. એ સઘળો પ્રતાપ નવાબ શ્રી હામદખાનજીની અને દિવાનશ્રી અનંતજીની કુશળતાનું હતું. આવું ઉચ્ચ પરિણામ લાવનાર રાજા–પ્રધાનને પ્રજા ચાહે, તેમને માન આપે અને તેમની સ્તુતિનાં ગીતો ઉંચે શૂરે લલકારે એમાં કાંઇજ આશ્ચર્યકારક નથી રાજા અને પ્રજાને સમાન રીતે રાખવાં એ મહાન્ શક્તિના પ્રધાનનું કાર્ય છે, કારણકે એકલા રાજાનું હિત ચાહનારાથી પ્રજાનું હિત ન થાય અને પ્રજાનું હિત ઇચ્છનારા પ્રધાનથી રાજાનું મન ન સચવાય.



રાજ્યદ્વારિ પુરૂષનું કામ કેવું દુષ્કર, કષ્ટકર, અસુગમ અને વિષમ છે તે વિષે એક શાસ્ત્રકાર કહેછે કે,—

नरपति हित कत्ता, द्वेष्यतांयाति लोके ।
जनपद हित कर्त्ता, त्यज्यते पार्थिवेन ॥
इति महति विरोधे, वर्त्तमाने समाने ।
नृपति जनपदानां, दुर्लभः कार्यकर्त्ता ॥ १ ॥

અર્થ—"જે રાજાનો હિત કર્ત્તા થાયછે, તે લોકોમાં દ્વેષ પામવા પાત્ર થાયછે, અને જે લોકોનો હિત કર્તા થાયછે, તેને રાજા તજે છે, એવા મ્હોટા ચાલતા સાધારણ વિરોધમાં છતાં રાજા-પ્રજાનું (ઉભયને સારૂં લાગે એમ) કલ્યાણ કરનાર દુર્લભ છે."

એ વચન યથાર્થ છેપણ જ્યાં ઉભય પક્ષ સ્વધર્મરત અને સમજણાં હોય તો બન્ને પક્ષ બળવાન, સુખવાન અને સન્તોષવાન રહે છે. એવા રાજ્યકર્ત્તાનો, પ્રધાનનો અને પ્રજાનો સર્વદા જય હો.

# દર્શન ૧૧ મું.

## આજમ અનંતજીની કારકીર્દિ.

જીર્ણગઢમાં નવા નવા બનાવો-વિધા માણેક અને રૂડા રબારીનું બારવટું-તેમને પકડવાને આજમ અનંતજીનો પ્રયાશ-રા૦ રા૦ નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચની ચાલાકી-અમરાપુરમાં બારવટીઆઓનું શરણે થવું-પોલિટિકલ એજંટે આજમ અનંતજીની કરેલી સ્તુતિ-ખુા૦ નવાબ શ્રીનો શુદ્ધ ને સરળ સ્વભાવ-તેને લીધે રાજ્યમાં પથરાયેલી સુલેહ શાંત્તિ-એક ન્હાની સરખી ખટપટ-નવાબ શ્રીનો ઉદાર સ્વભાવ-ઉદાર પુરૂષોના મનમાં વેરભાવ વસતું નથી. તે વિષે એક યુરોપીયન વિદ્વાનના વિચાર-ધર્મવાન પુરૂષો બિપત્તિમાં પાછા હઠતા નથી-એક ફારસી કવિના વિચારો-ખુા૦ નવાબશ્રીની ધર્મશિલતા-સમાન વૃત્તિ તથા ન્યાયવૃત્તિનું એક દૃષ્ટાંત-ઈંદ્ર મહારાજનો કોપ-જીર્ણગઢના રાજ્યમાં લીલો કાળ-પ્રજાને આસમાની આફતમાંથી બચાવવાનો યત્ન-તેને લીધે પ્રજાનો થયેલો બચાવ-સંતાન સુખની આજમ અનંતજીની આપેક્ષા—બાળકો એ ઘરનાં હસ્તાં રમતાં રમકડાં છે-આર્યધર્મમાં બાળકોનું વર્ણવેલું અવર્ણિય સુખ-નાગરોમાં જીવતી સ્રીપર બીજી સ્રી કરવાની મનાઇ-લગ્નની પવિત્ર ગાંઠ-ચાલતી રૂઢીમાં ફેરફાર નહિ કરવાની હઠીલાઈ-તેથી પડતી વિડંબનાઓ-આજમ અનંતજીને બીજી સ્રી કરવાની નાગરોએ આપેલી છુટ-તેના સબંધમાં લખેલો પત્ર-રા૦ રા૦ અનંતજીનું ઢચુપચુ મન-તેમના વૃદ્ધ હિતેચ્છુઓએ વચમાં નાખેલી અડચણ-તેને લીધે આજમ અનંતજીએ બીજી સ્રી કરવાનો બંધ કરેલો વિચાર.

સ્વચ્છ આકાશ વાદળાંથી છવાયેલું દિસેછે શાન્તિને ઠેકાણે અશાન્તિ પથરાવેછે. અને ઘણી ઘણી વાર



શિરપર ઝઝુમતાં વાદળાંમાંથી ધોધબંધ વરસાદ વરસીને અસંખ્ય નિર્દોષ પ્રાણિયોને હાની કરેછે, એવો કુદરતનો કાનુંન છે, અને એ કાનુંન સ્વાભાવિક હોવાથી તેની સામે મનુષ્ય-ઇચ્છાજો ચાલી શકતા નથી.

શ્રી જીર્ણગઢના રાજ્યના શિરપર થઈને એવું એકાદ ન્હાનું તોફાન પસાર થયું, પણ તે હાનીકારક ન નિવડ્યું. બ્હેસ્ત નશિન નવાબ શ્રી બહાદુરખાનજીનાં રાણીશ્રી અમીર બીબીને બે સાહેબજાદા નામે દાદામીયાં અને નનામીયાં હતા તેઓએ વિક્રમ સંવત્ ૧૯૦૨ ની શાલમાં રાજ્યહકનો દાવો ઉઠાવીને મ્હોટું ફીતુર ઉઠાવ્યું, અને તેમાં કેટલાક વિઘ્નસંતોષિ અને વિરૂદ્ધ પક્ષના લોકોએ ભાગ લીધો; તેથી એક ન્હાના ને નજીવા ફિશાદે કાંઈક અસાધારણ રૂપ ધારણ કીધું. રાજ્યને થોડી ઘણી હાની થવાનો એ સમય હતો પણ એક સમર્થ અને સમયસૂચકતા ધરાવનારા પ્રધાન આગળ ગમે તેવું ભય ટકી શક્તું નથી.

એજન્સિ અમલદારોની તારીત સલાહ અને સ્હાયતા મેળવી લીધી. એજન્સિ અધિકારી મિ૦ જેકબ વિશ્વાસુ સિપાઈઓની એક ટુકડી સાથે જૂનાગઢ ધાઇ આવ્યો અને તોફાન કરનારાઓના મકાન પર હુમલો કરીને તેમને દબાવી દીધા. અરસ પરસ વૃષ્ટિ ચાલી અને આજમ અનંતજી ભાઇએ દીર્ઘદ્રષ્ટિવડે ગામ ગરાસ આપીને સાહેબજાદાઓ પાસેથી રાજ્ય હકના દાવાઓની ફારગતી લખાવી લીધી. અન્ય તોફાની લોકો, જે આ તોફાનમાં સામેલ થયા હતા તેઓમાંના કેટલાકને શિક્ષા કરી, કેટલાકને માફી બક્ષિ, અને કેટલાકને રાજ્ય હદમાંથી દૂર કરીને સર્વ સ્થળે શાન્તિ ફેલાવી.

સંવત ૧૯૦૩ની સાલમાં સોરાષ્ટ્રમાં એક મોટો બનાવ બન્યો. માણેક વિધો નવાનગરના રાજ્ય ઉપર, રૂડીઓ રબારી જૂનાગઢના રાજ્ય ઉપર અને હનુંમાન નામનો પૂર્વિઓ ઓખા મંડળ ઉપર બારવટે નિકળ્યા. આવા અસંતોષિ લોકોની સાથે મકરાણી સરખા

તોફાની અને લૂટફાટના ઉત્સુક માણુશો ભળ્યા, તેથી બારવટીઆ લોકોની એક મજબુત ટુકડી થઈ અને તેણે શ્રી સૌરાષ્ટ્રમાં ઘણીજ રંજાડ કરવા માંડી. તેને પકડવાને માટે સૌરાષ્ટ્ર સંસ્થાનોના એક સંપી સિપાઇઓ ઘણો યત્ન કરતા હતા, પણ તે બળે પડેલી ટુકડી પકડાતી નહોતી.

સમય યોગ્યે પોરબંદરના ગામ રાણાવાવની નજદીક જોનોતરાનો ગાળો છે, ત્યાં આગળ **કેપ્ટન લોક** અને બારવટીઆનો ભેટો થયો. એ ભેટામાં સાહેબ મોસુફ અને એક ગાયકવાડી સ્વાર માર્યા ગયા, તેથી સૌરાષ્ટ્રમાં ઘણો ત્રાસ વર્ત્તાણો.

શ્રી સૌરાષ્ટ્રમાં ગિરિનાર અને તેને લગતી ટેકરીઓનું જંગલ, બરડા અને ઢાંગાના ડુંગરો, માલીઆનું રણ અને એવાંજ બીજાં એવાં સ્થળો આવેલાં છે કે ચોર, લૂટારા અને બારવટીઆઓને તેમાં ભરાઇ બેસવાનું ઘણું સુલ્લભ પડે છે. કેમે કરીને તેઓ પકડાત્તા નથી. આવાં છૂપાં રહેઠાણોમાંથી તેઓ તક મળતાં બ્હાર નિકળે છે, લૂટફાટ કરે છે. અને રક્ષણ વગરનાં ગામડાં મારીને ગુપ્ત સ્થળોમાં ભરાઇ બેસે છે, એવા દવૈયાઓને પકડવાનું રહેલું કામ નથી. વિધો માણેક અને રૂડા રબારીની ટોલીએ ટુંક મુદતમાં રંજાડ કરી. તેઓ આજે અહિંતો કાલે પચીશ પચાશ ગાઉ પહોંચી જતા અને સત્તાવાલાઓને આશ્ચર્ય ઉપજાવતા હતા. આવા બળે પડેલા બારવટીઆઓને પકડવાનું રાજ્યશ્રીયૂત અનંતજીએ બીડું ઝડપ્યું.

માર્ગશિર્ષ શુકલ પક્ષની ૨ ને રોજ બારવટીઆઓએ પ્રભાસ પાટણની આસપાસ દેખાવ દીધો અને ન્હાના પ્રકારની રંજાડ કરવા માંડી. સરસાઈનો મેંમણ નામે જીવો અને તેનો છોકરો ઘી ગોળ અને એવોજ સરસામાન ઘોડાપર લાધીને આવતા હતા. તેઓને એ હરામખોરોએ ઘેરીને સર્વસ લૂટી લીધું અને **બાન** તરીકે તેના એકના એક દીકરાને પકડીને ગીરમાં ન્હાસી ગયા. આ વખતે પ્રભાસ પાટણના વહિવટદાર તરીકે રા૦ રા૦ નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ બુચ હતા. તેઓ તીવ્ર બુદ્ધિના વિર પુરૂષ હતા. તેમની પાસે સદરહુ મેંમણ રાવે આવ્યો. ત્વરીત તેઓ શિરબંદીના કેટલાક પગા ને સ્વારો સાથે વારે ચઢયા અને **આસોના** ડુંગરામાં ધસ્યા ગયા. એ ડુંગરાનો ચઢાવ અટપટોને વિકટ છે તથા ગીરની ઘાડી ઝાડી છે તેને લીધે એ રસ્તો કરડો છે. તે છતાં તેઓએ હરામખોરોનો પીછો ન છોડયો. બીજી તરફથી જીર્ણદુર્ગથી કેટલાંક માણુશોની મદદ આવી પહોંચી તેથી શરણે આવ્યા વિના છુટકો ન રહ્યો. આ વખતે સોરઠ પ્રાંતના મદદગાર પોલીટીકલ એજંટના દરજ્જાપર કર્નલ બુલોક સાહેબ હતા, અને તેમની તથા રા૦ રા૦ અનંતજી ભાઈની છાવણી અમરાપુરમાં હતી; જ્યાં આગળ હરામખોરો વગર સરતે રાજ્યશ્રીયુત અનંતજીભાઈને તાબે થયા. તેમનો ન્યાય એજન્સિ અમલદાર દ્વારાએ થયો અને તેમના બૈરાં છોકરાંઓને નિભાવવાનો રાજ્યશ્રીયુત્ અનંતજીભાઇએ યોગ્ય બંદોબસ્ત કર્યો—એવું તેમનું કોમળ -હદય હતું.

સૌરાષ્ટ્રમાં હવે હતી એવી શાંત્તિ ફેલાણી. લોકો નચિંત થયા અને આ સઘળા યત્નના બદલામાં કર્નલ લેન્ગ જે પોલીટીકલ એજંટના દરજ્જાપર હતા, તેઓએ રાજ્યશ્રી મોસુફને કીર્તિ પત્ર આપીને કદર પીછાણી. આવી રીતે રા૦ રા૦ અનંતજીભાઇને જોઈએ તે કરતાં વધારે યશ અને આબરૂ મળી તેથી તેઓ પરમાનંદ પામ્યા.

આપણે જોઇએ છીએ કે રાજ્યગૃહોમાં કેટલીકવાર અનેક તરેહની ખટપટ ઉઠે છે, અને તેથી રાજા તથા રાણીઓ વચ્ચે અણુરાગ ઉત્પન્ન થઈને વિષ બીજ રોપાય છે. નવાબ શ્રી હામદખાનજી સ્વતંત્ર સ્વભાવના હતા અને તેથી તેમની આગળ રાજ્ય-સેવકોનું કશું ચલણ નહોતું. તેમને રાજ્ય ખટપટ, ન્હાનાં પ્રકારના કાવત્રાં

અને એવાંજ નીચ કૃત્યો ના પસંદ હતાં. ખુ૦ શ્રી સરળ મનોવૃતિથી વર્તનારા અને શુદ્ધ ન્યાયને ચ્હાનારા હતા એવા નિર્મળ ચિત્તવાળા રાજ્યકર્તા પાસે નીચ મનુષ્ય રહી શકતા નથી. તેમનું ફાવતું નથી. અને તેમની આશા ફળીભૂત થતી નથી, તેથી એવા પવિત્ર સ્વભાવના રાજાને તેઓ અંતઃકરણથી ચ્હાતા નથી. ખુ. નવાબ શ્રી અંતર પરિક્ષા કરનારા હતા, અને તેથી એવા ખટપટી તથા કાવત્રાંબાજ લોકોને રાજ્યમાંથી દૂર કરીને તેઓ નિર્ભય રહેતા હતા. તે છતાં ઘણીવાર રાજ્યમાં ન્હાની સુની ખટપટો ઉઠતી પણ તે મ્હોટું રૂપ પકડતી નહોતી, કારણ કે દૈવયોગે રાજ્યશ્રીયૂત્ અનંતજીભાઇ સરખા કુશળ રાજ્યવૈદ્ય મળ્યા હતા એટલે ઉગતા રોગને દાબી દેવાને તેઓ શક્તિમાન અને સમર્થ હતા.

વિક્રમ સંવત્ ૧૯૦૪ માં નવાબ સાહેબ હામદખાનજી અને રાણી વચ્ચે ખટપટ ઉઠી, અને તેથી તેમના ઉપર ખુ. નવાબ સાહેબની ઈતરજી ઉતરી.. આ ખટપટ મ્હોટું રૂપ ન પકડે તેટલા માટે રા. રા. અનંતજીભાઈ વચ્ચે પડ્યા અને રાણીશ્રીને ક્ષેમકુશળ પીયર મોકલી દઈને એક અણગમતા ઝગડાનો અંત આણ્યો. નવાબ સાહેબ ઉદાર મનના અને ક્ષમાશિલ હતા અને એવા એક ઉદાર પુરૂષના હૃદયમાં વેરભાવ વસવાની જગ્યા નથી રહેતી. એક લખનાર કહે છે કે,—

"પ્હાડોમાં જેમ પાણી રહી શકતું નથી, તેમજ ઉદાર અને મ્હાન પુરૂષના ચિતમાં કીનો અથવા દ્વેષ ટકી શકતો નથી."

એ સત્ય વચન છે. ક્ષમાશિલ અને ધર્મવાન્ પુરૂષો વિપત્તિ કાળમાં પણ અધર્મ આચરતા નથી. તેઓ સદ્ય ધર્મ પંથે ચાલવાનો પ્રયત્ન કરે છે, અને એવે રસ્તે ચાલતાં ગમે તેટલું જોખમ આવે પણ તેઓ પાછળ હઠતા નથી. તે તો એક વિર પુરૂષની માફક આગળને અગળ વધતો જાય છે, અને ઇશ્વર ઈચ્છાથી અંતે



તે મન ઈચ્છિત્ સ્થળે પહોંચીને આરામ પામે છે એવા મનુષ્યો શ્રદ્ધાવાન્ અને પ્રભુપર વિશ્વાશ રાખનારા હોય છે. એટલે અંતે તેમને કલ્યાણકારક વિચાર મળે છે, અને અવિચળ સૂખ-વૈભવ ભોગવવાને શક્તિવાન્ થાય છે. તેમના હાથથી દુષ્કૃત્યો કદી નીપજતાં નથી અને ભૂલે ચૂકે કદી નીપજે છે તો તેનો ઘણોજ પશ્ચાત્તાપ થાય છે. ખુ૦ નવાબ શ્રી હામદખાનજી શ્રદ્ધાવાન્ હતા અને તેઓ ઇશ્વરપર અથાગ ભાવ રાખતા હતા. તેઓ નિરંતર સત્ય પંથે ચાલવાને ઈચ્છતા અને પ્રજાને પણ એવે સાચે રસ્તે ચલાવવાને આગ્રહી હતા. એવા પુરૂષથીજ ધર્મ-નીતિનાં કાર્યો બને છે એક ફારસી કવિ ગાય છે કે,-

"ફિકરે ઓ કબા હમી કુનદ દાનાં ।
"આકેબત કારબા ખુદાવંદ અસ્ત" ॥

એટલે દાનાવો આકેબતનો વિચાર અને ફિકર રાખે છે, એવા રાજાથી અધર્મ કે અન્યાય કદાચિત્ પણ થઇ શકતો નથી.

સંવત્ ૧૯૦૫ની લગભગમાં ખુ૦ નવાબ શ્રી હામદખાનજીની ન્યાય અને સમાન્ વૃત્તિની પરિક્ષા કરવાની તક આવી હતી. ખુ૦ સરકારની આવી ધર્મ શિળતા તથા પૂણ્ય-પ્રતાપ છતાં સંતાન્ સુખ મેળવવાને તેઓ ભાગ્યવાન્ થયા નહોતા, તેથી રાજ્ય હિતેચ્છુ પુરૂષોના મનમાં તે બાબત ઘણીજ તૃષ્ણા રહેતી હતી. અને રાજ્યગૃહ સેવકોના મન ગ્લાની પામતાં હતાં. પરંતુ નવાબ સાહેબશ્રીના અંતઃકરણને વિષે તે બાબત કાંઇપણ કલેશ નહોતો; કારણકે તેઓ સારી રીતે જાણતા હતા કે ઈશ્વરી ઈચ્છા પ્રમાણે સર્વે કાંઈ બની આવે છે, અને તેમાં મનુષ્યનો કાંઇ ઈલાજ નથી.

નવાબ સાહેબની પ્રીતિ બીબી છોટી બીબી ઉપર વિશેષ હતી, અને તેથી તેમના પર સ્વભાવિક રીતે ખુ૦ હામદખાનજીની કૃપા

હતી એ કૃપાનો ગેરલાભ લેવાની રાણીશ્રીએ ઈચ્છા કરી. રાજ્યરાણીને આશા છે એવી વાત જાહેરમાં આવી અને થોડી મુદતમાં પ્રજાને અને નવાબશ્રીને કુંવર જન્મ્યાની વધાઈ પણ મળી; પરંતુ આ એક કાવત્રુ હતું અને એવાં કાવત્રાંને ઉત્તેજન ન આપતાં નવાબશ્રીએ તે ઉઘાડું પાડવાની હિંમત કીધી. તેઓએ ત્વરીત અમીર ઉમરાવોને એકઠા કરીને કહ્યું કે “ આ બનાવથી મને અત્યંત લાગણી થઈ આવી છે. આવી રીતે કૃત્રિમ કુંવર પેદા કરીને “તેના હાથમાં રાજ્ય સત્તા આપવાના કરતાં હું વગર સંતાને સ્વર્ગ “વાસી થાઉં અને મારૂં રાજ્ય મારા પ્રિય ભાઇ મ્હોબતખાનજીને “સોંપી જાઉં એવી મારી ઈચ્છા છે, પણ આવાં કાવત્રાંઓને ઉત્તે- જન આપીને ખુદાનો ગુન્હેગાર તો થનાર નથી.” એવી રીતે કહીને એ કૃત્રિમ કુંવર જેનો હતો તેને સોંપી દીધો અને રાણીશ્રીને શિક્ષણ આપીને શાંત કીધાં.

એજ વર્ષના આશ્વિન શુકલ પક્ષમાં ઇંદ્ર રાજાનો કોપ થયો. જૂનાગઢ પરગણામાં અને મુખ્યત્વે કરીને ઓઝત નદિના કિનારાપર મુશલધારા થી વરસાદ પડયો. વજ્રપર ઇંદ્ર રૂઠયો હતો તે બનાવનું સ્મર્ણ થયું. તળાવો ઉભરાવા માંડયાં. નદિઓમાં અણુકતાર પૂર આવ્યાં. ગામનાં ગામ તણાઇ ગયાં. ટાઢો કાળ પડયો પાકનો નાશ થયો. લોકો દુઃખી થયાં. આવી રીતે આસમાની આફતમાંથી ઉગરવાને માટે રા૦ રા૦ અનંતજીભાઇએ કમર બાંધી. રાજ્ય કોઠાર ખુલ્લા મુકયા. એક લાખ કોરીનું અનાજ મંગાવીને સસ્તે ભાવે વેચવાની રાજ્ય તરફથી દુકાનો ઉઘાડવામાં આવી. અનાજ વગરના લોકોને અનાજ આપવા માંડયું. રાજ્ય ખર્ચે ઘરબાર બંધાવી આપ્યાં. ખેડુતો ઉપરના કરો માફ કર્યા, અને અપાય એટલી મદદ આપીને લોકોને આ ભયમાંથી ઉગાર્યા. લોકોમાં નવું જોર આવ્યું. તેઓનું બળ સતેજ થયું અને ઉત્સાહભેર ખેતિવાડીના કામપર



મંડીને અલ્પ કાળમાં પગભેર થયા. એવા રાજ્યપ્રતાપ ભોગવનારી પ્રજાનાં સુખમાં પુછવાનું શું હોય?

રા૦ રા૦ અનંતજીભાઈને સન્તાન સુખ નહોતું. તેથી તેઓના કરતાં તેમના કુટુંબીઓનું મન ચિન્તાતુર રહેતું. આવી આવી રાજ્ય સાહેબીની અંદર સન્તાન શુખ ન હોય તેથી ગમે તેવા દ્દઢ જ્ઞાનિ પુરૂષનું હૃદય પણ ક્ષોભ પામે તેમાં આશ્ચર્યકારક કાંઈજ નથી. જેનું ઘર ન્હાનાં નિર્દોષ બાળકોના કિલકિલાટ વડે ગાજી રહેતું નથી, તે ઘર સ્મશ્યાન સરખું જાણવું. આર્ય-ધર્મ બાળકનું સુખ અવર્ણિય વર્ણવે છે. જેને બાળકો નથી તેને મોક્ષ નથી. તેનું મન સ્થિરતા પામતું નથી, અને એવા અસ્થિર ચિત્તવાળા પુરૂષને મોક્ષ સુખ મળતું નથી એવો આર્ય ધર્મનો સિદ્ધાંત છે. પૂત્ર, માત પિતાનું ઋણ ગ્રહણ કરે છે અને તેથી તેમનો વ્યવહારિક બોજો ઓછો થાય છે, તથા તેના મનને અંતની વેળાએ શાંત્તિ ઉપજે છે, એવી શાંત્તિથી મરવું એજ મહા પુણ્યની વાર્તા છે, પણ ભાવી બળવિના એવું સુખ કયમે કરીને મળી શકતું નથી. રા. રા. અનંતજીભાઈને આ સમયે દૈવિ સૂખ હતું. પરંતુ આ દૈવિ સૂખ સન્તાન વગર લુખું લુખું લાગતું હતું. એ સૂખ મેળવવાને માટે બીજીવાર લગ્ન કરવાનો તેમના આપ્તમંડલના માણશોનો તથા ખુદાવંત નવાબ શ્રી હામદખાનજીનો અત્યંત આગ્રહ હતો, પણ તે આગ્રહ પરિપૂર્ણ થઈ શકે તેમ નહતું. તેનો સબબ હતો. નાગર ગ્રહસ્થોમાં એકપર બીજી સ્ત્રી કરવાનો રવૈયો નથી અને એ રવૈયાને લીધે ગમે તેવાં મજબૂત કારણો છતાં પણ જીવતી સ્ત્રીપર બીજી સ્ત્રી કરી શકાતી નથી, તેથી બહુ અડચણ પડે છે. લગ્ન એ પવિત્ર ગાંઠ છે, અને એવી પવિત્ર ગાંઠથી ભોગવાતા હકને બીજી સ્ત્રી કરવાથી અજ્ઞાન પુરૂષો તરફથી કવચિત્ હાની પહોંચવાનો ભય રહે છે, પણ તે હકને નુકશાન ન પહોંચતાં બીજાં વ્યહવારિક લાભો

થતા હોય તો બીજી સ્ત્રી કરવાની છૂટ આપતાં કશી હરકત થતી નથી. તે છતાં વંશપરંપરાની ચાલતી રૂઢીમાં જમાનાને અનુસરતા ફેરફારો નહિ કરવાનો આગ્રહ ધરાવનારા દુરાગ્રહી પુરૂષો ઘણીવાર સામા થાય છે અને તેથી કેટલાક પુરૂષો વ્યહવારિક અને સ્વભાવિક સુખથી બેનશિબ રહે છે; પરંતુ આ કાળે રાજ્યશ્રીયુત અનંતજી-ભાઈની મદદ કરનારા ઘણા વગવાળા અને નાગરી ન્યાતને વિષે અગ્રેસર એવા ઘણા પુરૂષો હતા, તેથી તેમને આ કાર્ય કરતાં કશી અડચણ નડે એવી ધાસ્તી નહોતી. એ ધાસ્તિ દૂર કરવાને માટે જુર્ણગઢના કેટલાક નાગર ગ્રહસ્થોએ આજ વર્ષના મહા શુક્લ પક્ષની ૯ ને ગુરૂવારને રોજ નિચે પ્રમાણે એક દસ્તાવેજ કરીને રાજ્યશ્રીયૂતને હિમત આપવાની જોગવાઇ લીધી.

---

શ્રી.

હટકેશ્વરજી

રાજેશ્રી ભાઇ અનંતજી અમરચંદ-શ્રી. મહેતા સંતોકરામ દયારામ હા૦ કાળીદાશ નરભેશંકર તથા મહેતા પ્રભુદાસ ન્હાનાભાઈ હા૦ મયાશંકર તથા હરીશંકર પ્રભુદાસ, તથા મહેતા જીતરામ મોતીરામ તથા રણછોડદાસ મનોરદાસ, તથા મોતીરામ હરજીવનદાસ ઘોડાદ્રા હા૦ રેવાશંકર મોતીરામ તથા રૂપશંકર અંબાશંકર ફીકાણી વીગેરે---જત તમને પુનરપી—બીજો સબંધ ખુા. નવાબસાહેબ સંતાનની ખોટ લાચારી એ કરાવેછે તે સુખેથી કરજો આપણી જ્ઞાતીનો વ્યહવાર જુદી રીતે—તરેહનો તેનો તમને શક રહેછે, વાસ્તે તમને લખીઆપીએ છીએ—જે તમે સુખેથી પુનરપી---બીજા ઘરનો સંબંધ કરજો, તે વાતમાં નાત વિરોધ કદાપી થશે તો અમે તમારી ભેળા છીએ. ગામમાં તથા દેશાવરમાં તડ વિગેરે થશે તોપણ અમે તમારા ઘર ભેળા છીએ. અમારી તમારી લાજ ભેળી છે. અમે તમારી સાથે કોઇ વાતે ખુટામણ કરી તફાવત લાવીએ અથવા નોખા પડીએ તો શ્રી હટકેશ્વરજી દરમીયાન આપ્યા છે. તે સઇ છે. આ દસ્તાવેજ અમે અમારી રાજી ખુશીથી લખી



આપીએ છીએ, તે સઈ છે. સંવત્ ૧૯૦૫ ના માહા શુદ ૯ ગુરૂવાર.

આ પત્ર નીચે કેટલાક નાગર જ્ઞાતિના અગ્રેસર ગ્રહસ્થોની સહીઓ છે.

---

આવા અત્યાગ્રહવડે રા. રા. અનંતજીનું મન ઢચુપચુ થયું, પણ તેમના વડિલ બન્ધુ રા. રા. અમ્રતલાલ અને બીજા વૃદ્ધ હિતેચ્છુ પુરૂષોએ વિરૂદ્ધ મત દર્શાવવાથી તેઓ જીવતી સ્ત્રીપર બીજી કરવાની પહેલ કરી શક્યા નહિ. વડિલોના મતને માન આપવાને અને તેમની આજ્ઞા પાળવાને તેઓ સદાય તત્પર રહેતા તેનું દષ્ટાંત આ કરતાં બીજું મળી શકવું મુસ્કેલ છે.



# દર્શન ૧૨ મું.

## આજમ અનંતજીની રાજય સત્તા.

पुष्पं पुष्पं विचिन्वीत, मूलच्छेदं न कारयेत् ।
मालाकार इवारामे, न यथांगारकारकः ॥१॥

અર્થ—"માળી જેમ પૂષ્પ વાટિકામાં ઉગેલા છોડપરથી કેવળ પૂષ્પજ "ચુંટી લે છે, પણ જડમૂળથી તેને ઉખાડતો નથી, તે પ્રમાણે રાજાએ "પણ પ્રજા કનેથી થોડું થોડું દ્રવ્ય લેવું, પરંતુ કોયલા બનાવનારની "પેઠે જડમૂળમાંથી ઉચ્છેદન કરવાં નહિ."

રાજા વડે પ્રજા છે અને પ્રજા વડે રાજા છે-યથા રાજા તથા પ્રજા-રાજાએ રૈયતના હૃદયમાં રાજ્ય કરવું જોઇએ-બળાત્કારથી સ્થાપેલી રાજ્ય સત્તાનો પાયો ખળભળી જાય છે-નબળાપર સબળાએ જુલમ ન કરવો, એ વિષે એક સંસ્કૃત વિદ્વાનનું વચન-જીર્ણદૂર્ગનું રામ રાજ્ય-તે રાજ્યના મહત્ પ્રતાપ-હિન્દી પ્રજાનું સુખ દેશી રાજાઓપર આધાર રાખે છે-તે વિષે સરજોન માલકમના વિચારો-જીર્ણગઢના રાજ્યની સર્વોપરી સત્તા-શ્રી ગાદકડાના સીમાડાની તકરાર-જુનાગઢના લાભમાં થયેલો ચુકાદો-મોજે બોરડી ગામનો વાંધો-તે બાબત શ્રી અનંતજીનો ઉદ્યોગ અને તેમાં મળેલી ફત્તેહ-શ્રી જુનાગઢની બોરડી ગામપર સ્થપાયેલી રાજ્ય સત્તા-સંગીતપર રા. રા. અનંતજીની પ્રીતિ-ગાયન એ ઇ-



શ્વરી બક્ષિશ છે-એક લખનારનો તે વિષે અભિપ્રાય-ગાયન એ એક હુન્નર છે-તે વિષે કુઇન્ટીલીયનનો મત-ગાયન ઉપર રીઝા થયેલા યુરોપીયન મહાત્માઓ-સંગીત્ વિદ્યાને આર્યજનોએ આપેલી ઉચ્ચ પદની-કાળબળે એ સ્વભાવિક વિદ્યાની થઈ પડેલી અધમ દશા-ખુા. હામદખાનજીની સંગીતશાસ્ત્રપર રૂચી-ગોસ્વામિજી વ્રજનાથજીની ગાયનકળામાં કુશળતા-ઉદાર રાજા અને સન્તોષિ આચાર્ય-રા. રા. અનંતજીના કુટુંબમાં લગ્ન મહોત્સવ-રાંધનપુરની રાજ્ય કુંવરી સાથે કુમારશ્રી મ્હોબતખાનજીના લગ્ન-ખુદાવંત્ નવાબશ્રીનું યાત્રાર્થે આમરણ પધારવું-નિશાન બાગમાં રા. રા. અનંતજીભાઇની તથા ખુા. નવાબશ્રીની કુશળતા-શ્રી જામસાહેબની મૂલાકાત માટે થયેલી ગોઠવણ-કેટલાક વિઘ્ન સન્તોષિઓને હાથે મુલાકાતનું પડી ભાંગવું-ખુા. નવાબશ્રીની બીમારી-એ બીમારીએ લીધેલું ભયંકર સ્વરૂપ-ખુા. હામદખાનજીનું બ્હેસ્ત નશીબ થવું-તેને લીધે સુરાષ્ટ્રમાં છવાયેલો શોક-હરિઈચ્છા બળવાનછે-તે વિષે એક ફારસી કવિનું વચન-સાવધાનીનો સમય--જુનાગઢમાં તોફાન ઉઠવાનો સંભવ--રાજ્યશ્રીયૂત્ અનંતજીએ લીધેલા ચાંપતા ઈલાજો--તેથી રાજ્યમાં અને રાજ્ય કુટુંબમાં પથરાયેલી શાંતિ--ખુા. નવાબશ્રી મ્હોબતખાનજીનું તખ્તનશીન થવું--રા. રા. અનંતજીભાઇની થયેલી પ્રસંશા:—

---

રાજાવડે પ્રજા છે અને પ્રજાવડે રાજા છે. એ કહેવત્ યથર્થ છે. પ્રજા દ્રવ્યવાન, આબાદ અને સર્વ પ્રકારે સુખ વૈભવ ધરાવનારી હોય તેનો રાજ્ય કર્ત્તા પણ તેવોજ સુખ-વૈભવ અને ન્હાના પ્રકારની ચ્યાશત ભોગવવાને ભાગ્યવાન્ થાય છે "यथा राजा तथा प्रजा" એ કહેવત્ સાચી છે. જેવો રાજા તેવી પ્રજા. જે રાજા વિર્યવાન્, શૌર્યવાન્ અને દ્રવ્યવાન હોય છે, તેની પ્રજા પણ કેટલેક દરજજે તેવું ઉચ્ચ સુખ મેળવવાને ભાગ્યવાન્ નિકળે છે જે રાજા ન્યાયી અને રાજ્યનીતિમાં કુશળ હોય છે તેની પ્રજા સુખી-સતોષિ અને આબાદ રહે છે. રાજ્ય કૃપાવડે પ્રજાના

હક્કોનું સંરક્ષણ થાય છે, ન્યાય મળે છે અને કેટલીક પ્રકારના નવા હક્કો પણ મળે છે, તેથી પ્રજા નિરંતર પ્રસન્ન રહે છે, અને પ્રસન્ન રહેલી પ્રજાપર રાજ્યસત્તા દિન ઉગે વધારે બળવાન્ થતી જાય છે. પ્રખ્યાત્ "लोर्ड मेकोले" એક પ્રસંગે કહે છે કે—

"રૈયતે આપણા ઉપર રાજ્ય કર્ત્તા તરીકે જે અતિ પવિત્ર વિશ્વાસ મુક્યો તેનો ઘાત કરીનેજ માત્ર જે સત્તા ભોગવી શકીએ તે અથવા જે સત્તાનો પાયો હલકાં અજ્ઞાનપણા અને વળી કંગાળીયતપણા ઉપર રચાયેલો હોય તે સત્તા શું કામની? અથવા શી બીસાદની?"

એવી રાજ્ય સત્તા ચલાવવાને માટે જૂનાગઢના નવાબ શ્રી હામદખાનજી અને પ્રધાન શ્રી અનંતજી રાજી નહતા. બળાત્કારથી સ્થાપેલી સત્તા સ્થિર રહેતી નથી, અને એવી અસ્થિર સત્તા સ્થાપવામાં અવિચળ કીર્તિ પણ નથી. રાજા અથવા પ્રધાને જો રાજ્યની પ્રબળ સત્તાનો અવિછિન્ન પાયો નાખવો હોય તો તેમણે પ્રજાનાં મન હરી લેવાં. આપણે પાછળ વાંચી ગયા છીએ કે ખુ. હામદખાનજીને રાજ્ય-ગરાશ મેળવવાની અને રયાશત વધારવાની ઉત્કંઠા હતી, અને એવી ઉત્કંઠાને ઉત્તેજન આપવાને રાજ્યશ્રીયૂત* અનંતજીભાઈ તત્પર હતા, પણ તે ઉત્સાહ, નીતિ-ધર્મની હદમાં સમાઈ રહ્યાં હતાં વિના કારણે પારકી જમીન અને દ્રવ્ય પચાવી લેવું, નબળા જમીનદારોને વિના કારણે દબાવવા એવી અયોગ્ય રાજ્ય નીતિ ચલાવવી એ મ્હોટો દોષ છે. એક વચન છે કે—

वापिकूपतडागा द्यै र्वाजपे यश तैर्मखैः ॥
गवां कोटिप्रदानेन भूमिहर्त्ता न शुद्ध्यति ॥

*રા. મંગળજી ગવરીશંકર બૂચ એક પ્રસંગે લખે છે કે—ગરાશ--ચાશ મેળવવાથી રાજ્યની બહેતરી છે, એવું શિક્ષણ દેનાર અને નવાબશ્રીનો રાજ્ય લોભ વધારનાર રા. રા. અનંતજી મુખ્ય હતા.



અર્થ—"જે કોઈ મનુષ્ય કોઈની જમીન હરી લે તે ચાહેતો સેંકડો તળાવ, કુવા, જળાશય, આદિ બનાવે અથવા "वाजपय" આદિ સેંકડો યજ્ઞ કરે અને કોટિ ગાયનું દાન કરે તો પણ શુદ્ધ થતો નથી."

એવી દોષયુક્ત રાજ્યનીતિ અધર્મિ રાજ્યકર્તાના રાજ્યમાં ચાલે છે, અને તેથી રાજ્ય ચલાયમાન્ થાય છે, પણ જૂનાગઢના ધર્મ રાજ્યના રાજ્યધોરણો પ્રતાપી રામના રાજ્ય સરખાં હતાં. એ ધર્મ રાજ્ય મ્હોટાં મનનું અને નીતિ-ધર્મ રસ્તે ચાલનારૂં હતું, અને તેથી પ્રજા પ્રીત્તિ વ્હોરીને રાજ્ય સત્તાનાં મૂળ ઉંડાં રોપ્યાં હતાં. "सरजोन मालकम" કહે છે કે—

"જો દેશિ રાજા ઉચ્ચ રાજ્યકિય સ્થિત્તિના નિયમો જાણી, પોતાના સૂખ કરતાં પ્રજાનાં સૂખ તરફ વધારે લક્ષ આપે તો બ્રિટિશ રાજ્યના ગમે તેવા જાલમ અધિકારીઓ કશી પણ ઇજા કરી શકે નહિ. હિન્દ ઉપર બ્રિટિશ રાજ્ય ગમે તે રીતે જામે તોપણ તેથી હિન્દની પ્રજા કદી સંતોષ પામનાર નથી, પણ દેશિ રાજાઓ તેવીજ રીતે બલકે તેથી ઉતરતી રીતે રાજ્ય કરશે તો પ્રજા તેને પૂજ્ય ગણશે. હિન્દનું સુખ દેશિ રાજાઓ ઉપર આધાર રાખે છે. તેઓએ પોતાના જડ વૈભવ છોડી, ભવ્ય શક્તિની રાજ્યનીતિનો અમલ કરીને લોકોનાં મન હરણ કરવાં. જ્યાં સુધી તેઓ નબળા રહેશે અને મૂઢ કાર્યસારીઓને આશરે પડશે ત્યાંસુધી તેઓ અને તેઓની પ્રજા સારી સ્થિત્તિમાં આવનાર નથી રાજાના દિવાન અને કાઉન્સીલના સલાહકારી સ્વતંત્ર, પ્રમાણિક, દેશાભિમાની અને લોક હક સમજતા હશે તોજ દેશિ રાજાની સ્થિતિ રૂડી થઇ હિન્દનો દહાડો ફરશે."

યથાર્થ રીતે જોઈએ તો જીર્ણગઢના રાજ્યની સ્થિત્તિ આ સમયે સર્વોત્તમ હતી. રાજ્ય હકના રક્ષણને માટે યોગ્ય મથન થતું હતું દબાઇ ગયેલી રાજ્ય હદ અને ગામ-ગરાશના ગુમાવેલા હક્કો

મેળવવાને માટે ભગિરથ પ્રયત્ન ચાલતો હતો અને 'એ યત્નમાં ખુદાવંદ નવાબશ્રીનો તથા રાજ્યશ્રી અનંતજીનો મુખ્ય હાથ હતો.

વિક્રમ સંવત્ ૧૯૦૬ ની શાલ જૂનાગઢના રાજ્યને લાભકારક હતી. શ્રી ગાડકડાના સિમાડાની તકરાર બહુ વર્ષની લંબાયેલી હતી, અને ક્રમે કરીને તેનો નિર્ણય આવતો નહોતો. તે બાબત રા રા અનંતજીભાઈએ હાથમાં લીધી અને એજન્સિ અમલદારોની આગળ રજુ કીધી. આ વખતે પોલિટિકલ એજંટના હોદ્દાપર ક-ર્નલ લોન્ગ સરખા દીર્ઘ દ્રષ્ટિવાળા, કામકાજમાં ખબરદાર અને કો-ઇના તેજમાં ન અંજાય એવા અધિકારી હતા. તેઓએ આ તક-રારપર ત્વરીત લક્ષ દીધું અને જૂનાગઢની દલીલો અને હકની મજબૂતી જોઈને તેના લાભમાં ચૂકાદો આપીને આ લાંબા વખતની તકરારનો અંત આણ્યો×

એક વિજયી માણસને વધારે વિજય મેળવવાની તૃષ્ણા થાય છે અને એવીજ તૃષ્ણા જૂનાગઢના રાજ્યસત્તાવાળાઓના હૃદયમાં ઉપજી મોજે **બોરડી** ગામ શ્રી જીર્ણગઢના મૂળ ગરાશીઆનું હતું, પણ તેમની નબળાઇપર લાભ લઇને બગસરાના કાઠિ તાલુકદારોએ તે ઘણી મૂદ્દત થયાં સ્વાધિન કર્યું હતું. આ ગામ મેળવવાને માટે ખુા. હામદખાંનજીને ઘણીજ મમતા હતી, પરંતુ તે મહા પ્રયત્ને પણ ફળતી નહતી. અરસપરસ બેહદ મમત વધ્યો હતો. જૂનાગઢ સરકારે તે ગામ ઉપર હક ઉઠાવ્યો હતો, પણ તે હક મ્હોટા યત્ન

---

×આ ચૂકાદાથી રાજ્ય પેદાશમાં જોઈએ એવો તત્કાળ લાભ ન થયો, કારણ કે વાર્ષિક ઉપજ ફક્ત રૂ. ૮૦૦ થી તે રૂ. ૧૦૦૦ સુધી-નીજ તે વેળાએ હતી, પરંતુ ધીરે ધીરે તે વધીને સંવત્ ૧૯૪૫ ની શાલમાં રૂ. ૧૫૦૦૦ ના આંકડાપર આવી હતી.



છતાં પ્રાપ્ત થતો નહતો. મૂળ ગરાશીઆ પણ કાઠિ હતા, અને તેનું નામ ચાંપરાજ હતું તેની અને બગસરાના તાલુકદારની વચ્ચે આ ગામ બાબત ઘણી મૂદ્દત થયાં વૈર ચાલતું હતું, અને તેથી વારં-મવાર ઝગડા થતા હતા. આવા એક ઝગડામાં બગસરા તાલુકદારના માણસોને હાથે ચાંપરાજ માર્યો ગયો, અને તેથી હવે શ્રી જૂનાગઢના સત્તાવાળાઓના હાથમાં પોતાની લડત આગળ ચલાવવાની એક નવી તક આવી. સમય પણ અનુકુળ હતો. કર્નલ લોન્ગ સરખા ન્યાયી પોલિટિકલ એજંટ હતા અને તેમની પાસે રાજ્ય હકની દલીલો રજુ કરનાર રા. રા અનંતજી સરખા યુક્તિવાન્ અને સમર્થ પ્રધાન્ હતા. ચાંપરાજના વંશમાં કોઇ નહતું, તેથી તેનો ન્હાનો ભાઇ **જેસુર** તેનો વારસદાર હતો. તેને સમજાવીને રાજ્યશ્રીયુત અનંતજીએ હાથમાં લીધો, અને જૂનાગઢની રાજ્યસત્તા મોજે **બો-રડીપર** કેટલે દરજ્જે પહોંચે છે તે બાબતની મજબુત દલીલો કર્નલ લોન્ગ સન્મૂખ રજુ કરી. એજન્સિ અમલદારે એ દલીલો સ્વિકારી અને જીર્ણગઢની સ્વાધિનતામાં એ ગામ સોંપીને યોગ્ય ન્યાય દીધો, તેથી નવાબ શ્રી હામદખાનજી આજમ અનંતજીપર બહુજ પ્રસન્ન થયા. સબબ તેમના યત્ન અને કુશળતાવડેજ આ ફત્તેહ થઈ હતી અને એવી ફત્તેહ મેળવવાને ખુા. હામદખાનજી ઉત્સુક હતા.

રા રા. અનંતજીભાઈને સંગીતપર અતિ મોહ હતો અને એ કળામાં અપૂર્વ પ્રવિણતા હતી તેને લીધે તેમને ઘણોજ આનંદ થતો હતો. ગાયન એ ઇશ્વરી બક્ષિશ છે અને એવી ઈશ્વરી બક્ષિ-શથી પ્રાણિમાત્રને સ્વભાવિક આનંદ થાય છે. ગાયનના લાભ એક લખનાર આ પ્રમાણે વર્ણવે છે.

"ગાયનથી શ્રવણેન્દ્રિદ્વારા મનને આનંદ થઇ આનંદથી શાન્તિ ઉત્પન્ન થઈ, ગંભિર, શાંત, દિવ્ય આનંદને માટે ભૂમિ રચાઇ ઇશ્વર સાથે ઉપાસના યોગને અનુકુળ ઉત્પન્ન થાય છે."

"કુઇન્ટીલીયન" નામનો વિદ્વાન કહે છે કે—

"ગાયન એ એક હુન્નર છે, કે જે મનુષ્ય માત્રમાં અનેક સદ્ગુણ ઉત્પન્ન કરે છે, માટે તે દરેક માણુસે શિખવું જોઇએ."

બુલબુલ પક્ષિનું ગાયન સાંભળીને "વાલ્ટન" નામનો નામિચો અને પ્રાચિન કવિ આનંદમાં ગરક થઈને એકવાર બોલ્યો હતો કે—

"ઓ પ્રભુ! તેં આકાશના ફિરસ્તાઓને માટે આ કેવું સુંદર ગાયન બનાવ્યું છે?"

'अरिस्टोटल' કહે છે કે—

'ગાયન એ કુદરતની એક ઉમદા બક્ષિશ અને મનુષ્ય જાતની એક મહાભારત શોધ છે. જેમ વિદ્વતા માણસ જાતને નેકી શિખવે છે, તેમ ગાયન પ્રાણિ માત્રને મોજ આપે છે, અને એ બેના મેળાપથી મનુષ્યને ખરૂં સુખ મળે છે."

પ્રખ્યાત કવિ पोप અને 'ग्रेगरी' ગાયનને ઉત્તમ ગણીને તેની સ્તુતિ કરતા હતા. આઠમો હેન્રી ગાયન સાંભળીને કોઈવાર એવો તો ખુશી થતો કે તે તેને પોતાની માશુક કરીને કહેતો હતો. તેણે એ શોખને લીધે કેટલીક સુંદર કવિતાઓ કરી હતી અને પોતાના મરણ પછી પોતાની સમાધી ઉપર રણશિંગડાં વજડાવવાની આજ્ઞા કરી હતી. એજ પાદશાહના ચેન્સેલર "सरथोम्स मुरे" પોતાની પત્નિને સંગીતવિદ્યામાં ખૂબ કુશળ કરી હતી. તે એટલીજ મતલબથી કે આ સૃષ્ટિનું મિથ્યાત્વપણું અને દોર દમામ ભૂલી જાય. "गोल्डस्मिथ" કહે છે કે—



"જ્યારે સમીસાંજનો વખત થાય છે અને લોકોની ગડબડ કમી થઇને શાન્તિ પથરાય છે ત્યારે સામેની ડુંગરીઓ પરથી કેવાં મધુર (કુદરતિ) ગાયનનો અવાજ આવે છે?"

સંગીત વિદ્યાને આર્ય જનોએ પણ ઉચ્ચ જગ્યો આપી છે. શ્રી કૃષ્ણભગવાને મોરલીમાં સામવેદ ગાયો હતો. નારદમૂની વીંણાના નાદવડે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને મોહ પમાડે છે પ્રાચીન કાળના રાજાઓ અને રાણીઓ ગાયનકળામા પ્રવિણ હતાં. આપરથી સિદ્ધ થાય છે કે ગાયનમાં દિવ્ય તત્વ સમાયાં છે, પરંતુ કાળબળે કરીને તે અધમ સંગ પામી ગયું છે અને તેને લીધેજ રસિક પુરૂષોની રૂચી, એ દિવ્ય તત્વપરથી નહિ પણ તેના અધમ આશ્રિતો પરથી ઉતરી ગઇ છે, તે છતાં હિન્દનાં ન્હાનાં મ્હોટાં રાજ્ય દરબારોના મ્હાલયોમાં અને શ્રીમાન્ લોકોના ગ્રહોમાં તેનું થોડું ઘણું મહત્વપણું જળવાઈ રહ્યું છે.

રા. રા. અનંતજીભાઇના સત્સંગને લીધે ખુ. હામદખાનજીને પણ આ સ્વભાવિક વિદ્યાપર રૂચી હતી. તેઓ સંગીતશાસ્ત્રમાં કુશળ એવા ગવૈયાઓને પાસે રાખતા, તેમના મુખથી ગાયન સાંભળતા અને વખતો વખત પાદશાહી નવાજેશ પણ કરતા હતા. આ સમયને વિષે જામનગરમાં ગોસ્વામિ શ્રી વ્રજનાથજી વિરાજતા હતા અને તેઓ સંગીતશાસ્ત્રમાં કુશળ ગણાતા હતા. તેઓ પોતાના શિષ્ય વર્ગની અંદર ફરતા ફરતા શ્રી જુનાગઢમાં પધાર્યા. તેમની કીર્તિના પડધા શ્રી સોરાષ્ટ્રમાં વાગી રહ્યા હતા, અને તેથી શ્રી હામદખાનજીને શ્રી ગોસ્વામિજીના મુખથી ગાયન સાંભળવાની ઇચ્છા થઇ. તે ઇચ્છા પ્રાપ્ત કરવાને માટે રાજ્ય મહાલયમાં મહારાજ શ્રી વ્રજનાથજીની પધરામણી કરવાનો વિચાર કીધો, પણ વૈષ્ણવી સંપ્રદાયના કાનુંન પ્રમાણે એક ગોસ્વામિથી મુસલમાની

રાજ્ય સભામાં જવું એ અધમ ગણાય, તેથી નવાબશ્રીનું આમંત્રણ ઉપકાર સાથે સ્વિકાર્યું નહિ, પરંતુ ખુા. નવાબશ્રી હામદખાનજીને તો ગમે તે પ્રકારે શ્રી મુખથી ગાયન સાંભળવું હતું, તેથી રા. રા. અનંતજીભાઇએ પોતાની વાટિકામાં મહારાજ શ્રી વ્રજનાથજીની પધરામણી કરી એ વખતે ખુા. નવાબ સાહેબ પણ વિરાજ્યા હતા અને ગોસ્વામિશ્રીની ગાયન કળામાં નિપુણતા અને અનુભવે કરીને હજુર શ્રી કૃતાર્થ થયા હતા. પધારતી વેળાએ મહારાજશ્રીને રા. રા. અનંતજીભાઇએ કિમતી ભેટ ધરી અને નવાબ સાહેબે પણ મૂલ્યવાન્ પોષાક ધર્યો, તથા વંશપરંપરાને માટે એક ગામ આપવાનો આગ્રહ કર્યો, તે ઉપકાર સાથે અંગીકાર ન કરતાં ઉલટી નવાબ સાહેબને કિમતી બક્ષિશ કરી. ધન્ય છે એવા ઉદાર રાજાને અને સન્તોષ આચાર્યશ્રીને!

રાજ્યશ્રીયુત્ અનંતજીભાઈ ઉદાર બુદ્ધિના અને રાજ્ય વૈભવ ભોગવનારા પ્રતાપિ પુરૂષ હતા. તેમને પ્રસંગે અને વગર પ્રસંગે દ્રવ્ય ખર્ચવાની મસ હોંશ હતી. એ હોંશ પરિપૂર્ણ કરવાનો શુભ પ્રસંગ વિક્રમ સંવત્ ૧૯૭૭ ની શાલમાં આવી પહોંચ્યો. રાજ્યશ્રીયૂત અમ્રતલાલને તથા રા. રા. અનંતજીભાઇને અત્યાર સુધી સન્તાન સુખ નહોતું, પરંતુ રા. રા. પ્રભુલાલતો પૂત્રને ઘેર પૂત્ર-સન્તાન જોવાને ભાગ્યશાળી થયા હતા. તે પૂત્રનું નામ માણેકલાલ હતું અને તેમને આજદિન સુધીમાં એક પૂત્રિનું સુખ મળ્યું હતું. આવી રીતે આ શ્રીમાન્ વસાવડા કૂળમાં સન્તાનની અપૂર્ણતા હોવાને લીધે આ પૂત્રિને રાજ્ય કુંવરીની માફક ઉછેરવામાં આવી હતી અને તેનાપર સર્વનો અપૂર્વ ચાહ હતો. તે હવે લગ્ન કરવા યોગ્ય ઉમરમાં આવવાથી રા. રા. અનંતજીભાઈએ બડી ધામધુમથી તેના લગ્ન કરવાની તૈયારી કરી. બાળ-સન્તાનની અપૂર્ણતાને લીધે આજ દિન સુધીમાં આ શ્રીમાન્ ગૃહે આવો શુભ દિવસ નહોતો આવ્યો,



તેથી આ તકે તેમના હૃદયમાં અવર્ણિય ઉત્સાહ વધ્યો હતો. વિક્રમ સવત ૧૯૦૭ ના માઘ માસમાં લગ્નારંભ આદર્યો. એ સમારંભમાં પૂછવાનું શું હોય ? રા. રા. અમ્રતલાલ સરખા સુરાષ્ટ્રના સંપત્તિવાન્ અને રા. રા. અનંતજીભાઇ સરખા સમર્થ પ્રધાનને ત્યાં વિવાહ પ્રસંગ આવે તેના વૈભવને ધામધુમ અવર્ણિય હોય તેમાં આશ્ચર્યકારક કાંઈજ નથી. માઘ માસ નજદિક આવી ઉભો અને જીર્ણદુર્ગે ઇંદ્રપ્રસ્થનું રૂપ લીધું. કુમ્કુમ પત્રિકાઓ લખવામાં આવી અને રાજ્યકુંવરીના વિવાહ સમાન લગ્નારભ કીધો. સૌરાષ્ટ્રના મુખ્ય મુખ્ય રાજાઓ તરફથી આ શુભ અવસરે યોગ્ય માણસો આવ્યાં અને રાજકોટના ઠાકુરશ્રી તથા બીજા સબંધવાળા તાલુકદારોએ આવીને દિવાનશ્રી અનંતજીનાં આમંત્રણને યોગ્ય માન આપ્યું. લગ્ન મહોત્સવ પ્રસંશા કરવા લાયક થયો. ન્હાનાં પ્રકારનાં વાજીંત્રોથી જીર્ણગઢ ગાજી રહ્યું. ભાટ ચારણ અને કવિજનોને ઇનામ-શિરપાવ કરવામાં મણા ન રાખી. બ્રાહ્મણોને ભાવતાં ભોજનો જમાડીને સંતુષ્ટ કીધા. નાગર ગ્રહસ્થો તથા બ્રાહ્મણોનો શ્રી જીર્ણદુર્ગમાં સારો જથો× છે, અને તેથી ત્યાંના બ્રહ્મ ભોજનો બીજાં શહેરો કરતાં વખાણાય છે, અને એવાં વખાણવા લાયક બ્રહ્મ ભોજનો કરવાનો શોખ રાજ્યશ્રીયૂત્ અનંતજીમાં વિશેષ હતો, તેથી તેઓએ એક એકથી ચઢિયાતી નાતો કરીને પોતાની તૃષ્ણા પૂર્ણ કરી. આ પ્રસંગે ખુા. નવાબશ્રી હામદખાનજી દિવાનશ્રી અનંતજીને ત્યાં વારંવાર પધારતા અને લગ્ન ઉત્સાહના આનંદમાં ભાગ લેતા હતા. રાજવાડાના માણસોને સૌ સૌની યોગ્યતા પ્રમાણે ઇનામ-શિરપાવ આપ્યો અને પોતાના ઉદાર મનની ખાત્રિ કરી આપી રાજકોટના

×શ્રી જુનાગઢ એ નાગરોનું મ્હોટું મથક છે. તેમાં આશરે બે હજાર નાગરોની વસ્તિ છે. એ જુનાગઢને હાલમાં વડનગરની ઉપમાં આપી શકાય. ગુ. મિત્ર.

ઠાકોરશ્રી આ પ્રસંગપર જીર્ણગઢમાં લગભગ એક માસ રહ્યા અને રાજ્યશ્રીયુત્ અનંતજીભાઈને માન-વસ્ત્રાદિ આપીને પ્રસન્ન કર્યા.

તે દરમ્યાન ખુ. નવાબશ્રીના ન્હાના ભાઈ કુમાર શ્રી મ્હોબતખાનજી અને રાધનપુરના નવાબશ્રીની કુંવરી સાથે લગ્નગાંઠ બાંધવાની સન્ધી ચાલી કુમારશ્રી મ્હોબતખાનજી આ લગ્નગાંઠ બાંધવાને આતુર હતા પણ કેટલાંક કારણોને લીધે ખુ. હામદખાનજી એ બાબતમાં વિરૂદ્ધ હતા, અને તેથી તેમની વચ્ચે અણબનાવનાં બીજ રોપાયાં. એક નજીવી બાબતને દેશી રાજ્યમાં મ્હોટું રૂપ પકડતાં વિલંબ લાગતો નથી, તેનાં ઘણાં કારણો છે. દ્વેષિ અને ખટપટી લોકો પોતાનો સ્વાર્થ સાધવાને માટે રાજ્ય કુટુંબમાં ક્લેશ વધારે છે અને રાજ્યને અનેક પ્રકારની હાનીમાં લાવી નાખે છે. આ બાબત અટકાવવાને માટે ખુ. હામદખાંનજીએ લેવાય એટલા ઈલાજો લીધા, અને એજન્સિ અમલદારો પણ આ કાર્યની સામા થયા, તેને લીધે કુમારશ્રી મ્હોબતખાનજી વધારે આગ્રહે ભરાયા અને ગમે તે યત્ન કરીને પણ આ કાર્ય પાર પાડવાને માટે રાજ્યહઠ પકડી બેઠા. રાજ્યહઠ જેટલું નુકશાન કરે છે તેવું નુકશાન કરવાને બીજું કોઈ સમર્થ નથી. એ વિચાર લક્ષમાં લઈને રા. રા. અનંતજીભાઈ વચમાં પડ્યા. તેઓ પ્રબળ શક્તિવાન્ હતા, અને તેમની તેવી અદ્‌ભૂત્ શક્તિવડે આ વિરોધનો અંત આવ્યો. ખુ. નવાબશ્રીને સમજાવીને કુમારશ્રી મ્હોબતખાનજીને રાધનપુર જવાની રજા અપાવી અને તેથી પ્રસન્ન થઈને તેઓ આ વર્ષના કાર્તિક શુક્લ પક્ષની ૧૪ ને રોજ છાંડસ્વારીએ રાધણપુર સિધાવ્યા અને બીબી કમાલબક્ષ સાથે લગ્ન કરીને થોડી મુદ્દત ત્યાંજ રોકાયા.

તેજ માઘ માસમાં ખુ. નવાબ સાહેબ દાતલશાની માનતા અર્થે પાદશાહી રશાલા સાથે શ્રીઆમરણ પધાર્યા. રાજ્ય વૈભવનો



નવાબશ્રીને બહુજ શોખ હતો તેથી તેઓ ગોંડલ માર્ગે થઈને શ્રી રાજકોટ પધાર્યા, અને ત્યાં આગળ થોડા દિવસ રહીને એજન્સિ અમલદારોને મળવા હળવામાં અને એવાંજ બીજાં કારણાર્થે રોકાયા. રા. અનંતજી રાજકોટમાં પણ મૂખ્ય મંત્રિ હતા, તેથી ખુ. નવાબ સાહેબનું પણ ત્યાંના દરબારશ્રીએ યોગ્ય સન્માન કીધું, અને માન-વસ્ત્રાદિ આપીને સંતુષ્ટ કીધા. નવાબશ્રીને શિકારનો ઘણો શોખ હતો અને એ શોખને લીધે તેઓ સારી રીતે નિશાન પાડી શકતા હતા. જૂનાગઢના નવાબશ્રીએ શ્રી રાજકોટમાં એક દિવસે એજન્સિ અમલદારોને ખાણું આપ્યું અને બીજી મોજમજાહનો પ્રારંભ કીધો. એમાં નિશાન બાજીની મૂખ્ય રમત હતી. રા. રા. અનંતજીભાઈએ પણ એ નિર્દોષ પરંતુ ખબરદારી ભરેલી રમતમાં ભાગ લીધો અને તેમાં તેઓએ સારી ખબરદારી બતાવીને એકઠા મળેલા ગ્રહસ્થોની પ્રસંશા મેળવી. સૌરાષ્ટ્રના સિપાઈ નાગરો સિપાઈગીરીનો ધંધો પડતો મુકીને મૂત્સદ્દગીરીને ઉદ્યોગે વળગ્યા છે, તેથી તેઓ શસ્ત્રવિદ્યામાં અને પુરૂષાર્થમાં પશ્ચાત પડી ગયા છે એવા પુરૂષોએ રા. રા. અનંતજીના દ્રષ્ટાંતથી બહુ શિક્ષણ લેવાનું છે.

નવાબશ્રીની સ્વારી મજલપર મજલ કરતી શ્રી આમરણ પહોંચી. સાથે રાજ્ય શ્રીયુત્ અનંતજીભાઈ પણ હતા. ત્યાં બાવા હતારી થોડા દહાડા રહ્યા અને ખૂબ ખેરાત કરી. એ દરમ્યાન્ શ્રી જામ સાહેબે પોતાની રાજ્યધાનીમાં પધારવાનું નવાબશ્રી હામદખાનજીને આગ્રહપૂર્વક આમંત્રણ દીધું, પણ દેશી રાજાઓને પરસ્પર મળતાં ઘણી અડચણો નડેછે. તેઓમાં માન પાન આપવા લેવામાં અને બેઠક ઉઠકની બાબતમાં ઘણોજ મમત રહેલો છે, તેથી ગમે તેવી ઇચ્છા છતાં તેઓ મળીને એક બીજાની મૂલાકાતનો લાભ લઈ શકતા નથી. દેશી રાજાઓમાં ઐક્યતાની ઘણીજ આવશ્યક્તા

છે, તેથી કરીને રજવાડાઓને તથા તેમની રૈયતને અવર્ણિય લાભ છે. હિન્દનો ઉદય દેશી રાજ્યસ્થાનોની એકયતા સાથે સબંધ ધરાવે છે પણ કાળબળે ગર્વિષ્ટપણા અને માંહો માંહેના દ્વેષને લીધે ક્ષય રોગની માફક તેમની સત્તા ખવાતી જાયછે, અને જે વખત જાય છે તેમાં તેમનો નાશ થવાનો સંભવ રખાયછે. જીર્ણગઢનું રાજ્ય સૌરાષ્ટ્રના સંસ્થાનોપર સાર્વ ભૌમ્યપણું દર્શાવેછે અને તેને લીધે તે વિશેષ માન મેળવવાનો દાવો ધરાવેછે આવા સબબને લીધે અખંડ પ્રૌઢ પ્રતાપ જામ સાહેબની મૂલાકાત લેવામાં કેટલાંક વિઘ્નો નડ્યાં. તેમની રાજ્ય સભાની બેઠકના કાનુનો સખ્ત છે અને એવા સખ્ત કાનુનોનો ભંગ કરવામાં આવતો નથી આ બાબતમાં અરસ પરસ ઘણો વ્યહવાર ચાલ્યો, રા. રા. અમૃતલાલ અને દિવાનશ્રી અનંતજી ભાઇએ સૌરાષ્ટ્રના આવા શ્રેષ્ટ રાજ્ય કર્તાઓને મેળવવાનો યત્ન કીધો પણ તે કેટલાંએક કારણોને લીધે ફળીભૂત થયો નહિ. જામશ્રી વીભાજીની ઇચ્છા નવાબ સાહેબ હામદખાનજીને મળવને માટે ઉત્કંઠિત હતી અને નવાબ સાહેબ પણ જામશ્રીનો વૈભવ જોવાને ઉત્સુક હતા, પરંતુ કેટલાક વિઘ્ન સંતોષિ પુરૂષોના પ્રયત્નથી આ મેળાપની વાત પડી ભાંગી, અને ઉભય રાજ્ય કર્તાઓની સ્ફુરાએલી આશા અંતઃકરણમાંજ સમાઇ રહી. નવાબશ્રીએ દાવલશા પીરને પૂણ્ય-દાન વડે પ્રસન્ન કરીને કૂચ કરી અને થોડા દહાડામાં શ્રી જીર્ણગઢને વિષે ક્ષેમ કુશળ રાજ્ય સ્વારી આવી પહોંચી. દૈવ્ય યોગે નવાબ સાહેબની આ મુસાફરી છેલ્લી હતી તેઓ યાત્રાએથી આવીને એકાએક બીમાર પડ્યા, અને તેથી સર્વે રાજ્યભક્તોના ચિત્ત વ્યગ્રતાને પામ્યાં એક પ્રજાપ્રિય રાજા જ્યારે મંદવાડને બિછાને પડે ત્યારે તેની રાજ્યભક્ત પ્રજાનાં મન દુઃખી થાય તેમાં આશ્ચર્યકારક કાંઇજ નથી દેશી રાજ્યવૈદોએ અને આ કાળના કાબેલ દાક્તરે એ બની શકે એટલા ઉપચારો કીધા પણ દૈવ્ય ઈચ્છા આગળ મનુષ્ય



યત્નો મિથ્યા છે. મંદવાડ, રોજને રોજ વધતો ગયો, અને ક્ષય રોગથી નવાબશ્રી જીર્ણદુર્ગની પ્રજાને શોકસાગરમાં ડુબાવીને જેઠ શુકલપક્ષની ૨ ને બુધવારને રોજ બહેસ્તનશીબ થયા સુરાષ્ટ્રનો સૂર્ય અસ્ત થયો. જીર્ણગઢની પ્રજાએ શોક વસ્ત્ર ધારણ કર્યાં સર્વ સ્થળે ઉદાશીનતા પ્રસરી રહી અને પોલીટીકલ એજંટ સાહેબે શોક પ્રદિપ્ત કર્યો. દિવાન શ્રી અનંતજીના શોકમાં પૂછવાનું ન હતું. તેમને ખુા. નવાબશ્રીના સ્વર્ગવાસથી કારી જખમ થયો આ જખમ કયમે કરીને રૂઝાય તેમ નહોતો રાજ્યશ્રીયૂતની શક્તિ પિછાણનારા, તેમની સલાહ માન્ય કરનારા, તેમનો અભ્યુદય ઈચ્છનારા અને સર્વે પ્રકારનું ઉચ્ચ માન આપનારા રાજ્યકર્ત્તાના વિયોગથી રાજ્યસેવકને જે હાની થાય તે હાની અવર્ણિય હોવી જોઇએ.

રા. રા. અનંતજી રાજ્યભક્ત હતા, અને એવા રાજ્યભક્ત પ્રધાનપર રાજાની કૃપા ઉતરે એ બનવા યોગ્ય છે ખુા. હામદખાનજી તથા શ્રીયૂત અનંતજીને અપૂર્વ પ્રીત્તિ હતી. અને એ પ્રીત્તિના સંબંધમાં એક અર્વાચિન કવિએ આ પ્રમાણે દુહો કહ્યો છે.

"करडो तप हामद कीयो, मेरु तळाटीमांय;
"धुंणी लई आगे धरी, अनंत शिश उठाय. ॥१॥

મતલબ—"ખુા. હામદખાનજી મેરૂ પર્વતની તળાટીમાં તપશ્ચર્યા કરતા હતા, તે વખતે અનંતજીએ શિરપર ધુંણી ઉઠાવીને આગળ મૂકી શ્રી હામદખાનજીની સેવા કરી હતી."

ગમે તેવી પ્રભુતા ધરાવનાર પાદશાહો અને શ્રીમાનો પણ પ્રભુ ઇચ્છા આગળ રાંક છે. હરિઈચ્છા બળવાન છે અને એ બળવાન સત્તાને સ્વાધિન થયા વિના છૂટકો નથી. ફારસીમાં એક બેત છે કે—

"શરે અરાદને માવ આશતાને હઝરતે દુસ્ત,
"કે હરચે બર શરેમા, મીરવદ અરાદતે ઉસ્ત. ॥

મતલબ—"અમારી ફરમાનદારીનું માથું બુલંદ દોસ્તના ઊંબર "ઉપર છે. જે જે અમારી ઉપર ગુજરે છે, તે તેની મરજીથી છે એટલે "ઇશ્વર ઈચ્છાથી સઘળું બને છે."

એવું જાણીને સુખ દુઃખ સહન કરવું એ જ્ઞાતા પુરૂષનું કામછે.

આ સમય સાવધાનીનો હતો. દરેક દેશી સંસ્થાનોમાં રાજ્ય-કર્તાના મરણ સમયે રાજ્ય તૃષ્ણા ધરાવનારા મનુષ્યો તરફથી ઉઠે છે અને એવા અશાંતિના વખતમાં રાજ્યને હાની થવાનો સંભવ રખાય છે. જૂનાગઢમાં પણ આ કાળે તોફાન ઉઠવાનો ભય હતો, પણ રાજ્યશ્રીયુત્ અનંતજીભાઈએ અગમચેતી વાપરીને શિરબંદી અને બીજા અમીર ઉમરાવોને સમજાવીને સ્વાધિનતામાં રાખ્યા હતા, તેથી ફીતુરીઓ તેમની મુરાદમાં ફાવવાને અશક્ત નિકળ્યા. કુમારશ્રી રાધનપુર હતા, તેમને આ માઠા બનાવની જાણ કરવામાં આવી, અને તેથી તેઓ પવનવેગથી શ્રી જીર્ણગઢ પધાર્યા, પણ રાજ્ય કુટુંબમાં અશાંતિ હતી. કેટલાક ફીતુરી માણુશોની ઉશ્કેરણીથી બ્હેસ્તનશિન નવાબશ્રી હામદખાનજીની ચર્ચા હેડ એજન્સિ અમલદારોના કાન સુધી જઇ પહોંચી, પરતુ આ બાબત ગંભિર રૂપ પકડે તે પહેલાં તો સમર્થ અનંતજીભાઈએ નિજ શક્તિના પ્રતાપથી તે ચર્ચા દાબી દીધી. રાણીઓને ગામ-ગરાસને વાર્ષિક લવાજમ આપીને સુલેહ સમાધાની કીધી અને અચ્છી ધામધુમથી અશાઢ શુકલ પક્ષની ૧૩ ને શુક્રવારની સ્હવારમાં ચઢતે પ્રહરે ખુ. મ્હોબતખાનજીને તખ્તનશિન કીધા. પ્રજા ઘણો હર્ષ પામીને નવાબશ્રી મ્હોબતખાનને પુષ્પથી વધાવીને રાજ્યભક્તિ દર્શાવી. રા. રા. અનંતજીનો યત્ન નિષ્ફળ ન ગયો. તેમણે બજાવેલી સેવનું ફળ ત્વરીત મળ્યું. જીર્ણગઢ ભૂપાળ અને પોલિટિકલ એજન્ટ કર્નલ લોન્ગ તરફથી રાજ્યશ્રીયુતને સ્તુતિ પત્રો મળ્યા અને તેમની કીર્ત્તિ સારાષ્ટ્રમાં વિશેષ પ્રદિપ્ત થઈ.



# પ્રકરણ ૯ મું.

## જીર્ણગઢમાં પંચનું નીમાવું-પંચની કારકીર્દિ અને આજમ અનંતજીની કીર્ત્તિનો મધ્યાન કાળ.

## દર્શન ૧૩ મું.

### જીર્ણગઢમાં પંચનું નીમાવું.

"દેશી રાજ્યો કાયમ રહ્યાથી આપણું રાજ્ય નબળું પડવાને "બદલે વધારે કૌવત્વાળું થશે. સમાધાનીને વખતે પણ એ રાજ્યો "ઉપયોગી છે."

(લોર્ડ કેનીંગ).

બ્રિટીશ રાજ્યની બલીહારી છે-દેશીરાજ્યોપ્રતિ બ્રિટિશ સરકારની ફરજ-સાર્વભૌમ્યપણું ધરાવનારી સરકારની રાજ્યનીતિ-જીર્ણગઢના રાજ્યકારોબારમાં ફેરફાર-પંચદ્વારાએ રાજ્ય ચલાવવાનો ઠરાવ-પંચદ્વારાએ ન્યાય કરવાનું પ્રાચિન્પણું-તેથી રાજા અને પ્રજાને થતો અવર્ણિય લાભ.

બ્રિટિશ રાજ્યનીતિના ન્યાયી ધોરણોની બલીહારી છે. ખુ. નવાબ શ્રી મ્હોબતખાનજી ન્હાની વયમાં

તખ્તનશિન થયા એ તક હાથમાં ધરીને કેટલાક એજન્સિ અમલદારોએ રાજ્ય સત્તામાં હાથ ઘાલવાનો યત્ન કર્યો, પણ એ યત્નમાં ફાવવાને તેઓ અસમર્થ નિવડ્યા; પરંતુ રાજ્યહિત અર્થે રાજ્ય બંધનમાં કેટલોક ફેરફાર તો કરવાની અગત્ય જણાઈ આવી. હિન્દના દેશી રાજ્યોના સંરક્ષણાર્થે કેટલીક વાર વડિસરકાર તરીકે બ્રિટિશ સરકારને વચ્ચે આવવું પડેછે અને એવું આવવું ઘણી વખતે દેશી સંસ્થાનોને લાભકારક થાયછે. નબળાં અને ન્હાનાં દેશી રાજ્યોને વખતો વખત ઉપયોગી સલાહ આપવી, સંકટ સમયે સહાયતા કરવી અને અડાકડીની વેળાએ એવાં સંસ્થાનોને ટકાવી રાખવાને માટે ત્વરાથી જોઈએ એવી યોજના કરવી એ ધર્મ સાર્વભૌમ્યપણું ધરાવનારી સરકારનો છે, અને એવો ધર્મ બજાવવાને માટે બ્રિટિશ સરકાર દરેક તક હાથમાં ધરેછે એ સંતોષકારક છે. દેશી રાજ્યોના બચાવમાં પોતાનો બચાવ છે અને તેમની નબળાઈમાં પોતાની પણ નબળાઈ છે એવી રાજ્યનીતિ બ્રિટિશ સરકારની છે અને એવી રાજ્યનીતિ ગ્રહણ કરવાથી દેશી રાજ્યોની સાથે એ મ્હાન્ રાજ્યની પક્ષ મજબુતાઈ વધતી જાયછે એ નિઃસંશય છે. આવી રાજ્યનીતિમાં કોઈ કોઈ વાર ફેરફાર થાયછે, અને એવા ફેરફારથી દેશી રાજ્યો અને બ્રિટિશ રાજ્યો નુકશાનમાં આવી પહોંચેછે. એ અપરાધ રાજ્યકર્ત્તાનો નથી પણ રાજ્ય કર્ત્તાએ પસંદ કરીને મોકલેલા પ્રતિનિધિનો છે, અને તેથી પ્રતિનિધિ પસંદ કરવામાં ઘણીજ સાવચેતિ રાખવાની આવશ્યકતા છે. સારે નશિબે આ સમયે સૌરાષ્ટ્રના પોલીટીકલ એજંટ તરીકે કર્નલ લૉન્ગ સરખા ન્યાયી અને રાજ્યકારભારમાં અતિ નીપુણ અધીકારી વિરાજતા હતા, અને જીર્ણગઢની દિવાનગીરીપર રાજ્યશ્રીયુત્ અનંતજી સરખા સમર્થ પ્રધાન્ હતા, તેથી વિઘ્ન સંતોષિ લોકો વધારે વિનાશ કરવાને અસમર્થ હતા, પણ રાજ્યના કલ્યાણાર્થે નવાબ સાહેબની ન્હાની ઉમર ધ્યાનમાં લઈને યોગ્ય ફેરફાર કરવાની જરૂર હતી અને એ જરૂર પુરી પાડવાને માટે કર્નલ



લૉન્ગે પંચ દ્વારાએ રાજ્ય વહીવટ ચલાવવાને માટે મુંબાઈ સરકારમાં રીપોર્ટ કર્યો. એ રીપોર્ટ રાજ્યની સુલેહ શાંત્તિ ને આબાદીને માટે હતો તેથી સરકારે મંજુર રાખ્યો અને તે જુનાગઢના અધિકારીઓને પસંદ પણ પડ્યો; તેથી પંચની નિમણુંક કરવાને સરકારના હુકમથી કર્નલ લૉન્ગ શ્રી જીર્ણગઢ આવ્યા અને રા. રા. અનંતજીના પ્રમુખપણા નિચે પંચની સ્થાપના કીધી. પંચમાં રા. રા. અનંતજી અમરચંદ, બાટવાના ખાનશ્રી અને હબીબખાં સરવાણી એ ત્રણ અધીકારીને નિમ્યા અને એ નિમણુંક યોગ્યજ હતી. રા. રા. અનંતજીના હાથમાં દિવાનગીરી હતી. બાટવાના ખાનશ્રી જીર્ણગઢના ભાયાત હતા, હબીબખાં રાજ્યમાં કર્ત્તાહર્ત્તા અને એજન્સિની પસંદગીના હતા એટલે આ ત્રીપૂટી, સત્તાવન્ અને રાજા-પ્રજાની પ્રસન્નતામાં આવે એવી હતી.*

બ્રિટિશ સરકાર હિન્દના દેશી સંસ્થાનો ઉપર સાર્વભૌમ્યપણું ધરાવેછે, અને એવી સાર્વભૌમ્યપણાની સત્તાવડે અનેકવાર દેશી સંસ્થાનોની સત્તામાં હાથ નાખવાની ફરજ પડેછે, પરંતુ આવી ફરજ બજાવતાં કેટલીક વાર તે અપ્રીત્તિમાં પણ આવી પડેછે. દેશી રાજ્યો નો કારોબાર રાજ્યકાર્યભારીઓના હાથમાં રહેવા દઈને તેનાપર સિદ્ધિ રીતે દેખરેખ રાખવાને બદલે એવાં રાજ્યોપર જપ્તિ બેસાડવમાં આવેછે અને રાજ્યકર્ત્તાને તથા તેની પ્રજાને ઘણું ઘણું કરવું પડેછે અને તેનાં કારણો પણ છે. દેશી રાજ્યની સુધારણાએ મોકલેલા બ્રિટિશ અમલદારની દયા નીચે જ્યારે એકાદ સસ્થાનને મૂકવામાં આવેછે, ત્યારે તેના તરેહવાર ફાંટાને અધિન થવું પડેછે અને એવી

* કર્નલ લૉન્ગના ઠરાવથી દિવાન અનંતજી તથા તેમને મદદગાર બીજા બે મુસલમાન તાલુકદારને આપી, પંચ હસ્તક રાજ્ય ચલાવવાની ગોઠવણ કરી. (ગુ. મિત્ર, તા. ૧ લી અક્ટોબર ૧૮૬૫.)

આધિનતા દર્શાવતા કેટલીકવાર અસંતોષ અને અરૂચી ઉત્પન્ન થાયછે. એકતો દેશી રાજ્યના કાયદા-કાનુંનથી અને રાજા પ્રજાની વ્યહવારિક રૂઢીઓથી તે અજાણ્યુ હોયછે અને "એવા અજાણ્યા" અમલદાર પોતાની મરજીમાં આવે એવી રીતે રાજ્યમાં ફેરફાર" કરીને રાજ્યમાં અસંતોષ ફેલાવેછે, તેના કરતાં પંચદ્વારાએ રાજ્ય સત્તા ચલાવવાની રીત ઘણીજ પ્રસન્ન થવા યોગ્ય છે. દેશી સંસ્થાનની અંદર વગ અને સત્તા ધરાવનારા પુરૂષોની કાઉન્સીલ નીમીને તેમના હાથમાં રાજ્યની લગામ આપી જવાબદાર ઠરાવવાથી ".રાજ્યતંત્ર." જોઇએ એવી રીતે ચાલેછે, અને વડી સરકાર અપ્રીત્તિમાં આવી શકતી નથી બ્રિટિશ રાજ્યને અને પ્રજાને ન્યાય મળવાને માટે પણ પંચ અથવા લવાદ અનુકુળ થઈ પડેછે, કારણકે પંચદ્વારાએ ન્યાય કરવાની રીત હિન્દુસ્તાનમાં પ્રાચીન્ કાળની છે, અને એ રીત દેશી લોકોને રૂચીકર પણ છે. માંહો માંહે ટંટા-ફિશાદ પતાવવાને માટે વારમવાર ન્યાયમંદિરોમાં દોડી જવું, અને વખતનો તથા પૈસાનો ભોગ આપીને મોંઘી કિમતે વેચાતો ન્યાય લેવાને બદલે પરસ્પરની મંજુરી આતથી પંચ નીમીને વાંધાનો નિકાલ લાવવો એ બને પક્ષને લાભકારક છે. દિવસે દિવસે ન્યાય મોંઘો થતો જાય છે અને એવો મોંઘો ન્યાય મેળવવાને લોકો અશક્ત થતાં જાય છે તેવા સમયમાં કોર્ટોની સ્થાપના થવાની આવશ્યક્તા છે.





# દર્શન ૧૪ મું

## પચની કારકીર્દિ.

" જે રાજાઓ પોતાની રૈયતના હૃદયમાં રાજ કરે છે, તેજ રાજા
" અતિ નિર્ભય અને સ્વતંત્રપણે રાજ્ય ચલાવે છે. તેમની સેના કરતાં,
" તેમની લોક પ્રત્યે ભલાઈ, તેમનુ રાજ્ય વધારે સાચવી રાખનાર છે;
" અને રૈયતના મનમાં ભય હોય તેના બદલામાં તેમનામાં હેત હોય
" તો તેથી રૈયત વધારે આજ્ઞામાં રહે છે."

(લોર્ડ ચેસ્ટરફીલ્ડ.)

પંચની કારકીર્દિ-આજમ અનંતજીભાઈની બુદ્ધિની કસોટી કરવાનો સમય-તેમની રાજ્યકળામાં કુશળતા-રાજ્યદ્વારિ વિટંબનામાંથી નિકળવાની શક્તિ-સિંધીઓ અને રબારીઓ વચ્ચે ઉભું થયેલું વેર-તેમાંથી થયેલી નાની ઝપાઝપી-તેનું વર્ણન-બન્ને ટોળાં વચ્ચે થયેલી શાંતિ-મુલીગકેરીનો રબારી બારવટીઓ-તેનું યોગ્ય શિક્ષાએ પહોંચવું-ભાવનગર અને જૂનાગઢના ૭૬ ગામો વચ્ચેની તકરાર-આજમ અનંતજીના યત્નથી તકરારનો થયેલો નિવેડો-ગોંડલ દરબારના સરસી પરગણા અને જૂનાગઢના વીસાવદર ગામની સરહદનો વાંધો-તેના સંબંધમાં કર્નલ લેંગે જૂનાગઢના લાભમાં કરેલો ચૂકાદો-આજમ અનંતજીભાઇની કાર્યભાર કરવાની યૂક્તિ-રાજા-પ્રધાને રૈયતના હૃદયમાં રાજ્ય કરવું જોઇએ-સખ્તાઈ અને નમ્રતા બન્ને સાથે વાપરવી-તે વિષે એક ફારસી બેત-ઈજારે ગામડાંઓ આપવાનો પ્રાચીન રીવાજ-તેથી રાજા પ્રજાને હાની-એ હાનીકારક રીવાજ અટકાવવાની આજમ અનંતજીભાઈએ લીધેલી તક-નવી રાજ્ય પદ્ધતિથી દફતરો તથા નિમણુંકોની કરેલી

ઓકવણો-આ સમયમાં શ્રી સૌરાષ્ટ્ર ભૂમિના રસ્તાઓની હાલત-તેથી પડતી મુસાફરોને અડચણો-તે ટાળવાને લીધેલા યોગ્ય ઉપાયો-નવાં નવાં ગામોની કરેલી સ્થાપના-બંદરોનો સુધારો-તે સુધારવાને આજમ અનંતજીની યૂક્તિ-રાજ્ય કુંવરનો જન્મોત્સવ-માંગરોળ અને જુનાગઢ વચ્ચેની તકરાર-એ તકરારે લીધેલું ભયંકર રૂપ-એજન્સિ અમલદારોની કુમક સાથે નવાબશ્રીએ માંગરોળપર કરેલી ચઢાઇ ને તેમાં થયેલો જય--રા. અમૃતલાલનો મંદવાડ--એ મંદવાડે લીધેલું ભયંકર રૂપ--તેમનો સ્વર્ગવાસ-તેથી આજમ અનંતજીને તથા તેમના કુટુંબને ઉપજેલી ગ્લાની-આ જગતનું અસ્થિરપણું--ઉત્તર રામચરિત્રમાંથી એક દૃષ્ટાંત--જીંદગી શાની બનેલી છે તે વિષે લોર્ડ બેકનનો અભિપ્રાય--મનુષ્યની ચઢતિ પડતી--રા. અમૃતલાલની ઉત્તર ક્રિયા--તેમાં રાજ્યશ્રીયુતે ખર્ચેલું અપાર દ્રવ્ય-

પંચની સ્થાપના થયા પછી રા. રા. અનંતજી ભાઇની વિશારદબુદ્ધિ, અનુભવશક્તિ, અને રાજ્ય કારભાર ચલાવવાની કુશળતા વિલોકવાનો વખત આવી ઉભો. આજ દિનસુધીતો તેઓને ફક્ત એકલે હાથે રાજા અને પ્રજાનીજ પ્રસન્નતા મેલવવાનું હતું, પણ હવેથી પોતાનું કેટલેક દરજ્જે સ્વાધિનપણું ઓછું થયું હતું એટલે પંચમાં વિરાજનારાની અને એજન્સિ અમલદારોની સાથે મલીને રાજ્ય કારોબાર ચલાવવાનું અને તેમાંથી દેશ પ્રાપ્ત કરવાનું અતિ વિકટ કામ આવી પડયું હતું, પણ ગમેતેવા વિકટ કાર્યની અંદરથી રાજ્યકળામાં કુશળતા ધરાવનારા પુરૂષો પોતાનો રસ્તો શોધીલેછે, અને કીર્તિના શિખરપર અનેક તરેહના વિઘ્નો ઓલગીને પહોંચેછે. રા. રા. અનંતજીભાઈ પણ રાજ્યતંત્ર ચલાવવાને સમર્થ હતા, તેથી તેમની પાસે કશી અશક્ય વાત નહોતી. સૌરાષ્ટ્ર સરખા અનેક તરેહની ઊપાધીયુક્ત રજવાડાનો કારોબાર ચલાવવાનેજ તેઓ સુજેલા હતા. તેઓ એક-



પછીએક જેજે રાજ્યદ્વારિ વિટંબના આવી પડતી તેમાંથી નિકળીને મહત્ યશ મેળવવાને ભાગ્યવાન્ થતા હતા. પંચનો કારભાર પ્રજાપ્રિય થઈ પડે, રાજાનું સંરક્ષણ થાય, પ્રજાની આબાદી વધે અને બ્રિટિશ સરકારથી પ્રસન્નતા મળે એટલાં કાર્યોપર તેમને લક્ષ આપવાનું નહતું, પણ તે સાથે રાજ્યમાં વસતા બદમાશ લોકોને સત્તા બળવડે વશ કરવાનું, સુલેહ શાન્તિ મળવાનું, અને પ્રતિપક્ષિઓને દાબી દેવાનું કામ પણ દિવાનશ્રી અનંતજીને માટે ઉભું હતુ અને એ સઘળા ગુંચવાડા ભરેલા રસ્તા વટાવતાં જરાપણ ગફલત કરવાથી હાનીમાં પડવાનુ હતું, આવા ગુંચવાડાની નોંધ વાંચવાથી રાજ્યશ્રીયૂત્ અનંતજીની મુશ્કેલીનો ખ્યાલ આવશે.

કુતીઆણા પરગણાના ગામ ઇશ્વરીઆના સિંધી અને ગોંડલ પરગણાના રબારીઓ વચ્ચે એક નજીવા કારણસર વેર ઉત્પન થયું, અને તેઓએ મોજે ભાલવડા ગામ માર્યું, તથા કેટલાક રબારીઓના પ્રાણ લીધા, સંવત ૧૮૦૯માં આ સંબંધમાં રા૦ મંગળજી ગવરીશંકર બુચ લખેછેકેઃ––

"મોજે ઇશ્વરીઆવાળા સિંધી બહુજ બળમાં આવી ગયા "હતા અને અડકલે ગામ ભાંગતા હતા, તથા માણસોનાં ખુન કર"તાં હતા. તે મુજબ મોજે ભાલવડ ગામ એ સિંધીઓએ ધાડું "પાડીને માર્યું અને છ રબારીઓના ખુન કીધાં, તેની વારે હું "તથા ધોરાજીની સીબંદી એ જઇને મોજે ઇશ્વરીઆને ઘેરો ઘાલ્યો, "પરંતુ એ પરતાલુકાનું ગામ હતું અને સિંધીઓ અતિ બળે પ"ડેલા હતા તેથી વધારે ઊપાય ન લેતાં ત્યાંના પટેલ વગેરેના તા"બામાં સંધીઓને સોંપી હું પાછો ફર્યો ને ભાલવડે આવીને "રબારીઓને શાંત કીધા; આ વેર તેમની વચ્ચે અતિ જોરથી અતિ "જોરથી ચાલ્યું. સિંધીઓનું ફાવે તો રબારીઓને મારી નાખે "અને રબારીઓ ફાવે તો સિંધીઓને મારી નાખે એવા પક્ષ "પડયા. સિંધીઓ ઇશ્વરીયુ ગામ મૂકીને રબારી સામે થવાને હથિ-

"ચાર બાંધીને બહાર પડયા અને રબારીઓ પણ તેમની પાછળ "સગડ લઇને ભેટો કરવાને માટે ધસ્યા ગયા. આવી રીતે ચાલતા "ચાલતા ભાયાવદર તાબાના ગામ મોજે ખીજડીયાની સીમમાં ""શંખાવળા" નામના વોકળામાં સિંધી લોકો પડાવ કરીને રહ્યા "હતા. તેમનાપર રબારીઓએ એકાએક હુમલો કરીને તેમને દાબી "દીધા. થોડી વાર સુધી પરસ્પર બંદુકની લડાઇ ચાલી અને પછી "તરવાર-ઢાલની લડાઈ પર આવ્યા. આ ફિસાદમાં સંધિઓના "મુખી બાવા જુણેજા વગેરે મોડબંધી માણસો કામે આવ્યાં, અને "રબારીઓના પણ કેટલાંક માણસો કપાઈ ગયાં."

આવી કાપાકાપી ને મારામારીનો અંત આણવા માટે રા. રા. અમરજીભાઇએ ધ્યાનપર લીધું. જુનાગઢની સીરબંધીના માણસોને તેઓએ ગુન્હેગારોને પકડી લઇને યોગ્ય તપાસ કીધી અને ખરા ગુન્હેગારોને શિક્ષાએ પહોંચાડીને એજન્સિ અમલદારોની સલાહથી કસુંબા પાઈને બન્ને પક્ષ વચ્ચે સલાહ કરાવી.

તેજ વર્ષમાં સુલીગડ઼ેનો રબારી નામે તેજો બારવટે નીકળ્યો હતો, અને ત્યાંના તાલુકદારની નબળાઇનો લાભ લઈને ઘણુંક ખુન તથા બીજી રંજાડ કરતો હતો, તેને પકડીને યોગ્ય શાસને પહોંચાડવાને દિવાનશ્રી અનંતજીભાઇ શક્તિવાન્ થયા.

વિક્રમ સંવત્ ૧૯૧૦ માઘ માસમાં શ્રી ભાવનગર ઉપર શ્રી જૂનાગઢ સરકારે ગીરના ૭૬ ગામના સંબંધમાં દાવો ઉઠાવ્યો અને એ દાવો સાંભળવાને માટે કર્નલ લેન્ગે પ્રભાસપાટણ મુકામે ઠરાવ્યું. આ કેશ મમત ઉપર ચઢેલો હતો. મ્હોટા ગરાસની તકરાર હતી અને એ તકરાર ચલાવવાને માટે ભાવનગર તરફથી રાજ્યશ્રીયુત ગવરીશંકર ઉદયશંકર સરખા રાજ્યનીતિજ્ઞ અને મહા સમર્થ પુરૂષ હાજર હતા અને શ્રી જીર્ણગઢ તરફથી સમર્થ રાજ્યશ્રીયુત અનંતજી સરખા કુશળ પ્રધાન હતા. એવા બન્ને બળવાન રાજ્યો અને



રાજ્ય પ્રધાનની મજબૂત દલીલો સાંભળીને સત્યતા શોધી કાઢવાનું કામ મુશ્કેલ હતું. આ તકરારી ગામો જેને ખુમાણનો મુલક કહેછે તેમાં એટલે કુંડલા પરગણામાં આવેલાં હતાં, અને તે ભાવનગરના ભોગવટામાં હતા. તેનાપર જૂનાગઢે જ્યારે દાવો ઉઠાવ્યો ત્યારે ગાધકડા ગામ જે જીર્ણગઢના તાબાનું હતું તેનાપર ભાવનગરે પોતાનો હક લંબાવ્યો હતો. આવી પરસ્પરની તકરારો સાંભળીને કર્નલ લેન્ગ એવા ઠરાવપર આવ્યો કે "આ ગામો ઉપરથી જૂનાગઢ દરબાર પોતાનો હક ઉઠાવી લે, તેના બદલામાં ભાવનગર દરબાર તેને પ્રતિ વર્ષે રૂ. ૯૦૦૦ આપે અને ગાધકડા ગામ શ્રી જીર્ણગઢના તાબામાં રહે. આવા ઠરાવથી આ મ્હોટાં રાજ્ય વચ્ચેની તકરારનો અંત આવ્યો. કેટલાક સીમાડાના અને એવાજ બીજા વાંધાઓ હતા તે પતી ગયા અને લાંબી મૂદત થયાં જે કાળજી, ચિન્તા અને ખર્ચ કરવામાં આવતું હતું તે બંધ પડયું. ખુદાવંત મ્હોબતખાનજીએ દિવાન શ્રી અનતજીનો પરિશ્રમ નિજ જાતથી જોઈને બહુ પ્રસન્ન થયા.

એવોજ એક મ્હોટો વાંધો ગોંડળ દરબાર સાથે ચાલતો હતો. ગોંડળના સરસઈ પરગણાના અને જૂનાગઢના વીસાવદર ગામની સરહદને લગતી તકરાર હતી, અને એ તકરારની રૂએ ગોંડળ, ગીરમાં પોતાનો દાવો ઉઠાવતું હતું. આ દાવાનો નીકાળ એજન્સિ દ્વારાએ થવાનો હતો અને તેથી મજેવડી મુકામે કર્નલ લૅન્ગ પાસે પોત પોતાના દાવા રજુ કરવાને માટે જૂનાગઢના પ્રતિનીધિ તરીકે આજમ અનંતજીભાઇ અને ગોંડળ તરફથી રા. મણીશંકર વૈદ હાજર થયા.

રજુવાતનો ચોકસ દિવસ મુકરર થયો અને તે દહાડે બન્ને પક્ષકારોની તકરારો કર્નલ લૅન્ગે સાંભળી લીધી. રા. રા અનંતજીની કુશળતાથી સાહેબ મોસુફના જાણવામાં હતી અને તેથી તેમની

તકરારપર વજન આપીને પોલીટીકલ એજંટ કર્નલ લૅંગે ગોંડળનો દાવો રદ કર્યો, અને હવે પછી તકરાર ન ઉઠે તેને માટે ખુંટ નાખીને સરહદ મુકરર કીધી.

આવી રીતે પડોશી રાજ્યોની સાથે અનેક તરેહના વાંધાઓ ઉઠતા અને એ વાંધાઓમાં રાજ્ય શ્રી અનંતજીભાઇનો ઘણોક કાળ રોકાતો હતો, તે છતાં તેઓએ રાજ્ય સુધારાઓપર ઓછું લક્ષ ન પહોંચાડયું. રાજ્યની આબાદી કરવી, અને પ્રજાને લાભ થાય એવા કાયદા–કાનુનો બાંધવા એ મહત્તાઇ ભરેલુંછે. જે રાજ્યની પ્રજા રાજ્ય પ્રતાપ વડે સુખી રહેછે, આબાદી મેલવેછે. અને એવાજ પ્રકારના વૈભવો ભોગવેછે, તે રાજ્ય મહતાઇના શિખરપર ચડેછે અને વળી "યાવત્ ચંદ્ર દિવાકર" સુધી તેનો પાયો મજબૂતાઇ પકડેછે. રાજાએ પ્રજાને વશ કરવાને માટે તેનાં હૃદયમાં રાજ્ય કરવું જોઈએ, અને એવું રાજ્ય કરવાને માટે અતિ કુશળતા ધરાવવી જોઇએ. ફારસીમાં એક બેત છેકે—

"દારોશ્તીઓ નર્મી બહંમદર બેહ અસ્ત.
"ચો રગજંન ફેજરરાહો, મરહંમનેહ અસ્ત."

અર્થ—"કઠણાઇ અને નરમાશ બેઉ સાથે વાપરવી વધારે સારી છે. જેવી રીતે શસ્ત્ર વેદ વાઢકાપ કરેછે, અને રૂઝનો મલમ પણ લગાડેછે તેમ."

આવી રીતે રાજ્ય ચલાવવાનું ધોરણ રાજ્ય શ્રી અનંતજી ભાઇએ રાખ્યું હતું અને એ ધોરણ વડે રાજ્યને અવર્ણિય લાભ મળવાના સાધનો પ્રાપ્ત થયાં.

પ્રાચિન કાળથી ગામડાંઓ ઈજારે આપવાનો રવૈયો શ્રી સૌરાષ્ટ્રમાં ચાલતો આવેલો છે. એ રવૈયાથી પ્રજાને કેટલાંક નુકશાનો વેઠવાં પડેછે એવું દિવાન શ્રી અનંતજીના અનુભવમાં ઉતર્યું હતું.



રાજા પાસેથી ઇજારો લીધા પછી પ્રજાને ન્હાના પ્રકારે નીચોવી લાભ મેળવવાની ઈચ્છા ઈજારદારો રાખેછે; અને તેને લીધે પ્રજા-આબાદીમાં કેટલાંક વિઘ્નો આવી પડેછે. પ્રજા આબાદ રાખીને આબાદ થવાની ઈજારદારો ઈચ્છા ધરાવતા નથી. તેઓ તો ઇજારાની રકમ ઉપરાંત પોતાના પેટની તૃપ્તિ કરવાને માટે હરેક બ્હાને ગરીબ ખેડુતોને રંજાડેછે. તેઓએ કાળી મહેનતે પેદા કરેલો પાક ધોળે દિવસે લૂટીલેછે, પરંતુ તેમની દાદ ફરિયાદ કોઇ સાંભળતું નથી. રાજા અને તેના અમાત્ય મંડળને ઈજારદારે આંજી નાખેલા હોયછે, એટલે તેઓ છતે કાને બ્હેરા થઇને બેસેછે એટલે તેમાં પ્રજાનો ખરેખરો મરો થાયછે, અને એવા મરામાંથી બચાવવાને માટે જીર્ણગઢના રાજ્યમાંથી ઈજારો આપવાનો રવૈયો બંધ કરવાની આવશ્યકતા આઝમ અનંતજીભાઈના અંતરમાં ઊતરી, તેથી તેઓએ ઈજારા બંધ કરીને યોગ્ય વહિવટ ચલાવવાને માટે સારા સારા પગારોથી વહિવટદારોની નિમણુંકો કરી. હિશાબી દફતરો રાખવાનો રવૈયો પાડયો. મુનશી દફતર કહાડયું ને ઉપજ નિપજનું વાર્ષિક સરવૈયું કાઢવાનો ઠરાવ કીધો, અને બીજા કેટલાક કાયદા કાનુનોમાં ફેરફાર કરીને તથા વધારો કરીને સઘળો રાજ્ય કારોબાર નિયમમાં આણ્યો આવા રાજ્યસુધારા સાથે બીજા પણ અગત્યના સુધારાપર લક્ષ આપ્યું. આજ દિન સુધી સૌરાષ્ટ્રમાં અગ્નિરથથી લોકો અજાણ્યા હતા, તેથી સઘળો વ્યહવાર બળદની ગાડીઓથી અને એવાંજ બીજાં વાહનોથી ચાલતો હતો, પરતુ તેઓને ચાલવાને માટે સૌરાષ્ટ્રમાં રસ્તાઓનું કશું ઠેકાણું નહોતું. ટેકરા ટેકરી અને ખાડા-ખોકળાવાળા અજાડી રસ્તાઓપર થઇને ભારબરદારી ગાડાઓને તથા માણસોને આવ–જાવ કરવાનું હતું તેથી કરીને જાનવરોને તથા માણસોને ઘણીજ હેરાનગતી વેઠવી પડતી હતી. એવી હેરાનગતી દૂર કરવાને માટે જીર્ણગઢના રાજ્યમાં રસ્તાઓ સુધારવાને માટે આઝમ અનંતજીભાઈએ લક્ષપર લીધું. આ વખતે જીર્ણગઢથી જેત-

પર સુધીનો રસ્તો બાંધવાની પહેલી અગત્ય હતી, કારણ કે શ્રી રાજકોટની જાવ આવ ઘણી હતી અને ત્યાં જવાને માટે આ રસ્તો વપરાશમાં આવતો હતો, તેથી જીર્ણગઢથી તે જેતપર સુધી પાકી સડક બંધાવી તથા તેવીજ અગત્ય ધરાવનારૂં બીજું મથક વેરાવળનું હતું. તે એક વેપારીબંદર તરીકે અને જીર્ણગઢના મ્હોટી પેદાશવાળા મહાલ તરીકે મહતાઇ ધરાવતું હતું તેથી ત્યાંસુધી પણ પાકી સડક બંધાવી. આ રસ્તા બંધાવતા કેટલાક નદિ નાળાં અને વોકળાના પૂલો બંધાવ્યાથી ભર ચોમાસામાં પણ માણસોને જવા આવવાની સગવડતા થઈ પડી. **કાળવાનો** પૂલ તથા **ખરેડાનો** બેઠો પૂલ એ બે અગત્યના બાંધકામ પ્રજાપયોગી થઈ પડ્યાં. આવી રીતે રાજ્યના બીજા મુખ્ય મુખ્ય મહાલોના રસ્તાઓ સુધારીને પ્રજાનો વ્યહવાર સુર્લભ કરી દીધો, તેથી લોકો પચની કારકીર્દિ પસંદ પડતી થઈ પડી. વસ્તિની આબાદી થતી ગઇ. ગીરનો કેટલોક ભાગ વસાવવા યત્ન કીધો અને તેથી પરતાલુકાઓની રૈયતનેં પસંદ પડતા કરારો કરી દઇને ગીરમાં કેટલાંક નવાં ગામડાં વસાવ્યાં અને ઉપજમાં વધારો કીધો. જુનાગઢની સ્વાધીનતામાં વેરાવળનું મૂખ્ય બંદર છે, અને તે સિવાય બીજાં પણ કેટલાંક એવાં બંદરો છે કે તેની સુધારણાર્થે ધ્યાન પહોંચાડવામાં આવે તો રાજ્ય પેદાશને ઘણો લાભ થાય. એવાં બંદરોમાં **શીલ** બંદર,, **ભેરાઈ** બંદર, અને **નવું** બંદર પ્રખ્યાત છે. આ બંદરોને આબાદ કરવાને માટે રાજ્યશ્રીએ પ્રયત્ન આદર્યો. રા. ગવરીશંકર બુચ આ યત્નના સબંધમાં લખેછે કે—

"આ સ્ટેટની આબાદી વધારવા રા. અનંતજીભાઇને મૂળથીજ "અણહદ ચીવટ હતી. તે પ્રમાણે કેટલાંક નવાં ગામો મોજે **બોરાસા** "વગેરે ગામો વસાવ્યાં અને **વહી** બંદર, **નવું** બંદર તથા **રાજપરા** "વગેરે આડ બંદરોની તથા **વેરાવળ** વગેરે મ્હોટાં બંદરોની સુધારાર્થે યોગ્ય લક્ષ દેવાની તક લીધી, વહીબંદરમાં વાસગણે રહેવા-



"જાફરાબાદ સંસ્થાનના કેટલાક વેપારીઓ આવી ચડ્યા તેમને રા. રા. "અનંતજીભાઇએ પોતાના ખર્ચથી પોષાક-શિરપાવ આપીને ઉત્તેજન "આપ્યું. એ વેપારી લોકો અદ્યાપિ સુધી વહીબંદરમાં આબાદ છે "અને તેમને રોજગાર કરવા માટે નાણાની ધીરધાર આજમ અનં- "તજીએ ખાનગી રીતે કરેલી આજ દિન સુધી હપ્તે--પત્રે વસુલ થઇ "શકે તેવી રીતે તેમના વારસોને ભરેછે."

રાજ્યહિતાર્થે આજમ અનંતજીભાઈએ અથાગ ઉદ્યોગ આદર્યો હતો અને તેમાં ફતેહ મેળવીને જશ પામ્યા હતા. જીર્ણગઢ આ વખતે આબાદીના શિખરપર ચઢેલું હતું અને તે સઘળા પ્રતાપ પ્રતાપી અનંતજીભાઇના હતા, પણ એ સઘળા ઉદય અને આબાદીની સાથે ખુદ નવાબ શ્રી મ્હોબતખાનજીને અદ્યાપિ સુધી સન્તાન સુખ નહોતું, તેથી સર્વ રાજ્યહિતેચ્છુઓના જીવ ઉચા હતાં અને એ સુખ પ્રાપ્ત થાય તેને માટે પ્રાર્થના કરતા હતા. અંતે ઈશ્વરે પ્રાર્થના સંભળી અને ખુદાવંત નવાબ સાહેબનાં માનીતા રાણી લાડડીબુને પેટે સંવત્ ૧૯૧૨ ના વૈશાક કૃષ્ણ પક્ષની ૨ ને રોજ કુમાર શ્રીનો જન્મ થયો, તેથી રાજ્ય કુટુંબમાં, પ્રજામાં અને રાજ્યકારોબારીઓનાં અંતઃકરણમાં પરમાનંદ પ્રાપ્ત થયો.

માંગરોળ અને જીર્ણગઢ વચ્ચે નિરંતર તકરાર થયા કરતી હતી. વાસ્તવિક રીતે જોતાં માંગરોળ એ જીર્ણગઢની સ્વાધિનતામાંજ હતું, પણ વખતો વખત તે સ્વાધિનતા કાઢી નાખીને સ્વતંત્ર થવા માટે મથન કર્યા કરતું હતું, તેને સ્વાધિનતામાં લેવાને માટે રા. રા. અનંતજીભાઈ એજન્સિ દ્વારાએ ભગીરથ યત્ન કરતા હતા. એ યત્ન ફળવાની તક આવી ઉભી. માંગરોળના શેખ જીર્ણગઢની સ્વાધિનતા સ્વિકારતા નહોતા એનો આપણે જાણ્યું, પરંતુ કેટલીક વાર તો તેના હુકમનો પણ અનાદર કરવામાં આવતો હતો, આવા કારણોને લીધે તેને સ્વાધિન કરવાની જુનાગઢ સરકારે આવશ્યકતા

જોઇ, તેથી બ્રિટીશ સરકારે પોતાના બે લેફ્ટેનન્ટોના તાબામાં ગ્યારીશન લશ્કરની બે ટુકડીઓ અને તેની સાથે તોપો જુનાગઢના લશ્કર સાથે શ્રી માંગરોળપર મોકલી ને સ્વાધિનતા રિત્કરવાની ફરજ પાડી આ કમુસાતની સાથે એજન્સિદ્વારાએ રાજ્યશ્રી અનંતજીભાઈએ શ્રી માંગરોળ પરથી કોલકરારો કરાવી લીધા એ જય કાંઇ જેવો તેવો નહોતો.

આ કાળમાં આજમ અનંતજીભાઈ સરખા શક્તિવાન સત્તાવાન-ભાગ્યવાન અને સુખ-સંપત્તિવાન રાજ્યકાર્યભારી શ્રી સોરઠતે વિષે કોઇ ન હતા, પરંતુ સુખની સાથે નિરંતર દુઃખ જોડાએલુંજ હોયછે અને એવું દુઃખ આજમ અનંતજીભાઈના શિરપર આવી પડયું. તેમના વડીલ બન્ધુ રાજ્યશ્રી અમ્રતલાલ બહુ મુદતથી શરીરે અશક્ત અને અસુખી રહેતા હતા, તેથી રાજ્યશ્રીયુત અનતજી ભાઇને બહુજ ચિન્તા રહેતી આ ખરાખરીના સમયે તેઓ રાજ્યદ્વારિ કામ પ્રસંગે શ્રી અમરેલીમાં હતા અને ત્યાંથી તેઓએ પોતાના ભત્રિજા રા. માણેકલાલ પ્રભુલાલપર કેટલાંક શિક્ષણિય વચનો સાથે અંતઃકરણની ચિન્તા પ્રદિપ્ત કરી તે નીચે પ્રગટ કરેલા પત્રના ઈન્તેખાબપરથી માલમ પડશે.

**"ચિ. ભાઈ માણેકલાલ વિ. પ્રભુલાલ**

"શ્રી અમરેલીથી સુ. અનંતજી અમરચંદના આશિર્વાદ. કુશળ. ઉપરાંત લખવા કારણ એ છે જે તમારો લખ્યો પત્ર પુગ્યો. તિર્થરૂપ મુરબ્બી (અમ્રતલાલ)ને નાતાકાદ દિનો દિન જાદા. પ્રભુ આરામ કરો તમે ત્યાં હાજર છો. પ્રભુ એહશાન કરે. આ વખતે તેની પ્રભુતાઈમાં શું કસૂર તથાપિ મારા પેટમાં "લાલપ" થોલપ મટતી નથી.........ફિકરમંદીમાં દિવસ જાયછે......શ્રી ઈચ્છાને સર્વે કુશળ છઉં તો માઘ માસમાં જ્યાં તમો હશો ત્યાં આવીશ. સિવાય તમારે સરત રાખવી. તપલું નહિ ને કારકુન લોક તથા વસ્તિને પણ દિલાસો આપી કામ લેવું. એજ આશિર્વાદ સંવત ૧૯૧૨ના કાર્તક વદ



૪ સોમ. વડિલ પ્રભુભાઈને દંડવૃત."

અમરેલીથી સુ.
અનતંજી.

આપરથી વાંચનારના જોવામાં આવશે કે ગ. અમ્રતલાલના મંદવાડથી આજમ અનતજીનું મન કેટલું શોકાગ્રસ્ત હતું, અને તેમનો ઇશ્વરપર કેટલો વિશ્વાસ હતો; તે સાથે તાબાના મુત્સદ્દી તથા વસ્તિપર કેટલે દરજ્જે પ્રીતિ ભરેલી લાગણી હતી. આવા કરૂણાળુ અધિકારી પર કોણ પ્રાણ કુરબાન ન કરે?

દહાડે દહાડે રા. અમૃતલાલનો મંદવાડ વધતો ગયો. વૈદ-દાક્તરોના ઉપચારોમાં મણા ન રાખી પણ મોત આગળ ટાંકી ન લાગી. તેઓ લાંબી મૂદત મંદવાડ ભોગવીને કાંઠે પણ સન્તાન વગર એક સ્ત્રી મૂકીને વિક્રમ સંવત ૧૯૧૨ ના પોશ શુક્લ પક્ષની પુર્ણિમાને રોજ કૈલાસવાસી થયા, તેથી આપ્તમંડળમાં અને ઓળખાણ-પિછાણમાં આવેલાં માણસોમાં શોક છવાઈ રહ્યો. આ જગતનું અસ્થિરપણું જોઈને આજમ અનંતજીભાઈ ગ્લાની પામ્યા. ગમે તેવા જ્ઞાનિ પુરૂષોને પણ સ્વભાવિક રીતે સુખ-દુઃખની લાગણી થયા વિના રહેતી નથી. દેહાભિમાનજ એવું છે. દેહાભિમાન*વડેજ મનુષ્યો સુખ-દુઃખ વ્હોરી લે છે. એ મનુષ્યની નબળાઈ નથી, પણ માયાનું પ્રબળ છે. ગમે તેવા જ્ઞાનિ પુરૂષો પણ આવા માયાનાં બળને વશ થાય છે. એક નીતિ ગ્રન્થમાં વાક્ય છે કે,—

"સઘળું જગત્ વિજળીની માળા જેવું ક્ષણભંગુર છે, એમ જાણતાં છતાં પણ અમારૂં મન શોકથી પીગળે છે એ કાંઈ આશ્ચર્યની બાબત નથી, કારણ કે લોઢું પણ તપેલું હોય તો નરમ પડે છે, ત્યારે શોકથી તપેલાં મનુષ્યોના પુષ્પ સરખાં કોમળ મનની શી વાત કહેવી?"

*ઉત્તર રામચરિત્રમાં તત્રિયો અંક.

શ્રી રામચંદ્રજીને શ્રી તમસા દેવિએ કહ્યું છે કે—

"पुरोत्पीडे तडागस्य परीवाहः प्रति क्रिया ॥

"शोक्षोभेच -हृदयं प्रलापै रेवधार्यते ॥१॥

અર્થ—"સરોવર જ્યારે પાણીથી ખુબ ભરાય છે, તે વખતે તેનો બંધ તોડયા વગર બીજો કાંઇ ઉપાય હોતો નથી. તેમજ હૃદયમાં જે વખતે શોકનું પૂર આવે છે તે વખતે રૂદનથી તે સમાવવા સિવાય બીજો કાંઇ ઉપાય નથી."

એ યથાર્થ છે પણ જ્ઞાની પુરૂષો આ દેહનું તથા જગતનું ક્ષણિકપણું વિચારીને મનનું સમાધાન કરે છે, કારણ કે આ જગતજ દુ:ખમય છે, અને માણસની જીંદગી આશા અને નિરાશા, સૂખ અને દુ:ખ વચ્ચે ઝોકાં ખાયછે. लॉर्ड "बेकन" કહે છે કે,—

"જેમ ગુલાબનો છોડ સર્વેથી સુંદર પુષ્પોનો તથા સર્વેથી તિક્ષણ કાંટાઓનો બનેલો છે, જેમ આકાશ કોઇવાર સ્વચ્છ-ખુલ્લું અને કોઈ-વાર તોફાની હોય છે, તેમ માણસની જીંદગી આશા અને બીક, ખુશી અને દિલગીરી, સૂખ અને દુ:ખની બનેલી છે. અને તેથીજ મહાત્મા પુરૂષો સૂખની વખતે મદોન્મત થતા નથી. અને દુ:ખની વેળાએ કાયરતા બતાવતા નથી. એવા પુરૂષોને ધન્ય છે.

પ્રાણુ માત્રની ચઢતિ-પડતી થયા કરે છે, કોઇના પણ એક સરખા દિન જતા નથી તેના સબંધમાં એક સસ્કૃત લખનાર કહે છે કે,—

दिन मेकं शशि पूर्ण क्षीणस्तु बहु वासरा ॥

सुखात् दुःखं सुराणामप्य धिकं काकथा नृणां ॥१॥

અર્થ—"એક દહાડો ચંદ્ર પૂર્ણ હોય છે, અને ઘણા દહાડા સુધી અપૂર્ણ હોય છે. આ ઉપરથી દેવને પણ સૂખ કરતાં દુઃખ વધારે હોય છે તો મનુષ્યની શી વાત?"



બે દહાડા સુખના તો ચાર દહાડા દુ:ખના એવી રીતે આ સૂખ-દુ:ખ મીશ્રીત મૃત્યુલોક છે ત્યારે કોઇએ પણ સુખથી ઉન્મત થવું નહિ અને દુ:ખથી વ્યાકુળ થવું નહિ. એવાં અનેક કારણોને લીધે આજમ અનતજીભાઈએ શોક સમાવી લીધો અને પોતાની કીર્ત્તિ પ્રમાણે વડિલ ભાઇશ્રીની મરણક્રિયા કરી. આ વખતે શ્રી નાગરી નાતને વિષે સંપત્તિ અને સત્તામાં તેમની બરોબરી કરી શકે એવું કોઇજ નહોતું, તેથી તેઓએ દેશાવર કર્યા તથા તળપદ જુનાગઢમાં એક પછી એક ડર નાતો કરી ને સમસ્ત નાગર બ્રાહ્મણોને જનોઈ દીઠ ૪૮ કોરીની દક્ષિણા આપી આ સિવાય બીજું પણ પુણ્યદાન કરીને પોતાના વડિલ બંધુ પ્રત્યે પ્રીત્તિ દર્શાવી અને લોકમાં વાહ વાહ કહેવરાવી.



# દર્શન ૧૫ મું.

## આજમ અનંતજીની કીર્તિનો મધ્યાન કાળ.

" જે માણસમાં બધાંને ખુશી કરવાની અને જેની સાથે વાત કરે તેનો પ્યાર મેળવવાની મ્હોટી વૃત્તિ હોયછે તે માણસ એ વૃત્તિથી બળવાળું થાયછે, અને તેવું બળ બીજા કશાંથી મેળવાતું નથી. એ બળથી તેનો ઉદય અનાયાસે થાયછે. અને તેને સહાયતા પણ મળેછે. એ બળથી તેનો નાશ થતો અટકેછે."

( લોર્ડ ચેસ્ટર્ફીલ્ડ. )

એક વધતાં માણસને કુદરત વધારેછે-આજમ અનંતજીની ચઢતીનો મધ્યાન કાળ-વધતાં માણસને વખાણનારાં મનુષ્યો-આ કાળમાં શ્રી સૌરાષ્ટ્રના સંસ્થાનો વચ્ચે આજમ અનંતજીનો સંબંધ-તે વિષે એક ગ્રહસ્થના વિચારો-દરેક જણને પોતાનો કરી લેવાની રાજ્યશ્રીયુતની શક્તિ-લોર્ડ ચેસ્ટરફિલ્ડે મી. ચર્ચીલના બેતી સંબંધ વિષે આપેલા વિચારો-શ્રીમંત્ ગાયકવાડના ગીરમાં આવેલાં ગામડાંપર જોરતલબીનો હક લેવાને જુનાગઢે ઉઠાવેલો દાવો-તેમાં શ્રી જુનાગઢનો થયેલો જય આજમ અનંતજીને ઘોડાનો શોખ-સૌરાષ્ટ્રના ઘોડાઓનું સર્વોત્કૃષ્ટપણું કાઠિયાવાડી ઘોડાઓની જાતો-અર્વાચીન કાળમાં દેશી ઘોડાંપરથી થતી ઓછી પ્રીતિ-રાજ્યશ્રીયુતની સ્વારીનો ઠાઠ-તેમની ઉદારતા-કવિ પ્રત્યેનો પ્રેમ-રાજ્યવરસુર કવિને આપેલી બક્ષિસ-કવિઓ જગતને લાભ કરનારા છે-કવિની વાણી અવીચળ છે-તે વિષે એક કવિત-કવિએ નિંદેલા પુરૂષો-ફારસી એક બેત-કવિની વાણીથી સુધરેલા સત્તાધારીઓ-

એક વધતાં માણસને કુદરત વધારેછે એ કહેવત યથાર્થ છે, અને એક કુદરતે વધારેલાં માણસપર જગત મોહી



પડેછે એ પણ સત્ય છે. આજમ અનંતજીભાઈની ચઢતીનો આ મધ્યાન્ કાળ હતો અને મધ્યાન્ કાળના પ્રકાશ વડે સર્વે કોઈ અંજાઈ ગયા હતા એક સત્તા અને સંપત્તિના શિખરપર ચઢેલાં માણસની આસપાસ તેને વખાણનારા, સ્તુતિ કરનારા, અને ગીત ગાનારા સંખ્યાબંધ મનુષ્યો એકઠા થાયછે અને તેને પ્રસન્ન રાખવાને માટે અનેક તરેહના ઉપાયો યોજેછે, અને તેમાં ફતેહ મેળવીને પોતાનો સ્વાર્થ સાધી લેવાને શક્તિવાન્ થાયછે. રા. રા. અનંતજીભાઈની સત્તાનો પ્રતાપ અવર્ણ્ય હતો. પૂર્વના સંસ્કાર યોગ્યે કરીને આ સમયે તેમની ચઢતિનો સુર્ય શ્રી સૌરાષ્ટ્રને વિષે ઉદય પામ્યો હતો અને તેના પ્રકાશ આગળ તેમના શત્રુઓ અંજાઈને ઘુવડની સમાન્ અહિંતહિં અંધારામાં ભરાઈ ગયા હતા. એક ઉગતા સૂર્યને સર્વે કોઈ ભાવ સહીત નમસ્કાર કરેછે, તેવીજ રીતે શ્રીયુત અનંતજીની સ્તુતિ કરનારા, નમન કરનારા, અને ઈષ્ટની પેઠે પુજનારા સેંકડો મનુષ્યો તેમની આસપાસ વિંટળાઈ વળ્યા હતા. એક સમર્થ પુરૂષના સમર્થપણાની છાપ મનુષ્ય માત્રમાં પડી શકેછે, અને તે છાપ દીર્ઘ કાળ વીત્યા છતાં પણ ક્વચીતજ ઝાંખી પડેછે. એવા સમર્થ પુરૂષના પુરૂષાર્થને સર્વે કોઇ એક અવાજે વખાણેછે. માન આપેછે અને તેની કૃપા સંપાદન કરવાને માટે એક બીજાથી સરસ યત્ન કરેછે, એ પણ કાળની બલીહારી છે. કાળ જેના પર કૃપા કરેછે, તેના પર પ્રાણી માત્રની અવકૃપા ઉતરેછે. એ સઘળો આ સૃષ્ટિનો ચમત્કાર છે અને આવા ચમત્કારો ઘણીવાર આપણે જોઈએ છીએ.

આ ચઢતા સમયમાં શ્રી સૌરાષ્ટ્રનાં ઘણાં ખરાં સંસ્થાનો રા. રા. અનંતજીભાઈના કાબુ નીચે હતાં. દરેક ન્હાના-મ્હોટા પ્રસંગે રાજ્યશ્રીયુતની સલાહ અને સહાયતા લેવાની શ્રી સૌરાષ્ટ્રના મુખ્ય મુખ્ય સંસ્થાનોને ગરજ પડતી હતી, અને તેથી આજમ અનંતજી-

નો આભાર નીચે તેઓ દબાએલાં હતાં. એકલાં દેશી સંસ્થાનોપર જ નહિ પરંતુ એજન્સિ અમલદારો ઉપર પણ તેઓ મજબુત વગ ધરાવતા હતા, અને એવા વગને લીધે શ્રી સૌરાષ્ટ્રમાં તેમની સત્તા એક સરખી રીતે છવાઈ રહી હતી. રા. મંગળજી ગવરીશંકર બુચ રાજ્યશ્રીયુતની કારકીર્દિના સમ્બંધમાં એક પ્રસંગે લખેછે કે—

"રા. રા. અનંતજીભાઈના અખત્યારમાં એક બાજુથી એજન્સિ અને બીજી બાજુથી રજવાડી રીત પ્રમાણે કાઠિયાવાડ ઇલાકાના સાડા અગ્યાર તાલુકા જુનાગઢ, પાલીતાણા; રાજકોટ, વીરપર ગોંડલ વગેરેની સત્તા આવી ચુકી હતી. ગોંડળના ઠાકોર સાહેબ મોતીભાઇ (ચંદ્રસિંહજી) સ્વર્ગવાસી થયા હતા, તેથી તેમની ગાદીપર તેમના ન્હાના ભાઈ ઠાકોર શ્રી ભાણાભાઈ તખ્તનશીન થયા હતા. આ સાથે આજમ અનંતજીભાઇના કામ–કાજુનો દોર–તોર એજન્સિ અને રાજ્યસ્થાનની બેવડી વગથી એટલે દરજ્જે પડયો હતો કે ઠાકોર શ્રી ભાણાભાઇએ ખાનગીમાં રા. દુર્લભજી મુળશંકર બુચને નોકર રાખીને, વખત આવે કાર્યભારીની જગ્યો આપવાનો ઠરાવ કર્યો પરંતુ તે વિરૂદ્ધ પક્ષના હોવાથી આજમ અનંતજીભાઇએ તે હોદ્દા પરથી તથા જામનગરના વકીલના હોદ્દાપરથી દૂર કરાવીને પોતાની લાગવગના રા. પ્રજારામ નરભેરામ ઓઝાને તથા રા. રેવાશંકર મયારાંકર વસાવડાને બહાલ કરાવ્યા."

શ્રી સૌરાષ્ટ્રમાં આજમ અનંતજીભાઇની આવી સર્વોપરી વગ જામી રહી હતી. કર્નલ લેન્ગ તેમના કામથી પ્રસન્ન પ્રસન્ન હતા પ્રજા તેમને તારણ કર્તા સમાન માનીને માન આપતી હતી, અને રાજા–રજવાડા શાતા પ્રધાન ગણીને દરેક ગુંચવાડામાં તેમની સલાહ લેતા હતા.

દરેક જણને પોતાનો કરી લેવાની કળા સંપૂર્ણ રીતે તેમના જાણવામાં હતી, તેથી તેઓ દરેક કાર્યમાં ફાવતા હતા. લૉર્ડ ચેસ્ટરફીલ્ડ મી. ચર્ચીલના જાતિસ્વભાવ વિષે એક ઠેકાણે કેટલાક



વિચારો દર્શાવ્યાછે તે વિચારો આબેહુબ રાજ્યશ્રી અનંતજીભાઇને લાગુ પડેછે. તે લખેછે કે—

"જેને તે ધારતો તેને પોતાનો કરી લેતો. એણે સામાને ખુશી કરવાને અને તેનું મન હરી લેવાને પોતાની બધી અક્કલ કામે લગાડી હતી. તેના ચ્હેરાપર અન્યાસાધ્ય મીઠાશ અને નરમાશ હતી, બોલવાની રીતીમાં લાવણ્યતા તથા દરેક હાલચાલમાં મ્હોટાઇની નિશાનીઓ હતી અને તે છેક હલકાં માણસને ખુશી કરે એવી હલકી બાબતો ઉપર પણ એક સરખું અને બારીક–સુક્ષ્મ ધ્યાન આપતો હતો. એનામાં જે કળા હતી, તે આજ એકલાને તે સારી પેઠે ઓળખતો હતો. અને તેના લાભ તેણે ચાખ્યા હતા, કેમકે એના જેટલું અંતરમાં રાજ્ય લોભવાળું–ગર્વવાળું અને અતિ લોભવાળું બીજું કોઇ નહતું."

એક વધતાં માણશને કુદરત વધારે છે એ યથાર્થ છે. ખુ. નવાબ શ્રી મ્હોબતખાનજી ઉમરમાં આવવાથી સંવત ૧૯૧૨ માં પંચાત બંધ પડી અને આજમ અનંતજી જીર્ણગઢની દિવાનગીરી ઉપર આવ્યા. તેજ શાલમાં જૂનાગઢે શ્રી ગાયકવાડના ગીરમાં આવેલાં કેટલાંક ગામો ઉપર પોતાની જોર તલબીનો હક લેવાને દાવો ઉઠાવ્યો હતો. એ દાવાનો ફેંસલો, કોડીનાર મુકામે થવાનો હતો અને તેથી પોલીટિકલ એજંટ તરફથી કર્નલ બાર સાહેબ અને વડોદરાના રેસિડેંટ તરફથી કર્નલ આર્ટન તથા શ્રી ગાયકવાડ તરફથી મીર સરફરાજઅલી અને જીર્ણગઢ તરફથી દિવાન અનંતજી અમરચંદ હાજર થયા. અને પોતપોતાની દલીલો રજુ કરી. આ તકરારનો ચૂકાદો જીર્ણગઢના લાભમાં થયો એટલે મોજે ભલગામ, તથા ભાંડર વગેરે ગામોની જોરતલબી તરીકે દર વર્ષે શ્રી અમરેલી તરફથી રૂા. ૭૮૦૦ જીર્ણગઢની સરકારને મળે. આ ફત્તેહ જીર્ણગઢને મગરૂર કરે એવી હતી, તે રાજ્યશ્રી અનંતજીભાઇના પરિશ્રમથી મળવાથી તેમનાપર ખુ. નવાબશ્રી પ્રસન્ન થયા.

કોડીનાર એ ગાયકવાડ સરકારનો એક અગત્યનો મહાલ અને મુખ્ય શહેર છે અને તે સમુદ્ર કિનારે આવવાથી સાહેબ મોસુફની સ્વારી ત્યાં બહુ મુદત રોકાણી

આજમ અનંતજીભાઇને ઘોડાનો ઘણોજ શોખ હતો અને તેઓ અચ્છા ઘોડેસ્વાર તથા પરિક્ષક પણ હતા. સૌરાષ્ટ્રના ઘોડાઓ સૌત્કૃષ્ટ ગણાય છે અને એવા ઘોડાઓની ઓલાદ સુધારવા-વધારવા પાછળ તથા તેની ખરી કીમત કરવાના સબંધમાં રાજ્યશ્રી ઘણુંજ દ્રવ્ય ખર્ચતા હતા, તેથી કાઠિયાવાડી ઘોડાઓની સારી કીમત ઉપજતી હતી. અને તેની પેદાશ વધારવા તરફ લોકોનું સારૂં લક્ષ ખેંચાતું હતું. કાઠિયાવાડી ઘોડાની જાતમાં **બેરી, તાજણ, માણકી,** વગેરે જાતો પ્રસિદ્ધ છે, અને એ પ્રસિદ્ધ જાતના ઘોડાંઓ પાછળ કાઠિ અને રજપૂત લોકો પ્રાણ અર્પણ કરે છે, પરંતુ કમનશીબે દિવસે દિવસે આવાં જાતવાન ઘોડાઓનો શોખ શ્રી સૌરાષ્ટ્રના દેશી સંસ્થાનોમાંથી તથા કાઠિ અને રજપૂત લોકોમાંથી ઓછો થતો જાય છે, અને તેથી ઉચ્ચ જાતિના દેશી ઘોડાંની ઓલાદ ઉતરીને છેક વર્ણશંકરની સ્થિતિએ પહોંચવાનો ભય રખાય છે આરબ્બી, આસ્ટ્રેલિયન, અને ઇટાલીયન ઘોડાઓનાં કરતાં સૌરાષ્ટ્રના ઘોડાઓની ખૂબીઓ ઓરતરેહની છે, પરંતુ આવી ખૂબી પિછાણનાર સરદારોના આજને કાલ ટોટા છે, એજ સૌરાષ્ટ્રનું હિણભાગ્ય છે.

રાજ્યશ્રીયુત, સાહેબ સ્વારીની સાથે મ્હોટા ઠાઠમાઠથી ફરતા હતા, અને સાથે ગવૈયાઓ તથા કવિ-શાસ્ત્રિઓ અને જાતિ શોખને લીધે કીમતી ઘોડાઓ પણ રાખતા હતા. આ વખતે તેમની પાસે ખાસ સ્વારિને માટે **"બોસાંઓ"** નામનો ઘણોજ પ્રખ્યાત અને કીમતી સૌરાષ્ટ્રિ પેદાશનો ઘોડો હતો, તેની કીમત ત્રણેક હજાર રૂપીઆની અંકાતી હતી. એક દિવસની સાંજ હતી અને જુર્ણગઢના



SMT. HANSA MEHTA LIBRARY G.21665 UNIVERSITY OF

કાર્યભારીશ્રીના ભવ્ય તંબુમાં દબદબા ભરેલી કચેરી ભરાણી હતી, તે સમયે બીજાં સંસ્થાનોના વકીલો. કાર્યભારીઓ અને એજન્સિ અમલદારો પણ આમંત્રણથી દિવાન કચેરીમાં પધારેલા હતા. ગવૈયાઓ સમયને અનુસરતું ગાન-તાન કરતા હતા, અને કવિજનો ખુદ. નવાબશ્રીના તથા શ્રીયુત અનંતજીની વીરવૃતાના વખાણની કવિતા ઉચ્ચે સૂરે લલકારતા હતા, એટલામાં શ્રીમંત ગાયકવાડ સરકારના પ્રતિનીધિ મીર સરફરાજઅલિ આવી પહોંચ્યા અને તંબુની પાસે બાંધેલા અશ્વને જોઇને તેમનું મન લલચાયું. બોલતા ચાલવાની ચિકત્સાપરથી દિવાન શ્રી અનંતજીએ તેમની ઇચ્છા પિછાણી લીધી, પરંતુ આ સમયે દિવાનશ્રી કવિતા રસમાં ડુબી ગયા હતા તેથી તેપર વધારે લક્ષ આપ્યું નહિ. રાજ્યશ્રી મોસુફને કવિતાનો બહુ શોખ હતો અને એ શોખ પૂર્ણ કરવાને માટે "રાજધરસુરૂ" ની કવિતા કરતાં તેની કહેણી અવધી હતી, અને એવી કહેણીને વશ થઇને ત્વરીત રાજ્યશ્રીયુત અનંતજીએ કીમતી પોષાકથી શણગારેલો **"બોચાંઓ"** (ઘોડો) ભરસભામાં રાજકવિને દોરી આપ્યો. સભાજનો જુણગઢના દિવાનશ્રીની આવી ઉદારતા જોઇને ચકીત થયા અને તેમની ઉદાર બુદ્ધિના વખાણ કીધાં. આવા કવિતાની કદર પિછાણનારા અમીરના કોણ વખાણ નહિં કરે? કવિતા સાંભળનારા અને સાંભળીને કવિઓની શક્તિ અને યત્ન જાણનારા આર્ય રાજાઓ અને અમીરો અર્વાચિન કરતાં પ્રાચિન કાળમાં વિશેષ હતા, અને તેથી કરીને હિન્દ ભાષામાં અદ્‌ભૂત કાવ્ય ગ્રન્થો રચાયા છે.

કવિઓ જગતને નાના પ્રકારના લાભ કરનારા છે. તેમની કલમથી આ જગતમાં અનેક તરેહની ઉથલપાથલ થઇ છે અને થાયછે. તેમની વાણીથી અનેક શુરાઓના ચિત્ત ઉશ્કેરાયાં છે અને એવાં ઉશ્કેરાયેલાં ચિત્ત વડે તેવા મહાત્માઓએ આ જગતને

સાથે અનેક સાહસિક કૃત્યો આદરીને યશ મેળવ્યાછે. કવિ--વાણીએ અવર્ણિય ઉપકાર કીધાછે. અવર્ણિય શિક્ષણિય આપ્યાંછે અને અનેક જનોને આ લોકને પર લોકની સિદ્ધિ કરાવીછે. કવિ લોક ટિકાકારછે. તેની વાણીનું જોર અથાગ છે. કવિઓએ નાશવંત જગતના નામાંકિત પુરૂષોને જીવતા રાખ્યાછે. અવિચળ કીધાછે કવિની વાણી અવિચળ છે. અમર છે, અને એવી અવિચળ વાણીમાં ગવાયેલા મહાત્મા પુરૂષો અવિચળ પદવી પામેછે. એક ઠેકાણે લખ્યુ છે કે,—

## (कवित.)

जावे धन माल जोर जोबन वदन ज्योति,
बुद्धिबल तेज तन आखर रहावे ना ।
मानवीकी कहा देव दानव मुनिंद्र वृंद ।
सबें चलजावे कोउ अचल कहावेना ॥
भाखत भवानी धरा धाम धन आदि द्रव ।
सबें हे निकाम कोउ काम निज आवेना ।
कवितामां गावे सोई अमर सुहावे अक।
कविकी जुबानमें चढे सो नर जावेना ॥१॥

આવાં અનેક કારણોને લીધે આજમ અનંતજીભાઇ કવિઓને ચ્હાતા અને યોગ્ય સન્માન કરતા હતા. કવિઓને નિરાશ કરનારા, દ્રવ્ય- સત્તાના નીશામાં ચકચુર થઇને કવિ--પંડિતો ભણી બેદરકારી બતાવનારા પુરૂષોને અંતકાળે પશ્ચાતાપ કરવો પડયોછે. અને આજીજી તથા નમ્રતા પુર્વક કવિઓને મનાવવા પડ્યાછે. તેને શરણે જવું પડયુછે, પરંતુ કવિતા દ્રવ્યવડે શ્રીમન્ત થયેલા કવિઓ ટેક મૂકીને ગમે તેવા સંકટ કાળમાં પણ ધનવાનો અથવાતો સત્તાવાનોની આધિનતા* દર્શાવી નથી. એજ કવિઓની શ્રેષ્ઠતા; એજ તેમની દ્રઢતા છે.



કવિઓ જગત્ ગુરૂ છે. જગત્‌ને વાણીથી વશ કરેછે. જગત્‌ને નચાવે છે અને અનેક તરેહની ઉથલ પાથલ કરી નાંખે છે. તેઓ

---

*કવિ ફિરદુશીના સંબંધમાં એવી વાર્તા છે કે મહમદ ગિજનવીએ તેને શાહનામું લખવાનું કામ સોંપ્યું હતું, અને દરેક બેત દીઠ એક એક સોના મ્હોર આપવાની ઠરાવી હતી, પણ મહમદ ગિજનવી બહુ કૃપણ હતો અને તેથી તેણે "શાહનામું" સંપૂર્ણ થયા પછી પોતાનો કરાર તોડીને સોના મ્હોરને બદલે રૂપાનાણું આપવા માંડયુ તે ધિઃક્કાર સાથે ન લીધું અને શાહાનશાહના દરબારમાંથી રીસાઇને ચાલી જતી વખતે નીચે લખેલો બેત કહ્યો.

"કુનમ ઉન ચતુન રૂ શીહા અઝન ખોરત,
"કે નત્વાનદ ઉનરા બ હીચ આબ શોરત"

અર્થ—"તેના મ્હો ઉપર એવી શાહી ચોપડું કે કોઇપણ પાણીથી ધોવાઇ શકે નહિ."

આવી નિંદાથી શાહાનશાહ બહુ લજવાયો ને ભયમાં પડયો, અને કવિને મનાવી લાવવાને તથા બક્ષિશ આપવાને માટે તેની પાછળ કેટલાંક માણસો મોકલ્યા પણ કવિ તો ગુસ્સાનો માર્યો પોતાને વતન પહોંચી ગયો ને પાદશાહી માણસો તેને ઘેર પહોંચે તે પહેલાં તે મરણ પામવાથી તેનાં મડદાને સ્મશાનમાં બીજે દરવાજે લઇ જતું જોયામાં આવ્યું. પછી તેની દિકરીને તેના બાપ સાથે ઠરાવવામાં આવેલી બક્ષીશ પાદશાહી ફરમાન સાથે આપવા માંડી તે ઉદાર મનનીએ દિકરીએ તુચ્છકારથી સ્વિકારી નહિ અને જણાવ્યું કે જે બક્ષીશ મારા પિતાના ઉપયોગમાં ન આવી, તે તેની પાછળ તેની દિકરી લઈને સુખી થાય એવું તે ધારતી નથી." ધન્ય છે કવિને અને તેની ઉદાર દિકરીને!

ઈશ્વરી પ્રશાદથી મસ્ત હોયછે અને એવી સ્વભાવિક મસ્તાઈના કેફમાં તેઓ મહાન્ ચક્રાવૃર્તિ રાજાઓની લેશ પણ દરકાર કરતા નથી.

કવિઓ એ રાજાને માથે અંકુશરૂપે છે અને એવા અંકુશવડે રાજાઓ અન્યાય કરી શકતા નથી. રાજ્ય ધર્મને અનુંસરીને ચાલેછે અને પ્રજાનું પોષણ કરેછે. અંકુશ વગરનો હાથી જેમ મદોન્મત્ત થાયછે તેમજ કવિરૂપી અંકુશવગર રાજારૂપી હાથી મસ્ત બનીને પ્રજાનો કચ્ચરઘાણ વાળેછે.

કવિઓ એ રાજાનું એક અંગ ગણાય છે અને કવિથી ગમે એવો મહાન્ રાજા ભય પામીને ન્યાય પંથે ચાલવાને સાવધાન રહેછે. ફારસીમાં એક વચન છે કે,—

શાએર ચું રંજદ બે ગુયદ હેજા,
બે માનદ હેજા તાબ કયામત બજા.

અર્થ—"દુઃખી થયેલા કવિઓ નિંદા કરશે તે નિંદા રોજે કયામત સુધી રહેશે."

આવો કવિની વાણીનો પ્રતાપ છે અને એ પ્રતાપ વડે જગતનું નહિ વર્ણવી શકાય એવું કલ્યાણ થયું છે અને થાય છે.





એજ મુદતમાં દિવ અને જૂનાગઢ વચ્ચે તકરાર ઉઠી. એ તકરારનો નિવેડો આણવા સારૂ મિ૦ પોપ નામનો અધિકારી મુંબાઇ સરકાર તરફથી આવ્યો હતો. આ પ્રસંગ નજરે જોનાર એક ગ્રહસ્થ લખે છે કે—

"જીર્ણગઢ અને દિવની તકરારમાં ભાગ લેવાને માટે આજમ અનં-
"તજી અમરચંદ અને કાઠિયાવાડનો પોલિટિકલ એજંટ કર્નલ લૉન્ગ
"સાહેબ દિવ બંદર હાજર થયા હતા. અરસપરસની દલીલો સાંભ-
"ળીને ચૂકાદો આપવાને માટે વ્હાણમાંજ ઠરાવ્યું હતું તેથી બન્ને
"તરફના માણસો વ્હાણમાંજ હાજર થયા હતા. એ દેખાવ બહુજ
"જોવા લાયક હતો. એ વખતે રાજ્યશ્રી અનંતજીનો દબદબો અને રાજ્ય
"નિપૂણતા જોઈને મી૦ પોપ ખુશી થયા અને તેમની સઘળી દલીલો
"સાંભળીને શ્રીજુનાગઢના લાભમાં ચૂકાદો કર્યો. સઘળો કાફલો કિનારે
"ન ઉતરતાં બંદરમાંજ વહાણની અંદર રહ્યો હતો. આ તકરારમાં
"આજમ અનંતજીની વાકય ચાતુરી અને ખબરદારીથી સઘળા દેશિ
"અને યુરોપિયન અધિકારીઓ છક થઈ ગયા અને એ દોરે તેમ દોરા-
"વાને ઉભા રહ્યા."

લગભગ એજ વર્ષમાં જાફરાબાદની સાથે જીર્ણગઢને ભેરાઈ બંદરના સંબંધમાં વાંધો પડયો. જાફરાબાદ ભેરાઈ બંદરપર દાવો કરતું હતું અને એ દાવો રદ કરવાને માટે જીર્ણગઢના સત્તાવાળાઓ એજન્સિ દ્વારાએ યત્ન કરતા હતા. એ યત્ન ઘણી મુદતનો હતો અને તે અંતે આજમ અનંતજીની કુશળતાવડે જીર્ણગઢને ફળ્યો. કાઠિયાવાડ એજન્સિ મારફતે એ બંદરનો કબજો જીર્ણગઢ સંસ્થાનને આપવામાં આવ્યો, અને તેથી નવાબશ્રી મ્હોબતખાનજી તથા જીર્ણ-ગઢનું આમાત્યમંડલ બહુજ પ્રસન્ન થયું. આ પ્રસન્નતા અંતઃકરણની ન હતી, પણ ફક્ત દેખાડવાનીજ હતી, કારણ કે આજમ મોસુ-ફની સરકાર-દરબારમાં એટલી લાગવગ અને પ્રશંસા હતી કે દેશિ

લોકો તે જોઇ શકતા નહતા; તેથી તેઓ નિરંતર નવાબ સાહેબના તથા રાજ્યમાતાના કાન ભરવામાં પોતાનો કાળ ગાળતા હતા અને એજ કારણથી આજમ અનંતજીપર કેટલેક અંશે રાજ્ય કુટુંબીઓની ઇતરાજી ઉતરી હતી. આવા અનેક કારણોને લીધે આજમ મોસુફ કંટાળી ગયા હતા, પરંતુ ગમે એવા કંટાળા છતાં પણ રાજ્યહિતાર્થે રાજ્ય કારોબારનો બોજો વહન કર્યા વિના છૂટકો નહોતો.

નવાબ શ્રી મ્હોબતખાનજીનું રાજ્ય માતા આગળ ઉપજણુ નહોતું, અને રાજ્ય માતા પાસે કર્તાહર્તા તરીકે ચૈતીબુ હતાં તેમને હાથમાં લઇને વિરૂદ્ધ પક્ષના લોકો આજમ અનંતજી વિરૂદ્ધ ઉશ્કેરણી ચલાવતા હતા. આજમ અનંતજીભાઈને રાજ્યદ્વારિ કામકાજને લીધે એજંટની સ્વારી સાથે મુદતની મુદત સુધી રોકાવું પડતું હતું, તે તકનો લાભ લઇને વિરૂદ્ધ પક્ષનાં માણસો તેમની સામે ખટપટ કરતા અને તેમાં ફાવતા પણ ખરાં. તે છતાં રાજ્યશ્રીની એજન્સિમાં અને મુંબાઇ સરકારમા એટલી પ્રભા પડી હતી કે તેમની સલાહ અનુંસાર કાઠિયાવાડમાં ઘણોખરો ફેરફાર થઇ શકતો હતો.

આવા રાજ્ય કારભારમાં અને રાજ્ય ખટપટમાં પડ્યા છતાં આજમ અનંતજીભાઇની ધર્મનિષ્ઠા વિશેષ હતી. કુટુંબી જનોને હાથે ધર્મદાન કરાવવાં અને યાત્રા નિમિત્તે દેશાટણ કરાવવાની ઉત્કંઠા ધરાવતા હતા. બ્રહ્મભોજન કરાવવાપર તો તેમની સંપૂર્ણ પ્રીત્તિ હતી. નીચે પ્રકટ કરેલા પત્રથી એ સઘળાને પુષ્ટિ મળશે.



"તિર્થરૂપ વડિલ ભાઈ શ્રી પ્રભુલાલની સેવામાં.

"શ્રી ઉનેથી વિનંતિ ચરણરજ અનંતજી અમરચંદના સાષ્ટાંગ "દંડવત્ પહોંચે. અત્રે શ્રી પ્રતાપ તથા વડિલોના આશિર્વાદે કુશળછે... "..................શ્રી ઈચ્છાતો આવતી કાલે જઇશું. ત્યાં જ્ઞાતિભોજન "કરાવવાનું છે. તુળશીશામથી સથવારો કુશળક્ષેમ યાત્રા કરી આજ "દેલવાડે આવેલ છે.

"દેલવાડામાં ન્યાત જમાડી, ચોરાશીનું છકેલી પાંચમ-રવિવારને "દિવસે સથવારો વિદાય થશે. તે પ્રભાસ યાત્રા કરી શ્રીમાધુપુર જશે "ને ત્યાંથી જુનેગઢ આવશે. આપના આશિર્વાદ પ્રતાપે યાત્રા બામુરાદ "થઇ ને થશે, એ ઈષ્ટદેવ કૃપાથી ભરંસો છે.

"અમારે થોડા રોજ બાદ ખુા. લૅન્ગ સાહેબની સ્વારીમાં મહુવે "જવું થશે. રમજાન ઇદ ઉપર સેવામાં આવવા વિચાર હતો, કારણ "ખુા. સરકારશ્રી યાદ ફરમાવ્યા કરે છે, પરંતુ સાહેબ મોસુફ પાસે "જરૂરી કામ રહ્યાં એટલે ગયા વિના ચાલે તેમ નહિ. એ લાચારીથી "સેવામાં આવી શકાય તેમ નથી.

"સંવત્ ૧૯૧૪ ના વૈશાક વદિ ૩ શુક્રવાર."

આવા કુશળ મંત્રિ રાજ્યશ્રી અનંતજીભાઇ હતા. રાજ્યમાં ગમે એવી વિરૂદ્ધતા અને પક્ષાપક્ષ ચાલતો, પરંતુ રાજ્યહિત્તની વાત સન્મુખ આવી એટલે પોતાનો પ્રાણ અર્પણ કરવાની સ્થિત્તિમાં રાજ્યશ્રીયૂત તત્પર રહેતા હતા. એવાજ રાજ્યાભિમાની મંત્રિવડે રાજ્યનો અભ્યુદય થાય છે. જીર્ણગઢના રાજ્યની આબાદી, અને

પ્રજાની આબાદી કરવામાં આજમ અનંતજીએ અપૂર્વ લક્ષ આપ્યું હતું અને તેથીજ પ્રતિપાક્ષિ જનો પણ તેના ખંતીપણાથી, અખંડ ઉદ્યોગથી, તેની દ્રઢતાથી કરીને અને એ સઘળા સદ્‌ગુણોવડે પ્રાપ્ત કરેલી સુકીર્તિથી અંજાઇ જતા હતા.

એજ વર્ષમાં આજમ અનંતજીભાઇએ જૂનાગઢને વિષે ઝાલા બાગની જગ્યો વેચાતી લેઇને બ્રહ્મપૂરી બંધાવીને બડી ધામધુમ કરી અને સુપાત્ર બ્રાહ્મણોને અર્પણ કરી, તથા તેમાં શિવાલય* બંધાવીને પોતાને હાથે શિવલીંગની સ્થાપના કરી.

*આજમ અનંતજીના ચરિત્રને લગતી વિગતો એકઠી કરવાને ફરતો ફરતો હું જીર્ણગઢ ગયો હતો ત્યારે બ્રહ્મપૂરી તથા શિવાલયની મેં મૂલાકાત લીધી હતી. બ્રહ્મપૂરીની રચના ઠિક છે અને શિવાલય ન્હાનું પણ સુંદર બાંધણીનું છે.

"કર્તા"





# प्रकरण ६ ठुं.

વાઘેરોનું તોફાન–આભપરાની લડાઇ–જૂનાગઢનું પ્રધાનપદ છોડવું અને આજમ અનંતજીની દ્રઢતા–ચઢે તે પડે.

## दर्शन १६ मुं.

### વાઘેરોનું તોફાન.

"શારીરિક ધૈર્ય જે સર્વ ભયનો તિરસ્કાર કરેછે, તે. મનુષ્યને "એક બાબતમાં શૂર કરેછે અને માનસિક ધૈર્ય જે લોકાપવાદને "ગણતું નથી. તે માણસને બીજી બાબતમાં વીર કરેછે શારીરિક ધૈર્ય "રણક્ષેત્રમાં અને માનસિક રાજ્ય સભામાં અવશ્યનું છે. પરંતુ મહા- "પુરૂષ થવાને માટે તો બન્ને જરૂરનાં છે."

(લોર્ડ ચેસ્ટર્ફિલ્ડ)

ચોદની સાલના બળવા પછીનો સમય–સોરાષ્ટ્રના દેશી સંસ્થાનોએ બતાવેલી રાજ્યભક્તિ–આફ્રિકામાં વાઘેરોએ મચાવેલું તોફાન—કર્નલ લાંગની વિદાયગીરી—ફિન્લોક ફાર્બસ સાહેબનું પો૦ એજંટના હોદ્દા પર આવવું—આજમ અનંતજીપર એજન્સિ અમલદારોની મેહેરબાની–ફિન્લોક ફોર્બસે આજમ મોસુફની વાઘેરોના તોફાનમાં માગેલી મદદ–

આજમ અનંતજીમાં માણસની પ્રકૃતિ ખેંચી લેવાની શક્તિ—વાઘેરોને જેર કરવાના કામમાં બતાવેલો ઉત્સાહ.

---

૧૪ની શાલનો બલવો હિન્દમાં તરતનોજ બેસી ગયો હતો, અને સર્વત્ર સ્થળે પુનઃશાંતિનું રાજ્ય સ્થાપન થયું હતું. સૌરાષ્ટ્રના દેશિ રાજ્યોએ આ સમયમાં બ્રિટિશ સરકાર તરફ એવી ભક્તિ દર્શાવી હતી, અને પ્રજાએ એવી શાંતિ જાળવી હતી કે, બ્રિટિશ અધિકારીઓ સૌરાષ્ટ્રના સંસ્થાનો અને પ્રજા પર ખુશખુશ થઇ ગયા હતા. એવા શાંતિ અને સુલેહ સાચવનારા સૌરાષ્ટ્રમાં સંવત ૧૯૧૬ ની શાલમાં ખળભળાટ થયો હતો. દ્વારિકામાં વાઘેરોએ માથું ઊંચક્યું હતું અને બ્રિટિશ તથા ગાયકવાડી લશ્કર સાથે ઝપાઝપી કરીને તેઓ શ્રી સૌરાષ્ટ્રના માંહેલા પ્રદેશમાં પ્રસરાઇ ગયા હતા. આવા ખરા સમયમાંજ કર્નલ લેંગ સરખા દુરંદેશી એજંટ તરતનાજ વિદાય થયા હતા અને કર્નલ બાર પાસે પોલિટિકલ એજંટનો ચાર્જ હતો. એ તકનો લાભ લઇને રાજ્યશ્રી અનંતજીના પ્રતિપક્ષિઓએ રાજ્યશ્રીયુતના સંબંધમાં મુંબઇ સરકારપર અનેક તરેહની ફરિયાદો કરવાને પ્રારંભ કીધો. રાજ્યશ્રીયુતને એજન્સિ અમલદારો અત્યંત ચાહતા હતા, કર્નલ લેંગનો તેમનાપર એટલો બધો ચાહ હતો કે, દરેક પ્રસંગમાં તેમની સલાહ કિમતી માનતા હતા. એવોજ ચાહ કર્નલ બુલોક તથા કર્નલ બાર સાહેબનો આજમ અનંતજીપર હતો, એ સઘળાં કારણોથી પ્રતિપક્ષિઓનું જોર તેમના ઉપર ફાવતું નહોતું, અને તેથી તેઓ ગમેતે પ્રસંગે રાજ્યશ્રીયુતના સંબંધમાં કાંઈ ને કાંઇ ફરિયાદો કરતા હતા. એવામાં વાઘેરોએ સૌરાષ્ટ્રમાં રંજાડ કરવા માંડી, અને દિવસે દિવસે તેઓ એવા જોરપર આવ્યા કે તેથી પ્રજા ત્રાહ ત્રાહ પામી. આવાં કારણો લક્ષમાં લઇને મુંબાઈ સરકારે કાઠિયાવાડના આફિટ ગ પોલિ-



ટિકલ એજંટ તરીકે કિન્લોક ફાર્બસ સાહેબને મોકલ્યા. તેઓ પોતાના હોદ્દાપર વિરાજે એટલામાં તો વાઘેરોએ ઘણુંજ તોફાન મચાવવાથી સાહેબ મોસુફે આજમ અનંતજીભાઈની મદદ મ્હોડે ચઢીને માગી. રાજ્યશ્રીયુત અનંતજીભાઇ આ સમયે શ્રી રાજકોટમાં હતા, કારણકે રાજકોટનો કારોબાર પણ તેમના હાથમાંજ હોવાથી વારંવાર કામ પ્રસંગે ત્યાં પણ રોકાવાનું થતું હતું. પહેલીજ મુલાકાતમાં પોલિટિકલ એજંટ કિન્લોક ફાર્બસ સાહેબનું ધ્યાન આજમ અનંતજીએ ખેંચી લીધું. દરેક માણસને આકર્ષણ કરવાની તેમનામાં અદ્‌ભુત શકિત હતી, અને એ શકિત વડે તેઓ ગમે તેવા વિરૂદ્ધ પક્ષના માણસોને પણ વશ કરી લેતા હતા. ઉદ્યોગની રણભૂમિના નાયકો પોતાની શક્તિવડે પ્રાણિ માત્રને વશ કરી લે છે, અને પોતાની મરજી પ્રમાણે નચાવે છે, એવીજ ઇશ્વરી શકિત આજમ અનંતજીભાઇમાં ગુપ્તપણે રહી હતી, અને તેથી તેઓ ગમે તેવા ભયમાં અને ગુંચવણમાં પણ પોતાનો રસ્તો કરી લેતા હતા. ઉદ્યોગ અને ખત વડે માણસ બહુ બહુ કરી શકે છે. **ડા. સાલ્વા** ડી કહે છે કે,—

"હવેથી જગત્‌નું ધણીપણું ઉદ્યોગ અને વિદ્યાશાસ્ત્રના હાથમાં"
"રહેનાર છે, વિદ્યા–જ્ઞાનના પંડિતો અને ઉદ્યોગથી–પુરૂષો પોતાની સત્તા-"
"વડે દુનિયાને વશ કરશે."

આ વચન દિવાનશ્રી અનંતજીભાઇએ પોતાના સંબંધમાં સત્ય કરી બતાવ્યું છે. રાજ્યશ્રી મોસુફની પ્રભા શ્રીસૌરાષ્ટમાં એટલી પડતી કે તેથી ભલભલા સત્તાવાળા પુરૂષો અને ગમે એવા બલવાન લૂટારાઓ તથા ધાડપાડુઓ પણ તેમનાથી થરથર કાંપતા હતા. આજને કાલ તેમના નામની ફુંક કાટતી હતી, અને તેમના નામે શત્રુઓ અહિંતહિં છૂપાતા હતા.

ઘણુંકરીને આજમ અનંતજીમાં શારિરિક અને માંનસિક ધૈર્ય

ભરેલું હતુ. શારિરિક ધૈર્ય રણક્ષેત્રમાં અને માનસિક ધૈર્ય રાજ્યક્ષે-
ત્રમાં ઘણુંજ લાભકારક છે, આવા ઉચ્ચ ગુણ વગર મનુષ્ય કાવતે
નથી અને જોઇએ એવી યશકીર્ત્તિ સપાદન કરી શકતો નથી, પરંતુ
રાજ્યશ્રીમાંતો આવા બન્ને ઉચ્ચ ગુણો જોડાયાથી તેઓ સૌરાષ્ટ્રમાં
સર્વ કોઈનું ધ્યાન ખેંચવાને ભાગ્યવાન નિવડ્યા હતા.

પો. એજંટ કિન્લોક ફાર્બસ સાહેબ અમીરી સ્વભાવના અને
મનુષ્ય ગુણ કમની પરિક્ષા કરવામાં એકકા હતા, તેથી આજમ અનં-
તજીભાઇના ગુણોની પરિક્ષા અલ્પ સમયમાંજ કરી લીધી અને સૌરા-
ષ્ટ્રના આ વંકેલા મામલામાં તેમની મ્હોડે ચઢીને મદદ માગી. રાજ્ય-
શ્રીને એટલુંજ જોઈતું હતું. તેઓએ એજંટની મરજી સાચવવાનું
મનપર લીધું અને રાજકોટથી ખરબારા કુતિયાણે થઇને વાઘેરોપર
ચઢાઈ કરવાની ગોઠવણ કરવા માંડી.





# દર્શન ૧૭ મું.

## આભપરાની લડાઇ—જુર્ણગઢનું પ્રધાનપદ છોડવું.

"આભપરાસેં ઉડ ગયે, વાયસ સમ વાઘેર;
"નૃસિંહ નામ ઉચ્ચારકે, અનત ગ્રહ્યો સમશેર. ॥૧॥

"બરડામાં આવેલો આભપરાનો ડુંગર—ધુંમલીના કિલ્લાનું
"વર્ણન—વાઘેરાને ઘેરી લેવાની તજવીજ—સરહદના સંસ્થાનોનાં લશ્કરની
ગોઠવણ—વાઘેરોપર ધસારો કરવાનો નિશ્ચય—ધસારાનું વર્ણન—
ડુંગરપર વાઘેરોની રહેવાની વ્યવસ્થા—ધસારો કરવાની તૈયારી—
બન્ને પક્ષ વચેનું યુદ્ધ—વાઘેરોની ગફલત—તેઓની ન્હાસભાગ—
એક સંપી રાજ્યોનો જય—ડુંગરની સ્વાધિનતા—આજમ અનંતજીએ
બતાવેલું વીરતત્વપણું—જય વાર્તા સાંભળીને પોલિટિકલ એજંટનું
આજમ અનંતજીપર પ્રસન્ન થવું—મુંબઇ સરકારમાં ચાંદ બક્ષવાની
ભલામણ અને તારીફ લાયક રીપોર્ટ—આજમ મોસુફના પ્રતિપક્ષિ-
ઓએ તેમના સામે ઉઠાવેલો અવાજ—કિન્લોકફાર્બસસાહેબનું જુર્ણગઢ
પધારવું—આજમ મોસુફને પ્રધાનપદ છોડવાની આપેલી સલાહ—
જુર્ણગઢમાં પોલીટીકલે આપેલું માન—દરબાર ભરીને એજંટે આજમ
અનંતજીની કરેલી સ્તુતિ—વાલાસાન નવાબસાહેબે રાજ્યશ્રી મોસુફને
આપેલું અભયવચન—"

બરડાની અંદર આભપરાનો ડુંગર આવેલો છે, અને તેમાં ધુંભલીનો અતિ વિકટ કિલ્લો તથા ઢિટાલીના પહાડોમાં ચોર—લુટારાઓને આશ્રય લેવા લાયક ગહન ગુફાઓ અને ખંડિત થયેલા પ્રાચિન કિલ્લાઓ છે. તેવાજ કિલ્લા અને તેવીજ ગુફાઓ બરડાના ડુંગરમાં આવેલી છે; તેને લીધે હરામખોર લોકો કેટલેક દરજ્જે પોતાનું રક્ષણ મેળવી શકેછે.

આ ડુંગર પોરબંદર અને જામનગરની આધિનતામાં છે, તેની એક બાજુએ સદરહુ બે રાજ્યો આવેલાં છે, અને બીજી તરફ જુનાગઢ તથા ગોંડલની સરહદ જોડાયેલી છે. આવી રીતે આ ડુંગર મોટાં રાજ્યોની સરહદમાં આવેલો છે, અને તેથી તેમાં દરેક રાજ્યોનાં હરામખોરો આશ્રય લે છે.

વાઘેરોએ બરડમાં આશ્રય લીધા પછી તેનાપર વધારે નિગેબાની રાખવી પડી અને બળવાખોરોને તાબે કરવાને અથવા તો વિખેરી નાખવાને માટે કાઠિયાવાડનાં લાગતા વળગતાં મુખ્ય મુખ્ય રાજાઓનાં લશ્કરો સાથે બ્રિટિશ સરકારની પણ ખાસ ફોજ કામે લગાડવાની ગોઠવણ રચી હતી.

મામલો રસપર ચઢેલો હતો. જીર્ણગઢ તરફથી શેઠ દેવજી કરશનજી, પોરબંદર તરફથી રા. કરમચંદ ઉત્તમચંદ ગાંધી, અને ગોંડલ તરફથી રા. મણીશંકર નરભેરામ વૈદ્ય પોતપોતાનાં રાજ્યનાં સિપાઇઓ સાથે કુતીયાણાં મુકામે હાજર થયા. બ્રિટિશ લશ્કરની સરદારી કેપ્ટન એનના હાથમાં હતી, અને તેને મદદ તથા સલાહ આપવાને માટે કેપ્ટન બુલૉક પણ હાજર હતા. વાઘેરોની સામે થવાને માટે એકસંપી રાજ્યોની અને બ્રિટિશ સરકારની જે ફોજ એકઠી થયેલી હતી તે ફોજના માણસોની સંખ્યા નીચે પ્રમાણે હતી.



જીર્ણગઢના ૭૦૦ સિપાઇઓ, જામનગરના ૧૦૦૦ માણસો અને ગોંડળ તથા પોરબંદર સંસ્થાનનાં મળીને ૬૦૦ માણસો હતાં. એ સિવાય બ્રિટિશ સરકારનાં ૨૨૦૦ લશ્કરી માણસની કૂમક હતી, એટલે લશ્કરનું જોર વાઘેરોને વશ કરવાને માટે પૂર્ણ હતું. લશ્કરની સંપૂર્ણ તૈયારી કરીને અમૂક બાજુએથી બરડાપર ધસારો કરવાનું વિક્રમ સંવત્ ૧૯૧૬ ના માર્ગશિર્ષ કૃષ્ણપક્ષની ૯ ને રવિવારની પ્રભાતમાં સંસ્થાનોના પ્રતિનિધિઓની મસલત લઇને બ્રિટિશ અમલદારોએ ઠરાવ્યું. આ ધસારાને લગતું વર્ણન નજરે જોનાર એક ગૃહસ્થ આ પ્રમાણે વર્ણવે છે.—

" એકસંપી સંસ્થાનોના લશ્કરની ટુકડીઓ અને તે સાથે
" બ્રિટિશ લશ્કરના સિપાઇઓ બરડાના વિકટ ડુંગરપર હુમલો
" લઇ જવાને સાવધાન હતા. નીચેથી ડુંગરની સપાટીનો દેખાવ
" સંપૂર્ણ રીતે દેખાતો હતો. વાઘેરો બૈરાં—છોકરાં સાથે ડુંગરપર
" લુગડાના ન્હાના ન્હાના તંબુઓ તાણીને પડ્યાં હતાં, અને તેઓ
" રાંધવા-કરવામાં, ખાવા-પીવામાં અને એવાંજ કાર્યમાં ગફલતમાં
" રહ્યાં હતાં. ટાઢનો સમય હોવાથી ઠેકાણે ઠેકાણે તાપણાં સળગા-
" વેલાં હતાં અને તેની જ્વાળા તથા ધુમાડો એક જ્વાળામુખી
" પર્વતની માફક બરડાના ડુંગર ઉપર દેખાતો હતો.

" હુમલો કરવાનો નિશ્ચય માગશર કૃષ્ણપક્ષની ૯ ને રવિવારની
" પ્રભાતમાં કીધો. રવિવારનું પ્રભાત થયું એટલે સઘળી સેના સજ્જ
" થઇ ને અધિકારીનો હુકમ સાંભળવાને માટે ઉભી રહી. આ વખતે
" રા. રા. અનંતજીભાઇનો દમામ વીરત્વપણું દર્શાવનારો હતો. એક
" લશ્કરી વીરપુરૂષને છાજે એવો પોશાક ધારણ કરી, હથિયાર સ-
" જીને તેઓ ઘોડેસ્વાર થયા હતા, અને જીર્ણગઢના લશ્કરની
" હરોલમાં રહીને વાઘેરોપર છાપો મારવાને ઉમંગી હતા.

“પ્રભાતના સાત કલાકને સુમારે “નજીઝર”ની કેડીપરથી વા-
“ઘેરોપર હુમલો કીધો. આવા અચાનક હુમલાથી બળ-
“વાખોરો ક્ષણવાર ગભરાઈને નહાસભાગમાં પડયા, પણ
“પછી સાવધાની મેલવીને તેઓ વખાણવા લાયક બહા-
“દુરીથી એક સંપી લશ્કરની સામે થયા, એટલે સામ-
“સામી બંદુકોની ટપાટપી થઇ અને તેમાં ટપોટપ બન્ને
“પક્ષનાં માણસો પડવા મંડયા. નીચેનાં માણસોને ઉંચે
“પ્રસારો લઈ જઈને લડવાનું હતું, અને વાઘેરોને તો
“ઉંચે રહીને લડવાનું હતું એટલે તેઓ ફાવવાને શક્તિ-
“વાન હતા, પરંતુ ગફલતમાં રહ્યાથી તેઓ ઘેરાઈ ગયા
“ને તેમના હાથમાં વિજય રહ્યો નહિ, તેથી સામા
“પક્ષવાળાને જયપર આવેલા જોઈને યૂવાન પુરૂષો કુ-
“ટુંબ કબીલાના વૃદ્ધ અને અશક્ત માણસોને પડતાં
“મૂકીને નહાશી ગયાં. જોત જોતામાં સંસ્થાનોના એક
“સંપી અને બ્રિટિશ લશ્કરે ડુંગરનો કબજો કીધો. તે
“વખતે વાઘેરોના અશક્ત માણસો તથા બૈરાં-છોકરાંઓ
“ક્ષુધાથી ટલવલતાં હતાં, તેઓને તાબામાં લઈને લશ્કરે
“ડુંગરપર વિજય વાવટો ચઢાવ્યો.”

આ લડાઇમાં આજમ અનંતજીએ ખરી વિરતા દર્શાવી હતી, તેમનાં માથાંપર થઇને સેંકડો ગોળીઓ ઉડી જતી હતી, તેવા ભયના સમયમાં તેઓએ બ્રિટિશ અમલદારોની સાથે રહીને હુમલામાં ભાગ લીધો તેથી તેમનાપર લશ્કરી માણસો ને અમલદારો બહુજ પ્રસન્ન થયા, અને તેજ વખતે મથાળે ટાંકેલો દુહો રાવળ રામવીરા નામના એક કવિએ લલકાર્યો.

વાઘેરોપર જય મેળવવાની વાર્ત્તા સાંભળીને કાઠિયાવાડના પો-



લિટિકલ એજંટ કિન્લોક ફાર્બસ રાજ્યશ્રી અનંતજીભાઇપર ઘણોજ પ્રસન્ન થયો તથા મેજર બ્રુલૉક સાહેબે ઘણોજ તારીફ લાયક રીપોર્ટ કર્યો, તેને એજંટે ટેકો આપીને એકાદ ચાંદ બક્ષવાની મુંબાઈ સરકારને અરજ કીધી.

આજમ અનંતજીની આવી પ્રશંસા થયેલી સાંભળીને તેમના શત્રુઓના મ્હોડાં ઝાંખા પડયાં પણ જંપીને બેઠા નહિ. રાજ્યશ્રીની દિવાનગીરી છોડાવવાને માટે મુંબાઇ સરકારને તથા પોલિટિકલ એજંટને વિનવવા લાગ્યા, અને વારંવારની આવી વિનંતિઓને લીધે અને રાજ્ય કારભારમાં ફેરફાર કરવાને માટે કિન્લોક ફાર્બસ સાહેબ જીર્ણગઢ પધાર્યા. ત્યાં આવીને જોયું તો આજમ અંતજીના પ્રતિપક્ષિઓનું પ્રબળ વિશેષ જણાયું. આવા સબળ વિરૂદ્ધ પક્ષની સામે રહીને રાજ્યકાર્યભાર ચલાવવાનું કામ અશક્ય માલમ પડવાથી રાજ્યશ્રી અનંતજીને જીર્ણગઢનું પ્રધાનપદ છોડવાની સલાહ આપી. રાજ્યશ્રી મોસુફ પણ આવા ખટપટી લોકોથી છેક કંટાળી ગયા હતા, તેથી તેઓએ સાહેબની સલાહ સ્વિકારી લીધી અને નિષ્કલંક પણે દિવાન પદ છોડવાની ઇચ્છા જાહેર કરી. પોલિટિકલ એજંટ તો આવા ફેરફારની સામે હતા, પણ રાજ્યમાં સુલેહ જાળવવાને માટે આ સિવાય અન્ય ઉપાય નહોતો. જેટલા દિવસ સાહેબ જીર્ણગઢમાં રહ્યા તેટલા દિવસ આજમ અનંતજીને અપૂર્વ માન આપ્યું, અને તેની પ્રતિષ્ઠા વધે એવી રીતે વરત્યા.

પ્રધાનપદ છોડવાને દિવસે કિન્લોક ફાર્બસ સાહેબ મ્યાનામાં બેસીને દરબારમાં પધાર્યા, તે દરમ્યાન રાજ્યશ્રી અનંતજીભાઇ મ્યાનાની લગોલગ ઘોડેસ્વાર થઇને ચાલતા હતા. દરબારમાં આ સમયે રાજ્યાધિકારી અને શહેરના પ્રતિષ્ઠિત માણસોની ઠઠ જામી હતી. કચેરી ભરાયા પછી કિન્લોક ફાર્બસ સાહેબે એક અસરકારક ભાષણ કરીને

આજમ અનંતજીની રાજ્યભક્તિનાં તથા તેમની શક્તિનાં વખાણ કીધાં અને છેવટે તેમને પ્રધાનપદ છોડવાની ફરજ પાડવામાં આવે છે તેને માટે પોતાની અત્યંત દિલગીરી જાહેર કીધી.

આજમ અનંતજીને પ્રધાન—અથવા કારભારી તરીકેના કામોના સંબંધમાં વાલાસાન નવાબ સાહેબે પુરેપુરા ફારક કીધા, અને દરબાર તરફથી વારમવાર જે મહેરબાની (ઇનામ) બક્ષવામાં આવ્યાં હતાં તે પાછા નહીં લઈ લેવાની કબુલાત* આપી, પ્રશંસા કરી કિંમતી પોશાક આપી તે કદર પિછાણી. રામદાસ સ્વામિ નામના મરાઠી ભાષાનાં કવિ કહે છે કે—

“તે દિવસને ધન્ય છે કે, જે દિવસે સ્વામિ પોતાના નોકરની
“સ્તુતિ કરે.”

*જુઓ પ્રશંસા પત્રના વધારામાં ફિન્લોક ફાર્બસ સાહેબનું પ્રશંસા પત્ર.







# દર્શન ૧૮ મું.

## આજમ અનંતજીની દ્રઢતા—ચઢે તે પડે.

“આપણી ઇચ્છા પ્રમાણે સઘળું પ્રાપ્ત થયાથી અને આપણને
“જે જોઈએ તે મળ્યાથી આપણે માત્ર એક શિખરને પહોંચીએ
“છીએ, જ્યાં આપણે કાંઇ વધારાની આશા રાખવાનું હોતું નથી,
“પણ સઘળાં તરફથી ભય રાખવાનું હોય છે.”

(લૉર્ડ ચેસ્ટર્ફિલ્ડ.)

“સત્તાપર ચઢેલા મનુષ્યને નીચે પડવાનો ભય રહે છે-શારિરિક
“અને માનસિક ધૈર્યવાળાનું મન અસ્થિર નથી રહેતું-દ્રઢ પુરૂષોની દ્રઢ-
“તાને ધન્ય છે-સામ્યુઅલ સ્માઈલ્સનું વચન-આજમ અનંતજીની
“દ્રઢતા-ચઢે તે પડે-ચઢીને પડવામાં અને પડીને ઊંચે ચઢવામાં ખરી
“કીર્ત્તિ સમાએલી છે-કોન ફુસીઅસનું બોધ વચન-ચઢવું અને પડવું
“એ સ્વભાવિક નિયમ છે-મનુષ્યના ગુપ્ત ગૂણોની પિછાણ પડતીમાં
“થાય છે-અચળ પુરૂષોના મન ચળીત થતાં નથી-ફારસી કવિનું એક વચન-
“આજમ અનંતજી ઉદ્યોગી હતા-ઉદ્યોગ વિષે ઉવીલીયમગનેનું વચન-
“ખંત રાખીને મંડયા રહેશો તોજ ફત્તેહનો ડંકો વાગશે.”

સત્તાને સંપત્તિના શિખરપર ચઢેલા મનુષ્યને સ્વાભાવિક નિયમ પ્રમાણે નીચે પડવાનો ભય રાખવો પડેછે, પરંતુ એવા ભયમાં પણ શારિરિક અને માનસિક દ્રઢતાવાળા પુરૂષોનું મન અસ્થિર થતું નથી. ઉંચે ચઢવાની શકિત જેમ તેના હૃદયમાં ખિલેલી હોય છે, તેમજ નીચે ઉતરવાની શકિત પણ તેનામાં તેટલાજ પ્રમાણમાં જામેલી હોય છે. ઉંચ્ચાઇના શિખરપર પહોંચતાં જેમ તેની વૃત્તિઓ શાંત અને સ્થિર રહે છે, તેવીજ રીતે નીચે પડતી વેળાએ પણ તેની ઇન્દ્રિઓ એવીજ ગતિમાં હોય છે. એવા દ્રઢ પુરૂષોની દ્રઢતાને ધન્ય છે. એવા સમર્થ પુરૂષને માટે કાંઈ પણ અશકય નથી. તેમના મ્હોં આગળ ગમે તેવું ભય આવીને ધુરકયાં કરે, તેને અસંખ્ય શત્રુઓ આવીને ગમે તો ઘેરી લે, બંદિવાન કરે, અથવા તો પ્રાણ લેવાની ધમકી આપે, ગમે તો તેની સામે સઘળી પૃથ્વી ઉલટે પણ તે પોતાની દ્રઢતામાંથી ડગતો નથી. એક અચળ ચિત્તનો પુરૂષ ભય-સંકઠમાં ચલાયમાન થતો નથી. તે તો દ્રઢ ચિત્ત રાખીને સઘળા રંગ તક તક જોયા કરે છે, તેના મનને હર્ષ નથી, ભય નથી, કલેશ નથી. તે હર્ષથી હસતો નથી, ભયથી ધ્રુજતો નથી, કે મોતથી રડતો નથી. ગમે તે શ્થિત્તિમાં તેનો રંગ એક સરખોજ રહે છે. એવા દ્રઢ ચિત્તવાળા મનુષ્યના ચિત્તને ચળાયમાન કરનાર આ ત્રિલોક્યને વિષે કોઇજ નથી. તેના શત્રુઓ પણ તેની ધૈર્યતા જોઈને તેને માન આપવાને ચ્હાય છે. તેના મિત્રો તેનું દ્રઢ મન જોઇને તેને વખાણે* છે. તેને સઘળું વિશ્વ દેવની પેઠે પૂજે છે. પ્રખ્યાત સામ્યુઅલ સ્માઈલ્સ લખે છે કે,—

*જ્યારે કૅલોનાનો સ્ટીફન તેના નીચ શત્રુઓના હાથમાં પકડાયો ત્યારે તેમણે તેને મશ્કરીમાં કહ્યું કે, "હવે તારો કિલ્લો કયાં છે?" તેણે પોતાનો હાથ છાતીપર મૂકીને હિમ્મતથી કહ્યું "આ રહ્યો મારો કિલ્લો."



"ખરાં માણસોની ચાલ દુઃખ વખતેજ પૂર્ણ પ્રકાશથી તગી નીકળે "છે, અને જ્યારે બધી વાતે ઘેરાઇ જાય છે, અને કોઇ ઠેકાણે તેનું વ- "ળતું નથી, ત્યારે પોતાની હિમત અને પ્રમાણિકપણા ઉપર તે સ્થિર "ચિત્ત કરીને ઉભો રહે છે."

રાજ્યશ્રી અનંતજીની દ્રઢતા હિમ્મત અને કુશળતા એવાજ પ્રકારની હતી. તેઓ ગમે એવાં સંકટ સમયે જય મેળવવાને સામર્થવાન હતા. તેઓ માનતા કે સત્તાના શિખરપર ચઢવામાં અને ચઢિને કદી નહિ પડવામાં કીર્તિ સમાએલી નથી, પરંતુ ચઢીને પડવામાં અને પડીને ઉંચે ચઢવામાં ખરી કીર્તિ અને યશ સમાએલો છે. "કોનફ્યુસીઅસ" કહે છે કે—

" કદી નહિ પડવું, એમાં આપણી ઘણી કીર્તિ નથી પણ દરેક વખતે પડીએ કે ઉઠવું એમાં મોટી કીર્તિ છે."

ચઢવું અને પડવું એ સ્વભાવિક નિયમ છે, અને એ નિયમને આધિન થવું એ જ્ઞાતા પુરૂષનો ધર્મ છે. ચઢતિમાં મનુષ્યના ઉત્તમ ગુણોની પિછાણ થતી નથી, તે પિછાણ પડતીમાં મનુષ્ય માત્રની થાય છે. પડતી એક કસોઠી છે, અને એવી કસોટીમાં આવવાને માટે મનુષ્યોએ તૈયાર થવું જોઈએ. મનુશ્યના સંખ્યા વગરના ગુપ્ત ગુણ-દોષો જે બીજી રીતે નિરંતર અજાણ્યા પડી રહે તે જાણવા સારૂ ફકત માણસના સંબંધમાં ફેરફાર થવાની જરૂર છે. ફિકર નહિ ગમેતો શ્રીમંતાઈમાંથી ગરીબાઈ થાય, અથવા ગરીબમાંથી શ્રીમંત થાય, પણ દ્રઢ પુરૂષો પોતાની દ્રઢતા ગમે તેવા કાળમાં તજતા નથી. કસોટીના પથ્થર સાથ ઘસવાથી જેમ સોનાની પરિક્ષા થાયછે, તેમજ મનુષ્યની પરિક્ષા પણ આપત્તિકાળમાં અથવા પડતા કાળમાં થાય છે, દ્રઢ ચિત્તવાળા પુરૂષો ગમે તેવી સ્થિતિમાં પોતાની હિમત મૂકતા નથી. શિરપર ગમે તેવો ભય આવીને સિંહની માફક ધુરકયા કરે પણ

અચળ પુરૂષોના મન ચળીત થતાં નથી. ફારસીમાં એક વચન છે કે-

"અઝ ખતર ન અંદીશદ હરકે હીમ્મત શ આલીસ્ત"

અર્થ—જે જબરો હિમતવાન છે, તે કદી પણ ભયની ફિકર કરતો નથી"

આજમ અનંતજી દ્રઢ મનના અને અથાગ ઉદ્યોગી હતા. ઉદ્યોગ અને ખંત તેમના મનમાં સત્તેજ રહેતાં, તેથી તેઓ કાર્ય સિદ્ધિને વિષે પહોંચતા હતા. પ્રખ્યાન ઉવીલીયમગને* કહેછે કે.—

"ખંત રાખીને મંડયા રહેશો તોજ ફતેહનો ડંકો વાગશે, અને
"આપણે ઉલટભેર આગળને આગળ ઝોંકયા રહીશું તો થોડી મુદતમાં
"રિદ્ધિ સિદ્ધિ, સુખચેનમાં અને સ્વતંત્રતામાં રમતાં ફરીશું અને આનંદ
"માનીશું."

એજ વચન પ્રમાણે આજમ અનંતજી ચાલવાને ઉત્સાહ રાખતા અને જય મેળવતા હતા.



* ઉવીલીયમગને ઇ. સ. ૧૭૯૯ માં જન્મ્યો અને ૧૮૬૭ માં સ્વર્ગવાસી થયો. તે આયર્લાંડનો વતની અને રાજકિય પુરૂષ હતો. ડબ્લીનના પ્રદર્શનનો ઉઠાવનાર, અને વે ાર વધારનાર હતો. એને સરકારે સરનો ઈલકાબ આપવા માંડયો પણ તેણે લેવા ના પાડી.



# प्रकरण ७ मुं.

જુનાગઢનો રાજ્ય મામલો, આજમ અનંતજીનું સ્વતંત્ર ઉદ્યોગમાં મચવુ-તેમનો બ્રિટિશ સત્તાવાળાઓ સાથે સંબંધ.

## दर्शन १९ मुं.

### જુનાગઢનો રાજ્ય મામલો.

"ગુઝસ્તંદ* શાયરાંન અઝઇન મુગઝાર,
"કુનંદ લંગરૂમા હરીં ન જા શેકાર.

*હિંદુસ્તાનમાંથી કુચ કરતો જ્યારે તૈમુર પાદશાહ ફિરદુશીની કબર આગળ આવી પહોંચ્યો, ત્યારે નીચલી બેત બોલ્યો.

"સર અઝ કબ્ર બરદાર, એ બાલા બોબીન,
"પહેલવાને ઇરાનો, તુરાન બોબીન."

અર્થ—"આ શિકારગાહમાંથી શેરો (વાઘો) ચાલ્યા ગયા, ત્યારે ત્યાં આગળ લંગડી કોહોળીઓ શિકારની જગ્યો કરી દોડતી ફરેછે."

"આજમ અનંતજી વાનપ્રસ્થ થયા તત્સમયે જૂનાગઢનો રાજ્યમામલો-ઠક્કર વીરજી અને કેશવજીનું ચલણ-સમયની બલીહારી-આજમ અનંતજીનું વાનપ્રસ્થ થવું એ જૂનાગઢના રાજ્યના સંબંધમાં હિતકારક નહોતું-આજમ અનંતજીના શિરપર અનેક તરેહના બોજા હતા-રા. પ્રભુલાલભાઈનું આતુર્સન્યાસ લઇને મોક્ષપદ પામવું-પ્રભુપર વિશ્વાસ ધરાવનારા પુરૂષો, ઈશ્વરી ન્યાયને સ્વાધીન થાય છે-જે. રે મી, ટેલરનાં વચનો-રા. પ્રભુલાલની ઉત્તરક્રિયા-જૂનાગઢના કેટલાક મુત્સદ્દીઓપર આવેલી ધાડ-પોતાના માણસોનું રક્ષણ કરવાને આજમ અનંતજીએ લીધેલા ઉપાય-શેઠ ડુંગરશીની દિવાનગીરીની નિષ્ફળતા-ચૌદ માસમાંજ શેઠ ડુંગરશીએ છોડેલી દિવાનગીરી-રા. ગોકુલજી ઝાલાને દિવાનગીરી આપવાની સમ્મતિ-આજમ અનતજીનું રાજ્યના સલાહકાર તરીકે નિમાવું."

---

જૂનાગઢનું પ્રધાનપદ છોડીને આજમ અનંતજી વાનપ્રસ્થ થયા તે સમયમાં એ રાજ્યનો મામલો અસ્થિર હતો. નવાબ સાહેબના ચલણ કરતાં રાજ્યની અંદર રાજ્યમાતા તથા

---

અર્થ—"ઓ ! ફિરદુશી ! કબરમાંથી તારૂં શિર ઉંચું કરીને જો કે "ઈરાન અને તુરાનના પેહેલવાનોની શી અવસ્થા છે ?"

આ બેત બોલીને તેમુર રહ્યો નહિ પણ વિશેષ બોલ્યો કે, "ઓ ફિરદુશી ! શાહનામાંમાં સ્તુતિ ગવાયેલા પેહેલવાનો અને પાદશાહો મને બતાવ કે હું તેઓ સાથે લડવાને તેયારછું."

તેમુરને આ પ્રમાણે ગર્વના શબ્દો બોલતો કુદરતથી સાંખી શકાયું નહિ તેથી કબરમાંથી ઉપર ઢાંકેલા બેતનો અવાજ નીકળ્યો.



ચાઈતીબુનું ચલણ વિશેષ હતું, અને તેથી તેમના સલાહકારી વીરજી અને કેશવજી નામના લુહાણા હતા તેઓ રાજ્યમા મોટી સત્તા ચલાવતા અને ગમે તેવો ફારફેર કરી શકતા હતા. એ સત્તાનો ઉપયોગ કરીને શેઠ ડુંગરશી દેવશીને જુનાગઢના પ્રધાનપદ પર બેસાડવાને તેઓ શક્તિવાન થયા હતા.

એ રાજ્યમાં પ્રાચીન કાળથી નાગરો સરખા મુત્સદ્દી અને રાજ્યકાર્યમાં આગળ વધેલા પુરૂષો પ્રધાનપદ ભોગવતા હતા, તે રાજ્યમાં ડુંગરશી સરખા પુરૂષ એકાએક દિવાનપદપર આવે એ પણ સમયની બલીહારી છે. રાજ્ય ચક્રનો મામલોજ એવો છે, અને સમય બળવડે સઘળા ફેરફાર થઇ શકે છે. આજમ અનંતજી સરખા પ્રબળ અને રાજ્યનીતિમાં કુશળ પુરૂષને રાજ્ય ખટપટને લીધે વાનપ્રસ્થ થવું પડયું એ બીના કાંઈ ન્હાની સરખી નથી. સૌરાષ્ટ્રમાં એ કાળને વિષે આજમ અનંતજી સરખા કાબેલ અને બ્રિટિશ સરકારને પસંદ પડેલા રાજ્યનીતિજ્ઞ પુરૂષ બીજા કોઈજ નહોતા, પરંતુ કાળબળે કરીને પોતાને એકાંતવાસ લેવો પડયો હતો, તે પોતાના કરતાં જુનાગઢના રાજ્યના સંબંધમાં અધિક હતું.

આજમ અનંતજીના શિરપર અનેક જાતના બોજા હતા. રાજ્યતંત્ર વહન કરવું, એજન્સિ અમલદારોની પ્રસન્નતા મેળવવી, વિરૂદ્ધ પક્ષના તર્કટોથી સાવધ રહેવું અને વ્યવહારિક કાર્યમાં રચ્યા પચ્યા રહેવું, એ સઘળી બાબતોમાં એક સરખી રીતે એકલે હાથે જય મેળવવો એ શક્તિવાન અને સમર્થ પુરૂષનું કામ છે. આજમ અનંતજીના વડિલ ભાઈ રા. પ્રભુલાલ વૃદ્ધપણું પામ્યા હતા અને તેથી તેઓ લાંબા સમયથી મંદવાડ સેવતા હતા. તેઓને માટે આજમ અનંતજીએ બની શકે એટલા ઉપચારો કીધાં પણ કશી ટાંકી લાગી નહિ ને અંતે સંવત ૧૯૧૬ ના વૈશાક માસમાં આતુરસન્યાસ

ધારણ કરી દેવલોક પામ્યા. પોતાના માથાંપરથી વડિલભાઈનું છત્ર જતાં તેમને અથાગ શોક થયો, પરંતુ મનુષ્ય માત્ર શોક કરી શકે છે તેના હાથમાં બીજો ઈલાજ નથી. ધૈર્યવાન અને પ્રભુપર વિશ્વાસ ધરાવનારા પુરૂષો ઇશ્વરી ન્યાયને સ્વાધીન થાયછે, અને તેમાંજ પોતાની વૃત્તિઓનું તોલ કરાવે છે. **જે. રેમી. ટેલર** નામનો એક અંગ્રેજ વિદ્વાન કથે છે કે—

"જ્યારે પ્રભુ તમારો ન્યાય કર્ત્તા છે, ત્યારે લોકોના ઠપકાની ધા-
"સ્તિ રાખવી, જ્યારે તે તમારો બચાવ કરનાર છે. ત્યારે તેમના તર૦
"ફનાં નુકશાનથી બીવું, અને જ્યારે જીંદગીના સુખમાં દાખલ કરનારો
"તેજ છે, ત્યારે મોતથી ગભરાવું એતો ગેરવાજબી અને હાનીકારક છે."

આજમ અનંતજીની દૃઢતાની આપણે ઘણે પ્રસંગે પરિક્ષા કરી છે. તેઓએ પોતાના વડિલ બંધુની ઉત્તરક્રિયા પોતાના નામને અને કુળને શોભે એવી રીતે શ્રદ્ધાપૂર્વક કરી. નાત રીવાજ પ્રમાણે દેશાવર* કર્યો, અને નાગર બ્રાહ્મણોને સારી દક્ષિણા આપીને સંતોષ્યા તથા તે નિમિત્તે બીજું પણ પુણ્ય-દાન કીધું.

---

* સદા કૃપાવંત વડિલ શ્રી અનંતજીભાઇ,

મુ૦ જુનાગઢ.

"ભાવનગરથી લી૦ સેવક પરભુદાસ તથા શામળદાસના સાષ્ટાંગ
"પ્રણામ--આપનો કાગળ વૈશાક વદી ૮ સનીવારનો આવતાં વડિલ
"પ્રભુલાલે આતુરસંન્યાસ લઇ વૈકુંઠવાસ કર્યાના ખબર લખ્યા તે વાંચી
"ઘણી દિલગીરી પ્રાપ્ત થઇ-મગર ઈશ્વર ઈચ્છા આગળ મનુષ્યનો ઉપાય
"નહિ તેમની આરાધનાને દિવસે આપના લખ્યા પ્રમાણે ઘોઘા-ભાવ-
"નગર બંને ઠેકાણે બ્રહ્મભોજન કરી દક્ષણા આપવામાં આવશે........
"ને આપના લખવા મુજબ એ ખબર પાલીતાણે પટવારી ઉપર પત્ર



એજ વર્ષમાં દ્વેષિ લોકોની સિખવણીથી જુનાગઢના કેટલાક મુત્સદીઓપર ધાડ આણવામાં આવી હતી, પરતુ અજમ અનંતજીએ એજન્સિ અમલદારો આગળ રજુ થઈને એવી અરજ કીધી કે મારી વિરૂદ્ધ પક્ષના લોકોને હાથે મારા માણસોનો ઇન્સાફ ન કરતા એજન્સિ અમલદારોને હાથેજ તેમનો ન્યાય થવો જોઇએ આ માગણી યોગ્ય જણાયાથી ઘટતે ઠેકાણે તેમના તપાસ થઈ અને તેમાં નિર્દોષપણું જણાયાથી વિરૂદ્ધ પક્ષનાં મ્હોડાં ઝાંખાં પડ્યાં હતાં. આવી રીતે પોતાના માણસોનું રક્ષણ કરવાનું અભિમાન આજમ અનંતજીમાં હતું તેને લીધે તેમના આશ્રિતો તેમને બહુજ ચ્હાતા હતા.

શેઠ ડુંગરશીની દિવાનગીરી રાજ્યને તથા પ્રજાને ફળદાયક ન નિવડી. ચોક્કસ મતલબી માણસોએ પોતાના સ્વાર્થ ખાતર બેસાડેલાં અધિકારીથી રાજ્યને તથા પ્રજાને કશા જાણવા જેવા લાભો થતા નથી. ઠક્કર વીરજી અને કેશવજીની હુંફે થોડી મુદતતો શેઠ ડુંગરશીએ દિવાનગીરી ચલાવી પણ તેનો છેડો ત્વરીત આવી ગયો. વગવશીલાથી મેળવેલી દિવાનગીરી ચૌદ માસમાંજ તેમને છોડવી પડી; એટલે હવે દિવાનપદપર કોને નિમવો એ સવાલ અગત્યનો

---

"લખી પહોંચ લખતાં તેમનો જવાબ પણ આવી ચૂક્યો છે.

"આપને માથેથી છત્ર ઉઠી જતાં મોટું દુઃખ પડ્યું, મગર ઈશ્વરની
"મરજી આગળ નિરૂપાય છે આપ સર્વ વાતે સમજુ છો એટલે કાંઈ
"વધારે લખવા જેવું નથી."

લી૦ સેવકો,
પ્રભુદાસ તથા શામળદાસના
સાષ્ટાંગ દંડવત પ્રણામ.

થઇ પડયો. આજમ અનંતજીભાઈપર રાજ્યના કેટલાક હિતેચ્છુઓનો, મુખ્ય મુખ્ય એજન્સિ અમલદારોનો અને પ્રજા વર્ગનો સારો ભાવ હતો પરંતુ તેઓએ પ્રધાનપદ લેવાની ચોખી ના કહી. એકવાર પોતાની ઈચ્છાથી તજી દીધેલી સત્તા ભોગવવાનો બીજીવાર અભાવ થાય છે. તેવોજ અભાવ ધારણ કરીને આજમ અનંતજીએ રા. રા. ગોકુલજી સંપત્તિરામ ઝાલાને પ્રધાનપદ આપવાની સંમત્તિ આપી. આજમ ગોકુલજીભાઇ વિદ્વાન, ધૈર્યવાન અને નીતિવાન તથા પ્રધાનપદ સોહાવે એવા ઉત્તમ ગુણ સંપન્ન હતા. તેથી સર્વે કોઇની સંમત્તિ તેમનાભણી એક સરખી ઉતરી અને વિક્રમ સંવત ૧૯૧૭ ના વૈશાક શુદ ૮ મેં ભરદરબારમાં તેમને દિવાનગીરીનો પોષાક મળ્યો. જુનાગઢનો ઉદય આ નાગર ગ્રહસ્થની સત્તાના અમલથી ફેર થયો. આજમ અનંતજી રાજ્યના સલાહકારક નિમાયા અને રાજ્યતંત્ર આગળની માફક નિર્વિઘ્ને ચાલવા લાગ્યું.







# દર્શન ૨૦ મું.

## આજમ અનંતજીનું સ્વતંત્ર ઉદ્યોગમાં મચવું.

"માણસ માણસ વચ્ચે ફેર છે. બળવાન ને નબળું-મ્હોટું ને
"ન્હાનું........ઉત્સાહપૂર્વક કામ કરવું અને તેને દૃઢતાથી વળગી રહેવું
"અથવા જે કામ કરવા ધાર્યું છે, તે જીવવું કે મરવું ત્યાં સુધી કર્યા
"કરવું, એવા ગુણથી જે જે આ દુનિયામાં થઈ શકે છે, તેટલું બધું થશે,
"પરંતુ ગમે તેવી સારી બુદ્ધિ હોય, અને ગમે તેવી સારી જોગવાઈ મળે
"તોપણ બે પગનું પ્રાણિ એવા ગુણ વગર માણસ થઈ શકનાર નથી."

(ફાઉલે બર્કસ્ટન.)

ઉદ્યોગી અને ખંતીલા પુરૂષો પોતાનો કાળ ઉદ્યોગમાંજ ગાળે છે-ઇંગ્લાંડના જાણીતા ગ્રંથકાર મી. કાર્લાઇનાં વચનો—આજમ અનંતજીનો ઉદ્યોગી સ્વભાવ—ઉદ્યોગી પુરૂષો ઉદ્યોગ વગર જીવી શકતા નથી—સંસ્થાનોના ઈજારા આપવાનો રીવાજ—અમરેલી મહાલનો ઇજારો—આજમ અનંતજીને એજન્સિ અમલદારોની સ્હાયતા—શ્રીમંત ખંડેરાવ ગાયકવાડ સાથે થયેલી મુલાકાત—વળા સંસ્થાનનો ઇજારો—આજમ અનંતજીને વડોદરે બોલાવીને શ્રીમંત ગાયકવાડે પિછાણેલી કદર—મહાત્મા અને સત્તાવાન પુરૂષો સત્તાબળથી સર્વત્ર સ્થળે સનમાન પામે છે."

ઉદ્યોગી અને ખંતીલા પુરૂષો પોતાનો આયુષ્યકાળ ઉદ્યોગમાંજ ગાળે છે. તેમને આળસાઈ પકડી શકતી નથી

અને તેથી તેઓ પોતાનો તથા પોતાના આશ્રિતોનો અભ્યુદય કરી શકે છે. ઈંગ્લાંડનો જાણીતો ઉત્તમ ગ્રંથકાર મી૦ કાર્લાઈ "પાસ્ટ એન્ડ પ્રેઝન્ટ" નામના ગ્રંથમાં લખે છે કે–"ઉદ્યોગમાં નિરંતર ઐશ્વર્ય અને વળી પવિત્રતા હોય છે." એ વચન યથાર્થ છે. ઉદ્યોગથી આગળ વધેલા પુરૂષો દ્રવ્યવાન થાય છે અને દ્રવ્યવાન તથા સત્તાવાન પુરૂષો પોતાને હાથે પરોપકાર કરીને યશ પ્રાપ્ત કરી શકે છે. આજમ અનંતજીભાઈ દ્રઢ મનના અને અતિ ઉદ્યોગી સ્વભાવના હતા અને દરેક પ્રસંગે પરોપકારના કાર્યમાં આગળ પડતા હોવાથી તેઓએ પોતાની આસપાસ પોતાને ચાહનારાઓનું સારૂં મંડળ ઉભું કીધું હતું. ઉદ્યોગી પુરૂષો વગર ઉદ્યોગે જીવી શકતા નથી એ સત્ય વાર્ત્તા છે. ઉદ્યોગ એજ એનું જીવન છે, જેનો ખોરાક છે તેઓ રાત્રિ દિવસ અનેક તરેહનાં સાહસિક કાર્યો આરંભવાનોજ ઉત્સાહ રાખે છે. તેઓએ વાનપ્રસ્થ થયા પછી પોતાનું લક્ષ સ્વતંત્ર ઉદ્યોગપર લગાડયું. એ સમયે ઘણા રાજા અને ઠાકોરો પોતાના સંસ્થાનોના ઈજારા આપતા અને એવા સાહસિક ઉદ્યોગમાં માન અને લાભ બન્ને સમાયેલાં હોવાને લીધે મોટા મોટા શ્રીમાન અને ઉત્સાહી પુરૂષો આવા ઉદ્યોગમાં હાથ ઘાલવાને તત્પર રહેતા હતા.

આપણે આગલાં દર્શનોમાં વાંચી ગયા છીએ કે રા૦ અમૃતલાલ વગેરે આજમ અનંતજીના કુટુંબીજનો પણ સંસ્થાનોના ઈજારા રાખીને દ્રવ્યવાન અને સત્તાવાન થયા હતા. તેજ ધંધામાં રોકાવાને માટે આ સમય આજમ મોસુફને અનુકુળ હતો તેથી તેઓએ શ્રીમંત ગાયકવાડ સરકારના તાબાતજેના અમરેલી મહાલનો ઈજારો રૂા. ૪૦૦૦૦૦ ચાર લાખર્થી લીધો, તેથી તેઓના હાથમાં કાઠિયાવાડનાં એક રાજા સરખી સત્તા આવી. સંસ્થાનોના ઈજારદારોનો દોર–દમામ–એક સત્તાવાન રાજા સરખો તે કાળને વિષે હતો. તેઓ



પોતાના તાબાની રૈયતપર ગમે તેવી સત્તા ચલાવી શકતા, અને તે આજ કાળના લોકોના ધ્યાનમાં ઉતરી શકે એવી વાર્ત્તા નથી.

આજમ અનંતજીના હાથમાં શ્રીમંત ગાયકવાડનો આ ફળદ્રુપ અને જાણીતો મુલક આવવાથી તેમનું માન અને પ્રતિષ્ઠા જેમના તેમ કાયમ રહી શકયાં. આ ઈજારો આપવામાં અને આજમ અનંતજીને દરેક પ્રકારની મદદ કરવામાં સૌરાષ્ટ્રના એજન્સિ અમલદારોનો સારો હાથ હતો, કારણકે આજમ મોસુફ એજન્સિ અમલદારોની ભક્તિપુર્વક સેવા બજાવવાને દરેક પળે તત્પર રહેતા હતા. તેથી સઘળા અમલદારોની તેમનાપર અથાગ પ્રીત્તિ હતી.

સંવત્ ૧૯૧૭ની શાલમા કૈલાસવાસી શ્રીમંત ખંડેરાવ મહારાજા કાઠિયાવાડમાં આવેલાં પોતાનાં સંસ્થાનોની મુલાકાતે નિકળ્યા હતા, તે વખતે માણુસીઆવાલાની વાવડી મુકામે શ્રીમંત સરકારે પોતાના તાબાનાં અમલદારો તથા તાલુકદારોને એકઠા કરીને નાના-પ્રકારની રમત ગમતો અને કુસ્તિના અખાડા કરાવ્યા હતા, તત્સમયે આજમ અનંતજીની શ્રીમંત ખંડેરાવ મહારાજે માનપૂર્વક મુલાકાત લીધી હતી, આ મુલાકાતમાં આજમ મોસુફે ૧૨ ઉંચી જાતના કાઠીયાવાડી ઘોડા, શ્રીમંત સરકારને ભેટ દીધા તેથી પ્રસન્ન થઇને મહારાજાશ્રીએ આજમ મોસુફને કિંમતી પોશાક ભેટ કરીને કદર પિછાણી હતી.

એજ સાલમાં આજમ અનંતજીને વળા સંસ્થાન સાથે સંબંધ જોડાયો. વળા સંસ્થાનનો ઈજારો આજમ મોસુફે લઇને ત્યાંના રાજ્યકર્ત્તાને કેટલીક પ્રકારના લાભ કીધા અને પોતાની સત્તાથી સંસ્થાનની પ્રજાને આબાદ કીધી.

શ્રીમંત ગાયકવાડ સરકારની વાઘેરોના તોફાનમાં સેવા બજા-

વવાને લીધે શ્રીમંત ખંડેરાવ મહારાજા આજમ અનંતજીપર બહુ પ્રસન્ન હતા. કૈલાસવાસી મહારાજા વીર પુરૂષ હતા અને તેથી તેઓ વીર પુરૂષોની પ્રસંગે પ્રસંગે કદર બૂઝતા હતા. આજમ ક્રીન્લોક ફ્રાંસીસ સાહેબનું ધ્યાન આજમ અનંતજીએ ખેંચી લીધું હતું, તેથી સાહેબ મોસુફે વડોદરાના રેસિડેન્ટ સાહેબને લખીને ત્યાંની સરકાર તરફથી યોગ્ય સન્માન કરવાની ભલામણ કરી હતી, તેથી શ્રીમંત ગાયકવાડ સરકારે આજમ અનંતજીને વડોદરે બોલાવ્યા અને મકરપુશના મેહેલમાં ભેટ લેઇને નગારૂં, નિશાન તથા છત્રી મશાલની બક્ષીસ કરી, તેનો ખર્ચ નભાવવાને માટે દરીક હજારનું વર્ષાસન બાંધી આપીને સરદારની પદવી આપી. આવી રીતે આજમ અનંતજીની કદર શ્રીમંત ગાયકવાડ સરકારે પિછાણવાથી તેમના શત્રુઓ અંજાઈ ગયા.

મહાત્મા અને સત્તાવાન પુરૂષો પોતાની સત્તાના બળથી સર્વત્ર સ્થળે સન્માન પામે છે. તેઓ પોતાનાં બળ અને પરાક્રમથી શત્રુઓને દબાવી શકે છે અને પોતાની જય ધ્વજા ઉડાડીને શત્રુઓનાં મ્હોડાં કરમાવી દે છે.





# દર્શન ૨૧ મું.

## આજમ અનંતજીનો બ્રિટિશ સત્તાવાળાઓ સાથેનો સંબંધ.

"+હું એકલો છું. હું સહાય વિનાનો છું, હું દુર્બળ છું, અને "મારી પાસે કાંઇજ સાધન નથી. એવી ચિંતા સિંહને સ્વપ્નામાં "પણ થતી નથી."

ઓખાના વાઘેરોએ વધારે મચાવેલું તોફાન–કાઠિયાવાડ ભૂમિજ વીર ભૂમિ છે–વાઘેરોને સ્વાધિન કરવાનો ઉદ્યોગ–આજમ અનંતજીપર કાંટાળા લોકોનો વિશ્વાસ–વાઘેરોને વશ કરવાને આજમ મોસુફે લીધેલા ઉપાયો–અમરેલીમાં વાલા જેઠસુરનું બારવટું–આજમ મોસુફને બ્રિટિશ સેવા બજાવવાનો ઉત્સાહ–નવાબ સાહેબે સ્વતંત્ર થવાને કરેલો યત્ન–એકાએક બનશળી જઇને પ્રાંતના સાહેબને મળવું–નવાબ સાહેબનું સ્વતંત્ર થવું–શેઠ ડુંગરશીપર વાઘેરોને મદદ કરવાનું તોહોમત–તેની તપાસ–તપાસમાં ગુનાહનું સાબીત થવું–તેમને ચપેલી

+एकोहम सहायोहं कृशोहम परिच्छदः ॥
स्वप्ने प्येवं विद्या चिंता मृगेंद्रस्य न जायते ॥१॥

શિક્ષા-વીરજીનું મરણ પામવું-મહાત્મા પુરૂષના હૃદયમાં દ્વેષ ટકી શકતો નથી-પ્રમાણિકપણું એજ સચાઈ-ચાંપોદડ ગામ લેખ સાથે આજમ અનંતજીને બક્ષિસ કરવાની નવાબ સાહેબે કરેલી મેહેરબાની-તે રાજાને ધન્ય છે કે જે પોતાના સેવકપર રીઝે છે-માંગરોળનો ઇજારો-અમરેલીમાં એક મકરાણીનું બારવટે નીકળવું-આજમ અનંતજીને હાથે તેનું પકડાવું-એજન્સિ અમલદારોએ આજમ મોસુફના સંબંધમાં કરેલો રિપોર્ટ."

ઓખાના વાઘેરોને આભપરાના યુદ્ધમાં હરાવ્યા છતાં તેઓ હારીને છેક તાબે થયા નહોતા. તેઓએ બરડાના ડુંગરમાંથી ન્હાસીને આસપાસના પ્રદેશમાં તેમાં મુખ્યત્વે કરીને ગાયકવાડી હદમાં લુટફાટ ને જોર-જુલમ કરવા માંડયું હતું. કોડીનાર એ ગાયકવાડનું મોટું થાણું અને મુખ્ય માહાલ છે. તે સ્વાધીન કરીને વાઘેરો તેના ધણી થઇ બેઠા હતા. આવા તોફાનની સાથે બીજાં પણ નાનાં નાનાં તોફાનો ચાલુ હતાં. કાઠિયાવાડ ભૂમિજ વીર ભૂમિ છે અને તેમાં અનેક વીર પુરૂષો જાગે છે અને પોતાનાં પરાક્રમવડે વીરભૂમિને ગજાવે છે. જુના વિચારના અને જહનુંની સ્વભાવના લોકો જરા જરા વાતમાં નારાજ થઇને બારવટે નિકળે છે અને પોતાથી બની શકે એટલું તોફાન કરીને હારીને કિંવા તો નાશ પામીને સ્થિર થાય છે. એવા લોકોમાં કાઠિ, વાઘેરોને મકરાણી મુખ્ય છે. અમરેલી મહાલમાં શ્રી અનંતજીના સમયમાં પણ કેટલાક તોફાની લોકો બારવટીઆને નામે આસપાસ પ્રકટ થયા હતા. વાઘેરોનાં તોફાને તો હદ કીધી હતી, તેથી ગાયકવાડી સત્તાવાળાઓ તથા એજન્સિ અમલદારો તેમને તાબે કરવાને માટે તથા તેમની રંજાડ ઓછી કરવાને માટે ખૂબ મથેલા હતા, પરંતુ



તેમાં તેઓ જય પ્રાપ્ત કરી શક્યા નહોતા. આજમ અનંતજીનાપર સૌરાષ્ટ્રના સત્તાવાળાઓનો તથા દરેક પ્રજાવર્ગનો પૂર્ણ વિશ્વાસ હતો એતો આપણે અનેક પ્રસંગે જોઈ ગયા છીએ. વાઘેરો અને બીજા કાંટાળા વર્ગના અજ્ઞાન ને લડાયક લોકોને પણ વશ કરી લેવાની શક્તિ આજમ મોસુફમાં રહેલી હતી, તથા તેમના વચ્ચે વિશ્વાસ અને માન પુષ્કળ હોવાને લીધે તેમના હુકમનો અથવા સલાહનો અનાદર કરવાને તેઓ ખુશી નહોતા. વાઘેરો રસપર ચઢવાથી તેમને વશ કરવાને માટે આજમ અનંતજીદ્વારા એજન્સિ અમલદારોએ વૃષ્ટી ચલાવી, તેથી આજમ મોસુફે યત્ન કરીને વાઘેરોના મુખી વાઘેર રવા માણક વગેરે ૧૩ આસામીને હથિયાર છોડાવીને કેટલાક કરાર સાથે શ્રીમંત્ ગાયકવાડ સરકારને સોંપ્યા ને થોડી ઘણી શાંત્તિ પ્રસરાવી દીધી.

સંવત્ ૧૯૧૮ ની સાલમાં અમરેલી મહાલમાં વાલો જેઠસુર બારવટે નીકળ્યો હતો. તેના ત્રાસથી ત્યાંની અને આસપાસના ગામડાંની પ્રજા ત્રાહ ત્રાહ પોકારતી હતી, અને ભય પામતી હતી. તેની સાથે તેના સરખા કેટલાક હરામખોરો એકઠા થયા હતા અને તેઓએ મળીને કેટલાક ગામ માર્યાં હતાં તથા ખુનો કીધાં હતાં. તેમને એજન્સિ અમલદારોની ભલામણથી આજમ અનંતજીએ પકડીને શ્રીમંત ગાયકવાડ સરકારને સ્વાધિન કીધા. આવી રીતે જે કાર્યો સત્તાવાળાઓથી પણ બની શકતાં નહોતાં તે બજાવવાને આજમ અનંતજી તત્પર થતા અને તેમાં જય પામતા હતા. બ્રિટિશ સરકારના તેઓ ખરા મદદગાર હતા તેથી ગમે તેવા ભયમાં પણ તેઓ બ્રિટિશ સરકારની સેવા બજાવવાને ચૂકતા નહોતા. આવાં કારણોથી પ્રતિપક્ષિઓનું તેમનાપર કશું ચાલતું નહોતું.

આપણે આગળ વાંચી ગયા કે રાજ્યમાતા અને તેમના સલા-

હકારકો આગળ નવાબ સાહેબનું ચલણ નહોતું તેથી તેઓએ સ્વતંત્રતા મેળવવાને માટે યોજના રચવા માંડી. આ સમયે તેમના અતિ વિશ્વાસુ અને સાચા સલાહકારક બાઉદ્દીનભાઇ હતા. તેમની સાથે દઢ નિશ્ચય કરીને સ્વતંત્ર થવાનો સંકલ્પ કીધો.

સોરઠ પ્રાંતના મદદગાર એજંટ મી૦ જી. બી. કોલસન સાહેબની સ્વારી **વનથળી** મુકામે હતી, તે તક હાથમાં ધરીને પોતાના વિશ્વાસુ શેખ બાઉદ્દીનભાઈની સાથે નવાબ સાહેબ મહોબતખાનજી સંવત્ ૧૯૧૮ ના જેઠ શુદ ૭ ને બુધવારે સાહેબ સ્વારીમાં જઇ પહોંચ્યા અને પોતાની હકીકત જાહેર કીધી. નવાબ સાહેબની આવી ખબરદારી જોઈને સાહેબ બહુ ખુશી થયા અને પોલિટિકલ એજંટ સાહેબને સઘળી બાબત લખીને નવાબ સાહેબને સ્વતંત્ર કીધા.

આ બનાવ બન્યા પછી તરતજ શેઠ ડુંગરશી તથા ઠક્કર વીરજીને કેશવજીપર ડોસા પારેખનું ખુન કરવાનું તથા વાઘેરોને મદદ આપવાનું તોહોમત આવ્યું. મીઆં હામદ વગેરેને કેદ કીધા. કેટલાક મુદ્દાના કાગળો પકડાયા અને તેથી તેમની તપાસ કરવાને માટે કર્નલ બાર સાહેબે પોતાના મદદગાર કેપ્ટન એલીયટને જૂનાગઢ મોકલ્યા પણ તે ત્યાં જઈ પહોંચીને થોડા દિવસમાં મરણ પામવાથી મદદગાર રેસિડેંટ લા સાહેબ પાસે તપાસ ચાલીને યોગ્ય શિક્ષા થઈ. આ શિક્ષા પૂરી થાય તે પહેલાંજ પોતાના કર્ત્તવ્યના દુઃખથી ઠક્કર વીરજી ઉપરકોટની બારીમાંથી પડીને મરણ પામ્યો. શેઠ ડુંગરશીએ પોતાની ટુંકી કારકીર્દિમાં પોતાના સામા પક્ષને નુકશાન કરવામાં બાકી રાખ્યું નહોતું.

આજમ અનંતજીને શ્રીમંત્ સરકારની સેવા બજાવવાના સંબંધમાં ઝાંપોદડ નામનું ગામ બક્ષીશ મળ્યું હતું, તે શેઠ ડુંગરશીએ



સરકાર કબજે કીધું અને એવી એવી પોતાથી થાય એવી અડચણો કરી તે છતાં આજમ મોસુફના અંતઃકરણમાં કાંઇજ રોષ ન આવ્યો. મહાત્મા પુરૂષોના હૃદયમાં દ્વેષ ટકી શકતો નથી. પંચ તંત્રમાં વચન છે કે—

"મોટા પુરૂષો છે તે દુર્જન ઉપર કોપતા નથી. જેમ શેરડી ચક્રમાં નાખી હોય તોપણ તે કડવો રસ આપતી નથી."

તેઓ ધૈર્યતાથી શત્રુઓના દોષો સહન કરે છે અને પોતાની પ્રમાણિકતાપર દઢતાથી ટકી રહે છે. પ્રમાણિકપણું એજ સચ્ચાઈ અને સચાઇ તેજ પ્રમાણિકપણું—સચ્ચાઈ એ સ્વતંત્રતા, સંપુર્ણતા અને દઢતામાંથી કાઢેલો અર્ક છે. પ્રમાણિક પુરૂષોને તેમના પ્રમાણિકપણાનું ઇનામ મળે છે. તેજ પ્રમાણે આજમ અનંતજીએ જૂનાગઢ સરકારની તન, મનથી જે સેવા બજાવેલી તેનું ફળ તેમને ત્વરીત મળ્યું. શેઠ ડુંગરશીએ પોતાના કારભારમાં ઝાંપોદડ ગામ જે સરકાર સ્વાધીન કીધું હતું, તે નવાબ સાહેબ શ્રી મહોબતખાનજીએ પાછું સ્વાધિન કીધું અને પોતાની મોહોરનો લેખ* લખી આપીને આજમ અનંતજીની કદર પિછાણી. તે રાજાને ધન્ય છે કે જે પોતાના સેવકપર રીઝીને અમૂલ્ય બદલો આપે. જીર્ણગઢના રાજ્યકર્ત્તાઓની ઉદારતા જાહેર છે. તેઓ હરેક પ્રસંગે પોતાના દિવાનો અને અમીરોના કાર્યની કદર કરે છે અને તેમના ઉત્સાહમાં વધારો કરે છે.

---

* હજુર નં૦
૧૬૧.

શ્રી

તથા

સુદાતછે.

"શ્રી દિવાન નવાબ સાહેબ શ્રી ૭ મહોબતખાનજી બહાદુર બાબી

એજ સાલમાં તેઓએ માંગરોળનો ઇજારો લીધો અને એ રાજ્યમાં પણ જોઇતા સુધારા કરવાની શરૂઆત કરી ને રાજા–પ્રજાને પ્રસન્ન કરવાની પેરવી કીધી.

---

"એજત આસાર અનંતજી અમરચંદ. જત તમે સરકારના કદીમ ખેર-
"ખાહછો. વાસ્તે સરવ વાતે પોતાની ખબર જમે રાખી તમારાં ઘર,
"ખોરડામાં આબાદ રહી મોજે ઝાંપોદડ ગામ પ્રથમથી તમને ઈનામ
"બક્ષીશ આપેલ છે, તેની ઉપજ ખાઓ છો તે ખાધે જજો. તમને પ્ર-
"થમ નવાબ સાહેબ કીબલે બહાદુરખાનજી તથા ભાઇ હામદખાનજીએ
"તથા આ સરકારથી જે પરવાના લખાવી આપવામાં આવ્યા છે, તે
"બદસ્તુર બહાલ રહેતાં તકરાર આ પરવાનો લખી આપવામાં આવે છે
"કે, મોજે ઝાંપોદડ ઉપર શેઠ ડુંગરશી દેવશીએ અદાવતના રાહે તથા
"ગેરવાકેફગારીથી જપ્તીનો રૂકો લખાવેલ તે વાત કીબલે માજી સાહેબ
"તથા હજુર કાને આવતાં મોજે મજકુર તમને ભાઈ હામદખાનજી
"મરહુમે ઈનામ બક્ષીશ ગરાશની એ રીતે આપી પરવાનો લખી આ-
"પેલ તથા તે બાદ સરકારને ગાદી મુબારક થાતાં સરકારથી પણ બીજો
"પરવાનો કરી આપવામાં આવેલો સિવાય આજમ ફાર્બસ સાહેબ
"વિદમાને તમારા હાથથી આંહીનાં કામ–કારભાર મુકાણો તે વખત પણ
"એ ગામ પ્રથમ ગરાશની રીતે અનામ થયેલ જેથી તમારા તેહેવત
"સરફમાંજ રહેલ વળી તમને ફારગતી આપી તેમાં પણ સંવત ૧૯૦૮
"પેહેલાં જે તમારી ઈજા આબરૂ ચાલે છે, તે પ્રમાણે ચાલે એવું લખાયું
"છે તો આ ગામ તે પહેલાં તમને મળેલ એ વગેરે મજબૂતી જોઈ ત-
"મને ખુલાસાનો રૂકો લખાવી આપવામાં આવતાં જપ્તીની સીલીક પણ
"તમને સોંપવામાં આવી છે. માટે બ ફેરાગ ખાતરમાં જે મજકુરની
"ઉપજ આમદાની તથા અમલ સરકાર ખાધે જજો. આયંદેથી તમને
"તથા તમારા ગામ ગરાશને કોઈ દિવશ કશી વાતની હરકતે સુગ્રાહેમત
"ન થાતાં તમારા હકમાં ગરગજેનું બોલવું મંજુર થશે નહિ. એ વા-
"તમાં કોલ સરકારશ્રીનો છે. તથા બાંધરસાહેબ, જાદે બુલંદ એકબાલ



વિક્રમ સંવત્ ૧૯૧૯ માં અમરેલીમાં એક મકરાણીએ બારવટે નીકળીને ઘણી રંજાડ કરવા માંડી. તેને પકડવાને માટે ગાયકવાડી અમલદારોએ તથા એજન્સિ અમલદારોએ બહુ કોશિશ કરી પણ તે પકડાયો નહિ તેથી અંતે આજમ અનંતજીની મદદ માગવાથી તેઓએ મજબૂત ઉપાય લઈને થોડા વખતમાં મકરાણીને પકડીને સત્તાવાળાઓને સ્વાધીન કીધો, અને તેથી એજન્સિ અમલદારો આજમ મોસુફપર બહુ ખુશી થયા અને તેઓએ બજાવેલાં આ કાર્ય માટે વડી સરકારને ખબર પણ કરી.

---

"બહાદુરખાનજી ઉરફે બાપુમીયાંને આપ્યો છે, તથા જમાદાર સાલેબીન
"અબુદ તથા જમાદાર મુબારકબીન સાલમને જમાન આપી મહોર
"કરાવી આપી છે, તો કશી વાતે તફાવત થશે નહિ. સંવત્ ૧૯૧૮ના
"શ્રાવણ. તા૦ ૨૪ મી. શેહરશફરસ હીજરી."

૧ જમાદાર મમદ ઇ. સાલેની — ૧ બાપુમીયાં સાહેબની

મહોર. — મહોર.

૧ જમાદાર મુબારકબીન સાલમની

મહોર



# પ્રકરણ ૮ મું.

## નાગરો અને કર્નલ કિટિંજ—ગિરિનારની પ્રદક્ષિણા.

## દર્શન ૨૨ મું.

### નાગરો અને કર્નલ કિટિંજ.

"માણસનું માપ આપણે ક્યારે જાણીએ? જ્યારે તેની સાથે આ-
"પણે થોડો વખત અથવા ઘણા દહાડા વસીએ ત્યારે. માણસનું વજન
"આપણે ક્યારે જાણીએ? જ્યારે આપણે થોડી વાર તેની સાથે વાત-
"ચીત કરીએ ત્યારે."

"દ્વેષિલોકો દ્વેશવડે જન સમુદાયનું હિત જોઈ શકતા નથી—
"શેઠ ડુંગરશી અને તેના પક્ષનો નાગર કોમ ઉપર હુમલો—કવિ
"દેવેશ્વરનું વચન—કર્નલ કિટિંજનો નાગરો વિષે અભાવ—ભાવનગ-
"રમાં નિશાળની પરિક્ષા સમયે કર્નલ કીટિંજ અને એક નાગર વિ-
"દ્યાર્થિનો સંવાદ—સવાલ જવાબથી સાહેબ મોસુફનું પ્રસન્ન થવું—
"આ સમય સંભાળવાનો હતો—આજમ અનંતજી સાથે સાહેબ
"મોસુફની પહેલી મુલાકાત—આજમ મોસુફપર સાહેબનું ખુશ
"થવું—નાગરો વિષે કર્નલ કીટિંજનો ઉંચો થયેલો અભિપ્રાય—



દ્વેષિ પુરૂષો દ્વેષવડે કરીને જન સમુદાયનું હિત્ત જોઈ શકતા નથી. તેઓની આંખમાં એક જાતનું એવું ઝેર પ્રકટે છે કે તે ઝેરવડે તે જનસમુદાયનું અકલ્યાણ ઇચ્છે છે. અકલ્યાણ અથવા અહિત્ત કરવાનું તેમના હાથમાં નથી, તેઓ પોતાની શક્તિનો ગેરઉપયોગ કરીને સામાજનોનું અકલ્યાણ કરવાનું મથન કરે છે પણ પ્રભુ તેમાં તેને જય આપતા નથી. ક્ષુદ્ર અથવા નીચ મનુષ્યો પ્રાણી માત્રનું શ્રેય જોઈ શકતા નથી. તેઓનો સ્વભાવજ એવો હોય છે, પણ મહત્ પુરૂષોનાં હૃદય એવાં દ્વેશિ હોતાં નથી. તેઓનાં ચિત્ત વિકારને વશ થયેલાં નથી હોતાં તેથી તેઓ પ્રાણી માત્રનું કલ્યાણ ને હિત્ત સર્વદા ઇચ્છે છે. શેઠ ડુંગરશી અને તેની પક્ષનાં માણસો આજમ અનંતજી અને નાગર જાતિ વિષે અભાવ ધરાવીને નિંદા કરતા હતા પણ આજમ અનંતજીનું મન એવું ક્ષુદ્ર નહોતું. કવિ દેવેશ્વર કહે છે કે,—

गवादीनां पयोन्येद्युः सद्यो वा जायते दधि ॥
क्षीरोदधेस्तु नाद्यापि महतां विकृतिः कुतः ॥१॥

અર્થ—"ગાય કે ભેંસ વગેરેનું દુધ બીજે દિવસે તરત દહીં થઇ જાય છે, પણ ક્ષીરસાગરનું દુધ તો આજ સુધી પણ દહીં થઈ ગયું નથી."

મતલબ મોટા મનના પુરૂષોને વિકાર હોતો નથી. તેવીજ રીતે આજમ અનંતજીમાં દ્વેશ ઘડીભર પણ ટકી શક્તો નહોતો, તેઓનો સ્વભાવ હરેક બહાને કોઇનું પણ શ્રેય થાય તેવો કોમલ હતો.

કર્નલ આંડરસન પછી પોલિટિકલ એજંટના હોદ્દાપર કર્નલ કીટિંજ આવ્યા. તેજ સમયમાં આપણે ઉપર વાંચી ગયા તેમ શેઠ ડુંગરશી અને ઠક્કર વીરજી-કેશવજીની પક્ષના માણસો નાગર વિરૂદ્ધ

હોવાને લીધે અંગ્રેજી વર્તમાન પત્રમાં નાગરો વિરૂદ્ધ લખાણો કરાવતા હતા તે વાંચીને કર્નલ કીટિંજના મનપર સઘળી નાગર કોમ વિષે ખરાબ છાપ પડી હતી, તેજ અરસામાં તેમની સ્વારી કાઠિયાવાડમાં આવીને ભાવનગરમાં પહેલો મુકામ કીધો. ભાવનગર એ જૂનાગઢની માફક નાગરોનું મુખ્ય સ્થળ છે અને તેઓ રાજ્ય કાર્યમાં પ્રાચીન કાળથી આગળ વધેલા હોવાથી બીજી જાતી કરતાં સુખીને શ્રીમંત છે.

ભાવનગરમાં આવીને બીજે દિવસેજ અંગ્રેજી નિશાળની પરિક્ષા લેવાને માટે સાહેબ મોસુફ ગયા તે વખતે નિશાળમાં વિદ્યાર્થિઓની મોટી સંખ્યા હોવાથી તેઓને નાગરોની ઐક્યતા વિષે આશ્ચર્ય ઉપજ્યું. પરિક્ષા વખતે એક પેહેલા વર્ગના છોકરા સાથે નીચે પ્રમાણે સવાલ જવાબ થયા.

Mr. Keating— Who are you?
The Boy— Nagar.
Mr. K.— I want to cut off their head.
Boy— why?
Mr. K.— Because Nagar are bad.
B.— All are not so.
Mr. K.— Can you prove that matter *mail colly*.
B— Yes Sir.

મિ. કીટીંજ— તમે કોણ છો?
છોકરો— નાગર.
મિ. કીટીંજ— મારે તેઓનાં માથાં ઉડાવી લેવાનાં છે.
છોકરો— શા માટે?



મિ. કીટીંજ— કારણ કે નાગરો ખરાબ છે.
છોકરો— બધા તેવા નથી.
કીટીંજ— તમે ગણિત શાસ્ત્રને આધારે સાબીત કરી શકશો?
છોકરો— હા સાહેબ.

સાહેબ, છોકરાની હાજર જવાબ દેવાની શકિત જોઇને પ્રસન્ન થયા.

આ સમય નાગર અધિકારીઓને ખરેખર સંભાળવાનો હતો, કારણ કે જેના હાથથી કામ લેવાનું હતું તેના હૃદયમાં આખી કોમ વિષે વિરૂદ્ધ વિચાર ભરાયાથી અનેક તરેહની હાની થવાનો સંભવ હતો. આ વાતથી આજમ અનંતજી અજાણ નહોતા. કર્નલ કીટિંજ સાથે કામ પ્રસંગે આજમ અનંતજીની પહેલી મુલાકાત થઇ. આ પ્રથમની મુલાકાતમાંજ તેઓએ પોતાની શક્તિ ને ખબરદારીની છાપ સાહેબ મોસુફપર એવી તરેહની પાડી દીધી કે નાગરોની ઉંચી શક્તિની સ્તુતિ વખત જતાં સાહેબને અનેક પ્રસંગે કરવી પડી અને તે સમયથી અનુભવ વધતો ગયો તેમ તેમ નાગરો સંબંધી પોતાનો મત ફેરવીને નાગરોને ચાહવા લાગ્યા.

# દર્શન ૨૩ મું.

## ગિરિનારની પ્રદક્ષિણા.

"સર્વ પુણ્ય ક્ષેત્રોમાં પ્રભાસ ક્ષેત્ર ઘણુંજ શ્રેષ્ઠ કહેવાય છે, તેમાં "પણ વસ્ત્રાપથ ઉત્તમ ક્ષેત્ર છે, અને તીર્થયાત્રામાં ગિરિનાર પરિક્રમા- "ઉત્તમ કહેવાય છે, માટે સર્વ મનુષ્યના સંઘ સહિત તે યાત્રા કરવી".

"વીર પુરૂષો પ્રવૃતિને વશ થાય છે તેવીજ રીતે નિવૃત્તિ માર્ગ "પણ ત્વરીત પકડી શકે છે-વીર પુરૂષોનું ચિત્ત ઉદ્યમ વગર શાંત ર- "હેતું નથી-ગિરિનાર મહાત્મ-ગિરિનાર પ્રદક્ષિણા કરવાનો આજમ "અનંતજીએ કરેલો નિશ્ચય-સૃષ્ટિ સૌંદર્યતાથી માણસનું હૃદય પ્રફુલ્લિત "રહે છે-આજમ અનંતજીએ આ યાત્રા નિમિત્તે કાઢેલો સંઘ-સંઘની "વ્યવસ્થા-પ્રદક્ષિમાં મળેલો આનંદ-જંગલની શોભા-આ યાત્રાના સં- "બંધમાં એક સંસ્કૃત લખનારના વિચાર-ગિરિનાર ઉપરની યાત્રા— "તેનું વર્ણન-યાત્રા કરીને કુશળક્ષેમ જુનાગઢમાં આવી પહોંચવું."

प्राभासिकं क्षेत्रवरे वरिष्ठकं ॥ तत्रापि वस्त्रापथ मुत्तमं स्मृतम् ॥ गौरीगिरेश्चापि परिक्रमोत्तमा ॥ कार्याधुना सा जनता समे- निका ॥१॥



વીર પુરૂષો પ્રવૃત્તિને વશ થઇને અનેક તરેહનાં પરાક્રમો કરીને પોતાનો યશ પ્રકાશમાન કરે છે; તેવીજ રીતે નિવૃત્તિ માર્ગ પકડીને પણ ધર્મના અનેક કર્મો કરવામાં આગળ વધે છે. વીર પુરૂષો પ્રવૃત્તિને વશ થાય છે તેવીજ રીતે નિવૃત્તિને વશ થતાં પણ વિલંબ લગાડતા નથી. તેવા પુરૂષોનું હૃદયજ એવું હોય છે, પછી પ્રવૃતિ કહો કે નિવૃત્તિ કહો પણ તેઓનું કર્તવ્ય કર્મ પરાક્રમ દર્શાવવાનુંજ હોય છે. આજમ અનંતજીભાઈ પણ તેવાજ વીર પુરૂષ હતા. તેઓએ ન્હાનાં પ્રકારનાં રાજ્યદ્વારિ-ગુંચવણ ભર્યા કર્તવ્ય કર્મમાં પોતાનું મન રોકીને પોતાની શક્તિનો પ્રકાશ કીધો હતો તે દઢ મનથી હવે ધર્મ-કર્મમાં પોતાનું આયુષ્ય ગાળીને પર- લોકનું સુખ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવા માંડયો. વીર પુરૂષોનું ચિત્ત ઉદ્યમ વગર શાંત રહેતું નથી, પછી ગમે તો આ લોક કે પરલોકના સુખનો ગમે તે પણ ઉદ્યોગ, અખંડ ઉદ્યોગ તેમને જોઇએ છીએ.

ગિરિનાર પ્રદક્ષિણાનું મહાત્મ આપણાં પુરાણોમાં બહુ વર્ણ- વેલું છે તેથી આજમ અનંતજીનો વિચાર ગિરિનાર પ્રદક્ષિણા કર- વાનો થયો. પોતે શ્રીમંત, સત્તાવાન અને શ્રદ્ધાવાન હતા તેથી શાસ્ત્ર વિધિ પ્રમાણે પ્રદક્ષિણા કરવાનો નિશ્ચય કીધો. ગિરિનાર એ શ્રી સા- રાષ્ટ્રમાં પરમ પવિત્ર અને સિદ્ધ પુરૂષોને સેવવા લાયક ડુંગર છે અને તેનો અલૌકિક રચના, આસપાસની અને ઉપરની સૌંદર્યતા ગમે તેવા કઠણ હૃદયનાં માણસને ઇશ્વરી ભક્તિમાં લીન કરી નાખે છે. એવા સુંદર અને પવિત્ર ડુંગરની યાત્રા કરવાને માટે આજમ અનંતજીએ સંવત ૧૯૨૦ ના જ્યેષ્ટ શુદિ ૭ ને ગુરૂવારે સંઘ કહાડયો. હિં- દુસ્તાનમાં યાત્રા કરવાને માટે શ્રીમાન પુરૂષો સંઘ કહાડે છે અને તેથી સાધારણ વર્ગના લોકોને પણ જાત્રા કરવાનું સુલભ પડે છે.

જૂનાગઢના લોકોને પ્રદક્ષિણા કરવાની સગવડતા થાય તેથી તમામ શહેરમાં આમંત્રણ મોકલી દીધાં અને પોતાની જાતમાં જાતે ફરીને આજમ અનંતજીએ જાત્રામા આવવાને માટે વિનતિ કરી. આવી રીતે જૂનાગઢના એક શ્રીમાન અને દિવાન થઈને નમ્રતા વડે પોતે ઘેર ઘેર આમંત્રણને માટે ફર્યા તે પરથી વાંચનાર જોઈ લેશે કે રાજ્યશ્રીનું હૃદય કેવું નિર્મલ, માન રહિત અને ધર્મ યુક્ત હતું. આવી સારી તક મળવાને લીધે આ સંઘમાં લગભગ ૧૯૦૦ માણસો જોડાયાં. તેમના ભાર ઉપાડવાને માટે આજમ મોસુફે ભાર ઉપાડનારા માણસો તથા કેટલાકને માટે ડોલીઓ પોતાને ખર્ચે મોકલાવી હતી. સંઘનું રક્ષણ કરવાને માટે શિરબંદીના માણસોની તથા મહેર સરખા શૂરા માણસોની ગોઠવણ કરી હતી. સાથે ગાયન કરનારા ગવૈયા તથા સંઘના લોકોને નાના પ્રકારની રમતથી મોહ કરનારા ભવાયા લોકો પણ હતા. વિદ્વાન અને શાસ્ત્રને જાણનારા એવા શાસ્ત્રીઓ પણ સાથે જતા તેથી આ સંઘની રચના અલૌકિક થઇ. ભોજન ખર્ચ પણ આજમ અનંતજીએ ઉપાડી લીધું હતું. તેથી રોજ નવી નવી તરેહનાં મિષ્ટ ભોજનો સંઘને માટે તૈયાર થતાં, અને જ્યાં પડાવ નાંખવામાં આવતો હતો ત્યાં આનંદ આનંદ વરતાતો હતો. જંગલમાં મંગલ તે આનું નામ.

ડુંગરમાંથી નિર્મળ પાણીના ઝરા ધીમે ધીમે વહેતા હોય, નદિઓ, વૃક્ષોની ઘટામાં થઈને શાંત શાંત વહન કરતી હોય, તરૂપર અનેક તરેહનાં પક્ષિઓ કિલકિલાટ કરી રહ્યાં હોય તેવાં રમણિય સ્થાનમાં વસવું અને આ અલૌકિક સુખનો લ્હાવો લેવો એ પણ આ સંસારમાં એક અવર્ણિય લાભ છે. આ યાત્રાના સંબંધમા એક સંસ્કૃત લખનાર કહેછે કે"—

"તે નદીને કાંઠે બ્રાહ્મણો વગેરેની પંક્તિ અમ્રતપાન કર-



"વાને બેઠી હોયની એમ શોભે છે, સિંધુને કાંઠે દેવતાને તો કેવલ "એકજ અમ્રત હતું પણ આ સ્થળે તો પંચામૃત ભોજન રોજ "રોજ થાય છે તે વિશેષ છે".*

ગિરિનારની પ્રદક્ષિણામાં અનેક તિર્થો આવેછે. એ દરેક તિર્થોમાં એક એક રાત્રિ રહીને આ સંઘ આગળ ચાલતો. તેઓએ સૂર્ય કુંડમાં સ્નાન કીધું, ને બોર દેવીની ઝાંખી કીધી. બોરીઆ નામનો પર્વત જોયો અને અંબાજીના સ્થાનકમાં એક રાત્રિ વિરામ કીધો. એવી રીતે અલૌકિક વન લીલા નિરખીને તથા યાત્રાના સ્થાન વિષે સ્નાન-વિધિ કરીને યાત્રાળુઓ પ્રસન્ન થયા.

પ્રદક્ષિણા કરતાં કરતાં તેઓ ભવનાથમાં આવ્યા. ત્યાં મૃગી કુંડમાં અને ભૈરવ કુંડમાં વિધિ પૂર્વક સ્નાન કીધું, તથા વસ્ત્ર, પથેશ્વર, ભવનાથ અને કાલભૈરવનું શ્રદ્ધા પૂર્વક પૂજન કરીને અને જ્ઞાનવાપી વગેરેનું જલપાન કરીને કૃત કૃત્ય થયાં.

ચઢાવની વાવથી સઘળા સંઘે ગિરિનારપર ચઢવાનો પ્રારંભ કીધો. પ્રથમ પંચેશ્વર મહાદેવનું સ્થાન છે ને મણિકુંડ નામનો વહેળો આવેછે ત્યાં સઘળા યાત્રાળુઓ આવ્યા ને રાત્રિને વિષે ગૌમુખીપર નિવાસ કીધો. પ્રભાતમાં ભીડકુંડ પ્રત્યે સઘલા યાત્રાળુઓ ગયા અને ત્યાં સ્નાન કરીને પોતાનાં નિત્ય કર્મ ગૌમુખી ગંગામાં ન્હાઇને કીધાં. બ્રહ્મેશ્વરની યથાવિધિ પુજા કીધી, ને પછી સાક્ષાત દેવી જ

---

आर्या.

*भोजनजनराजीयं निर्जरराजीव राजते सिंधौ ॥
पाने सृतमृतकं तत्र तु पंचामृतं विशेषोत्र ॥१॥

અંબીકા તેની ઝાંખી કરવાને માટે ટુંકપર ચઢયા. અંબીકાના દેવળમાં જઇને બ્રાહ્મણોએ ચંડિપાઠ કર્યા, બીજા શ્રધાળુઓએ દેવીની સ્તુતિ કરી અને યથાયોગ્ય બ્રહ્મભોજન કીધું. ત્યાંથી ગુરૂદત્તાત્રેયને નમસ્કાર કરી, કમલકુંડનું સુંદર જલપાન કરી તપસ્વિ સેવાદાસજીને નમન કરી સઘળો સંઘ નીચે ઉતર્યો. કવિ કહેછે કે—

"+પુણ્યવાન લોકો પુણ્યનો વિક્રય કરવા સારૂ આ પુણ્ય યાત્રા "રૂપી બજારમાં જતા હોય શું એમ નિર્ભય ચાલ્યા જાયછે, પરંતુ "આ જગ્યોએ તો પાપ આપીને પુણ્ય લે છે એ મોટું આશ્ચર્ય આ "બજારનું છે".

ગિરિનારની તળાટીથી શહેરમાં આવતા પ્રખ્યાત દામોદરજીનું મંદિર તથા કુંડ છે. તેમાં સઘળા પુણ્યવાન ગ્રહસ્યોએ સ્નાન કરીને શ્રી દામોદરજીની યથાવિધિ પૂજા કીધી. ત્યાંથી ડાબા હાથ ભણી શ્રી વાઘેશ્વરી માતાનું સ્થાન છે તેમનાં દર્શન કરીને સઘળો સંઘ નિર્વિઘ્ને શ્રી જૂનાગઢને વિષે પહોંચ્યો, અને યાત્રાળુ જન યાત્રાનું પુણ્ય પ્રાપ્ત કરીને સૌ સૌને સ્થાનકે સ્થિર થયાં.

---

+क्रेतुं च पुण्यपण्यं पण्यविर्थीं पुण्यिनः पुण्यां ॥
यांतीवापुण्यदानात् पुण्यं गृह्णंति तन्महाच्चित्रं ॥१॥

ગિરનાર પ્રદક્ષિણાના સંબંધમાં શ્રી જુનાગઢના પાઠક જટાશંકર નામના વિદ્વાને ૮૪ શ્લોકનું કાવ્ય કીધું છે. તેમાં અંતનો શ્લોક આ પ્રમાણે છે—

"अनंतचतुराशीत्या लक्षभ्रमणं न जायते पाठात् ॥
अनंतचतुराशीत्या द्विजभोजनं फलं पाठात् ॥१॥

અર્થ—"અનંતજીના ચોરાશી શ્લોકનો પાઠ કરવાથી અનંત એવી ચોરાશીના ફેરામાં કદી આવતો નથી, એટલુંજ નહિ પણ અનંત એવી ચોરાશી બ્રાહ્મણ ભોજન કરાવ્યાનું પુણ્ય પ્રાપ્ત થાય છે."



# प्रकरण ९ मुं.

યાત્રાની ઉત્કંઠા—મહા યાત્રાનું વર્ણન.

## दर्शन २४ मुं.

### यात्रानी उत्कंठा.

सुतीर्थयात्रानि रतात्मनां नृणां
अमुत्र चान्यत्र वदंति संतः ॥
सुधा मतिः कीर्तिर नन्यलभ्या
नाके निवासो भवतीति शाश्वतः ॥१॥

અર્થ—"સુતીર્થ-યાત્રાને વિષે જે મનુષ્ય પ્રવૃત્ત રહેછે, તે મનુષ્યને સારી બુદ્ધિ અને બીજાં કોઈ યત્નથી ન થાય તેવી કીર્તિ આ લોકને વિષે પ્રાપ્ત થાયછે, તથા પરલોકને વિષે તેમનો સ્થિર નિવાસ થાયછે. એવું સત્પુરૂષો કહે છે."

---

"મનુષ્યની જીંદગી દુઃખરૂપછે—આર્યલોકોમાં તિર્થ યાત્રા કરવાની વૃત્તિ-તીર્થ-યાત્રાનો મહિમા-તે વિષે એક શ્લોક-આત્મ સુખ મેળવવાને યાત્રા ઉપયોગી છે. આજમ અનંતજીભાઈની યાત્રા કરવાની ઉત્કંઠા-યાત્રાની તૈયારી.

મનુષ્યની જીંદગી દુઃખરૂપછે. જુવાનીનું પરીણામ કંગાળ અને અશક્ય એવું ઘડપણ છે, આરોગ્યતાનો છેડો રોગમાંછે. ધનનો અંત નિર્ધનતામાંછે એવા આ અસાર સંસારના રહસ્યથી તીર્થ-યાત્રા કરવાની વૃતિ આર્ય લોકોમાં વિશેષ છે. આ સંસારની અનેક જાતની જંજાળમાંથી વિરામ પામીને તીર્થ-યાત્રા કરવાની વૃતિ મનુષ્ય માત્રને હોયછે. યાત્રાનિમિત્તે દેશાટન થાય છે, નવનવા દેશો વિલોકવા, અનેક રીતભાત ધારણ કરી રહેલાં લોકોને જોવાં, તેમનાં સમાગમમા આવવું, સાધુ-સંતપુરૂષોનાં દર્શન કરવાં, તેમના સત્સંગમાં રહીને જ્ઞાન પ્રાપ્ત કરવું, યાત્રા નિમિત્તે પુણ્ય-દાન કરીને કૃતાર્થ થવું, એ વગેરે બહુ બહુ લાભ તિર્થ-યાત્રાદિમાં રહેલા છે અને તેને લીધે આપણા શાસ્ત્રકારોએ તેનો અથાગ મહિમા શાસ્ત્ર-પુરાણોમાં વર્ણવ્યો છે. તીર્થ યાત્રાથી શું મળે છેઃ તે વિષે એક શ્લોક છે કે—

तिर्थयात्रापरांणां तु नृणां साधुस्समागमाः ॥
जायते तेन शांत्या दिप्राति रात्मसुखं ततः ॥१॥

અર્થ—"તીર્થ-યાત્રા વિષે જે પુરૂષ આસક્ત છે, તેને સાધુસંતનો સમાગમ થાય છે, સાધુસંતના સમાગમવડે શાંન્તિ આદિ, જે શુભ ગુણછે તે પ્રાપ્ત થાયછે, અને તે ગુણો વડે કરીને આત્મ સુખ મળેછે."

આત્મ સુખ મેળવવાને માટે તીર્થ-યાત્રા ઉપયોગી છે. મનની શાન્તિ વડે કરીને મનનું ચપળપણું નિવૃત્ત થઇને વિરામ પામે છે. એવા અનેક ગુણો યાત્રા-તીર્થમાં રહેલા છે.

દ્રવ્યવાન, અને દ્રવ્યરહીત માણસો પણ પોતપોતાની શક્તિ માફક જીંદગીમા નાની-મોટી યાત્રા કરવાની ઉત્કંઠા ધરાવે છે, અને એ ઉત્કંઠા પૂર્ણ થયાથી આર્યજનો પોતાની જીંદગી કૃત કૃત્ય થએલી માને છે.



આજમ અનંતજીભાઈ નાના પ્રકારની રાજ્યદ્વારિ અને સંસારિક ઉપાધીથી વિરામ પામ્યા હતા, અને તેથી હવે તેમની વ્યહવારિક-ભૌદ્ધિક ઇચ્છાઓ ક્ષીણ થતી ચાલી હતી. ગિરિનાર યાત્રા કીધા પછી તેઓનો વિચાર કાશી યાત્રા સંબંધી સુદ્રઢ થયો હતો, આ સંસારમાં મનુષ્યદેહ પામીને ભગવત ભજનમાં, તિર્થાદિ ક્ષેત્રોમાં રહીને કાળક્ષેપ કરવો એના સરખું વિશેષ પુણ્ય બીજું નથી.

એક શુભ કાર્ય પારપડયા પછી વધારે બીજું પુણ્ય કર્મ કરવાનો ઉત્સાહ થાયછે તેવોજ ઉત્સાહ આજમ અનંતજીભાઇના હૃદયમાં પ્રાપ્ત થયો

मनुष्यदेह संप्राप्य यस्तु तीर्थं गच्छतिनं ॥
आत्मघ्नः सतु विज्ञेयः सत्या संपदि भतले ॥२॥

"મનુષ્ય દેહ પામીને જે પુરૂષ સંપત્તિ છતાં તિર્થ-યાત્રા ન કરે તેને આત્મઘાતી જાણવો."

આજમ અનંતજી સરખા જુનાગઢના શ્રીમાન અને સત્તાવાન, નાગરી જ્ઞાતિનેવિષે શિરોમણી ગ્રહસ્થ આવી મોટી યાત્રા કરવાનો સંકલ્પ કરે એ વધારે મહતાઇ ભરેલું છે, કારણકે તેમના સંકલ્પવડે કરીને બીજા સાધારણ સ્થિતિના લોકોનો પણ સંકલ્પ પરિપૂર્ણ થાયછે. એ કાંઇ જેવું તેવું મહત્કાર્ય નથી.





# दर्शन २५ मुं.

## મહાયાત્રા વર્ણન.

"कदा वृंदारण्ये विमलयमुनातीरपुलिने ॥
चरंतं गोविंदं हलधरसुदामादिसहितं ॥
अये कृष्ण स्वामिन्मदन मुरलीवादन विभो ॥
प्रसीदेत्या क्रोशन्निमिषमिव नेष्यामि दिवसान्" ॥७॥

कालिदास.

વૃંદાવનમાં નિર્મળ યમુના કાંઠાપરની રેતીમાં બળરામ અને સુદામા વગેરેની સાથે ફરતા શ્રી કૃષ્ણ ભગવાનને, "હે કામદેવરૂપ ભગવાન, હે મોરલી બજાવનારા પ્રભુ, હે કૃષ્ણ, હે સ્વામી, તમે મારા ઉપર પ્રસન્ન થાઓ." એમ કહેતાં કહેતાં એક ક્ષણની પેઠે મારા આયુષ્યના દિવસો હું ક્યારે કાઢીશ"?

આજથી પા સૈકાપર યાત્રા કરવાની વિટંબના–સંઘનો દબદબો–સંઘની કૂચ– જુનાગઢથી રાજકોટ પહોંચવું–રાજકોટ દરબારે કરેલો આદરસત્કાર–વઢવાણ રસ્તે થઇને નાથદ્વારાજી પહોંચવું–ઉદેપુરના મહારાણાની મુલાકત–બેઠકની તકરાર–આજમ મોસુફને મહારાણાની કચેરીમાં મળેલી બેઠક–શ્રીનાથજીની યાત્રા–ઉદેપુરના રાણાની સાથે શ્રીનાથજીના મહારાજને પડેલો વાંધો–એ વાંધાનો આજમ મોસુફે આણેલો



નિકાલ–જેપુરના મહારાજાની મુલાકત–ગોકુલ મથુરાંજી પહોંચવું–ત્યાંની યાત્રાનો મહિમા–કાશીપુરીમાં આજમ મોસુફે કરેલા યજ્ઞ–તથા બ્રહ્મભોજનો–આગ્રામાં નામદાર વાઈસરાયની લીધેલી મુલાકાત–અયોધ્યાની યાત્રા–એ યાત્રાના સુખનું વર્ણન–બીજી અનેક યાત્રા કરીને સમસ્ત સંઘ સાથે શ્રી જીર્ણગઢ આવી પહોંચવું.

આગિરથ વગેરે સાધનોથી આજકાલ આ દેશની મુશાફરી સગવડતા ભરેલી અને સુખદાયક થઇ પડી છે, પરંતુ આજથી પા સૈકા પહેલાં તેવાં સાધનો વગર કાશિયાત્રા સરખી મોટી યાત્રા કરવાને વધારે જોખમ અને વધારે જંજાળ હતી; પરંતુ એક શ્રીમાન્ અને સત્તાવાન મનુષ્ય આગળ એ જોખમ અને જંજાળ શા હિસાબમાં.?

ઘણા મહિનાની તૈયારી પછી આજમ અનંતજીભાઈએ ઘણા ઠાઠમાઠથી કાશી યાત્રાની તૈયારી કીધી. દેરા–તંબુ, પાલખી, મ્યાના ચોકી–પહેરાને માટે સિપાઇ અને પહેરેગીરો, નૃત્યકળા કરીને રીઝવનારા નૃત્યકારો, ગાયન વિદ્યાવડે મન પ્રસન્ન કરનારા ગવૈયાઓ, વૈદ, જોશિ, શાસ્ત્રિઓ અને બીજાં અનેક તરેહના મનુષ્યોને સાથે લેઈને સંઘનો વૈભવ વધારવાની સોઈ કરી, સંવત્ ૧૯૨૨ ના મહા શુદ ૭ ને ભોમવારે બપોરના ૧૧ કલાકે અમૃત ચોઘડીઆમાં જુનાગઢથી સંઘે કૂચ કરી. આ યાત્રાળુ સમૂહ એક રાજાની સેનાસરખો શોભતો હતો. લગભગ ૧૦૦૦* કરતાં વધારે માણસો સંઘમાં હતા. આ સઘળાં માણસોનું રક્ષણ કરવાને સંઘ તરીકે શ્રીમાન અનંત-

*"દિવાન અનંતજી અમરચંદ કાશીની યાત્રા સારૂ સંઘ કાઢી અત્રેથી સિધાવ્યા છે. તેમની સાથે આસરે ૧૦૦૦ યાત્રાળુ માણસોછે."
"કાઠિયાવાડ સમાચાર"
તા૦ ૭ મી ફેબ્રુઆરી સને ૧૮૬૬

જીભાઈ બંધાયા હતા જ્યાં એક હજાર માણસો, તેને લગતાં વાહનો, વગેરેનો પડાવ થાય ત્યાંની રચનામાં પૂછવું શું ?

જૂનાગઢથી પહેલો પડાવ વડાલ કીધો ને ત્યાંથી જેતપૂર થઇને ગોંડલ માર્ગે રાજકોટ પહોંચ્યાં. ત્યાં દરબારશ્રી તરફથી સમસ્ત સંઘને ઘી, ખાંડ તથા ઉત્તમ પ્રકારનો ખોરાક આપ્યો. તે સિવાય ગાડીઓ, ભાડુતી ગાડાંઓના બળદોને તથા ઘોડાંઓને પણ ખાધખોરાકી આપીને દરબારશ્રીએ ઉત્તમ શરભરા કરી અત્રે લગભગ સપ્તવારીયું રહ્યાં. ચાલતી વખતે સંઘના નાનાં મોટાં માણસોને પોશાક આપ્યો.

સંઘની મજલ લાંબી હોતી નથી. કોઈ દિવસ ચાર ગાઉનો કોઈ દિવસ પાંચ ગાઉ રસ્તો કાપે છે ને પછી પડાવ નાંખીને વિરામ લેવામાં તથા જમવા રમવામાં દિવસ ગાલે છે. **રાજકોટથી કુવાડવા, ચોટીલા** થઇને શ્રી **સાયલે** સંઘ પહોંચ્યો. ત્યાના દરબારશ્રીના મહેમાન તરીકે બે દિવસ સંઘ રોકાયો. પ્રથમ દીવસે, ઠાઠમાઠથી દરબારશ્રીએ સંઘને જ્યાફત આપી ને દરબારશ્રી તથા કુંવરશ્રી આજમ અનંતજીને મળવાને માટે તંબુએ પધાર્યા. તે વખતે આજમ મોસુફે દરબારશ્રીને, પાટવી કુમારશ્રીને તથા ભાયાતોને અને કારભારીશ્રી પટવારીને પોશાક આપ્યો. વળતે રોજ શ્રીયુત્ અનંતજીભાઈ દરબારને મળવાને માટે દરબારમાં ગયા ત્યારે દરબારશ્રી તરફથી હેમનો દોરો, વેઢ, વીંટી તથા પોશાક અને ચિ. માણેકલાલને પાઘડી રેંટા ને ચિ. હીરાલાલને ચોકીદાર રેંટા બક્ષીશ કીધો. કારભારીશ્રીએ પણ પોતાની યોગ્યતા પ્રમાણે પોશાક આપ્યો. ત્યાંથી ચૂડે સંઘ પહોંચ્યો. ચૂડા દરબાર તરફથી સામૈયું થયું હતું. તમામ સંઘને ઘી, સાકરનાં મિષ્ટાંનની મીજબાની આપી આજમ મોસૂફને દરબાર તથા તેમના નાના ભાઈ ઉતારે મળવાને પધાર્યા, ત્યારે



તેમને દાગીના વગેરેનો ભારે પોશાક દીધો, તેના બદલામાં દરબાર શ્રી તરફથી સંઘના આગેવાન માણસોને પણ યોગ્ય પોશાક થયો. ત્યાંથી મહા શુક્લ પક્ષની ૧૧ ને સનીવારે નીકળીને વઢવાણ ગયા. ત્યાં દરબારશ્રી હાજર ન હોવાથી ત્યાંના મુખ્ય મંત્રીએ સંઘનો આદર સત્કાર કીધો. આવી રીતે માન પાન પામતા પામતા શ્રી અનંતજીભાઈ માઘ શુદ ૧ ને ગુરૂવારે શ્રી બૈચરાજી પહોંચ્યા. જુનાગઢથી બૈચરાજી ૧૧૩ ગાઉ થાય છે. ત્યાં બ્રહ્મભોજન કીધું તથા શ્રી બૈચરાજીની વિવિધ પ્રકારની પૂજા કરીને દેવીને પ્રસન્ન કીધાં. ત્યાંથી મોઢેરા ને રસ્તે સિદ્ધપૂર ગયા. ત્યાં મોટા તરંગે કરીને રગાએલું છે જળ જેનું એવા સરસ્વતિ ના તટને વિષે શાસ્ત્ર વિધાને કરીને નાહી માતૃ શ્રાદ્ધ કીધું ને દુધપાક, લાડુ ભોજનથી બ્રાહ્મણો જમાડી રૂપાં, સુવર્ણનાં દાન દઇને બ્રાહ્મણોને સંતુષ્ટ કીધા. આ પુણ્ય ક્ષેત્રમાં ચાર રાત્રી રહ્યા. ત્યાંથી શુદ ૧૨ ને સોમવારે દાંતે મેલાણ કીધું. ત્યાં બે દિવસ રહીને ફાગણશુદી ૧૪ ને બુધે શ્રી અંબાજી સઘળો સંઘ પહોંચ્યો. દાંતેથી અંબાજી ૧૨ ગાઉ થાય છે. ન્હાના પહાડી ટટ્ટુઓ આ રસ્તે ચાલી શકે છે. રસ્તો પહાડી વિટંબનાવાળોછે. શ્રી અંબાજીની ઝાંખી કરીને હે ! અંબા ! હે ! માતા ! સમગ્રના પાપ હરવાવાળુ એવું તમારૂં દર્શન તે હમણાં મેં કર્યું અને દેવતાઓના સમૂહને દર્શન કરવા યોગ્ય એવું તમારૂં ચરણકમળ તેને હું નમું છું. માટે મને ધન્યછે એમ કહીને શ્રી દેવીને વસ્ત્ર ભુષણ ભેટ કીધાં.” ત્યાં બે રાત્રી રહ્યા.

ત્યાંથી અંબીકાના પ્રસાદે કરીને વિજય પામ્યાછે એવા અનંતજીભાઈ જનસમૂહ સંગાતે શ્રેષ્ઠ નારાયણની કૃપાએ કરીને શોભાયમાનછે જેનું સ્વરૂપ એવા શ્રી હટકેશ્વર તેમણે આશ્રય કરેલો એવા વડનગરને વિષે ફાગણ વદિ ૪ ને ચંદ્રવારે ક્ષેમકુશળ આવી પહોંચ્યા.

ત્યાં ચાર રાત્રી રહી શતરૂદ્રી, ગાયત્રી પુરશ્ચરણ કીધાં. બ્રાહ્મણની ચોરાશી કીધી. નાગરી નાતમાં લહાણું કીધું તથા શ્રી હાટકેશ્વર મહાદેવના મંદીરને રૂપાનાં કમાડ કરાવી કૃતાર્થ થયા. ત્યાંથી કુચપર કુચ કરતા ઇડરને રસ્તે થઇને શ્રીશામળાજી ગયા. એ પવિત્ર યાત્રા કરીને શ્રી કેશરીઆનાથ જે જૈનધર્મનું તિર્થસ્થાન છે ત્યાં થઇને ચૈત્ર શુક્લ પક્ષની ૬ ને ગુરૂવારે શ્રી ઉદયપુર પહોંચ્યા. શ્રી ઉદેપુર મેવાડની રાજ્યધાની છે. રજપૂતાનામાં ત્યાંના રાજ્ય કર્ત્તાના ઉચ્ચકુળની કીર્ત્તિ શ્રેષ્ટ છે. શહેરની બહાર દેરા તંબુ ઠોકીને શ્રી અનંતજીભાઈએ મુકામ કીધો. કાઠીયાવાડી લોકોનો ઠેઠ-દમામ જોઇને ઉદેપુરના લોકોને આશ્ચર્ય ઉપજ્યું. સંઘ પહોંચ્યો તે દિવસે ઉદેપુરમા ગણગોરની મોટી રાજ્યસ્વારી હતી. તે જોવાને સંઘના લોકોને લઈને શ્રી અનંતજીભાઈ શહેરમાં પધાર્યા. જૂનાગઢ તિર્થનું સ્થાન હોવાને લીધે હિન્દમા તે ઘણું પ્રસિદ્ધછે અને તેથી હિન્દના ઘણા લોકો એ તીર્થસ્થાનની ભેટ લેવાને આવેછે. એવીજ રીતે અત્રેના એક નામાંકિત શ્રીમાન વેપારીશેઠ જુનાગઢ આવેલા તેમની સાથે દિવાન અનંતજીભાઇને પીછાન હોવાથી તેમની દુકાનપર સ્વારી જોવાની તે શેઠે સોઈ કરી હતી. મહારાણાશ્રી શંભુગરજીની સ્વારી નીકળી અને આ રસ્તે થઈને જતાં તેમની નજર દિવાનશ્રી અનંતજીભાઇ તથા સંઘના લોકોપર પડી. આજમ અનંતજીની રાજ્યરીત પોશાક તથા ભભકો જોઈને તેમના વિષે વધારે હકીકત મેળવવાની મહારાણાની મનમાં ઇચ્છા થઇ તેથી બીજે દીવસે પોતાના ખાનગી દિવાન લક્ષ્મણરાઓને તંબુપર તપાસ કરવાને માટે મોકલ્યા. તેઓએ આજમ અનંતજીભાઈની મુલાકાત કરીને પોતાની પ્રસન્નતા બતાવી. વળતી મુલાકાત આપવાને માટે આજમ મોસુફ ખાનગી દિવાનને ત્યાં ગયા. ત્યાં મહારાણાની મુલાકાતના સંબંધમાં જે પ્રમાણે વાતચીત થઇ, તેના સંબંધમાં એક ત્યાં હાજર રહેનાર ગ્રહસ્થ પોતાની નોંધમાં લખેછે કે-



" બેઠકની તકરાર આવી ત્યારે શ્રી અનંતજીભાઇએ કહ્યું કે
" અમારે બેસવું અગર ઉભું રહેવું તેની હરકત નથી, પણ મારા
" જુનાગઢના સરકારના જાણવામાં આવે કે અનંતજીભાઈને બેઠક
" ન મળી તો મળવાનું શું કારણ હતું? માટે યોગ્ય બેઠક મળેતોજ
" મહારાણાશ્રીની મુલાકાત લેવાનું ઠરાવો. આવી તેમની યોગ્ય દલીલો
" સાંભળીને તે વાજબી જણાયાથી મહારાણાશ્રીની મુલાકાત લેવાનું
ઠરાવ્યું.

બીજે દિવસે ઠરાવ પ્રમાણે શ્રી મહારાણાની રીતસર મુલાકાત થઈ. આજમ અનંતજીભાઇનો દેખાવ એ સમયે મનુષ્યને આંજી નાખે એવો હતો. કાઠિયાવાડી પોશાક એવો દમામ ભરેલો છે. મુલાકાત દરમ્યાન મહારાણાની નજરે દશ પૂતળીઆં કીધાં એટલે મહારાણાશ્રીએ કહ્યું કે " દીવાનજી બેસો " એટલે આજમ અનંતજીએ જમણી બાજુની મુકરર કરેલી બેઠક લીધી. વાત ચીત કરવાની શૈલી, તથા રાજ્યદ્વારી બાબતોની ખબરદારી જોઈને રાણા બહુ પ્રસન્ન થયા ને પાંચ દશ દીવસ પોતાના શેહેરમાં રહેવાનું કહ્યું. અરસપરસ વાતોચીતો થયાપછી પાન સોપારી વહેંચાણાં બાદ કચેરી બરખાસ્ત થઇ. તેજ સાંજના મહારાણાશ્રીએ પોતાના ખાનગી કારભારી સાથે આજમ મોસુફને ઉતારાપર યોગ્ય પોશાક મોકલાવીને શ્રી સૌરાષ્ટ્રી દિવાનનું સારીરીતે સન્માન કીધું

મહારાણાશ્રીની મુલાકાતમાં બેઠકનું માન મુત્સદ્દી લોકોને કોઈજ વાર ભાગ્યશાળી પુરૂષનેજ મળેછે, કારણકે ત્યાંના રીવાજ પ્રમાણે મુત્સદ્દી લોકોની મુલાકાત દરમ્યાન બેઠક આપવામાં આવતી નથી. પ્રથમ ભૂજ દિવાન લક્ષ્મીદાસ તથા દુર્લભજીભાઈ ઉદેપુર ગયા હતા અને અમૂક નજરાણો રાણાશ્રીને આપવાનું કર્યા છતાં કચેરીમાં બેઠકનું માન મળ્યું નહોતું. ઉદેપુરના રાણાની કચેરીમાં બેઠકનું પહે-

હુંમાન મેળવનાર આપણા રાજેશ્રી અનંતજીભાઇ હતા. ઉદેપુરમાં ઉદય પામીને શ્રી અનંતજીભાઇ શ્રી નાથજી પધાર્યા. ત્યાંઆવી અષ્ટ-મહાદાન, ગાયોનાદાન, પૃથ્વીદાન, આરામ ( બગીચા ) ના દાન, પાત્રેનાદાન, વગેરે દાનો શ્રી લક્ષ્મીપતિ એવા શ્રી નાથજી તેમને સમર્પણ કરીને ઉત્તમ પ્રકારની સેવાકીધી. આ વખતે ઉદેપુર ના રાણાશ્રી તરફથી શ્રી નાથજીના મંદિરમાં સખ્ત જપ્તિ હતી. શ્રીના દર્શનનો લાભપણ યાત્રાળુઓને મળતો નહોતો. એ તકરાર દરમ્યાન શ્રી અનતજીભાઈ આવ્યા અને તકરારનો છેવટ ખુલાસો કરાવ્યો.

યાત્રાળુપર શ્રી નાથજીના મહારાજનો ભારે કર હતો. એક એક ગાડે કદા રપીઆ, ઘોડાં એકે રૂા. ૧૦ાા, પોઠીઆ દીઠ રા. ૧પા ને માણસ દીઠ રૂા. ૧૧ લેવાતા હતા. એવા ભારે કરથી યત્રાળુઓપર બહુ ત્રાસ હતો.

આજમ અનંતજીને શ્રી ગોસ્વામીજી મહારાજ તરફથી પોશાક કરવા માંડયો, ત્યારે આજમ અનંતજીએ આ સઘળો કર યાત્રાળુ પાસેથી નહિ લેવાની મહારાજશ્રીને દલીલ સાથે વિનંતિ કરીને કર માફ કરાવ્યો ને આજમશ્રીએ પોશાક ઉપકાર સાથે ન લીધો. ત્યાં આગળ ૧૮ દીવસ રહ્યા, તે દરમ્યાન એક દીવસ નાગરી પ્રશાદ તમામ સંઘને જમાડયો તેમાં મહારાજશ્રી પંડે પીરસતા હતા.

૧૮ દીવસ ત્યાં રહીને શ્રી અનંતજીએ કુચ કરીને વૈશાક શુક્લ પક્ષની બીજે શ્રી કાંકરોળી પધાર્યા. ત્યાંનું તળાવ બહુ મોટું છે અને તેનો ઘેરાવો બાર ગાઉનો છે ને મોટા સાગર સરખું દિસે છે. કાંકરોળીમાં મોટી હવેલી છે. ત્યાંથી સર્વ તિર્થમાં શ્રેષ્ટ એવાં પુષ્કરરાજને વિષે અજમેર થઇને આવી પહોંચ્યા. પુષ્કરરાજના સુંદર તરંગે કરીને શોભાયમાન એવું જે જળ તેમાં



ન્હાઇને સર્વ મનુષ્યોના ઇશ એવા જે શ્રી બ્રહ્મા તેમની પૂજા રૂડાં આભૂષણોએ કરી. બ્રાહ્મણોને નાના પ્રકારના ભોજને કરીને સંતુષ્ટ કીધા. ત્યાંથી જેપુર પધાર્યા. જયપુરમાં પડાવ કીધા પહેલાં માર્ગમાં શેહેર નજદીક એક નદી આવેછે, ત્યાં સમસ્તસંઘ ન્હાવાને રોકાયો એવામાં ત્યાંનો પોલિટિકલ એજંટ ગાડીમાં બેસીને ફરવા આવેલો તેના જો-વામાં સંઘના માણસો આવ્યાં. તેમનો તપાસ કરાવ્યો તો આજમ અનંતજીનો આ સઘ છે એમ જણાયું. તેપરથી સાહેબ પોતે શ્રી અનંતજી પાસે આવ્યા અને પુચ્છયું કે "તમે મને ઓળખોછો?" ત્યારે તેમણે નાપાડવાથી સાહેબે ખુલાસો કીધો કે "મારૂં નામ વાયલીછે. અને રૂડીઆ રબારીને પકડવાના કામમાં તમારી સાથે હું પોરબંદર તરફથી રોકાયો હતો. હું અત્રે પોલિટિકલ એજંટછું. આવીરીતે પૂર્વનો સંબંધ જણાયાથી શ્રી અનંતજીભાઈ ખુશી થયા અને સાહેબે પોતાના બંગલા પાસે શ્રી અનંતજીભાઇના તંબુઓ નખાવ્યા તથા સંઘને ઉતારા, પોલીસ વગેરેની માવજત કરીને પોતાની લાયકી બતાવી.

મધ્યાન કાળે સાહેબ પોતે જેપુરના વકીલને સાથે તેડીને આજમ અનંતજીભાઈને મળવાને તંબુપર પધાર્યા અને દરબારી વકી-લને કહ્યું કે "તમારા રાજાસાહેબને કહેવું કે આવો આબરૂદાર માણસ ગુજરાત–કાઠિયાવાડમાં બીજો કોઈ નથી, માટે તેમને મળવુ". આવીરીતે મુલાકાતની ગોઠવણ થયાથી આજમ અનંતજીભાઈની તથા રા. માણેકલાલભાઈની સાથે અચ્છીરીતે જેપુરના મહારાજા સાહેબે મુલાકાત કરી અને યોગ્ય પોશાક આપીને કાઠીયાવાડી દિવાનનું સન્માન કીધું.

મહાત્મા પુરૂષો સર્વત્ર સન્માન પામેછે. એ આપણે આ યાત્રા પ્રસંગમાં આજમ અનંતજીભાઈના સંબંધમા સારી રીતે જોયું. શ્રી

અનંતજીભાઈ જાણે યાત્રાના રૂપમાં દિગ્વિજય કરવાને ન નીકળ્યા હોય એવું દિસતું હતું. જ્યાં તેઓ ગયા ત્યાં તેમના દરજ્જાને અનુસરતું માનપાન તેમના મ્હોડા આગળ આવીને ઉભું રહેતું હતું. મોટાના નશીબજ મોટાં હોય છે. **જેપુરમાં** તેઓ દશેક દિવસ રહ્યા. ત્યાંથી તેઓએ કુચ કરીને **સિંધિઆના** પાયતખ્ત ગ્વાલીયરમાં સંઘ આવી પહોંચ્યો ત્યાં આગળ પણ તેમની કીર્તિનો પ્રકાશ પડ્યો હતો. ત્યાંના દિવાન શ્રી બાલાપથે સિંધીઆ સરકારની મુલાકાત કરાવી આપી. મુલાકાત દરમ્યાન હરણીઓ ઘોડો અને બીજી મૂલ્યવાન બક્ષીશ શ્રીમંત સીંધીઆ સરકારને આજમ અનંતજીએ કીધી. અનંતભાઈની દેણગીજ એક રાજા સરખી હતી. આ સઘળો પ્રતાપ અને કીર્તિ જુનાગઢના નવાબ સાહેબનીજ હતી. પોતાના રાજ્યનો એક દિવાન પરદેશમાં માન પામે તે પોતાનીજ કીર્તિ છે એમ રાજાએ માનવું જોઇએ.

**જેપુરથી ભરતપુરને** રસ્તે થઇને જેષ્ટ શુક્લ પક્ષની ૯ ને બુધવારે સમસ્ત સંઘ સૂર્યની પુત્રી કાલીદ્રિંના જલ તરંગથી રંજીત એવા શ્રી કૃષ્ણ ભગવાનના ચરણા પંકજથી પવિત્ર થયેલી એવી ગોકુલ–મથુરાપૂરીને વિષે ક્ષેમકુશળ આવી પહોંચ્યો ને શ્રી જમુનાજીના સુંદર તટપર દેરા તંબુ નાખીને પડાવ કીધો.

આ પુણ્ય ભૂમીને વિષે એક માસ પર્યંત રહીને શ્રી વંદ્રાવન, વગેરે નાના પ્રકારની વનલીલાઓ નિરખી જમુનાપાન કીધું. ગોકુળ–મથુરાને વંદ્રાવનની રમણલીલા નિહાળીને પાવન થયા. બ્રાહ્મણોને દાન–દક્ષિણાં દીધી ને ભગવાનના ચરણ કમળની રેણુંએ કરીને પવિત્ર એવી સૂર્યપુત્રિ જમુનાજીના તટપર ધર્મશાળા બંધાવીને વ્રજવાસી એવા જે બ્રાહ્મણો તેમને મીષ્ટ પદાર્થોના ભોજનોથી તૃપ્ત કરીને હર્ષ પામ્યા. તીર્થ ગોરને હેમની હીરાકંઠી, વેંઢ



વીંટી, શાલ દુશાલાનો પોશાક અર્પણ કરીને ન્યાલ કીધો. ત્યાં લગભગ ૩૫ દિવસ રહીને દાઉદજી વગેરેની યાત્રા સંપૂર્ણ કીધી.

ત્યાંથી જેઠ બીજા વદી ૩ને સોમવારે કૂચ કરી અને પૂર્વે જ્યાં પાંડવો રાજા હતા, એવા **ઇંદ્રપ્રસ્થ** એટલે **આગ્રે** થઇને કાનપોર રસ્તે શ્રી પ્રયાગ પધાર્યા. ત્યાં પાંચ દિવસ રહીને નાના પ્રકારની શ્રાદ્ધક્રિયા કરી બ્રહ્મભોજનો કીધાં તથા દાન-દક્ષિણાંથી બ્રાહ્મણોને સંતોષ્યા. તીર્થગોરને રૂા. ૭૦૦ રોકડા દીધા તથા બીજો પોશાક આપીને ન્યાલ કીધો. ત્યાંથી **શ્રી વણારસી** એટલે **કાશીપુરીને** વિષે બીજા જેઠ વદિ ૧૪ ને બુધવારે પોહોંચ્યા અને **રાણીગંજમા** ઉતારો કીધો.

**કાશીપુરીનો** મહિમા હિન્દુશાસ્ત્રમાં મોટો છે. ગંગા સ્નાન કરવું, શ્રી કાશીવિશ્વનાથનું પૂંજન–દર્શન કરવું અને કાશીપુરીની પરિક્રમા કરવી એ દરેક શ્રધાળુ આર્યજનની જીંદગીની અભિલાષા છે. શ્રી અનંતજીભાઈએ ત્યાં રહીને ગાયત્રીપુરશ્ચરણ કીધું, નાગરી નાતને રસપુરીનાં ભોજનથી સંતુષ્ટ કીધી. બીજાં બ્રાહ્મણોના ભોજન કીધાં. ગાગરનું લ્હાણું કર્યું. શ્રી વિશ્વેશ્વર મહાદેવને રૂપાંનાં કમાડ કરાવ્યાં. વિશ્વનાથ સમીપ અનંતેશ્વર મહાદેવની સ્થાપના કરીને શિવાલય બંધાવ્યું.

લગભગ બારેક દિવસ **કાશીપુરીમાં** નિવાસ રાખીને શ્રી પુણ્ય ક્ષેત્ર એવાં **ગયા** ક્ષેત્રમાં પધાર્યા. ત્યાં ૧૯ દિવસ રહ્યા અને નાના પ્રકારના બ્રહ્મભોજનો કીધાં. દરરોજ વીસ મણની ખીચડી રંધાવીને ગરીબગરમાં લોકોને ઉતારાપર આપવાનું પુણ્ય કીધું ને પોતાના આશ્રિત એવા ગોરને દક્ષિણા તથા દાનવડે પ્રસન્ન કીધાં. ત્યાંના કલેકટરની મુલાકાત થઇ. તેઓએ સંઘને માટે પોલીસ વગે-

રેની સારી મદદ કીધી, ને એવી રીતે ગયા શ્રાદ્ધ કરીને સઘળો સંઘ શ્રી વણારસીને વિષે દાખલ થયો.

વણારસીમાં શ્રીને ૧૧૦૦૦ રૂદ્રીનો હોમ થાય છે, તે કરવાનો આરંભ કીધો. ૪૬ બ્રાહ્મણોને વરણીમાં વરાવ્યા, ૧૪ દિવસ સુધી હોમની ક્રિયા ચાલી. તેટલા દિવસ સુધી ભાતભાંતનાં પકવાનોથી નાગરી જાત જમાડી. યજ્ઞ કરાવનારા દરેક બ્રાહ્મણને રૂા. પચીસ-પચીસ દક્ષણાંના દીધા. કલેકટરે પોતાને બંગલે બોલાવીને આજમ અનંતજીભાઇનો આદરસત્કાર કીધો તથા પાન સોપારીનો મિલાવડો કરીને મોટું માન દીધું. કાશિ ક્ષેત્રમાં સત્પુરૂષોની ધર્મસભા ભરીને શાસ્ત્રવિનોદ કરાવીને પ્રસન્ન થયા, અને વિધિ પૂર્વક વિદ્વાન બ્રાહ્મણોને દક્ષિણા આપી. ગાયત્રી પુરૂશ્ચર્ણ, તુલાદાન, અતિરૂદ્ર ઇત્યાદિ યજ્ઞ કર્યા તેના પુણ્યે કરીને દિશાઓનાં મંડલ જેણે ઢાંકી દીધાં છે, એવા જે શ્રી અનંતજીભાઈ,, તે ચતુરમાસ પર્યંત ગંગાજલે કરીને પવિત્ર થઇને ત્યાંથી ચાલ્યા ને ઇંદ્રપ્રસ્થ પાછા ફર્યા. ત્યાં પહોંચ્યા ત્યારે હિંદુસ્તાનનો ગવર્નર જનરલ ત્યાં પધાર્યા હતા. તેમણે મોટો દરબાર ભર્યો, તેમાં શ્રી અનંતજીભાઇને કલેકટર તરફથી આમંત્રણ થયું. તેમાં તેઓ બડા ઠાઠથી પધાર્યા અને ત્યા આગળ નામદાર વાઈસરાયની તથા તેમના સેક્રેટરી સાહેબની સારી રીતે મુલાકત થઈ. ત્યાં આગળ પ્રુ. બાપુસાહેબના જન્મની ખુશાબખ્તી સાંભળીને તેની મુબારક બાદીના ખબર તારદ્વારા જુનાગઢ પહોંચાડયા.

ત્યાંથી શ્રી રામચંદ્રજીની જન્મભૂમિ શ્રી અયોધ્યા તેને વિષે સંઘ સહિત શ્રી અનંતજીભાઈ આવી પહોંચ્યા ને સર્યુ નદિમાં સ્નાન કરીને પાવન થયા.



कदावासं कृत्वा विमल सरयू तीर पुलिने ॥
चरन्तं श्रीराम जनकतनयालक्ष्मणयुतं ॥
अये राम स्वामिन् जनकतनया वल्लभ विभो ॥
प्रसीदेत्या क्रोशन्नि मिषमिवनेष्यामि दिवसान् ॥१॥

અર્થ—"હું કયારે અયોધ્યા જઈશ અને ત્યાં સ્વચ્છ એવા સરયૂ નદીના કિનારા ઉપર સિતા અને લક્ષ્મણ સહીત ફરતાં રામચંદ્રની "હે રામ! હે સ્વામીન! હે જાનકી વલ્લભ, હે વિભુ! પ્રસન્ન થાઓ" એ પ્રમાણે વિનંતિ કરીને દિવસો કયારે ગાળીશ?"

એવા વિચારો આજે પૂર્ણ થયાથી શ્રી અનંતજીભાઇ પ્રસન્ન થયા. ત્યાંથી કુરૂક્ષેત્ર, હરદ્વાર વગેરેની યાત્રા કરતાં કરતાં સંઘ સ્વદેશ ભણી પાછો ફર્યો ને શ્રી રતલામ આવી પહોંચ્યો. એ વખતે ત્યાંના મહારાજા શ્રી જસવંતસિંહજી રાઠોડ સગીર ઉમરના હોવાથી બ્રીટીસ સરકાર તરફથી મુખ્ય મુનશી સામતઅલી હતા, તેઓએ શ્રી અનતજીભાઈનો વિવેક પૂર્વક આદરસત્કાર કીધો. અને મહારાજાશ્રીની મુલાકાત કરાવી આપી. આવી રીતે અનેક તીર્થોમાં ફરતા ફરતાં પુણ્યદાન કરેતા અને બ્રાહ્મણોને ભોજથી તૃપ્ત કરતાં કરતા *અમદા-

* આજમ અનંતજીએ કાઢેલા સંઘના સંબંધમાં "મુંબાઈ-ચાબૂક" લખેછે કે—

"જુનાગઢના માજી પ્રધાન અનંતજી અમરચંદ સંઘ કાઢીને કા-
"શીની જાત્રાએ સિધાવ્યા હતા. તે ગયા સોમવારે અત્રે (અમદાવાદ
"પધાર્યા છે. એમનો દબદબો અને અત્રે સંઘનો દેખાવ મોટા રાજ-
"વંશી દેખાયછે. મ્હોટા અમલ છડીદાર નેકી પોકારે છે અને બીજા
"ઠાઠનો કાંઈ પાર નથી. એ શહરથે કાશીની જાત્રામાં રૂા. ૨૦૦૦૦૦ એ

વાદ થઈને સઘળો સંઘ વિક્રમ સંવત્ ૧૯૨૩ ના ચૈત્ર શુદિ ૯ ને રોજ શ્રી જીર્ણગઢ ક્ષેમકુશળ આવી પહોંચ્યો ને ત્યાં તેમનો અચ્છી

---

"લાખ ખર્ચ કર્યા છે. કાશીમાં વિશ્વનાથ મહાદેવના તથા વડનગરમાં "નાગરોના કુળદેવ હાટકેશ્વર મહાદેવનાં રૂપાનાં કમાડ કરાવ્યાં છે, અને "કાશીમાં પોતે તથા પોતાની સ્ત્રી રૂપીઆથી તોળાઈને દાન કર્યું છે તે "દાનને તોળાદાન કરીને કહેછે. તેઓ કાશીમાં તથા ગયામાં આશરે "ચારેક માસ રહ્યા હતા. ત્યાં તેઓએ ભૂખ્યા તરસ્યાઓની સારી બર-"દાશ લીધી. દરરોજ સાદ પડાવી કોઇ ભૂખ્યો હોય તેને પ્રસાદ આ-"પતા હતા. અંગ્રેજોના પણ તેઓએ પૂર્ણ મન રાખ્યાં છે. કાશીમાં "અંગ્રેજોને એક મોટી **મીજબાની** આપી હતી. રસ્તામાં જેપુરના "મહારાજા, ઉદેપુરના મહારાણા, અને ગ્વાલીઅરમાં શીંધીઆ સરકાર "સાથે એઓને રૂડી રીતે મૂલાકાત થઈ હતી. તેમજ બીજે જે જે ઠેકાણે "જતાં ત્યાં તેમને પોલિટિકલ એજંટો તથા બીજા સાહેબ લોકો સારૂં "માન આપતા હતા. અમને ખબર આપનારા એ ગ્રહસ્થની ઉદારતાની "ઘણીજ તારીફ કરેછે. અહિંયાં (અમદાવાદ) આવ્યા પછી વડોદરાના "રેસીડેંટ કર્નલ **બાર** સાહેબનુ તેડું આવેથી તેઓને મળવાને વડોદરે "પધાર્યા હતા. તે રવિવારે પાછા આવ્યા છે. અહિંયા હુતાસણી સુધી "એમને રહેવાનો વિચાર છે. અનંતજીભાઈને સત્તા અને દોલત ઈશ્વરે "પુષ્કળ આપેલી છે, માટે હવે એમને હમારે પરમારથપણે ભલામણ "કરવાની જરૂર છે કે, જેમ પોતાની ધર્મશ્રદ્ધા પ્રમાણે મન દાન કરવામાં "એકલું મન મેલેલું છે, તેમ દેશીઓના કલ્યાણ તરફ જે ઉદારતાની "જરૂર છે, તે તેઓએ પૂરી પાડવી ઘટે છે. દેશીઓના ઉદયનો મુખ્ય "પાયો વિદ્યાખાતા ઉપર છે. વિદ્યાના સંગ્રહની તથા વિદ્યાના વધારાની, "આપણામાં ઘણી ખોટ છે, તે પૂરી પાડવાનું કામ શ્રીમંતોના હાથમાં "છે. તે ઉપર અનંતજીભાઈએ નજર કરવાથી એઓની કીર્ત્તિ ઘણા કાળ "જારી રહેશે."

"મુંબાઇ ચાબૂક" તા૦ ૨૩-માર્ચ ૧૮૬૭.



રીતે આદરસત્કાર થયો.§

---

§ યાત્રાના સંબંધમાં રાજકોટના એક પ્રસિદ્ધ શાસ્ત્રિએ "અ-નંત યાત્રા ચંપૂ" સંસ્કૃતમાં લખ્યું છે. હું શ્રી રાજકોટ આજમ અનંતજીના જીવન ચરિત્રની હકીકત મેળવવાને માટે ગયો હતો ત્યારે શાસ્ત્રિ ચત્રભૂજને મારા મિત્ર મી૦ વિશ્વનાથ લક્ષ્મિધર જેઓ હાલમાં ગોહીલવાડ પ્રાંતના મદદનીશ પોલીટીકલ એજંટના સિરેસ્તદાર છે તે-મની સાથે જઈને મળ્યો હતો. તેમણે કૃપા કરીને સદરહુ હસ્ત લેખીત પુસ્તક મને ઉપયોગ કરવાને આપ્યું તે માટે તેમનો આભાર માનું છું. "અનંત યાત્રા ચંપૂ" પુસ્તકના વધારા તરીકે અંતે જેમનું તેમ પ્રકટ કીધું છે.

કર્ત્તા૦



# प्रकरण १० मुं.

## આજમ અનંતજીનો એકાંતવાસ, સ્થિતિ અને નિત્ય કર્મ.

# दर्शन २६ मुं.

## આજમ અનંતજીનો એકાંતવાસ.

"તમારી કાળજી અને કારીગરોનો હુન્નર નકામાને નિરૂપયોગી છે, "તથા તેમનાથી આ જગ્યા જે કેદખાનું છે, તે કાંઈ ઘર બનવાનું "નથી. વિશાળ કુદરતનું ખુલ્લું દર્શન કરવાને હું તૈયાર છું.

"મારૂં અંતઃકરણ એમ કહેછે કે, આ બધી બહારની ટાપટીપ તથા "ફીશીઆરી છે. આ બધું જગત્ સુખ અને ચળકાટ રૂપ નથી. મા- "ણસો અંધારામાં અથડાય છે, અને કોઈને પણ ખરૂં સુખ મળતું નથી "તે સુખ શોધી કાઢી તેઓને હું કેવી રીતે સુખી કરૂં, એ વિચારથી "મારૂં મન ઘણું વ્યાકુલ છે,"

બૌદ્ધ.



વાનપ્રસ્થ દશાનું સુખ-જીંદગીનો હેતું જીંદગી એક સ્વપ્નું છે- જીંદગીના અસારપણા વિષે એક બેત-જીંદગી એક બખેડો છે-જીંદગી વિષે ચોસરીસ્સ નામના ગ્રંથકારના વિચારો-મનુષ્ય દેહ દુર્લભ છે- આજમ અનંતજીની ધર્મશ્રદ્ધા-ઉદારતા વિષે એક વચન-કાશી યાત્રા નિમિત્તે બ્રહ્મભોજન-એકાંત વાસમાં રહ્યાં છતાં પણ આજમ અનંતજીનું ઉપયોગીપણું-બ્રિટિશ સરકારે આપેલુ માન-

વાનપ્રસ્થ દશાનું સુખ અવર્ણિય છે, એવું અનેક આર્ય ગ્રંથકારો વર્ણવી ગયા છે. ખાવું, પીવું, અને મરી જવું એજ જીંદગીનો હેતુ નથી. નાના પ્રકારના પરાક્રમોવડે આ જગતમાં નામના કરીને પરલોકનું પરમ સુખ પ્રાપ્ત કરવું એવો હેતુ આ જીંદગીનો છે, પરંતુ એવો ઉત્તમ હેતુ સઘળા મનુષ્યોથી સાધી શકાતો નથી. પ્રવૃત્તિમાં રચીપચી રહેલા સંસ્કાર વગરના પુરૂષોથી એવું અવર્ણિય સુખ મેળવી શકાતું નથી અને તેથી તેઓ આખી જીંદગી સુધી વ્યવહારનો બોજો વહન કરીને પ્રવૃત્તિમાંજ ઉછરી તેમાંજ પોતાની જીંદગી ગુમાવેછે, અને પરલોકનું સુખ પણ સદાયને માટે તજેછે, એવા પુરૂષો આ જગત્માં જન્મ્યા ન જન્મ્યા એ સરખુ છે.

મનુષ્ય જીંદગી પામીને પરલોક નહિ સાધનારા, પ્રવૃત્તિમાં પચેલા લોકોની સ્થિતિ પશુવત્ છે, પણ સંસ્કાર યોગે કરીને નિવૃત્તિ સુખ પામેલા પુરૂષો આ લોક અને પરલોક બન્ને સાધી શકે છે. જીંદગી એક સ્વપ્નું છે. દેહ નાશવંત-ક્ષણભંગુર-પરપોટા સમાન છે, એવી જીંદગીમાં આ લોકને પરલોકનુ સાધી લેવું એજ મહા પરાક્રમ છે. જીંદગીના ક્ષણભંગુરપણા વિષે એક બેત છે કે—

ફિકરે મ આશો, ઝિકરે ખુદા યાદે ફૂતે ગાન;

દો દીનકી ઝીન્દગીમેં, ભલા કોઇ ક્યા કરે.

અર્થ--"આ બે દહાડાની જીંદગીમાં પેટ ભરવાની ફિકર, ઇશ્વરનું સ્મરણ, અને મુએલાંઓની ક્રિયા એટલું બધું કોઇ કેમ કરી શકે?"

આવી ક્ષણીક જીંદગીમાંજ આ લોકને પરલોકનું સાધીને પુરૂષાર્થ કરે તેજ ધર્મવીર યોદ્ધો અને પરાક્રમી પુરૂષ છે. જીંદગી વિષે એક બેત આ પ્રમાણે છે,--

"જીંદગી હયે યા કોઇ તુફાન હયે;
"હમતો ઇસ જીનકે હાથોં મર ચલે"

અર્થ--"આતે શું જીંદગી છે કે કોઈ બખેડો છે. હું તો એવા જીવતરને હાથે માર્યો જાઉં છું."

જીવતરને હાથે માર્યા જનારા ઘણા પુરૂષો છે, પરંતુ જીંદગી રૂપી બખેડામાં જીત પામીને પરલોકનું પરમ સુખ પામનારા તો જવલેજ છે.

પોસીડીપ્સ નામનો કવિ ફરિયાદ કરે છે કે--

"સર્વથી સુખી જીંદગી અને સ્થિતિ કઈ છે? જાહેર મંડળીમાં જઈએ છીએ તો તકરારો અને ભાંજગડો હોયછે, અને એકાંત ઘરખટલામાં સદાય ફિકર, ચિન્તા વાસો કરેછે જો દેશમાં રહીએ છીએ તો મહેનત-મજુરી અને વેઠ કરવી પડેછે, અને જો સમુદ્ર ઓળંગી જઇએ છીએ તો ભયમાં આવી પડીયે છીએ, પરદેશમાં જેની પાસે પૈસા હોયછે. તે સદાય ફિકરમાં રહેછે, અને જેને પૈસાની ગરજ હોયછે, તે સર્વદા કંગાલીયતપણું ભોગવેછે તથા ભૂખ અને દુઃખથી પીડાયા કરેછે.

"જો તમે પરણેલા હશો તો શક અને વહેમની જાળમાં વીંટલાએલા રહેશો અને જો તમે કુંવારા હશો તો એકલા ઝુરી ઝુરીને મરશો. જો તમને છૈયાં-છોકરાં હશે તો તમે જંજાળમાં પડશો અને જો તમે વાં-



"ઝીઆ હશો તો તમારૂં જીવતર તમને બળેલા જેવું લાગશે, જુવાનીનો વખત ઝઈનવાળો, ઉતાવળીયો, અને બેવકુફાઈ ભરેલો હોયછે, તથા સ્વેત વાળવાળો ઘડપણનો વખત અશક્તપણાવાળો હોયછે અને જ્યારે એવું છે, ત્યારે હવે કેવી સ્થિતિ પસંદ કરવાને બહેતર છે કે, આ દુનિયામાં અવતારજ નહિ લેવો અથવા તો જન્મીને તરત મરણ પામવું."

જીંદગી આવી અભવરૂપ છે, તેનાપર મોહ બાંધીને અનેક તરેહના પાપમાં ફસાવું તેના કરતાં પુણ્ય કર્મવડે કરીને તથા પ્રભુ ભજનવડે કરીને પરલોકની સાધના કરવી એ ખરૂં મનુષ્ય કર્તવ્ય કર્મ છે. આ જીંદગીનો હેતુ, તેનો મુખ્ય સાર એજ છે. મનુષ્યદેહ દુલ્લભ છે અને એવો દુર્લભદેહ પ્રાપ્ત કરીને સત્કર્મ કરવાં એજ મનુષ્ય ધર્મ છે અને એવોજ ધર્મ આઝમ અનંતજી બજાવીને સંતોષ પામતા હતા.

પુરૂષાર્થવડે કરીને પ્રાપ્ત કરેલું દ્રવ્ય નાના પ્રકારના શુભ કર્મોમાં વાપરવાની ઇચ્છા તેમના હૃદયમાં વારંવાર થતી અને તેથી તેઓએ આ સંસારની મુસાફરીમાં પ્રાપ્ત કરી શકાય, તેથી પણ વિશેષ કીર્તિ અને પુણ્ય પ્રાપ્ત કરવાની હોંશ રાખી હતી.

આઝમ અનંતજીની ધર્મ શ્રદ્ધા પણ અપૂર્વ હતી, પરોપકાર બુદ્ધિવડે તેઓ પોતાના આશ્રિતો અને અભ્યાગતોને અનેક પ્રસંગે બક્ષીશો આપતા અને તેમનું દરિદ્ર ફેડતા હતા, તેથી તેમની આસપાસ આશ્રિતોનું મોટું મંડળ નિરંતર રહેતુ હતું. જેના આશ્રયથી આશ્રિત જનોનાં દારિદ્રો ન ટળાયાં તે આશ્રયજ શા કામનો?

"સોનાનો પર્વત મેરૂ છે, રૂપાનો પર્વત કૈલાશ છે, તેથી શું? કારણ કે તેઓનો આશ્રય વૃક્ષ તે વૃક્ષજ રહ્યાં એટલે તેમની સ્થિતિ બદલી નહિ. તેથી અમે તો મળીઆચળનેજ મોટો માનીએ છીએ

"કે તેના આશ્રમથી કંકોળી, લીમડો અને કડવા ઝાડ પણ ચંદન "થઇ ગયા."

કાશી યાત્રા કરી આવ્યા નિમિત્તે શ્રી જુનાગઢમાં બ્રહ્મભોજન કરવાની તથા દેશાવર કરવાની અને પુણ્યદાન કરવાની ઈચ્છા રાજ્યશ્રીના હૃદયમાં ઉત્પન્ન થઈ હતી, તે પાર પાડવાની તક હાથમાં લીધી.

આપણે અનેક પ્રસંગે જોઇ ગયા છીએ કે જુનાગઢમાં બ્રાહ્મણોની મોટી વસ્તિ છે, અને તેથી નાગરી બ્રાહ્મણોના બ્રહ્મભોજન વખતે બહુ ઠાઠ જામે છે. એવો ઠાઠ આજમશ્રીએ બ્રહ્મભોજન વખતે કરાવ્યો. યાત્રા નિમિત્ત લઇને સંવત ૧૯૨૪ ના ફાગણ શુદિ ૨ ને રોજ ઘેબરની નાત કીધી તથા દેશાવરમાં ગાગરનું લ્હાણું કરીને તે નિમિતની નાત મોતીચુરની કરીને બ્રાહ્મણોને પ્રસન્ન કરી વાહ વાહ કહેવરાવી.

એકાંતવાસ અથવા વાનપ્રસ્થ દશામાં રહ્યાં છતાં પણ આજમ અનંતજીની પાસે રાજ્ય વૈભવ કંમી નહોતો. કાઠિયાવાડના જુદાં જુદાં, રજવાડા તરફથી તથા જુનાગઢનાં રાજ્ય તરફથી પૂર્વવત્ પ્રમાણે માન-પાન ચાલુ હતું. અડાકડીના વેળાએ સલાહ પૂછવાને રાજ્યો તરફથી આજમ મોસુફને તરિદ આપવામાં આવતી હતી, અને તેઓ સ્વદેશાભિમાનવડે કરીને પોતાથી બની આવતી સલાહ ને સહાયતા આપતા હતા. પોલિટિકલ એજંટ અને બ્રિટિશ સરકારમાં પણ તેમનુ અથાગ માન હતું. જે કામ બીજા અધિકારીઓથી ન બની આવે તે કામ કરવાને આજમ અનંતજીને સોંપવામાં આવતું, તે તેઓ યુક્તિ અને સતત ઉદ્યોગવડે પૂર્ણ કરીને યશ પ્રાપ્ત કરતા હતા.

આ વખતે પોલિટિકલ એજંટના હોદ્દાપર કર્નલ. કર્નલ. આંડરસન હતા. તેઓ આજમ અનંતજીની વિરૂદ્ધ હોવાથી તેમને



ચાંદ આપવાની માજી એજંટ કર્નલ ફ્રાંસે સરકારને કરેલી ભલામણની સામે થયા હતા, પરંતુ આજમ મોસુફની કીર્તિથી મુંબઇ સરકાર અજાણુ નહોતી. રજવાડાની અને એજન્સિની અનેક પ્રસંગે સેવા બજાવી હતી તે વાત્તા સરકારના ધ્યાનમાં હતી તેથી કર્નલ આંડર્સનનું નહિ સ્વિકારતાં આજમ અનંતજીને માનની નિશાની આપવાની તક લીધી, અને તેની મારફતેજ જુનાગઢની સરકાર ઉપર ખરીતો મોકલ્યો. જુનાગઢ સરકારે બહુ ખુંશીથી દરબાર ભરીને પોતાના વફાદાર માજી દિવાનને બ્રિટિશ સરકારે મોટા માનની નિશાની અર્પણ કરીને ઉત્સાહ દેખાડયો. આજમ અનંતજીની મોડી મોડી પણ આવી રીતે જે કદર પિછાણવામાં આવી તેથી તેમને ચાહનારૂં મિત્રમંડળ પ્રસન્ન થયું અને રાજ્યશ્રીની કીર્તિમાં મોટો વધારો થયો.

# दर्शन २७ मुं.

## આજમ અનંતજીની સ્થિતિ અને નિત્ય કર્મ.

पद्माकरं दिनकरो, विकचीकरोति ॥
चंद्रो विकासयति कैरवचक्रवाम् ॥
नाभ्यर्थितो जलधरोपि जलं ददाति ॥
संतः स्वयं परहितेषु कृतातियोगाः ॥१॥

અર્થ—સૂર્ય સર્વ કમળોને તથા ચંદ્ર સર્વ કમોદિનીને પ્રકાશિત કરે છે અને મેઘ પ્રાર્થના કર્યા વીના પાણી આપેછે, એજ પ્રમાણે સત્પુરૂષો પારકું હિત કરવામાં વગર સ્વાર્થે ઉદ્યોગ કરેછે."

શાજ્યદ્વારિ માણસોમાં નિવૃત્તિ સુખ હોતું નથી—આજમ અનંતજીના ઘરનો વૈભવ—તેમનુ નિત્ય કર્મ—સત્સંગ વિષે શ્લોક—મુક્ત પુરૂષોના ચાર લક્ષણ—દેવ સેવાનો વૈભવ—જમવા જમાડવાપર પ્રીતિ—અતિથિનો આદરસત્કાર કરવાનો ગુણ—કાઠિયાવાડના લેકોનો સ્વભાવ—પરોણા ચાકરીનો મહિમા—વિધિપૂર્વક દાન દેવાની વૃત્તિ— આજમ અનંતજીનો પરોપકાર કરવાનો સ્વભાવ—

રાજ્યદ્વારિ માણસોમાં નિવૃતિ સુખ હોતું નથી અને જે કોઈ થોડાં ઘણાં મનુષ્યોમાં એવાં સુખનો અંશ જોવામાં આવે છે, તે પૂર્વના સંસ્કારથીજ મેળવી શકેલો ગણુવામાં આવે છે.



આજમ અનંતજીનો વૈભવ, ભલભલા રાજ્યદ્વારિ માણસોને પણ આંજી નાખે એવો હતો. રાજ્ય દરબાર સરખો તેમના ઘરનો વહિવટ હતો. ઉદાર રાજા સરખી તેમની દેણગી હતી અને તેમના મુખપર સંસાર સુખનું પૂર્ણ તેજ હતું. ચાકર નફરો, ગાડીઘોડા, વાડી, વજીફા, કવિ–પંડિતો, શાસ્ત્રિ, પુરાણીઓ, વૈદ, હકીમો, ગવૈયા નૃત્યકારો, વગેરે અનેક તરેહનાં કળા કૌશલ્યતા જાણનારાઓ અને સુખ-વૈભવનાં સાધનો પણ હાજર હતાં. સઘળી સાહેબીનો ઉપયોગ કરીને તેમનું હૃદય સંતોષ પામ્યું હતું.

નાના પ્રકારના સંસાર સુખનાં સાધનો ભોગવ્યા પછી જ્ઞાની પુરૂષનું મન સંતુષ્ટ પામે છે, અને તેથી કરીને તેમનું મન વિરામ પામે છે. એવાં શાંત થયેલાં મનની નાના પ્રકારના શાસ્ત્ર-પુરાણના અભ્યાસે કરીને ક્ષીણતા થાય છે અને ક્ષીણ થયેલાં મનવડે કરીને નિવૃત્તિ સુખ પ્રાપ્ત કરીને મોક્ષપદ મેળવવાની લાયકી પ્રાપ્ત કરી શકે છે. સત્સંગ ઉત્તમ છે અને તેના લાભ પણ શાસ્ત્રકારોએ બહુ બહુ વર્ણવ્યા છે. ધર્મના મુખ્ય સાધનો આ પ્રમાણે છે—

"सत्संगतिः सद्ग्रन्थ पाठः परमात्मोपासना परोपकारः
आत्मशुद्धिर्विवेकाचार स्तद्विरुद्धांनात्यागश्च धर्मस्य
मुख्यसाधनानि ॥

અર્થ—"સત્સંગ, સદ્ગ્રન્થોનું અધ્યન, પરમાત્માની ઉપાસના, પરોપકાર, ચિત શુદ્ધિ, વિવેચન, પૂર્વક આચાર, અને તેના વિરૂદ્ધ જે કર્મ તેનો ત્યાગ, એ ધર્મના મુખ્ય સાધનો છે."

એવાં સાધનો સાધવાને આજમ અનંતજીને બાલપણથીજ ટેવ પડી હતી, ધર્મ કર્મ કરવાં, અનાથો તરફ કરૂણા દ્રષ્ટિથી જોવું, ગરી-

બોની વારે ચઢવું, અને વિદ્વાનોને બક્ષિસોથી પ્રસન્ન કરવા, આ સઘળા જીવન મુક્તના લક્ષણ છે. શાસ્ત્રમાં એ લક્ષણ આ પ્રમાણે વર્ણવે છે—

૧ લું-મૈત્રી સારાં લોકો સાથેની મિત્રતા.

૨ જું-કરૂણા—કંગાલ જીવોની દુર્બલ સ્થિતિપર દયા લાવવી.

૩ જું-મુદિતા—સુકૃત્ય જોવાથીજ આનંદ પામવું.

૪ થું-ઉપેક્ષા—પાપી મનુષ્યને ચાહવા નહિ તેમ ધિઃક્કારવા પણ નહિ.

આ પ્રમાણે જીવન્ મુક્તમાં મુખ્ય ગુણો રહેલા છે. તેમાંના કેટલાક ગુણો આજમ અનંતજીભાઈમાં હતા, જેથી તેનું હૃદય નિર્મળ હતું. કોઇનાપર ગુસ્સો કરેતો તે ગુસ્સો ક્ષણવારજ તેમનાં મનમાં રહેતો. દૂધના ઉભરાની માફક ક્રોધ ચઢીને મનની શાંતિ થતી હતી. સ્વચ્છ અંતઃકરણવાળા પુરૂષોની એવીજ રીતી હોયછે.

પ્રભાતમાં વહેલું ઉઠવું, શૌચ વિધિ કરીને પોતાના ઇષ્ટ દેવ શ્રી નૃસિંહજીની સેવામાં બેસવું અને એક ધ્યાનવડે કરીને સ્મરણ કરવું એવો નિત્ય નિયમ હતો. મુખ્ય ઉપાસના શ્રી નૃસિંહજીની હતી, પરંતુ તેઓના ઘરમાં પંચ દેવની પૂજા હતી. સોએક તોલા સોનાનું શિવનું લીંગ હતું અને તે પેશવાની સેવા માંહેલું હતું એમ કહેવાયછે. તેની પૂજા પણ તેઓ શ્રદ્ધા પૂર્વક કરતા હતા. રામશંકર પંચોલી નામના નાગર-બ્રાહ્મણ દેવ સેવાના મુખ્ય પૂજારી હતા.

દેવ સેવાનો ઠાઠ અલૌકીક હતો. સોનાં-રૂપાંના વાસણો અને નાના પ્રકારની સામગ્રીઓથી દેવગ્રહ શોભી રહેતું હતું, તથા ધુપ, દીપ અને વિવિધ તરેહના પુષ્પોથી આસપાસની જગ્યા બહેકી રહેતી હતી.



ગાયનકારો દેવ સેવા સમયે ઇશ્વર ભક્તિનાં ગાયન ગાઇને ભક્તિ સતેજ કરતા હતા. સેવાવિધિ સમાપ્ત થયા પછી શાસ્ત્રિ પુરાણીઓ વેદ-વેદાંત અને એવીજ તરેહના શાસ્ત્રે શ્રવણ કરાવતા, તે મંડળી સહવર્તમાન આજમ અનંતજી સાંભળતા અને નાના પ્રકારની શંકાઓનું સમાધાન થયા પછી સંતુષ્ટ પામતા હતા. સેવા પૂજાને શાસ્ત્ર શ્રવણ થયા પછી તેઓ રાજ્યદ્વારિ કામમાં રોકાતા અને દેશ પરદેશથી આવેલા રાજ્યદ્વારિ માણસો સાથે વાતચિત કરીને ગુંચવણ ભરેલી બાબતોના ખુલાસા કરતા હતા.

જમવાનો સમય થતો ત્યારે બડા ઠાઠથી પંક્તિ બિરાજતી હતી, અને વિવિધ તરેહના પાક પકવાનોથી જમનારા માણસોને પ્રસન્ન કરતા હતા. આજમ અનંતજીભાઇને જમવાનો અને જમાડવાનો પૂર્ણ પ્રેમ હતો. તેમનું રસોડું મોટું હતું. સો પચાસ માણસો એકજ પંક્તિમાં સાથે જમતાં હતાં. ઘર આગળજ આવી ધામધુમ નહીં પરંતુ મુસાફરીમાં-સાહેબ સ્વારીમાં દેશ પરદેશના નાગર વકીલો, મુત્સદ્દીઓ, અને બ્રાહ્મણોને પોતાને રસોડે જમાડતા, જમવામાં કોઇ દિવસ વેરોવંચો રાખતા નહિ. પોતાને જે પદાર્થની ઇચ્છા થતી, તે પદાર્થ પોતે એકલાજ નહોતા જમતા, પણ સમસ્ત મંડળીને જમાડીને પોતે તે પદાર્થ આરોગતા* હતા.

---

*આજમ અનંતજી રાજકોટમાં હતા તે વખતે તેમના સત્રીજા રા. માણેકલાલ જુનાગઢથી આવ્યા હતા. જમવાનો વખત થયો ત્યારે રાજેશ્રી અનંતજીની પત્નિએ પોતાના પતિનો તથા રા. માણેકલાલનો પાટલો શ્વયંપાકમાં નંખાવ્યો, કારણકે રા. માણેકલાલ પરોણા તરીકે આવેલ હતા, તેથી પોતાને હાથે માલપુડા કરીને તેમને જમાડવાની ઇચ્છા થઇ હતી. સમય થયો એટલે આજમ અનંતજીભાઈ નાહીને પીતાંબર પહેરીને પંક્તિમાં આવ્યા, ત્યાં આગળ પોતાનો પાટલો નાંખેલો

બ્રાહ્મણોને જમાડવાપર તેમની બહુ રૂચી હતી. વધારે જમનાર વિપ્રોપર તેઓ પ્રસન્ન થતા અને નાના પ્રકારની બક્ષીસો આપીને તેમને ખુશી કરતા હતા.

ભાતભાતનાં અથાણાં, અને અનેક પ્રકારનાં પાકપક્વાનો ભોજન સમયે રોજને રોજ તૈયાર થતાં અને તે તૈયાર કરવાને માટે માણસોનું એક મોટું ખાતું જુદું રાખવામાં આવ્યું હતું. પરદેશી પરોણાઓને આગ્રહથી રોકીને તેનો આદરસત્કાર કરવામાં તેઓ સદાય તત્પર રહેતા અને એવા વિવેકથી તથા પરોણા ચાકરીથી આજમ અનંતજીની કીર્તિ આસપાસ ગાજી રહી હતી.

અતિથિનો આદરસત્કાર કરવાનો ગુણ કાઠિયાવાડી લોકોમાં જેવો છે તેવો, હિન્દુસ્તાનના બીજા કોઈ ભાગમાં જોવામાં આવતો નથી.

કાઠિયાવાડના લોકો સરળ સ્વભાવના અને પરોણા ચાકરી કરવામાં ઉત્સાહી છે. તેવો સ્વભાવ અને ઉત્સાહ બીજા પ્રાંતના લોકોમાં જોવામાં આવતો નથી. એ પાણીનો ગુણ છે અને આજમ અનંતજીએ એ ગુણ સિદ્ધ કરીને સૌરાષ્ટ્રની શોભા વધારવામાં કચાશ રાખી નથી.

---

નહિ લેવાથી તેઓ સ્વયંપાકમાં ગયા, તો પોતાનો પાટલો ત્યાં નાંખેલો જોવાથી તેનું કારણ જાણ્યું, ત્યારે પોતાની પત્નિને કહ્યુ કે તમારા મનથી તમને માણેકલાલ વહાલો છે, તેમજ બીજા પણ તેમના આપ્ત વર્ગને પણ તેવાજ વહાલા હોય, માટે જો તમારાથી તમામ મંડળીને માલપુડા પૂરા કરી શકાય તો કરો નહિ તો માંડી વાળો. એકલે હાથે પુડા નહિ બની શકવાથી વિચાર માંડી વાળ્યો ને પાટલા પંક્તિમાં નખાવ્યા ને જેટલા પુડા થયા હતા તેમાંથી સઘળાને થોડો થોડો વાંટી આપ્યો. પંક્તિ ભેદ ન રાખવો એવું શાસ્ત્ર વચન છે અને તે આજમ અનંતજીએ સિદ્ધ કરી આપ્યું. ધન્ય છે તેમની યોગ્યતાને.



વ્રતો ઉજવવાં, ગાયત્રિ પુરશ્ચર્ણ તથા હોમ હવન કરાવવા, તે નિમિત્તે બ્રહ્મભોજન કરાવવાં, દાન, દક્ષિણાથી બ્રાહ્મણોને પ્રસન્ન કરવાં એ આજમ અનંતજીને નિરંતર રૂચીકર હતું.

વાર તેહેવારે કે પર્વણીને ટાંકણે શાસ્ત્રમાં વર્ણવેલી વિધિ પૂર્વક દાન પૂણ્ય કરવાની બહુ ઇચ્છા રાખતા. એક વખતે સંક્રાંતને દહાડે બ્રાહ્મણોને રૂની ડગલી તથા પાઘડી અને સ્ત્રીઓને છાયલોનાં દાન આપીને સંતુષ્ટ કીધા હતા.

એકવાર પોતાને ઘેર તમામ નાગર બ્રાહ્મણોને તેડાં કરીને બોલાવ્યા અને ખવાય એટલાં સિતાફળ ખવરાવીને જતી વખતે ટોપલી ટોપલી બંધાવ્યાં એવી તેમની ઉદારવૃત્તિ હતી.

રાત્રિને વિષે કામકાજથી નિવૃત્તિ પામ્યા પછી પોતાના મકાનમાં ગાનતાન થતાં, શાસ્ત્રાર્થ થતા, ને દેશ પરદેશના કવિ–પંડિતોના મુખથી ગુણ કથન થતા હતાં. રાજ્યશ્રીનો વૈભવ વખાણવા લાયક હતો. તેમની વૃત્તિ ધર્મનિષ્ઠ હતી અને તેમની ઉદારતા સ્તુતિકારક હતી. શેખશાદી કહે છે કે—

"અરે ! માનવી ! તારાથી બની આવે એવો તું પરોપકાર કર,
"કારણ કે પરોપકાર કરવાને પ્રભુ કોઈને અટકાવતો નથી."

આજમ અનંતજીમાં પણ એવાજ સર્વોત્કૃષ્ટ ગુણો હતા અને તેમની સ્થિતિ રીતી તથા વૃત્તિ સ્તુતિ કરવા લાયક હતી.

# प्रकरण ११ मुं.

## આજમ અનંતજીનો સ્વર્ગવાસ—તેમના સંબંધી કેટલીક અગત્યની નોંધ.

# दर्शन २८ मुं.

## आजम अनंतजीनो स्वर्गवास.

"એક ખીલતું સુંદર "વાયોલેટ" ફુલ દેખાવવાળું, પણ થોડા "વખતનું, સુશોભિત પણ ક્ષણભંગુર, સુગંધી પણ માત્ર એક ઘડિનુંજ. "વધારે નહિ."

**શેક્ષપીયર.**

"આપણી જીંદગી એક સ્વપ્નું છે—મનુષ્ય કાળનું ચવેણું છે—જ્ઞાતા પુરૂષો પરમારથ કરીને જીંદગી સફળ કરેછે. આજમ અનંતજીની ધર્મ-શ્રદ્ધા—જીંદગી વિષે લોર્ડ બેકનનું વચન—એક ફારસી બેત—આજમ અનંતજીના શરીરનું કથળવું તેથી પોતાની પાછળ કરેલી વ્યવસ્થા—મોત એક આનંદ છે—આજમ અનંતજીની અંતકાળ વખતની ધૈર્યતા—આજમ અનંતજીનો સ્વર્ગવાસ—મરણ ક્રિયાનો દબદબા ભરેલો દેખાવ—સૌરાષ્ટ્રમાં છવાયેલો શોક—

આપણી જીંદગી એક સ્વપ્નું છે. ઉંઘતા અથવા જાગતા આપણે જે કરીએ છીએ એ બધા સ્વપ્નાના બનાવો



છે." આ વાક્ય બૌધનું છે અને તે સત્ય છે. જીંદગી અસાર છે અને એ અસાર જીંદગીમાં પરોપકાર કરવો એ મનુષ્યનું કર્તવ્ય કર્મ છે. જન્મવું, ખીલવું અને વૃદ્ધાવસ્થાએ પહોંચીને મરણ પામવું એ આ દેહનો ધર્મ છે. કોઇ અમર નથી. મોટા મોટા ઋષિ મુનીજનો જેઓ યોગ સાધનામાં એક્કા હતા, કાળને પણ ક્ષણવાર રોકી રાખવાને શક્તિવાન હતા, મોટા મોટા ધર્મના આચાર્યો જેઓ અત્યંત ઐશ્વર્યવાન હતા, પરલોકની ગુપ્ત વાતો કથવાને સમર્થ હતા અને હજારો મનુષ્યોને ચમત્કારોથી વશ કરનારા હતા તેઓ પણ કાળના સપાટા આગળ ટકી શક્યા નથી તો સાધારણ મનુષ્યનું તો શું ગજું. આવા વિચારથી જ્ઞાની પુરૂષો નિરંતર જીંદગીનો જે પરમહેતુ—પરમપુરૂષાર્થ જે પરોપકાર તે કરવામાં ઉત્સાહ રાખતા હતા.

આજમ અનંતજી પણ ધર્મ—શ્રદ્ધાવાન હતા. પરોપકાર નિમિત્તે નિરંતર દ્રવ્ય ખર્ચતા અને સત્સંગ કરવામાં તેમની નિરંતર રૂચી હતી. પૂર્વજન્મના સંસ્કાર યોગે કરીને તેઓ રિદ્ધિસિદ્ધિને ઉત્તમ પ્રકારની સત્તા પામ્યા હતા તેનો ઉપયોગ કરવામાં તેઓએ બાકી રાખ્યું નથી. વાનપ્રસ્થ દશામાં રહીને પણ શુભ કર્મોમાં દ્રવ્ય વાપરવાને પ્રસન્ન રહેતા અને જીંદગીનો હેતુ સફળ કરતા હતા, એવા પુરૂષને અને તેની જીંદગીને ધન્ય છે.

રાજ્યવૈભવ ભોગવ્યા છતાં અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયા છતાં નિયમિત આહાર વિહારથી રાજ્યશ્રી અનંતજીભાઈ શરીરે સુદૃઢ હતા. સ્મર્ણ શક્તિ પણ સતેજ હતી અને મનની અથાગ મહેનત છતા તેઓ આરોગ્યતા ભરેલી જીંદગી ગાળતા હતા, આવી સુખી જીંદગી ગાળનારાને ગમે તેટલા વર્ષનું આયુષ્ય પણ ક્ષણભર લાગેછે. લોર્ડ બેકન કહેછે કે—"જીંદગી! કંગાલને મનથી સો વરસ, પણ સુખીને મનથી એક પળ."

એક બીજું ફારશીમાં વચન છે કે—

"હૈફ દર ચશ્મ ઝનંદ સોબતે યાર, આખેર શોદ;

"રૂએ ગુલસ્તર નદી દીમો બહાર આખેર શોદ.

અર્થ—"અરે! અફસોસ! યારની સોબતતો એક પલકારામાં પુરી થઇ, હજી તો ફુલનું મ્હો પૂરૂં જેયું નથી, એટલામાં તો વસંતઋતુ પૂરી થઇ."

આજમ અનંતજી ભાઇનું શરીર સવંત્ ૧૯૨૫ના જેષ્ટ માસની શરૂઆતમાં કથલ્યુ, તેથી આપ્ત વર્ગના અને સ્નેહી મંડળના માણસોને બહુજ ચિન્તા થઈ. એક તો વૃદ્ધાવસ્થા અને તેની સાથે વ્યાધીનું જોર વિશેષ જોવામાં આવ્યું, મોટા મોટા નામીચા વૈદોનું ઔષધ ચાલુ કીધું પણ તેથી કાંઇ ટીકી લાગી નહિ, તેથી પોતાની પાછળ જે કાંઈ વ્યવસ્થા કરવાની હતી તે પોતે કરવાનો નિશ્ચય કીધો. રા. રા. નૃસિંહપ્રસાદ હરીપ્રસાદ બૂચપર આજમ અનંતજી ભાઈનો બહુજ પ્રેમ હતો. દરેક વાતમાં અને સલાહમાં તેઓને સાથેના સાથે રાખતા, અને તેમનું શ્રેય થાય એવી આજમ મોસુફની નિરંતરની ઈચ્છા હતી.

પોતાની પાછળ પોતાની પત્નિ અને ભત્રિજા સિવાય અન્ય વારસદાર નહોતું. રા. અમ્રતલાલનાં પત્નિ હતાં તેમને પણ કાંઇ સંતાન નહોતાં, તેથી તેઓએ એક * વસિયતનામું કરીને ભવિષ્યની ગોઠવણ કરી. પોતાની શુદ્ધિમાં એક વસિયતનામું કીધું અને તેમાં

* મંદવાડ વધી જવાથી ટુંકાણમાંજ નીચે પ્રમાણે વસીયતનામું કરવામાં આવ્યું હતું.

નકલ.

સંવત ૧૯૨૫ના વેશાક વદિ ૪ શુક્રવાર લી૦ અનંતજી અમરચંદ



પોતાની પત્નિ બાઈ હરકુંવરને પોતાની સઘળી મિલ્કત સોંપી, બીજાં ધર્મના શુભ કાર્યમાં કિમતી મિલ્કત અર્પણ કીધી અને પોતાના ભત્રિજા માણેકલાલને અમૂક રકમ આપીને પોતાની યોગ્યતા બતાવી. એક ગ્રહસ્થ પુરૂષને છાજે એવી રીતે ભવિષ્યની ગોઠવણ કરીને પોતે ધૈર્યથી બ્રહ્મપદ મેળવવાને તત્પર થઇને બેઠા. ધૈર્યવાન અને ધર્મવાન પુરૂષોનો એનોજ ધર્મ છે. મોતથી તેઓ ડરતા નથી. મોત એટલે આ અસાર સંસારમાંથી જાગ્રત થવાનું સુલભ સાધન છે. મોત એટલે આ નાના પ્રકારની પ્રપંચ ભરેલી ઉપાધીથી છૂટવાની ઉત્તમ ઔષધી છે, એવી ઔષધીનું પાન કરવાને જ્ઞાની પુરૂષો અહોનિશ સાવ-

પ્રભુ હાજરનાજર જાણી મારો વિચાર તીલોતીલ લખ્યેત લખ્યા પણ તંગ વખતથી લાચાર નીચે લખેલો પાળજો જો કોઈ તેમાં ફરક કરેતો તેને બ્રહ્મહત્યા, ગોહત્યા છે.

મ્હારી મિલ્કતની માલેક મારી ઓરત છે. દાન-પુન્યથી માંડી જે કાંઇ ખર્ચ વાવરે તેમાં ચિ. માણેકલાલ વગેરે કોઈને, આડો પગ ન કરવો અને રેણાકની હવેલી છે તે માણેકને આપવી.

કોરી ૧૦૦૦૦૦ લાખ એક માણેકને મેહેરબાની કરી તેઓ આપશે તેના રૂા. ૨૬ હજાર કુંપની રાજકોટ ખાતામાં મારફત સદાશંકર અપાવશે. લાલાને રૂા. ૩૦૦૦ ત્રણ હજાર દેવાને, મોટી દીકરીને રૂા. ૧૦૦૦ એક હજાર. સદરહુ ઇંદ્રજી કચ્છીના પરિવારમાં લેવદેવ છે તો માફ કરૂં છું. તેમ કાંઈ દેવું.

તબેલામાં ઈમારત છે તે બ્રહ્માર્પણ આપવા. રેણાકની જગ્યાના ઘર બ્રાહ્મણને તેની વિગત લલ્લુરામ તથા નરસંગને કહેલ છે. આપવાનો અખત્યાર અમારી સ્ત્રીનો છે, પણ સદરહુને પાસે રાખવા. તેમાંથી એક જગ્યો આચાર્ય જેશંકરને આપવી. જેને રહેવા મકાન ન હોય, નિર્ધન જેવા છે તેને આપવી. માણેકલાલ વકરે તો મોટી કરી છે તેનું ભાર પોતાની મેર તબેલામાં રાખે. આપણી દુકાન છે તે અતિ મશહુર

ધાન રહેછે, તેમને મનથી મોત એક આનંદ છે, મોત એ પરિબ્રહ્મ પરમાત્માની પાસે લઈ જનારો દૂત છે, અને એ દૂત પરમાત્માની ભેટ કરાવીને આ પ્રપંચી-સ્વપ્નવત્ અસાર સંસારથી મનુષ્યને મુક્ત કરેછે. આ દેહથી છૂટાં થવું એતું નામજ મુકિત છે. અનેક પાપ કર્મના સંસ્કારવડે અને વાસનાના પ્રાબલ્યથી આ દેહ પાપી થાયછે એવીજ વાસનાથી બંધાયેલા મનુષ્યની જ્યાંસુધી વાસના ટલતી નથી ત્યાંસુધી પુનઃર્જન્મ લેવા પડેછે, પરંતુ જ્ઞાની પુરૂષો જ્ઞાનબલથી નાના તરેહનાં કર્મોનો નાશ કરેછે, કર્મ રહિત થાયછે.

---

છે. લેવદેવ છે. તે સૌ ચોપડે સરવાયાં છે તો એ વાતમાં મને કાંઈ ચિન્તા નથી.

વાવ્ય એક સાવ નવી કરવા બલવંતને કહ્યું છે તથા પોતેથી ન બને તો કોરી ૧૫૦૦ સુધી કરવી.

ખોરડાં બ્રહ્મપુરીમાં હરિદાસને આપ્યાં છે. તેને બહાલ છે. નેકનિ-ષ્ઠાની સરતે.

રૂ. ૧૦૦૦ ગોવો, રૂ. ૧૦૦૦ હનમ ખીમલો, રૂ. ૫૦૦ જગમલ રૂ. ૨૦૦ ખવાસ ભાગ છે તે શ્રી મદન-મોહનજીમાં આપવો.

આંબા પચાસ સૈયદવાલા કહેવાય છે, તે ચિ. માણેકલાલના તે વાડો નાંખી વાળી લેવો. નવે કુવેથી તેની હદ કરી દેવી.

અનંતજી અમરચંદ.

કૈલાસવાસી મારા વડિલ શ્રી અનંતજીભાઈએ આખર વખત કૃપા કરી રૂાં. ૨૬૦૦૦ આપવા લખી ગયેલા તે રૂ. ઉપર લખ્યાની ચિઠ્ઠી વડિલશ્રીની દુકાન ઉપર વડીલશ્રીની લખી અમને માતુશ્રી નાની કાકીએ કૃપા કરી સવંત્ ૧૯૨૯ના મહા શુદ ૯ વાર ગુરૂએ આપી છે.

લી૦ માણેકલાલ પ્રભુલાલ.



વાસનાના અંકૂર વિવેક અને જ્ઞાનવડે કરીને દગ્ધ થાયછે તેથી પુનઃર્જન્મ પામવાનો ભય રહેતો નથી. તેઓ તો પોતાનો આ છેલ્લો ભવ પૂર્ણ કરીને-કર્મ ખપાવીને બ્રહ્મમાં બ્રહ્મ મલી જાયછે અવિચલ બ્રહ્મનું સુખ ભોગવે એવા પુરૂષોને મરણનો ભય હોતો નથી. તેવા પુરૂષો તો મનુષ્ય કર્મનાં કર્તવ્યકર્મ પૂર્ણ કરીને મોતને ભેટવાને મલપતે મુખડે તૈયાર થઇ બેસેછે. મોતની વાટ જુએછે, કારણ કે મોત મુકિતનું દ્વાર ઉઘાડે છે, અને એ દ્વારમા પેશીને અખંડ બ્ર-હ્મને ભેટવાને બ્રહ્મનિષ્ટ પુરૂષો ભાવના રાખેછે.

આજમ અનંતજી પણ જીવન્ મુકત હતા. આ સંસારની અ-નેક જાતની ચઢતિ પડતીના રંગ તેઓએ અનુંભવ્યા હતા. સંસાર સુખ માણવામા કચાશ નહોતી રાખી, એવાં સુખો ભોગવીને તેમનું મન સંતુષ્ટ થયું હતું અને તૃષ્ણાઓ નાશ પામી હતી. એવી નાશ પામેલી તૃષ્ણાવાલા મનુષ્યને આ દેહનો, આ જગતનો કશો મોહ રહેતો નથી, તેઓ પરમાનંદ મેલવવાને લાયકી ધરાવેછે ને એવું પરમ સુખ પ્રાપ્ત કરીનેજ સંતોષ પામેછે.

અનેક પ્રકારના ઉપચારો ચાલતા હતા, સ્નેહિ મંડલ રાત્રિ દિવસ મન સાચવવાને બિછાનાપાસે બેશી રહેતું. અખંડ હરિ કથા શ્રવણ કરાવવાને શાસ્ત્રિ-પુરાણીઓ હાજર હતા, અનેક તરેહની ધર્મ ક્રિયાઓ કરવાને ધર્મગુરૂઓ ધર્મશાસ્ત્રની ધુન્ય મચાવતા જોવામાં આવતા હતા, અને આજમ અનંતજીભાઈ મહાત્મા ભીષ્મની મા-ફક બિછાનામાં પડયા પડયા ઇશ્વર સ્મર્ણ કરતા હતા. તેમના મનમાં નિશ્ચય હતો કે આ મંદવાડ છેલ્લોજ છે, તેમાંથી ઉઠવાનું નથી તેથી તેઓએ પોતાની ઇચ્છા પ્રમાણે આગળથી બ્રહ્મભોજનો, ધર્મ-કર્મો, બીજાં કરવાં લાયક કર્મો કરીને પોતાની તૈયારી કરી દીધી હતી.

જાણે એક યોદ્ધો બ્રહ્મસુખ સાધવાને અખંડ સમાધીમાં પડયો હોય એવી રીતે આજમ અનંતજીભાઇ હરિસ્મર્ણમાં હતા. તેમનો મંદવાડ દિવસ ઉગે વધતોજ ગયો અને એવો મંદવાડ ભોગવીને આ સમર્થ પુરૂષ સંવંત્ ૧૯૨૫ના જ્યેષ્ટ શુક્લ પક્ષની ૮મે ૬૦ વર્ષ ૫ માસ અને પચીસ દીવસની ઉમર ભોગવીને સ્વર્ગવાસી થયા. એ દિવસ જૂનાગઢના ઇતિહાસમાં નોંધવા લાયક હતો. સૌરાષ્ટ્રના સમર્થ પુરૂષનો તે દિવસે સ્વર્ગવાસ હતો. શ્રી જુનાગઢના રાજ્યનો સધીર વીર અને સ્હાયક, મંત્રિપદ ઉપરથી સ્વર્ગનું ઉચ્ચપદ પામ્યા હતા. તે દિવસ શોકનો હતો, કારણ કે સ્વદેશાભિમાની અને સ્વદેશી રાજા-પ્રજાનું અભિમાન ધરાવનાર, સ્વદેશ પ્રીત્તિ રસમાં ડુબેલા વીરે સ્વદેશને સ્વદેશી લોકોને શોક સાગરમાં ડુબાડીને સ્વર્ગ ગમન કીધુ હતું. તે દિવસ નિરાશ્રિત-આધાર વગરના અનાથ નિરાધાર લોકોને રડવાનો હતો, કારણ કે તેમને આશ્રય આપનાર આધાર આપીને નિભાવનાર પરમાર્થપર પૂર્ણ પ્રીત્તિ ધરનાર પરમાર્થી પુરૂષ હમેશના રડતા કરીને આ લોક તજીને પરલોક ગયો હતો. એવો હાહાકાર, એવો ત્રાસ સૌરાષ્ટ્રમાં અને તસ જુનાગઢમાં થયો હતો. સૌરાષ્ટ્રના ઘણા રજવાડાએ આ શોકમાં ભાગ લીધો, જુનાગઢની સરકારે પોતાની દીલગીરી જાહેર કરી અને પ્રજાએ પોતનો શોક પ્રદિપ્ત કીધો.

આજમ અનંતજીભાઇના શબની સ્વારી દબદબા ભરેલી અને ગંભીર હતી. રાજ્યના અમીર ઉમરાવો નાગરી નાતના નાનાં મોટાં માણુસો અને શેહેરની સમસ્ત વર્ણની પ્રજા-સ્વારીમાં સામેલ હતી. તેની સાથે રાજ્ય તરફથી શીરબંદી, મશાલ વગેરે માનસૂચક નિશાનીઓ પણ જોડાણી હતી, તેથી આ શોક સ્વારીની ગંભીરતામાં વધારો થયો હતો. દહનક્રિયા વખતનો દેખાવ આંખે જોયો જાય તેવો નહોતો. ગમેતેવા ધીરવીર પુરૂષની આંખમાંથી અશ્રુ વહન થતાં



હતાં. સઘળાંની મુખ મુદ્રાઓ શોકથી ઝાંખી પડી હતી. એવું મરહુમ દિવાન અનંતજીનું આકર્ષણ હતું, તેમનાપર લોકોની આસક્તિ હતી એટલું વ્હાલ હતું. જેટલો સ્નેહ ને સંબંધ તેટલો શોક. પ્રત્યક્ષ અગ્નિ દેવ મરહુમના શરીરમાંથી પાંચ તત્વો છુટાં પાડવાનું રસાયણી કામ કરતો હતો તે પૂર્ણ કરી રહ્યો. તત્વો તત્વમાં મળી ગયાં. આત્મા, શેક્ષપીયરના કરવા પ્રમાણે—

"પેલો છુપો રહેલો દેશ કે જેની સીમાથી કોઈપણ મુસાફર પાછો ફરતો નથી" *

ત્યાં હમેશાને માટે વાસ કરવાને ગયો. આજે શું છે? આજમ અનંતજીનો દેહ પંચતત્વમાં ભળી ગયો છે અને આત્મા બ્રહ્મરૂપે બ્રહ્મમાં મળી ગયોછે. સ્નેહ સંબંધીઓમાંના કેટલાક જેઓ સ્નેહની માયાથી જોડાએલા હતા.

"તેમને આ સંસારની માયાનું દુઃખ ઉપજ્યું. તેઓ જાણતા હતા "કે આ એક એવી મુસાફરી છે કે જેનો છેડો નથી. તે એવી જુદાઈ "છે કે જેને પાછાં મળવાની આશા નથી તે એવું ગુમ થવું છે કે જયાંથી "કદી પાછું ફરવાનું નથી. તે એવી બેહોશી છે કે જેમાંથી કોઈ કાળે "ઉઠી શકવાનું નથી.

---

*કાઠિયાવાડ, ગુજરાત તથા મુંબાઈ ઇલાકા સાથે રેલ્વે તથા તારથી જોડાયેલો નહોતો અને "કાઠિયાવાડ સમચાર" નામના સ્થાનિક વર્તમાન પત્ર વગર બીજાં એકે પત્ર નહોતાં આજમ અનંતજીભાઇના સ્વર્ગવાસથી કાઠિયાવાડને જે ખુટ પડીછે તેના સંબંધમા સદરહુ પત્રે પોતાના અંકમાં આ પ્રમાણે શોક દર્શાવ્યો હતો.

"હાલ કાઠિયાવાડમાં આવા માણસોના જવાથી તેમની ખુટ પૂરી "પડવી બેશક કઠણછે, કારણકે ગમે તેવો, કાબેલ માણસ તેમના મ્હોળા

જ્ઞાનવીર પુરૂષો જ્ઞાનમાં ગળક થયા. સાધારણ જ્ઞાનવાન પુરૂષોને સ્મસ્યાન જ્ઞાન થયું. મદવાળા પુરૂષોનો મોહમદ ઓછો થયો અને આ સંસારમાં સાર નથી, રાયને રંક, જ્ઞાનીને અજ્ઞાની અંતકાળે કાળના મ્હોંમાં પડવાના છે, સ્મસ્યાનમાં સુવાના છે એવા તરંગો કરતાં આજમ અનંતજીને છેલ્લું માન આપીને સજળ નેત્રે સૌ સૌને સ્થાનકે જઈને શાંતિ પામ્યા.

---

"અનુભવ, તથા રાજ્યપ્રકરણી જ્ઞાન સાથે, અસાધારણ બુદ્ધિ આગળ બરાબરી કરીશકે નહિ—

"કાઠિયાવાડ સમચાર"

તા. ૨૩ મી જુલાઇ સને ૧૮૯૯





# દર્શન ૨૯ મું.

## આજમ અનંતજી સંબંધી અગત્યની નોંધ.

" તે છોકરાં ક્યાં ? તે સ્ત્રી ક્યાં ? અને આપણે ક્યાં ? ખચીત
"આ સંસારના સગાં સ્નેહિઓનો સહવાસ તે રસ્તાના ઝાડતળે જૂદી
"જૂદી દિશાઓમાંથી આવી મળેલા મુસાફર સરખો છે."

મરણ પાછળ ઉત્તર ક્રિયાનો રીવાજ સારો છે-આજમ અનંતજીની ઉત્તરક્રિયા-તેમના સ્મર્ણાર્થે થયેલાં શુભ કાર્યોની નોંધ-આજમ અનંતજીની ઉદારવૃત્તિ-દાન વિષે એક મહાત્માનું વચન-સત્ય પુરૂષોની ઉદારતા સંબંધમાં એક વચન-આજમ અનંતજીની ઉદારતાની થોડી ઘણી નોંધ.

મરણ પાછળ ઉત્તર ક્રિયા કરવાનો રીવાજ કેટલેક દરજ્જે ઉત્તમછે, તેથી મનનું સમાધાન થાયછે. પરલોક માનનારા મનુષ્યો ણુની પાછળ પુણ્યદાન કરીને શાંત્તિ પામે છે. એવે પ્રસંગે ગમે તેવા કઠણ હ્રદયના-કૃપણના હાથે પણ દ્રવ્ય વવરાયછે અને તેના હ્રદયમાં થોડીઘણીવાર દયાનો પવિત્ર ઝરો વહીને પરમાર્થ થાય છે. મરનાર માણસના વિજોગથી સગાં સ્નેહિઓને થયેલો શોક કેટલેક અંશે શાંત થાયછે અને મરણ પાછળ કરેલી ધર્મ ક્રિયાવડે કરીને ચંચળ થયેલું મન વિરામ પામેછે. આવી ક્રિયા કરવાની આજ્ઞા દુનિયાના

તમામ ધર્મશાસ્ત્રમાં જોવામાં આવે છે, અને તે દેશ લોકના રીત રીવાજ મુજબ જૂદી જૂદી હોયછે, પરંતુ તેની મૂળ મતલબતો એક સરખીજ છે.

આજમ અનંતજીના નામ અને કામ પ્રમાણે તેમની પાછળ ઉત્તમ પ્રકારની ઉત્તરક્રિયા કરવામાં આવી. તળ જુનાગઢમાં અને દેશાવરમાં જ્યાંજ્યાં નાગરી નાતનો સમુદાય હતો ત્યાંત્યાં ઉત્તમ પ્રકારનાં ભોજન કરીને તથા યોગ્ય દક્ષિણા આપીને બ્રાહ્મણોને સંતોષવામાં આવ્યા.

હિન્દુલોકોમાં ઉત્તર ક્રિયા બારમાસ સુધી લંબાયછે અને તેમાં પોતપોતાના ગજા પ્રમાણે દ્રવ્યનું ખર્ચ થાયછે. આજમ અનંતજીની પાછળ માસિક તીથીએ, દરેક પર્વણીએ અને વાર્ષિક મરણ તીથીએ શેહેરમાં અને દેશાવરમાં જૂદીજૂદી તરેહના પક્વાનોનાં બ્રહ્મભોજનો થયાં. એ ભોજનો તથા દક્ષિણા પાછળ કોરી ૧૨૫૦૦૦ એટલે લગભગ ત્રીસેક હજાર રૂપીયાનું ખર્ચ થયેલું ધારવામાં આવેછે. તે સિવાય મરહુમ દિવાનના લાગતા વળગતા સ્નેહિ–સંબંધી અને રાજ–રજવાડા વગેરે તરફથી મળીને એકંદર ૧૦૦ સો બ્રહ્મભોજનો થયાં હશે. આ કાંઇ ઓછાં ખર્ચની વાત ન કહેવાય. કૈલાસવાસી અનંતજીભાઇની યોગ્યતા અને આબરૂ પ્રમાણે આવીજ ક્રિયા થવી જોઇએ અને તે યથાવિધિ થવાથી સર્વના મનને એક પ્રકારનો સંતોષ થયો.

આજમ અનંતજીભાઇ પોતાની હૈયાતીમાંજ અનેક સુકર્મ–ધર્મ કરીને પોતાની નામના કરી હતી, પણ તેમના લાગતા–વળગતા કુટુંબીઓ તરફથી તેમાં મુખ્યત્વે કરીને રા. રા. નૃસિંહપ્રસાદ હરિપ્રસાદ બૂચની ઈચ્છાથી એકાદ બોર્ડિંગહાઉસ અને એક સારા પાયાપર સૌરાષ્ટ્રમાં સદાવૃત બાંધવાનો ઠરાવ કૈલાસવાસી અનંતજીભાઇનાં પત્નિ હરકુંવરે



અમલમાં આણ્યો. રાજકોટ એ અર્વાચિન વિદ્યાનું મોટું સ્થાન થઇ પડયું છે, તેથી વિદ્યા પ્રાપ્ત કરવાને નાગરી જ્ઞાતિના છોકરાંઓ ત્યાં આવે તેમને રહેવાને તથા ખાવાપીવાને ઉત્તેજનસાથે સગવડતા મળે એવાં કારણથી રાજકોટ શેહેરમાં સ્વર્ગવાસી દિવાનના વિશાળ મકાન માંજ "આજમ અનંતજી અમરચંદ બોર્ડિંગ હાઉસ" ની સ્થાપના સને ૧૮૬૯ ના સપટેંબર માસની અંતે થઈ. તે વખતે શેહેરના તથા સ્ટેશનના સારા સારા ગ્રહસ્થોની સભા ભરવામાં આવી તથા તેમાં મરહુમ દિવાનની ઉદારતાના ઉત્તમ સંભાષણો થયાં.*

---

રાખેલ છે. જે મુદ્દાનું તેઓના ઊપર તોહોમત છે. તેનો તપાસ ઘણુંકરી પૂરો થયો છે. અને એ કોળીઓને મારી હજુર તપાસવા જરૂર છે માટે આપ મહેરબાની કરી એ કેદીઓને જેમ બને તેમ જલદીથી મારી પાસે મોકલશો. એ રીતના ગુન્હેગારો પકડાયા એ ઘણી ખુશીની વાત છે કેમકે આથી કરીને એ રીતે આયંદે ગુન્હા કરતાં બીજા લોકો અટકશે.

| | |
|---|---|
| મુ. વીસાવદર. | (સહી) એચ. ટી. હેર્બર્ટ લેફ્ટેનન્ટ.<br>થર્ડ આસિસ્ટંટ પોલીટીકલ એજંટ.<br>કાઠિયાવાડ. |

---

મુ૦ નવાનગર.

તા૦ ૨૫ મી માર્ચ સને ૧૮૬૫.

અનંતજી અમરચંદની દરખાસ્ત ઉપરથી હું આ સર્ટીફીકેટ આપું છું કે કાઠિયાવાડ માંહેલા વડોદરા તથા જુનાગઢના રાજને રાજકીય તકરારો ચાલતાં તેના તપાસમાં હું રોકાયો હતો, તેવામાં સ્વસ્થાન જુનાગઢ તરફથી તેઓ મ્હારી સાથે વકીલ હતા અને એ રીતે કામ કરતાં દરમીયાન તેણે પોતા તરફથી ઘણીજ કાબેલીયત અને બુદ્ધિબળ હમેશા બતાવેલું છે.

(સહી) સી. પી. રીગબી.

લેફ્ટેનન્ટ કર્નલ.

સીમાડા કમીશનર.

આાજમ અનંતજી અમરચંદ તરફે.

જુનાગઢ.

જુનાઘઢથી લી. એલકસઝેંન્ડર ફીનલો ફૅાર્બ્સ સાહેબ એસ્કવાયર આકટીંગ પોલીટીકલ એજંટ પ્રાંત કાઠિયાવાડ—સલામ બાદ લખવા હાંસિલ એ છે જે ઓખાના બદમાસ વાઘેરો ત્યાંહાં ધીંગાણું કરી નાશી જઇ બરડામાં આભપરાને ડુંગરે જઈ રહેલા. સરકારનું લશ્કર તેઓનું પારીપત્ર કરવા ગયેલ. એ કામમાં તમોએ મેજર હોનર સાહેબને ઘણી સારી મદદ આપી અને તે બાબતમાં સાહેબ મોસૂફે મને લખતાં મેં મુંબઈ સરકારમાં લખાણ કર્યું જેપરથી તેઓનો જવાબ તા૦ ૬ ઠી જાનેવારી સને ૧૮૬૦ નો આવ્યો તેમાં લખે છે કે આ બાબતની શાબાશી તમોને આપવી જોઈએ. વાસ્તે આ કાગળથી તમોને લખી જણાવવાતું કે એ બદમાશોને પકડવા આપે ઘણી મહેનત લીધી. અને બીજા એવાંજ કામોમાં હજુ પણ આપ મહેનત કરે જાઓછો વાસ્તે આપે ધ્યાનમાં રાખવું જોઈએ કે સરકાર આ બાબતમાં આપનો અત્યંત પાડ માને છે તો એવી બીજી નોકરી કરી બતાવવામાં સરકાર જો આયંદે આપને હુકમ કરે તો આપે એવીને એવી બાહોશ ભરેલી રીતે નીમકહલાલીથી એવી નોકરી કરે જશે તે આપને જાણવા લખ્યું છે.

સંવત ૧૯૧૬ ના પોષની સુદ ૧૪ શનીવાર. તા૦ ૨૧ મી જાનેવારી સને ૧૮૬૦.

(સહી) એ. કે. ફૅાર્બ્સ.

આકટીંગ પોલીટીકલ એજંટ.

કાઠિયાવાડ.



**આાજમ અનંતજી અમરચંદ તરફથી મેહેરબાન લીથ સાહેબ ઉપર સંવત ૧૯૧૭ ના માગસર સુદ ૨ શુકરવારની ચાંઢી ફ્રાફ્રા મુકામે લખતાં સાહેબ મોસુફે તે ચાઢી મંજુર કરી તેમાં સહી કરી હતી.**

વાઘેર રવા માણેક પોતાના હથિયાર છોડી સરકારની રજુ હાજર થવા કબૂલ કરેછે માટે મ્હારી તરફના એક માણસ અથવા માણસોએ તેની તરફના એક માણસ સાથે મસલહત કરવી જોઇએ. ત્યારબાદ તેણે સરકાર હજુર હાજર થવું જોઇએ. અને મ્હારી ઉપર ભરોંસો રાખવા તેણે આંચકો નહીં ખાવો જોઈએ.

રવા માણેકે હાજર થવું જોઇએ. તેના તાબાનાં માણસો કોડીનાર પ્રસંગમાં સામેલ હતાં નહીં માટે તેઓએ પોત પોતાનાં ઘર પકડી બેશી જવું જોઇએ. જામીન આપવાના, હથિયાર છોડવાં તથા સરકાર હજુર રજુ થાવા તેઓની પાસેથી કબૂલાત લેવી જોઇએ. સરકાર તેમના ઉપર ઇતરાજી રાખશે નહીં.

[સહી] અનંતજી અમરચંદ.

**મુળુ માણેકને પકડવા કિંવા સજાએ પહોંચાડવા બાબત સંવત ૧૯૧૭ ના માગસર સુદ ૩ ને રોજ ફ્રાફ્રા મુકામે આાજમ લીથ સાહેબે પોતાની સહી કરીને આાજમ અનંતજી અમરચંદને મોકલેલી યાદ.**

કોઈ એક ઘરમાં મૂળુ માણેક હોય તેવામાં માણસો તેને પકડવા જતા મુકાબલો થઈ ધીંગાણું થાય તેમાં ઘર ઘણી માર્યો જાય અને એ બાબતની ફરીયાદ સાબીત થાય તો એવી રીતે પકડવા

જનાર માણસોને તેઓના કરેલા ગુન્હાની સરકાર માફી આપશે.

આપ દ્વારાએ માધવજી જોશી મ્હારા તરફ મિત્રાચારી રાખે જાયછે અને તેણે એ કામ પોતાને માથે લીધું છે આગલા વખતથી સરકાર તેના ઉપર મહેરબાની રાખે ગયેલ છે અને તેને પોતાનું ખુદનું માણસ ગણેછે.

જે તાલુકામાં વાઘેર લોકોને પકડવાના છે ત્યાંનો તાલુકદાર અથવા તેનાં માણસ એ તાલુકા ખુદમાં અગર તેના ગામમાં વાઘેરો પકડાય તે પ્રસંગમાં કાંઇપણ અટકાયત કરશે નહીં અથવા ગેરમરજી બતાવશે નહીં તો સરકાર તેઓની એ ચાલ પસંદ કરી તેમનાપર ઘણી મેહેરબાની રાખશે. એ વાઘેરોને પકડવા જનારાં આપનાં માણસોને એક ઇંગ્રેજી ચીઠી તથા (રાહદારી) પરવાનો આપવામાં આવશે. એ વાઘેરોના ઉપર જે ઘડી હૂમલો થશે તેજ ઘડી તેઓને પકડવા જનારાં માણસો ઉપર વાઘેરો પોતાનો કોપ યાને ફુનેહ બતાવ્યા વગર રહેશે નહીં જેથી એ રીતે પકડવા જનારાં માણસો ઉપર સરકાર નેકનીગાહ રાખી તેઓને પોતાના ખુદના માણસો ગણશે.

(સહી) લીથ સાહેબની.

—§o§—

બાર સાહેબે વાઘેરોને નંબર ૫૨ નો સલ્બીનો હુકમ મોકલેલો તે.

આજમ અનંતજી અમરચંદ તરફ—રાજકોટ.

અજ તરફ મેજર બાર સાહેબ પોલીટીકલ એજંટ પ્રાંત કાઠિયાવાડ મુકામ બાલાચડી—સલામ દીગર સરકારી સ્વાર પીરબક્ષ તરફથી વાઘેર રવા માણેક બાબતમાં જે કાગળ દફતરવાર સાહેબ



ઉપર આવ્યો તે અસલ આ લગત બીડ્યા છે તેથી હકીકત જાણ્યામાં આવશે. આ કાગળ બાબતમાં આપને લખવા હાંસિલ એ છે કે મજકુર રવા માણેક તથા તેના ભાઈ હાજી વીગેરે જેણે આપની મારફતે રજુ થઈ પોતાની સ્વેચ્છાથી આવીને હાજર થાવા વચન આપેલું છે તેઓને જેમ કેદ કરવામાં નહીં આવે તેમ તેઓની કોર્ટ મારફતે તપાસ પણ થવાની નહીં માટે એ રવા માણેક તથા તેના માણસોને ઉપર લખ્યો કોલ યાને તસલ્લી આપી અત્રે લઈ આવવા માટે આપના તરફથી કોઈ એક માણસને એ રવા માણેક પાસે મોકલવા જોઇએ. જો તેઓ આવે તો તેઓને રાજકોટ રાખવા અત્રા માહારા મુકામમાં મોકલી દેતાં આ પત્રના જવાબમાં થયેલી હકીકત લખી જણાવવી.

મતી સવંત ૧૯૧૭ ના આસુ સુદ ૧ તા૦ ૫ અક્ટોબર સને ૧૮૬૧.

(સહી) જે. ટી. બાર મેજર.
પોલીટીકલ એજંટ પ્રાંત કાઠિયાવાડ.

---

આ કાગળના પેટામાં સ્વાર પીરબક્ષનો કાગળ છે તે નીચે મુજબ.

રા. બાપુભાઇ દયાશંકર—રાજકોટ.

ભડલીથી લી કાળા ડગલાના સ્વાર પીરબક્ષ વલદ ખુદાબક્ષના સલામ વાંચજો. દીગર આપનો કાગળ તા૦ ૧૨ મી સપટેમ્બર સને ૧૮૬૧ નો પહોંચ્યો. લખી સર્વે હકીકત જાણી રવા વાઘેરને કોલ યા તસલ્લી આપી હાથ કરવા બાબત મેજર બાર સાહેબનો તા૦ ૧૨ મી સપટેમ્બર સને ૧૮૬૧ નો હુકમ આપે બીડ્યો તે મને પહોંચ્યો છે. રવો માણેક આહીં રહેતો નથી પણ આસપાસ

ફર્યા કરે છે આપનો કાગળ આવ્યાબાદ ગઇ કાલે એટલે ભાદરવા વદી ૬ ને બુધવારને રોજ એ રવા માણેકના બઇરાં છોકરાંએ તે રવાને ગોતી કાહાડવા એક માણસ મોકલ્યો હતો. રાત્રે તે ગામ બાહાર આવ્યો અને મને તેડાવ્યો તે ઉપરથી મેં ત્યાંહાં જઇ સાહેબ મોસુફનો હૂકમ વંચાવતાં તેણે નીચે પ્રમાણે જવાબ આપ્યો.

"હું ચાલવા તૈયાર છઊં, અને તેમ કરવામાં મને કાંઈપણ વાંધો "નથી પણ સરકારની આપેલી તસ્સલી ઉપર મ્હારાથી અવાય નહીં" મેં કહ્યું કે તારે રાજકોટ બામુંબા જવુંજ જોઇએ તેણે નીચે પ્રમાણે જવાબ દીધો:—"સરકાર ત્રણ આસામી એટલે અનંતજી અમરચંદ તથા જુનાઘઢના જમાદાર ઉમર દુરા તથા આરબ જમાદાર સાલમ એ લોકોની બાંહ્દરી અમને આપે અને તેઓનાં માણસ અમને બોલાવવા આવે તે ઘડી અમે રાજકોટ આવવા તૈયાર છઇએ. સરકારની તસલ્લી ઉપર અમે બીલકુલ આવનાર નથી." જેથી આપને લખવાનું કે તેણે તો ઉપર મુજબ ચોખ્ખો જવાબ આપેલો છે તો હવે આ બાબતમાં શું કરવું રહ્યું. મને તો ખાત્રી છે કે સરકાર જે તસલ્લી આપવા કરેછે તેને આધારે તે કદીપણ આવનાર નથી. વાસ્તે આ વાત આપ સાહેબને જાહેર કરશો. અને મને જે કાંઈ જવાબ આપશો તે પ્રમાણે હું અમલ કરીશ. રણમલ માણેક આહીં છે અને રવો માણેક તેને પોતા સાથે તેડી જતો હતો. એ રવા માણેકની ભાગી જવા ઘણી મરજી છે અને તેને રોકાવા કહી તે સાથે વળી એહવું પણ જણાવ્યું કે મ્હારા કાગળનો જવાબ દશ દિવસમાં આવી જશે એટલે હું તને તેડીને જઇશ. પણ રણમલ બાબત શું કરવું તે આંહી રોકાવાનો સંભવ નથી. પણ તે નાશી જવા ધારેછે મેં તેને ઘણી મુશ્કેલીથી આંહી રોકી રાખેલ છે માટે મ્હારે તેને જવા દેવો કે નહીં તે વિષે સવીસ્તર ખુલાસો મેહેરબાનીની રાહે લખી મોકલશો. જો રણમલને હાથ કરવો હોય તો



આ કાગળના જવાબ સાથે ખંભાળીયાના વહીવટદાર ઉપરનો હુકમ આપ બીડાવશો જેથી હું તેની સાથે સામેલ રહીને હુકમનો અમલ કરીશ રવાનું કહેવું નીચે મુજબ છે.—"મારાં બઇરાં છોકરાંને ખાવા ધાન નથી માટે સરકાર તેઓને રાજકોટ કાં દ્વારકાં રાખે અથવા પોતાને મરજી પડે તેમ કરે પણ તેઓને ખાવાને બીલકુલ અન્ન નથી ત્યારે હવે શું કરૂં"? આ બાબતનો જવાબ આઠ દિવસની અંદર તુરત મોકલશો. તે મુજબ હું અમલ કરીશ. વાસ્તે વળતી ડાકે મેહેરબાની કરીને કાગળ લખી મોકલશો. મીતી સંવંત્ ૧૯૧૮ ના ભાદરવા વદી ૮.

(સહી) પીરબક્ષસ ખુદાબક્ષસ,

કાળા ડગલાનો સ્વાર.

તાજે કલમ— છોકરો પણ જવાને ચાહેછે. આ બાબતમાં મ્હારે શી રીતે કરવું તે પણ મને મહેરબાની કરી લખશો. તા. ૨૭ મી સપટેમ્બર સને ૧૮૬૧. મ્હારે અહીંયાં ક્યાંસૂધી રોકાવું. આંહી મોંઘવારી ઘણી છે. જો મ્હારે અહીંયા રોકાવાનું જરૂર લાગે તો મને ખર્ચને વાસ્તે અવેજ મળે તેવી ભલામણ બાભા ગામ ઉપર લખાવી મોકલશો. મેજર બાર સાહેબ ઉપરનો રણમલ માણેકનો કાગળ આ પત્રાંતર બીડયો છે વાસ્તે આ કાગળની પહોંચ મહેરબાની કરી લખશો. મીતી સવંત્ ૧૯૧૮ ના ભાદરવા વદી ૮.

[સહી] પીરબક્ષ ખુદાબક્ષ.

રણમલ માણેકના કાગળનો તરજુમો.

મેજર બાર સાહેબ તરફ રાજકોટ.

ભડલીથી માણેક રણમલના સલામ વાંચજો. બીજું સમાચાર

એછે જે તમે અમને નભાવો છો તમો અમારા ખાવીંદ છાં અમો વાધેર અક્કલ વગરના છઈએ. તમો અમારા ધણી છો તો અમને જીવતા રાખવા જોઇએ. અને અમારા તરફ રહેમ બતાવવી જોઈએ. બીજું અમારી પાસે હાલ કાંઈપણ ખરચી નથી તમોએ અમને કહ્યું હતું કે મેતા દુલભજી મ્હારા ખાધાખર્ચ માટે અવેજ આપશે. તે છતાં તેણે મને હાલ સુધી કાઇપણ આપ્યું નથી. હવે આ બાબતનો આધાર આપની મરજી ઉપર છે. થોડું લખે ધણુંકરી વાંચજો. મીતી સવંત્ ૧૯૧૮ ના ભાદ્રવા વદી ૫ ને ભોમવાર અમારો આધાર આપના ઉપર છે.

(સહી) માણેક રણમલ.

દફ્તરદાર બાપુભાઈ દયાશંકર તરફથી આવેલા કાગળની નકલનો તરજુમો.

અનંતજી અમરચંદ તરફ.

મુ. રાજકોટ.

સ્વારી મુકામ બાલાચડીથી લી૦ બાપુ ભાઈ દયાશંકરના સલામ વાંચજો. વિશેષ સ્વાર પીરબક્ષ તરફથી રવા માણેક બાબતમાં કાગળ આવતાં તમોને આંહીથી સરકારી રીતનું લખાણ મોકલવામાં આવે છે તે ઉપરથી હકીકત જાણવામાં આવશે. જે કંઈ ખબર તમો અમને લખશો તે હજુરમાં જાહેર કરીશું તા૦ ૫ મી અક્ટોબર સને ૧૮૬૧

(સહી) બાપુભાઈ દયાશંકર.

દફ્તરદાર.



લેફટેનન્ટ હેનરી હેબર્ટ સાહેબ,
આકટીંગ સેકંન્ડ આસિસ્ટંટ પોલીટીકલ એજંટ
કાઠિયાવાડના તરફથી.

દીવાન અજમ અનંતજી અમરચંદ તરફ.

નંબર ૧૩૫ તા૦ ૯ મી સને ૧૮૬૩—મુકામ માલીયાનો કાગળ આવતાં તેનો તરજુમો.

સલામ બાદ—

વૈશાખ સુદી ૩ મંગળવારનો આપનો કાગળ મને પોહોંચ્યો છે. આપથી હાલ આવી શકાય નહીં તો તેની કાંઈ ફીકર નથી. આપના લખાણ મુજબ માધવજીની સમતિથી સર્વ વાતનો બંદોબસ્ત થઈ ચુકયો છે માટે આપને જણાવવાનું કે આ કારણસર મારે આહીં રોકાવું પડશે તે.આપને જાણવા લખ્યુ છે આપના તરફથી અમને ઘણી રીતે મદદ વિગેરે મળેલાં છે જે માટે કર્નલ કીટીંજ સાહેબ તરફથી આપને શાબાશી મળીજ હશે અને મારા સાંભળ્યામાંતો ખરેજ તે શાબાશી આપને ઘટેછે તો આ બાબતમાં મને જણાવશો.

[સહી] એચ. ટી. હેબર્ટ સાહેબ.
આકટીંગ સેકન્ડ આસિસ્ટંટ પોલીટીકલ એજંટ.
કાઠિયાવાડ.

હેન્રી હેબર્ટ સાહેબ આકટીંગ સેકન્ડ આસિસ્ટંટ પોલીટીકલ એજંટ કાઠિયાવાડનાનો જુનાધઢ આજમ અનંતજી ઉપર કાગળ તા. ૧૦ મી માર્ચ સને ૧૮૬૪ નાનો તરજુમો.

સલામ બાદ મારા સાંભળ્યામાં આપ કોડીનાર જાઓછો. ત્યાં હું આપને થોડા દી પછી મળીશ માટે આપને લખી જણાવવાનું કે વાઘેર મૂળુ માણેક વિગેરે હરામખોરો ત્યાંના કેટલાએક ગામમાં સંતાઈ બેઠલ છે. આપ મહેનત લઈને તેઓને પકડી શકશો કે કેમ એ વિશે મેં આપને લખી પૂછ્યું હતું તે ઉપરથી આપ આવ્યા અને ગઈ કાલે મને કહ્યું હતું કે બાહેરોને પકડવા વાટે પ્રીયાઓ લેવા આપે તદ્દન શરૂ કરી દીધેલ છે. ત્યારે હવે હું જાણવા માગું છઊ કે આપ એ કામ શી રીતે ચલાવો છો, કારણકે વાઘેરના પ્રસંગમાં મારે થોડા દિવસમાં કર્નલ કીટીંજ સાહેબને રિપોર્ટ કરવો પડશે, જેમાં હું સવિસ્તર હકીકત લખવા ધારૂં છઊ. વળી આપ મને જણાવશો કે મારે હાલ જુનાગઢ રોકાવાનું થાશે ત્યાં મને ખબર પહોંચાડવાને વાસ્તે ડાક વિગેરેનો બંદોબસ્ત આપે કર્યો છે કે કેમ?

(સહી) હેન્રી હેબર્ટ લેફટેનન્ટ,
આંકટીંગ આસિસ્ટંટ પોલીટીકલ એજંટ
કાઠિયાવાડ.

મેહેરબાન રોબર્સ સાહેબે મેહેરબાન વાઈલી સાહેબ ઉપર લખેલી ઈંગ્રેજી ચીઠીના ગુજરાતી ભાષાંતરનો તરજુમો.

જુનાગઢના માજી દીવાનજીએ આપનાં તરફ તેની ભળામણ લખવા મને વિનંતી કરી જેથી હું આ ચીઠી દ્વારાએ આપને તસ્દી આપું છઊ કે તે ઘણાં હોંશિયાર, ચંચળ અને પ્રમાણિક માણસછે. ગાયકવાડ સરકાર જો તેને કાંઈ કામગીરી સોંપશે તો તે બાબતમાં તે સારો બંદોબસ્ત કરશે. તેને શું સત્તા આપેલી છે તે મ્હારા જાણવામાં નથી પણ જે કાંઇ સત્તા તેને આપવામાં આવે તેનો યોગ્ય રીતે તે અમલ કરવાના. ગાયકવાડ સરકારના પ્રગણામાં હાલ



જે તોફાન ચાલે છે તે તેઓ બેસાડી શકશે. કદી જે હુસુરને તેણે પોતાની સત્તા નીચે રાખેલા છે અને તેની નોકરીઓ ધ્યાનમાં લેવા લાયક છે. ગયે વર્ષે તેણે ઘણાએક બાહેરોને પકડ્યા હતા. મને સંપૂર્ણ ભરોંસો છે કે આ લોકો ઉપર તેનો લાગવગ યાને કાબુ સારો છે. હું આ મુલકમાં આવ્યો ત્યારથી તેણે સારાં કામ કરેલાં છે. કદાપિ તે તમારા જાણવામાં નહીં હોય, પણ જે જે નોકરીનું કામ તે માથે લે છે તે ઘણી સારી રીતે બજાવે છે. મ્હારા કામમાં જે તેણે મદદ આપી છે તે તમે તથા હું જાણીએ છઇએ. આ ચીઠી દીવાનજીના વકીલ જે ત્યાં છે તે તમોને આપશે.

(સહી) એ. કે. ફોર્બ્સ.
આકટીંગ પોલીટીકલ એજંટ.
કાઠિયાવાડ.

આજમ અનંતજી અમરચંદ તરફે.
જુનાગઢ.

કર્નલ એન્ડરસન સાહેબના સલામ દીગર આપનો કાગળ મને પહોંચ્યો છે અને એહવું જાણીને મને મહાન ખુશી થાય છે કે કર્નલ રીગબી સાહેબે આપને સર્ટીફીકેટ મોકલ્યું છે. મારા જાણવામાં હતું કે મોડું યા વેહેલું પણ એક સર્ટીફીકેટ તમોને તે મોકલવાના હતા. મને ઉમેદ છે કે તમો અમારી સલાહ હમેશાં લેશો કે જેથી તમોને એક સરખી રીતે ફાયદો થવાનો.

મુકામ જુનાગઢ તા૦ ૬ ઠી એપ્રીલ સને ૧૮૬૫.

(સહી.) ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસન કર્નલ.
આકટીંગ પોલીટીકલ એજંટ. કાઠિયાવાડ.

ડબલ્યુ. એચ. હેવલક એસ્કવાયર.
સેક્રેટરી નીસબત સરકાર.
પોલીટીકલ ડીપાર્ટમેન્ટ.
મુંબઈ.

સાહેબ,

નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટ સાહેબના ડીસપેચ નંબર ૧૨ તા૦ ૧૬ મી એપ્રીલ સને ૧૮૬૧ માં મંગાવ્યા પ્રમાણે સને ૧૮૫૯ ની સાલમાં આભપરાના ડુંગર ઉપર બદમાશ વાઘેરોને પકડવાના કામમાં જે હીલચાલ થઇ તેમાં જુનાગઢના માજી દીવાન અનંતજી અમરચંદે કરેલી નોકરીઓની સવીસ્તર હકીકત આપના કાગળ નંબર ૨૦૨૪ તા. ૨૮ મી મેએ સને ૧૮૬૧ માં લખાઈ આવેલી વરધી અનુસાર હું આપને વીદીત કરૂં છઊં.

૨. આ હકીકત પત્રથી ખુદ અનંતજી અમરચંદ તથા તેના રાખેલાં માણસોની કરેલી પેરવી યાને પ્રેરણાથી ઓખામંડલમાં ઉઠેલા તાજેતર બંડ સાથે નીસબત રાખનારા સાઠ ઉપરાંત માણસો પકડાયાનું લીસ્ટ દર્શાઇ આવે છે. અને એમ કરવામાં તે વખત એ લડાઈના મેદાનમાં કામે લાગેલી ટુકડીના કમાન્ડીંગ ઓફીસર લેફ્ટેનન્ટ કર્નલ હોનર સાહેબ તે વખતના આકટીંગ પોલીટીકલ એજંટ મે. એ. કે ફોર્બ્સ સાહેબ તરફ પોતાના લખાણોમાં જણાવે છે તે પ્રમાણે એ અનંતજીને તે બાબતમાં પોતાની. જાતને કંઈ જેવી તેવી મેહેનત પડેલ તથા તેની જાતને કંઇ જેવું તેવું જોખમ વેરવું પડેલ એમ નહતું.

૩. આ પ્રસંગે તે અનંતજીએ જે પોતાની ચાલાકીથી સરકારી અમલદારો સાથે જોડાઇ કામ કરેલું તે, તેમજ બીજે પ્રસંગે



સરકારી નોકરીમાં તેણે બાહોશ તથા મેહેનત કરી બતાવેલ છે તે સારૂ ઉપર લખ્યા બન્ને અધિકારીઓએ મોસુફ અનંતજીની જે પ્રશંશા કરેલી છે તે તેના સબંધમાં આવેલ દરેક અમલદારે ઘણીજ મુનાસબ રીતે લખી દર્શાવેલ છે. અને ઘણા ખપની લાંબી કાર્કિદીના અરશામાં પોલીટીકલ સત્તાધીશોની તેણે જે ઘણીએક નોકરી કરી બતાવેલ અને તેવીને તેવીજ પણ તેથી કાંઈપણ કમતી નહીં એવી એક નોકરી બજાવી બીજી ટુપ સ્વારની પલટણના અમલદાર લેફ્ટેનન્ટ લોક સાહેબનું ખુન કરનાર વીઘા માણેક તથા હરમાન વીગેરેને પકડી પાડવામાં જે નોકરી તેણે બજાવેલી છે એ સર્વે હકીકત ઉપર વીસ્તારી લખવું એ મારે વાસ્તે નીરૂપયોગી ગણવાનું. એટલુંજ નહીં પણ ગયા થોડા માસમાં નામી બાહરવટીયા જંગી મકરાણી તથા રબારી રૂડીયાની સામે અનંતજીના ખબડદારી ભરેલા બંદોબસ્તને લીધે જુનાગઢથી ગયેલી ગીસ્ત જશ ભરેલી રીતે તેઓને પારપત કરવાથી તેઓ મરણ ગયા છે. અને મારા નં. ૩૧૫ તા૦ ૧૭ મી નવેંબરના કાગળમાં રીપોર્ટ કર્યા પ્રમાણે આ બદમાશો આ પ્રાંતને જે ત્રાસરૂપ થઇ પડેલા હતા તે ત્રાસમાંથી આ પ્રાંતને મુક્ત કરવાનું માન આ અનંતજીને ઘટે છે.

૪. ઘણાએક અમલદારો જે કે મ્હારા પહેલાં આ હોદ્દે થઇ ગયેલા છે તેની કરેલી સીફારસમાં ગારી પોતાની તરફથી વિશેષ લખાણ કરવામાં મને ખાત્રી છે કે નામદાર સેક્રેટરી ઓફ સ્ટેટ પોતાના ડીસપાચમાં ધારે છે તે રીતે અનંતજીની કરેલી નોકરીની ખુબ જાણવામાં આવે તો આજ સુધી પ્રસંગે પ્રસંગ ખપ પડ્યા પ્રમાણે તેણે જેમ હોંશ ભરેલી રીતે નોકરી બજાવી છે તે પ્રમાણે એ નોકરી બજાવે જવામાં ઘણું ઉત્તેજન મળશે. અને મને ભરોસો છે કે સેક્રેટરી ઓફ સ્ટેટ સાહેબના ડીસપાચની કલમ ૨ માં તે સાહેબે જણાવેલા વિચારો અમલમાં આણવાના હેતુથી આલીજ-

નાબ ગવરનર સાહેબ આ સવીસ્તર હકીકત પત્ર વેળાસર તેમને મોકલી દેવા ફરમાન કરશો. એહવી હું ઉમેદ રાખું છઊં.

હું છઊં,

મુ૦ પાલીતાણા — આપનો આગ્નાકિત સેવક.

તા૦ ૧૯ મી ડીસેંબર. — (સહી) ડબલ્યુ. ડબલ્યુ. એન્ડરસન.

સને ૧૮૬૨, — ઓફીશીએટીંગ પોલીટીકલ એજંટ.

કાઠિયાવાડ.



## *વધારો.

અનંતજી
અમરચંદ.

અંક ૩ જો. વસીયતનામું

ઇશ્વર સત્ય છે,

આ વસીયતનામુ લખનારઃ હુ બાઈ હરકુંવર તે કૈલાસવાસી અનંતજી અમરચંદની સ્ત્રી. જત મારાપતિ તથા મારી ધારણા પ્રમાણે આ ઠરાવ પ્રસીદ્ધ કરૂં છઉં. માણુસને પોતા વિષે વિચાર કરવાની ફરજ છે કે માણુસ જેવો દેહ ઇશ્વરે ઉત્પન્ન ર્ક્યો તે માણુસે શું કરવું જોઇએ. પરમાર્થનું, લોકોપયોગી કામ, દોલત ઇત્યાદિકનો સારો ઉપયોગ, પરમેશ્વર પરાયણ ધર્મનાં કામ, વીગેરે સ્વાર્થ રહીત કરવું જોઈએ. આ છેવટનો તાત્પર્ય મેં પ્રસિદ્ધ ર્ક્યો તથા દુરંદેશી વિચારી મારા માયાળુ ખાવિંદ અને મારી કલ્પના મુજબ આ વસીયતનામુ લખ્યું છે તે પ્રમાણે અમલમાં લાવવું સહી.

૨. આ મારા લખેલા વસીયતનામા મુજબ મારી હયાતી બાદ કામ ચલાવનારા સદ્ગૃહસ્થો વસીયતનામામાં લખ્યા પ્રમાણે મારી પછવાડે વારસની રીતે કામ ચલાવશે. તેહેના નામ—

૧ રાજેશ્રી ગોકુલજી સંપતરામ. ૧ ચી. રા. નરસિંહપ્રસાદ હરીપ્રસાદ.
૧ ચી. રા. ન્યાલચંદ રૂપશંકર. ૧ રા. મથુરદાસ ભગવાનદાસ
૧ ચી. સારાભાઇ માંડણજી કચ્છી. ૧ જમાદાર સાલેભાઈ.
૧ પારેખ લક્ષ્મીચંદ દામોદર. ૧ શેઠ ઈસમાલ ગાંગજી.
૧ સેક્રેટરી આ. અમરજી આણંદજી કચ્છી. ૧ ઠક્કર નારણ જીવા.

*આ સઘળો ભાગ રા. રા. અમરજી આણંદજી કચ્છીએ પાછળથી મોકલવાથી વધારા તરીકે દાખલ ર્ક્યોછે. ર્ક્તા.

૧ આ. માણેકલાલ પ્રભુલાલ.

એ સદરહુ ગૃહસ્થોએ મારા બાંધેલ નીયમ મુજબ ચાલેછે કે નહીં તેનો તપાસ રાખવા, તથા પ્રસંગ પડે વધારે સારૂ થાવા તેમાં કાંઇ ફેરફાર કરવો પડે તો તેમ કરવા, તથા મુકરર કરેલા કામનો તમામ હિસાબ તપાસવાને મુખ્તીયાર છે. આ કામના તપાસ માટે વરસમાં બે વખત જરૂર કમીટીએ ભેગું થવું જોઈએ. અને સેક્રેટરીએ હમેશાં તપાસ રાખવો તથા બધાં કામની દેખરેખ રાખી, હાથ નીચે રાખવા પડે તે માણસ પાસેથી હીસાબ લેવો, અને રાખવો. તથા તે કામનું દફતર ચોખ્ખું રાખવુ અને વરસ આખર વારસીક રીપોર્ટ કમીટીને હીસાબ સાથે રજુ કરવો.

૩. આ કામમાં કમીટી ભરાઈ, કોઇ કામ ખાતે વિચાર ચાલે તેમાં વધારે મત પડે તે વાત મંજુર ગણવી.

૪. આ વસીયતનામામાં લખ્યાં કામ નીયમસર થએ જાય તેની સઘળી યોજના, આ કામ ખાતાના લાગતા વળગતા માણસને માહારી હયાતી બાદ કેમ બાંધી આપવી તે વિચાર કમીટીએ કરી ધારા પ્રસીધ્ધ પાડવા તે કમીટી મુખતીયાર છે.

૫. હવે મારા દયાળુ પતી વિષે થોડું લખુંછું. માહારો પતી સંવત ૧૮૬૫ના માગશર શુદી ૧૩ના રોજ આ જુનાગઢ શહેરમાં જન્મ્યા. તે વરસ ૬૦-૫-૨૫ દીવસની જીંદગી ભોગવી. સંવત ૧૯૨૫ ના જેઠ શુદી ૮ના રોજ કૈલાસવાસી થયા. આ દીલગીરી મને થોડી નથી. તેણે લાંબી મુદત સુધી કાઠીયાવાડના રાજ્યસ્થાનમાં તેમાં વિશેષે કરી આ જુનાગઢસ્વસ્થાનનો કારભાર ઘણા વરસ કર્યો. તથા બીજા ઘણાક ધંધા વેપાર આદી કરેલા એટલુંજ નહીં પણ આંહીના સરકાર તથા ઇંગ્રેજ સરકારને વફાદાર રહી, કાઠીયાવાડની સારી નોકરી બજાવી છે. જેમાંની છેવટ વાઘેરખાતાની નોકરીના બદલામાં



અંગ્રેજ સરકારથી ચાંદ મળ્યો. એ વાત વધારે વીગત માંડી મહારે લખવી, એ દુરસ્ત ન લાગે માટે લખવું મોકુફ રાખ્યું છે. પણ મારા પતીની સારી વફાદારીના બદલામાં આંહીના સરકારથી સરટીફીકેટ આપેલ છે તેમજ ઈંગ્રેજ સરકારના અધિકારીઓએ જે સરટીફીકેટ આપેલ છે, તે સઘળાની નકલ આના સાથે ટાંકતા ઘણું લંબાણ થાએ માટે જુજ નકલો દાખલ રાખી છે. કારણકે બંને સરકારનું મોટું અહેશાન અમારા ઉપર છે. અને અમારા પતીનું ચલુ નામ કાયમ રહેવાને વાસ્તે જે મેં ગોઠવણ કરી છે, તે વાતમાં આંહીના સરકારે ના. ૬૫/૬૬ના પરવાના ખુબી બતાવી તસલી કરી છે. તેવીજ રીતે ઇંગ્રેજ સરકાર પણ આ વસીયતનામુ સાંભળી ખુશી થશે, અને હમેશાં મદદગાર રહેશે એમ હુંને ભરોંસો છે. અને તેટલાજ વાસતે ઉભય સરકારમાં આ વસીયતનામાની યોગ્ય જણાએ તે તે કલમની કલમ મોકલી જાહેર કમીટીએ કરવાનું મે દુરસ્ત માન્યુ છે. હવે મુળ વાત પર આવું છઉં.

૬. મારા પતી ૩ ત્રણ ભાઇ, તેમાં મોહોટા અમૃતલાલ, અને તેથી નાના પ્રભુલાલ, અને સૌથી નાના મારો પતી, એ ત્રણે ભાઈ જુદા ઘરથી અને એક બીજાની દોલત વસીયતથી ઘણા વરસ થયાં નોખા છે. એટલે દરેક જણ સહુ સહુની સ્થાવર મીલકતના માલીક મુખતીયાર તેમાં કોઇનો કાંઇપણ હક નથી. માહરા પતીએ પોતાની આખરી વખત કરેલી ધારણા અને આજ્ઞા, તથા તે પછી મેં જે વિચાર કર્યો તે નીચે દરસાવું છઉં, અને ઉમેદ રાખુંછું કે મારા પતી જે અપુત્ર ગુજરી ગયા, તેની પછવાડે અમારી જે કાંઇ સ્થાવર જંગમ મીલકત તેનો ઉપયોગ સારે રસ્તે, અને ઘટીત લાગે તેવી રીતે કરવાનું, જે અમારા મનમાં નિશ્ચય કરી રાખ્યુ છે, તે પ્રસિદ્ધ કરવું એ હું દુરસ્ત માનું છઉં. તે ઠરાવ—

૧. ગરીબ નીરાશ્રીત સાધુ, યાને અતિથી, મુસાફરોને સદાવ્રત અમારે ત્યાંથી અપાયછે તે ચલુ યાવત્ વચ્ચંદ્ર દીવાકરૌ આપ્યા જવુ તેના ખરચમાં કોરી ૬૦૦૦ આ સદાવ્રતનુ નામ અનંત સદાવ્રત પાડયું છે.

૨. શ્રી નરસિંહજીતું મંદીર અમારા ઘરમાં ઠરાવ્યું છે, તેનો નેગ તથા સેવા વગ્રનું ચાલુ ખરચ ચાલ્યુ જાય, તે બાબતનો નીયમ જુદો બાંધી આપ્યો છે તે પ્રમાણે હમેશાં ચાલે તેના ખરચની કોરી ૧૫૦૦ યાવત્ ચંદ્ર દીવાકરૌ આપી જવી.

૩. દરદી લોકોને મફત દવા આપવી તથા અશકત દરદીઓને ઘેર તથા મુસાફર દરદીઓને ઉતારે જઇ દરદ તપાસી દવા આપવાં માટે એક વૈદ અને દવાખાનુ ચલુ એટલે યાવત્ ચંદ્ર દીવાકરો ચાલ્યું જાય, તેના ખરચમાં ચાલુ કોરી. ૪૦૦૦ ચાર હજાર વાપરવી, એ વિષેનો ઠરાવ જુદો કરવામાં આવ્યો છે, તે આ સાથે સામેલ રાખ્યો છે. તે પ્રમાણે સંભાળ કમીટીએ રાખવી. આ દવાખાનાનું નામ અનંત દવા ખાતું પાડવામાં આવ્યું છે.

૪. આ કામે ખાતાની સંભાળ રાખનાર તથા તેહના હાથ નીચેના મેહેતા માણુસ થઇ કુલ કોરી ૨૦૦૦ ખરચ રાખવો. તેની ગોઠવણ કમીટી કરે. તેમાં સેકેટરી અમરજી અને હાથ નીચે મેહેતા હશુ ને બાકી જરૂર જણાય તે.

૭. ખુદાવીંદ નવાબ સાહેબના સરકારમાં નજરાણાની સાથ, ૧૫૦૦૦૦ અંકે દોઢ લાખ રોકડી આપી, ધરમના કામ માટે ગામ ૧ નામે વાંદરવડ અઘાટ વેચાણ લેવામાં આવ્યુ છે. તે બાબત



સરકારશ્રીનો પરવાનો સ. ૧૯૨૬ના મહાની તા. ૨૭ ના. ફપનો લખાવેલાની નકલ આ સાથે સામેલ રાખી છે. એ ગામ હાલ ઉજડ છે. અને પરવાનામાં લખ્યા પ્રમાણે એંશી સાંતીની જમીન ખેડાઈ ગામ આબાદ થવાને દેરી લાગશે. કેમકે હાલ તે ગામ વેરાન એટલે તેહને ફરી આબાદ થતાં લગભગ ૧૦ વરસ લાગશે. એ ગામની પેદાસ કયા કયા કામમાં વાપરવી તે લખું છું.

ઉપર પ્રમાણે નજર દાંજ આંકડો લખ્યો છે. પણ ગામ સારી સ્થિતિમાં આવે ને પેદાશ વધે ત્યારે ઉપરનાં આંકડા કરતાં કોઈ ખાતામાં તંગાશ પડતી હોય તો તેમાં કાંઈ વધારવી ને તે વધારા છતાં બચે તે અમારા વતી તથા અમારા વખતમાં બાંધેલ ધર્માશ્રયનાં ઠેકાણાં જેની વીગત આ વસીયતનામામાં લખી છે, તે ઠેકાણામાંના જ્યાં જ્યાં યોગ્ય જણાય, ત્યાં ત્યાં વાપરવી, ને એ ગામ ગીરગામ છે. ને દૈવયોગે કરી કદી કમી પેદાશ થાય તો તે પ્રમાણે કીફાયતથી ખરચ ઉપર લખ્યા કામમાં ચલાવવું.

૮. મુકરર કરેલાં કામો તથા કલમ ૭મીમાં લખ્યા મુજબ ધર્માશ્રયના ઠેકાણાંનો ખરચ આબાદ થતાં, પરમેશ્વરની મેહેરબાનીથી અવેજ બચે તો તે કમીટીની નજરમાં સારી જગ્યા આવે, ત્યાં વ્યાજુ રાખવો. અને વ્યાજ તથા મુળ અવેજ બીજા ઉપયોગી કામમાં કમીટી વાપરે સહી.

૯. જે કામો ચલુનાં ટેવ્યાં છે, તેના ખરચ માટેનાં વાંદરવડ ગામની હાલ આબાદી નથી કે પેદાશ આવે. તે પેદાશ આવે ત્યાં લગી, તેનું ખરચ હું મારી પુંજીમાંથી ચલાવુ છું ને ચલવીશ. અને મારી હયાતી છતાં ગામ સારી સ્થીતિમાં (ખરચ ચાલે તેટલી પેદાશનું) ન થયું હોય, તો મારી હયાતી પછી જે મારી ઇસ્ટેટ

અને લેણ દેણ મુકી જાઉં તેમાંથી કમીટીએ પુરૂં પાડવું. અને તેથી પણ પુરૂં ન પડે તો ઉપર લખ્યા પ્રમાણે ગામ, દુકાન વીગેરેની વારસીક પેદાશ આવે તેમાંથી પેદાશ પ્રમાણે ખરચ ચલવવું. પણ મારા બાંધેલ ધર્મના નીયમમાં કાંઇપણ ફેરફાર કરવો નહિ.

૧૦. શ્રી રાજકોટમાં સદાવ્રત અમારા તરફથી અપાય છે. તે ચલુ ચાલ્યું જાય એમ હું ઇચ્છું છું. તેનો ખરચ હાલ અમારી પુંજીમાંથી ચલવું છઉં. પણ એ કામ બીન હરકત ચાલ્યું જાય, તેને માટે એમ ઠરાવ કરૂં છઉં કે અમારી રહેણાકનાં જે ઘર છે, તે તથા તે ઘરનો ઉત્તર તરફનો ભાગ, સર્વ જ્ઞાતીના સ્કૉલરોને માટે રાજકોટમાં સીવીલ સ્ટેશન મધ્યે નવા નાગરવાડામાં અમારી જગો ઈમારત શીખે છે તે ટેવીએ છઇએ. આ ટેવણી મુજબ ફેરફાર થાય, એટલે આ મોટાં મકાન વેચી નાંખવા, ને તેનો જે અવેજ આવે તેના વ્યાજમાં સદાવ્રતનું કામ ચલાવે જાવું. અને આ ઘર ખાતાના અવેજના વ્યાજમાંથી સદાવ્રતનું પુરૂં ન પડે તો રાજકોટ મીલીટરી હદમાં બે બંગલા છે તેમાંનો એક સ્કોલરો ખાતામાં આપ્યો છે, ને એક બાકી છે, તેનું ભાડું આ કામમાં વાપરવું અને સદાવ્રતનું ખરચ થઇ રહેતાં અવેજ વધે તો આ ધર્મને કામ ખાતે રાખવો. આ સદાવ્રતનો ખર્ચ વધુમાં વધુ રૂપૈયા ૭૦૦ લાગે છે તેટલાથીજ પુરૂં કરવું. આ કામ ખાતાની જે જે ગોઠવણ ચલુને માટે હરકત ન આવે તેવી કરવી ઘટે તે કમીટીએ કરવી. આ કામ ખાતે અને મકાન વેચાણ તથા ફેરફાર કરવો ખાતામાં ચી. નરસિંહપ્રસાદે મેહેનત લઇ તેની નજરમાં આવે તેમ કરી કમીટીના દફતરમાં દાખલો રાખવો કે મુજબ કમીટીનાં ધ્યાનમાં રહે.

૧૧. અમારી રહેણાકનાં જે મુળ ઘર છે, તેમાં શ્રી નરસિંહજીનું મંદીર કરવું ઠરાવ્યું છે. ને હાલતો જુજ ભાગમાંશ્રી



નરસિંહજી બીરાજે છે. પણ મારી હયાતી બાદ તે ઘરનો એક ભાગ શ્રી નરસિંહજીનો છે, અને બે ભાગ આ વસીયતનામામાં લખેલા ચલુનાં કામની સંભાળ રાખનાર માણસને બેસવા તથા દફતર રાખવા અને સદાવ્રત આપવા માટે છે.

૧૨. અમારી દુકાન બજારમાં છે, તે પણ આ ઠરાવમાં લખેલા ધરમાદાના કામખાતે રાખી છે. એટલે તેનું ભાડું તે કામ ખાતામાં લેવું.

૧૩. અમારો તબેલો મોટો છે, તેના બે વીભાગ છે તેમાંનો આગલો વિભાગ બ્રાહ્મણોને શ્રી કૃષ્ણાર્પણ ઘર કરી રહેવા માટે આપ્યો છે. તેની વીગત.

| | |
|---|---|
| ૧. ઘર ૧ પાઠક મંગળજીને | ૧. ઘર ૧ ત્રવાડી દુર્ગાશંકરને. |
| ૧. ઘર ૧ શુકલ વલભજી ભૂજવાળાને અપીકૃષ. | ૧. ઘર ૧ વેદ ગોપાલજી માવજીને મહેલાનો માઢ દવાખાના ખાતે. |

૧. ડેહેલીની ડાબી બાજુ જોશી રૂપાના ઘર ખરીદ કરી આચાર જેશંકરને આપ્યાં છે.

૧૪. ડેહેલાનો અંદરનો વિભાગ છે, તેમાંથી ઉગમણી દિશા તરફના ઓરડા ઓશરી સહીત જે ઈમારત છે, તે તથા તેમની આગળ ઇમારત વગરની પડતર જમીન ડેહેલાના ચોકમાંથી અમારા જુના આશ્રિત મેહેતા અમરજી પુંજાને ચલુને માટે અઘાટ આપવામાં આવેછે, અને બાકીનો વિભાગ રહ્યો તે દક્ષિણ તથા પશ્ચિમ તે તરફનો ભાગ કરી તથા ચોક તથા ઘોડાર મેડીવાળો અમારા ભત્રીજા ભગવાનદાસ અમારી ચાકરીમાં ગુજરી ગયેલ છે, તેના છોકરાને રહેવા સારૂ આપ્યો છે. અને તેના ઘર તૈયાર કરીદઈ તેમાં

તેને રાખ્યા એ ઘર તેઓ પુત્ર પૌત્રાદિક વંશ પરંપરા ભોગવે.

૧૫. ભગવાનદાસના ઘરથી પશ્ચિમે અને પાઠક મંગળજી-તથા શુકલ વલ્લભજીના ઘરથી જે ફરી છે તે ભત્રીજા માણેકલાલના ડેહેલાને ભળતી છે, ને અમારા પતિની પણ અમારી મરજી હોયતો આપવા આજ્ઞા એટલા સારૂ તેમને રાખવા મરજી હોય તો સુખેથી રાખે તે વાતમાં અમારી ખુશી છે ને અમારી હૈયાતી બાદ કમીટીને તે સોંપવી કેમકે હાલ તે ફરીમાં સરપણ, ઘાસ વગેરે રાખવામાં આવેછે, ને ચિ. મોસુફને ન રાખવી હોય તો તે પછી તે ફરી કૃષ્ણારપણ ઘર વગરના ગરીબ અને પાત્ર બ્રાહ્મણને કમિટિની નજરમાં આવે તેને આપ.

૧૬. બાકી રહેલા ડેહેલાનો ઉતરાદો ભાગ તે હાલ અમારી હૈયાતી લગે મેમાન વગેરેને વાસ્તે રાખ્યો છે, અને તે પછી એટલે હૈયાતી બાદ શ્રી કૃષ્ણારપણ ઘર વગરના પાત્ર બ્રાહ્મણને કમિટિએ આપવો સહી.

૧૭. વણઝારી વાવ્ય ઉપર ધર્મશાળા ૧ પ્રશ્નોરા બ્રાહ્મણને કરાવી આપી છે. તે તેમની નાત ભોગવે સહી.

૧૮. " ઝાલાબાગ ". વાલી જમીનમાં ઘર ૧૨ નાગર બ્રાહ્મણોને કૃષ્ણારપણ આપેલ છે, ને ઊપરાંતને બ્રહ્મપુરીમાં અનંતેશ્વરના દેહરાંને પડખેની જમીનમાં ઘર ૧ એક ગીરનારા બ્રાહ્મણ વલભજીને હાલ કરી આપ્યાં છે. તથા ઘર ૧ ગીરનારા મકનજીને પ્રથમથી આપેલ છે તે તેનાં છે.

૧૯ ઘર ૧ ઉપર લખી બ્રહ્મપુરીમાં અમારા નોકર હરિદાસ વસનજીને આપવામાં આવ્યાં છે, તે વંશપરંપરા ભોગવે. નોકરી નિમક હલાલી ની રીતે કર્યાની સરતે.



૨૦ બાગ ઘરનો શ્રી સરકારમાં આપવામાં આવ્યો છે, તે ગુંસાંઈજી મહારાજની હવેલીમાં દેવા માટે સરકાર શ્રી પાસેથી વાડી ૧ "જફરબાગ" નામની લઇને શ્રી ગુસાંઇજીની હવેલીમાં ચલુને માટે કૃષ્ણાર્પણ આપીછે.

૨૧ ધર્માદાના ગામ વાંદરવડમાં સાંપુ ૧.ખળાં એકે ગુસાંઇજી મહારાજ શ્રી ગોકળેશજીનાં વહુજીને ગામ આબાદ થયે કરી આપવું.

૨૨ ગોંડળથી રાજકોટ જાતાં ગોંડળ—રીબડા વચ્ચે લોકોને પાણીની ઘણીજ કિંમત છે, અને જે હજારો લોકોને આવજાવનો રસ્તો છે માટે તે હરકત દૂર થાવા અમારા પતિની ખાયશ મુજબ એક વાવ્ય તૈયાર કરાવી છે, અને તેનો આરંભ એકદમ કીધો છે.

૨૩. અમારા પતિની આજ્ઞા મુજબ અમારા કુટુંબી પાસે જે કાંઇ લેણું અમારા પતિની હૈયાતી લગે હતું તે જેતું માફ કરવાનું તે કરવામાં આવ્યું છે, ને હવે પછી અમારે જેતું માફ કરવાનું હશે તે લખીને માફ કરવાને અમે મુખત્યાર છીએ.

૨૪ કેટલાંક કામોની સંભાળગત કમિટિએ રાખવી તે નીચે મુજબ લખી બતાવું છું.

૧ ઝાલા બાગ વાળી બ્રહ્મપુરીમાં શ્રી. અનંતેશ્વરનું દેવળ છે તેનું ચલુ પુજન થયા કરે તેના ખર્ચ સારૂ સરકાર શ્રીના સાહર ચબૂત્રા ઉપર ચાલુના અમલ સરકાર કોરી ૩૬૦ સરકાર શ્રીથી કરી આપી છે, તે હમેશાં મળે જાયછે, પરંતુ તે પુજન વગેરે નિયમસર ચાલે છે કે કેમ, તેનો તપાસ તથા કોઇ નવા અમલદાર કોરી આપ-

વામાં ઢીલ કરે તો તે વિષે સરકારમાં કહી સંભળાવી હરકત દૂર કરવા કમિટિએ તસ્દિ લેવી.

૨ અહિંના વેરાવળ દરવાજા બહાર શ્રી આણિરૂશ્વરની જગ્યા જેમાં ધર્મશાળા બનાવેલ છે, તે જગ્યોની સંભાળને માટે એક બાવો ચલુને માટે રહેછે, તથા હાલ પુજન સારૂ તથા વધારે સુરત રાખવા સારૂ સારસ્વત નાતના બ્રાહ્મણોને ભળામણ કરેલી છે, તે બરાબર રીતે જગ્યાની આબાદી રાખશે તો પણ કમિટિએ નજરમાં રાખવું જોઇએ કે આબાદ ન રાખેતો ઘટતો બંદોબસ્ત તથા ફેરફાર કરવો.

૩ શ્રી મહાદેવનું દેવળ ૧ ખંભાટવા તાબાના ગામ પાજોદમાં તેની સંભાળગત રાખવી.

૪ મહાદેવનું દેવળ ૧ સીલમાં.

૫ મહાદેવનું દેવળ ૧ દેવધરા ઉપર શ્રી પ્રાણનાથનું.

૬ શ્રી રાજકોટ તાબે સરધારમાં ધર્મશાળા ૧ મુશાફરો માટે.

૭ જુનાગઢ—જેતપુર વચ્ચે જેતલસરમાં ધર્મશાળા ૧ મુશાફરોને ઉતરવા સારૂ.

૮ શ્રી કાશીમાં ધર્મશાળા ૧.

૯ શ્રી કાશીમાં વિશ્વનાથના દેવળને ચાંદીના કમાડ ભારે સાનીધ્ય અનંતેશ્વરની સ્થાપના.-

૧૦ શ્રી વડનગરમાં શ્રી હાટકેશ્વરના દેવળને રૂપાના કમાડ ભારે.

૧૧ વેરાવળ જતાં ખરેડાના પૂલ પાસે મહાદેવનું દેવળ ૧ ન્હાનું.



૧૨ શ્રી પ્રભાસપાટણમાં ધર્મશાળા.

૧૩ આંહિ (જુનાગઢમાં) શ્રી હટકેશ્વરમાં રૂપાના કમાડ ભારે ચઢાવ્યાં છે.

૧૪ શ્રી રાજકોટમાં સર્વજ્ઞાતિના છોકરા બહારગામથી હાઈસ્કુલમાં ભણવા આવેછે તેને ઉતારાની ઘણી હરકત હતી, તે દૂર થવા અમારા ઘરનો ઉત્તર તરફનો ભાગ રહેવા માટે આપ્યો છે. જેની કે નવા નાગરવાડાના મકાનમાં બદલી કરવા કલમ દશામાં લખ્યું છે, એ મકાન તથા સ્કોલરોને માટે ચાકર રસોયાના ખર્ચ ખાતે મિલિટ્રિ હદના બગલાનું ભાડું વસુલ લેવા ઠરાવ કરી રાજકોટમાં કમિટિ ઠરાવી છે તેનો ઠરાવ આ સાથે રાખ્યો છે તે કામ ખાતાંની સંભાળગત આમા લખેલી કમિટિના ગ્રહસ્થોએ રાખવી.

૧૫ મારા પતીની હૈયાતીમાં અમારા બાગમાં આંબો ૧ ગોર જેશંકરને તથા આંબો ૧ ભટ કતાને આપવામાં આવ્યો છે તે ખાયછે.

ઉપર લખ્યા કામોમાં જે જે પરદેશનું છે, તે કાગળ પત્રથી અને તમ સગથી સંભાળ રાખવી, રખાવવી. આંહિના અને મોજે "વાંદરવડ"ના કામ ખાતે તથા તેનો વહીવટ તથા સદાવ્રત તથા દવાશાળા આદિ સઘળાં કામોનો હિસાબ તથા સંભાળગત હાલ અમે રખાવીએ છીએ, પણ અમારી હૈયાતી બાદ બધો વહીવટ સઘળાં કામોનો કમિટિની સલાહ મુજબ સેક્રેટરીએ ચલાવવો.

ચિ. નૃસિંહપ્રસાદ તથા ન્યાલચંદ છોરૂવત સમજુ છું માટે તેને પણ આ કામ ખાતે વધારે ફિકર રાખવા આ કલમમાં ભલામણ કરૂં છું, કારણ આ કામ અણસમજુને સોંપવા કે તેવાને દાખલ કરવા જેવું નથી સમજુને સોંપવું જોઈએ. તેટલા સારૂ સમજુ ગ્રહસ્થોને કમિટિમાં દાખલ કરવામાં આવ્યા છે.

૨૫ મારી પછવાડે મારૂં ઉત્તરકાર્ય મારા પતિના કાર્ય કરતાં અરધીઆણુ રકમ એવી સુરતથી બારમાસ તે વરસી છમસી સંવત્સરી ઈત્યાદિ કરવાં. એ ખાતાંની ભળામણુ ચિ. નરસિંહપ્રસાદ તથા ન્યાલચંદ તથા માણેકલાલ, ચિ. સારાભાઈ અને અગરજીને આ ઠરાવમાં કરૂં છું.

આ ખર્ચ સારૂં અનામત અવેજ રૂા. હાલથી રાખવા એમ હું નિશ્ચય કરૂં છું. કેમકે કાયાનો ભરોંસો નથી, અને ચાલતું ખર્ચ જાગી છે, માટે આ કામની રકમ આગલથી અનામત રાખવી એમ મેં જરૂરનું વિચાર્યું છે.

૨૬ મારા પતિનું તથા મારૂં વાર્ષિક (સંવત્સરી) તથા શ્રાધ્ધ ચાલુ થયે જાય તે સારૂ કોરી ૩૦૦૦ કમિટિ મારફત સારા શાહુકારમાં રાખવી ને તેના વ્યાજમાંથી ઉપર લખ્યા કાર્યનુ કામ ચલાવવું એમ હું ઠરાવુંછું.

૨૭ ઘરવખરીમાં જે જે શ્રી નરસિંગજીના મંદિરખાતે જોઈએ તે રાખી બાકીની રહે તેની કેવી રીતે વ્યવસ્થા કરવી તે અમે લખી વાળશું અગર ન લખું તો પણ અમારી હૈયાતી બાદ જે અમારી મિલ્કત રહે અને તેમાની કોઇ ચીજ વિષે અમે નિશ્ચય કરેલ હોય ને તેમ રહેતાં બાકીની સર્વે કમિટિના આશરા નીચે અમે મુકરર કરેલા કામ ખાતે રહેશે, તેમાં કોઈનો કાંઇપણ ઈલાકો કે હક નથી. આ ઘર વખરીમાંથી મોહટાં ઠામ નાતના કામમાં આવે તેવાં નીચે પ્રમાણે આપવા ઠરાંવ્યા છે.

| | |
|---|---|
| ૧ ચરૂ ૧ ભૂજની નાતમાં | ૧ ચરૂ ૧ ભાવનગરની નાતમાં. |
| ૧ ચરૂ ૧ નગરની નાતમાં | ૧ ચરૂ ૧ માંગરોળની નાતમાં |
| ચરૂ ૧ પોરબંદરની નાતમાં | |



એ પ્રમાણે આપવામાં આવ્યા છે.

૨૮ અમારા કુટુંબી તથા કુટુંબ જેવા આશ્રિત અને નોકર ચાકર વગેરેને અવેજ વગેરે આપવા અમારા પતિએ આજ્ઞા કરેલી તથા અમે આપવા ધારણા કરીછે તેની વીગત.

જેને આપવામાં આવ્યું તેની વીગત

ચિ. માણેકલાલ પ્રભુલાલ ભત્રીજા તથા બ્હેનો ચિ. ને આપ્યું છે.

૨૬૦૦૦ ચિ. માણેકલાલ રૂા. ૨૬૦૦૦.

૩૦૦૦ ચિ.ગંગા હા ઝાલા કૃપાશંકર રૂા. ૩૦૦૦.

૧૦૦૦ ચિ. મોટી ૧૦૦૦

જમલે ૩૦૦૦૦

## નોકર ચાકરને

૧૦૦૦ ખવાસ ગોવાને કોરી ૧૦૦૦ સિવાય રાજકોટમાં ઘર નામે મીઠીવાળાં.

૫૦૦ ઠાકોર જાલમસિંગજીને કોરી ૫૦૦

૧૦૦૦ વાલંદ ખીમાને કોરી ૧૦૦૦

૨૦૦ ખવાસ કાનાને કોરી ૨૦૦

કોરી ૨૭૦૦

## જેને આપવું તેની વિગત.

૪૦૦૦ ચિ. ભગવાનદાસ અમારી નોકરીમાં કાશીનીયાત્રામાં ગુજરી ગયા તેના છોકરાને ઘર કરી દેવાના આ વસીયતનામાંની કલમ ૧૪ મીમાં ફોલ છે તથા કોરી ૫૦૦૦ તેના છોકરા જે સુખલાલને પરણાવવાના ખર્ચની દેવી.

ચિ. ન્યાલચંદ કૃપાશંકર અમારા પોતના ખરે ખર વિશ્વાસુ અને ભાઇ તુલ્ય છે, અને આજ પર્યંત દરેક કામમાં મદદગાર રહેછે, તેમના પુત્રને તેના નવા ઘરની ઇમારતના ખર્ચમાં મદદ આપવી અમારા પતિએ વચન આપ્યું હતું તે મુજબ મદદ ખર્ચ કોરી ૧૦૦૦૦ આપવી ઠરાવ્યું છે.

ભત્રીજા સારાભાઇને કોરી ૩૦૦૦ ત્રણ હજાર અથવા કોરી ૧૦૦૦૦.

ચિ. અમરજી કચ્છીને કોરી ૩૦૦૦ અથવા કોરી ૧૦૦૦૦ દશ હજાર.

ચિ. ધરણીધરદાસને કોરી ૩૦૦૦ ત્રણ હજાર અગર કોરી ૧૦૦૦૦ દશ હજાર.

અમારા ભત્રીજા દુલમજીને કોરી ૧૦૦૦ એક હજાર.

સદરહુ મુજબ માધવજીને કોરી ૧૦૦૦ એક હજાર.

ભત્રીજીયુંને—

| | |
|---|---|
| ૫૦૦ સવી રૂા. ૫૦૦ | ૧૦૦૦ આતમા કોરી ૧૦૦૦ |
| ૧૦૦૦ રાજી કોરી ૧૦૦૦ | ૧૦૦૦ મેના કોરી ૧૦૦૦ |
| ૧૦૦૦ મોંઘી કોરી ૧૦૦૦ | ૧૦૦૦ પાંચી કોરી ૧૦૦૦ |

## નોકર ચાકરોને

જુનાં નોકર હરિદાસને રૂા. ૬૦૦ અગર કોરી ૨૦૦૦

જુનાં નોકર પ્રભુદાસને કોરી ૫૦૦

ચાકર સામજીને કોરી ૫૦૦

જુની નોકર બાઇ માનુને કોરી ૩૦૦



કોઠારી ઝીણાને કોરી ૨૦૦

ઠા. કમો ઘરનો ચાકર કોરી ૨૦૦

આચાર કૃપાશંકર ગોરના દીકરાને પરચુરણ ખર્ચની કોરી ૨૦૦૦ આપવી ધારેલ તે આપી.

૨૯ અમારૂં ઘણું લેણું ઘણા લોકો પાસે છે, તેની યાદિ કમિટિને હાલ તરતમાં આપી છે, તે પ્રમાણે વસુલ લઇ અવેજ કમિટિએ પોતાના હસ્તક રાખવો, અને તે સિવાય અમારી હૈયાતી લગી ચાલતું લેણુ દેણુ જે રહેશે તે કમિટિને ટીપ અમારા નોકર આપશે, તથા કમિટિએ તપાસ કરી સર્વે લેણું વસુલ લેવું તેમાંથી અમારાં પાસે કોઇનું માગતું બાકી રહેશે તે ચુકાવી દેવું અને બાકી જે અવેજ રહે તેની એવી રીતે વ્યવસ્થા કરવી કે અમે જે જે ચલુતા કામ ઠેવ્યાં છે તેના ખરચને વાસ્તે જુદી પેદાશ ચલુની આ ઠરાવમાં લખી છે, એટલે તોટો આવશે નહિ, ને કદી આવે અથવા આવવા સંભવ હોય તો તે ખાતે અમુક અવેજ કમિટિએ જરૂર જોઇએ તેટલો વ્યાજે સારી જગ્યોએ રાખવો, ને બાકી રહે તે ખાતે એમ કરવું કે, અમારી સ્વ જ્ઞાતિમાં અશક્ત એટલે નબળી હાલતમાં જે ગ્રહસ્થ અથવા રાંડીરાંડ હોય ને જેને કોઇ તરફથી મદદ ન મળતી હોય તેવાને મદદ આપવા સારૂ યોગ્ય જણાય તેટલો અવેજ સારી જગ્યોએ વ્યાજે રાખવો, ને વ્યાજમાથી મદદ આપે જવી ને ખોરાક પોષાક કે કન્યાદાન આપી જરૂરના; ન ચાલે તેવા કામમાં મદદ આપવી. આ ફંડનું નામ “ અનંત ધર્મા શ્રમ” પાડવું હવે એવા લોક કોણ કેટલા છે; તેની પકે પક્કી ચોકસી કરવાનું તથા એ વિષેનો ઠરાવ મુકરર કરવાનું કામ કમિટિનું છે. આ ફંડમા કોઇ નાગર ગ્રહસ્થ સખાવત અવેજ આપે તો તે રાખવામાં હરકત જેવુ નથી

૩૦ કલમ ઓગણત્રીશમાં લખ્યા મુજબના કામખાતે અવેજ બસ થતાં બાકી બચે તે ન્યાત ખાતે રાખવો ને નાતના સદ્‌ગ્રહસ્થોની નજરમાં આવે તેવી રીતે સર્વ જ્ઞાતીના ઉપયોગી કામમાં એટલે સર્વે જ્ઞાતની કીર્તિ વધે ને મોટાઈ જળવાય. તેવા હુન્નરઉદ્યમના કામમાં વાપરવી, આ કામમાં વધારે કરી ચિ. નરશંગપ્રસાદે નજર રાખવી એમ તેઓને આ કલમમાં મારી ભલામણછે,

આ ફંડનું નામ "સર્વ જ્ઞાતિ ઉત્તેજક ફંડ પાડવું અને આ વિષેના ધારા સર્વ જ્ઞાતિના ગ્રહસ્થોએ બાંધવા.

૩૧ કલમ ત્રીશમાં લખ્યા ફંડમાં સ્વજ્ઞાતાભિમાન રાખનારા ગ્રહસ્થ તરફથી સખાવત કરી અવેજ આપે તો તે રાખવા સર્વ જ્ઞાતિના સદ્‌ગ્રહસ્થો ઉપકાર સાથે કબુલ રાખશે. એમ મારી વિનંતિછે.

૩૨ લેણું વસુલ થયા પછી કલમ ૩૦ માં લખ્યા મુજબ કરી ઠરાવ પ્રસિદ્ધ પાડવા કમિટિ તરફથી દેરી નહિ થાય એમ આશા રાખવામાં આવે છે.

૩૩ આ વસીયતનામામાં ઠરાવેલા કમિટિના સદ્‌ગ્રહસ્થોની સંખ્યામાંથી પ્રસંગોપાત કંઇ મેંમ્બરનો ફેરફાર થાય તો તેની અવજી બીજો કરવાતો ઉત્તરોતર કમિટિ મુખત્યાર છે અને સેક્રેટરી જે છે તેજ કાયમ રાખવો પણ જો પોતાથી એ કામ ઉપરથી હાથ ઉઠાવીલે તો તે જગ્યોએ બીજો સેક્રેટરી તેના કુટુંબનો કામ ચલાવી શકવાને લાયક હોય તેને મુકરર કરવો, કારણ આ કામમા સેક્રેટરીનો હુદ્દો ઘણુંકરીને અમારા કુટુંબને રજુ ઉતરોત્તર આપવા અત્રે ભળામણ કરંછું, તેનો સબબ એટલોજ કે તે જીગરથી ફીકર રાખી કમિટિને રજુ કરી કામ બજાવે એ સ્વભાવિક છે, પણ તેમાં કોઇ શક્ષ કોઈ વેગા ગડબડ કરે ને બરોબર ફરજ ન બજાવવાનું સાબીત થાય તો તેને ફેરવવા ઉતરોતર કમિટિ મુખત્યાર છે.



૩૪ મેં આ ઠરાવ કર્યો છે ને પ્રમાણે ઇશ્વર હમેશાં યાવત ચંદ્રદીવાકરો ચલાવે એમ હું આશા રાખુંછુ. ને મારી હૈયાતીમાં આ ઠરાવ પ્રમાણે મારો અમલ કરવો છે, તથા તેમાં કાંઇ વધારે કલમ અથવા લખેલ કામમાં કોઈ કલમમાં કાંઇ ખામી રહી ગઈ હોય ત્યાં સુધી સુધારવાને હું મુખત્યાર છું

મારી હૈયાતી બાદ વારસની રીતે કમિટિ મુખત્યાર છે નીમેલી કમિટિ સિવાય મારા હરકોઇ કામમાં હાથ નાખવાં કોઈને પણ અખત્યાર નથી.

૩૫ મારી આખરી વખત અથવા તે પહેલાં આ ઠરાવ સિવાય હરકોઈ બાબત લખીને કમિટિને હુ સુચના કરૂં તે પ્રમાણે અમલમાં લાવવા કમિટિને અવલથી વિનતિ કરૂંછું

૩૬ અમારા રહેલ ઘરને મટે અમારા મયાળુ પતિએ ચિ. માણેકલાલને આપવા મારી મરજી ઉપર રાખ્યું છે, અને તેમને જુદાં ઘર મોટી હવેલી છે, અને આ ઘર અમે ધર્મના કામમાં આપ્યાં છે. એટલે માણેકલાલને આપવાનું કાંઇપણ કારણ નથી. ચિ માણેકલાલ આવા ધર્મના કામમા આપેલ ઘરની લાલચ કરે નહિ એમ હું માનું છું, અગર કદી અમારા પતિ ચિ. માણેકલાલ મોટેરાની તે હવેલી બનાવેલી માંની લોભ કરે લેતે પણ વાજબી નહિ, કેમકે તે હવેલી ઉપર હજારો પૈસા મારા ખાવીંદે ખરચી બીજી ઈમારત તે હવેલી ઉપર તથા તેને લગતી કરેલી છે, એટલે મૂળ ઈમારત કરતાં નવી બીજી ઘણી કિંમતની બનેલ છે. સિવાય ચિ માણેકલાલને રૂા. ૨૬૦૦૦ આપ્યા છે. એટલે તેણે કાંઈપણ લાલચ રાખવાપણું રહ્યું નથ; તે કરતાં આ હવેલી કાંઇ અમુક જણના સ્વાર્થ વાસ્તે રાખી નથી પણ મારા પતિ અને

તેના પુર્વજોના કલ્યાણાર્થે તથ: આહુ નામદારી રહેવા ધર્મના કામમાં સોંપેલ છે વાસ્તે આ ઠરાવ કોઈને પણ ફેરવવાનો હક નથી.

૩૭ આ વસીયતનામું બંધ કરતી વખત હું મારી ફરજ બજાવવા સંતોષ માની આંહિના માનવંતા સરકારનો મોટો ઉપકાર માનું છું માનવંતા સરકારે મારા પતિ પછવાડે દરેકવખતે મારી કદરદાની કરેલા છે ને કરેછે તથા મારા પતિની આબરૂ કાયમ નહે જવાનાં કામમા કોઈપણ રીતે કમતી રાખેલ નથી, એટલુંજ નહિ પણ મારા ઉપર મહેરબાની કરી એક તસલીનો પરવાનો લખેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે; તે ઉપરાંત કમિટિને જે ધર્મના કામ સોપવામા આવે તેને મદદ મળવાની તસલી વાંદરવડના પરવાનામાં લખેલી છે, જેની નકલ આ સાથે મોજુદ છે. હુને ખાત્રી છે કે, માનવતા સરકાર મારાં કરેલાં કામમાં મદદ કુમક વહુને માટે કમિટિને આપશે. સંવત ૧૯૨૭ના આશો શુદિ ૧૦.

| | |
|---|---|
| ૧ પટેલ લક્ષ્મિચંદ દામોદર | ૧ દા. ઝાલા ગોકળજી, આ |
| ૧ દા. નારણ જીવાની સહી. | વાત અમારી રજુ થએલીછે |
| ૧ અમરજી આણંદજી કચ્છી સહી | ૧ દા. સાલે હિન્દિ. |
| ૧ સારાભાઈ માંડણજી કચ્છી સહી | ૧ મથુરાંદાસ ભગવાનદાસ સહી. |
| | ૧ નરસંગપ્રસાદ હરીપ્રસાદ. |

## સુધારો વધારો.

### પૃષ્ટ ૧૧૨-૨૩ પુત્રીનું સ્વસુર પક્ષ જુનાગઢના પ્રખ્યાત ગાયકવાડ મજમુદાર કુટુંબમાં હતું.

આજમ અનંતજીભાઈને માત્ર એકજ પુત્રી થએલ હતો સંબંધ જુનાગઢના મહુંમાના નાયબ દિવાન રા. રા પુરૂષોત્તમરાય-



જીના પિતા વેરે કીધો હતો, પરંતુ દૈવ્ય ઈચ્છાથી પાછળથી તે પુત્રી સ્વર્ગવાસી થયાં હતાં.

પૃષ્ટ ૧૫૪ આ મંદિરનુ વાર્ષિક બંધારણ પોતાની હૈયાતી પછી પણ નિર્વિઘ્ને ચાલ્યું જવા માટે સરકારશ્રીથી ગોઠવણ કરી વાર્ષિક વર્ષાશન કોરી ૬૦ તે મંદિરને મળે જાય એવો ચલુના બંદોબસ્તનો રૂકો કરાવ્યો, જે આજ સુધી પ્રુનાવત સરકાર તરફથી લખપતની કસ્ટમ ખાતેથી મરહુમનાં ધર્માશ્રમ ચલાવનારી કમિટિને મળે જાયછે. આ લખપુતીનાં ૧૨ ઘર નાગર બ્રાહ્મણનાં ત્યાં ગીરનારા બ્રાહ્મણનાં બે ઘર છે. જેઓ શ્રીયુત અનંતજીભાઈના આશ્રીત હતા. આ સિવાય આગળનો માઢ અને તેની જોડેનુ મકાન આ મંદિરને હવાલે છે તે મકાનો બંધાવતાં આશરે રૂ૫૦૦૦ નો ખર્ચ થયેલો છે.

પૃષ્ટ ૧૭૭ લીટી ૪—શેઠ ડુંગરશી એ જામનગરના વતની હતા.

પૃષ્ટ ૧૯૩ લીટી ૬—આ જગ્યા ખાસ તેમના આશ્રય તળે હતી ને તેનો બંગલો આજમ અનતજીએ બધાવ્યો હતો.

॥ લીટી ૧૯—આ જગ્યો પણ મરહુમના આશ્રય તળે મળથીજ હતી, અને ત્યાં કાબીઆનું સદાવ્રત યાત્રાળુઓને અપાતુ હતુ.

પૃષ્ટ ૨૦૭ લીટી ૧૩ પછી- કાશીપુરીમાં દીર્ઘકાળ સુધી નિવાસ કરી શીવપુરીનો આનંદ ભોગવવાની ઈચ્છા મરહુમ અનંતજીભાઈની હતી, પરંતુ દૈવ્ય ઈચ્છાથી રંગમાં ભંગ પડ્યો. પોતાના ધર્મ પત્નિ હરકુંવરબાઈના તરૂણવયના અવસાન ના ભગવાનકસનું ભવિષ્ય શ્રી કાશી પુરીમાં પહોંચ્યા પછી ત્રીજે કે ચોથે દિવસે થયુ. આ

વિપરીત બનાવથી મરહુમને બહુ શોક થયો, કારણકે રા૦ ભગવાનલાલપર આજમ અનંતજીનો અપૂર્વ પ્રેમ હતો અને પોતાના જમણા હાથ તરીકે તેમને ગણતા હતા, તેથી અત્યંત શોચને લીધે કેટલાંક અગત્યના કામો રહી ગયાં, ને નહિ ચાલવાં જેવાં કર્યા.

પૃષ્ટ ૨૧૧—સરકાર શ્રીના મોટું સામૈયું કાઢ્યામાં આવ્યું હતું, તે વડાલા સુધી ગયું હતું. ઉતરેતી રાજ્યકક્ષા છતા રાજ્ય તરફથી સંપૂર્ણ માન મતરબો બતાવ્યામાં આવ્યો, સત્ય કહેવામાં આવે તોતે શ્રીયૂત અનંતજીભાઈને જે હતું તેમા બાહાદર વજીર શ્રી બાહાદીનભાઈની ખરી ખૂબી તથા રાજ્યનું સારૂં કરી દેખાડવાની નીતિ રહેલી હતી.

પૃષ્ટ ૨૧૬ લીટી ૧૭મી—યુરોપીયન ઓફીસરો પણ મરહુમ અંતનજીભાઇને ત્યાં પધારીને માન આપતા હતા.

પૃષ્ટ ૨૧૭ લીટી ૯મી—બહુ ભાગે હરકોઈ સારૂં કર્મ ગુણજ્ઞ પુરૂષ તરફથી કરવામાં આવે છે તેવો ગુણ શ્રીયુત અનંતજીભાઈમાં સંપૂર્ણ રહેલો હતો, તેથી તેમણે તેવાં માનનાં ખબર થતાંજ જૂનાગઢનાં પ્રતિષ્ઠિત દિવાન લક્ષ્મિશંકર શ્રી બુઢા બાવાના મંદિરમાં પૂજા કરતા હતા, ત્યાં જઈ તેમના ચરણમાં પોતાનું શિર નમાવી માન આપ્યું. દિવાનજીએ તરતજ મોટો મિલાવડો કરી વાજીંત્રનાં ઘોર સાથે ખલીતાનો સત્કાર કરી સરકારનો મોટો આભાર માન્યો હતો, તથા સાકરનાં લ્હાણાં વહેંચ્યા હતા.

પૃષ્ટ ૨૩૫—રાજકોટ બોર્ડીંગ અને ધર્માદા માટે મુખ્ય વીલની અંદર નીચેની કલમ દાખલ થએલી છે. આ કામ માટે સામટી રકમ પણ વ્યાજે મુકાણી છે, તથા તે બાબત રાજકોટમાં કમિટિ નીમાણી છે ને તેનું કામ નિયમીતપણે ચાલેછે.



પૃષ્ટ ૨૩૯ શ્રી પ્રભાસમાં ધર્મશાળા—આ ધર્મશાળા નરસિંહજીની ભક્તપુરીને નામે ઓળખાયછે

૨૪૦—જુનાગઢમાં—ગોરદેવીમાં બંગલાનું મકાન તથા વસીયત પત્ર સુધી આ સિવાય બીજી વાર ડેલીમાં ને બીજે બ્રાહ્મણોને તથા આશ્રિતોને સાત મકાન બંધાવી દીધાં.

૫—રાજકોટમાં—બોર્ડિંગ સ્કુલના ખર્ચ માટે બે બંગલા રૂા ૨૦૦૦૦ના.

૨૪૧—જુનાગઢ—શ્રીહટકનાથમાં રૂપાંનાં કમાડ, શ્રી ગુસાંઇજીની હવેલીમાં ઘરના મોતી બાગની અવેજમાં બાહારબાગ સરકારમાંથી વેચાતો લઇ વીલ પ્રમાણે હરકુંવરબાઈએ અર્પણ કીધો છે.

૫ ૨૪૧ જીર્ણોધ્ધારમાં—મુજકુંદ, આણંદેશ્વરનાં મંદિર સુધરાવી બંધાર્યા.

પૃષ્ટ ૨૪૧ વ્હાણાં—દેશાવરની નાત ખાતે એક મોટું પીતળનું ઠામ સંવત ૧૯૨૭–૨૮માં વસીયતપત્રને આધારે આપ્યું.

પૃષ્ટ ૨૪૧—તમામ સ્થાવર જંગમ મિલ્કત ધર્માર્પણ કરવાના બાઇ શ્રીના વિચાર હતા તે પ્રમાણે અમલ કર્યો.

૧—બાઈ હરકુવરની સ્થિતિ અનંતજીભાઇની હૈયાતીમાં લક્ષ્મિરૂપ હતી. આજમ અનંતજીના સ્વર્ગવાસ પછી પણ મરહુમ બાઈએ જીર્ણાદિ કરી અનેક ધર્મ કાર્ય કીધાં. આવો દાખલો નાગરજ્ઞાતિમાં આ પહેલ વહેલોજ છે.

૨—"વાંકરવડ" નામનું ગામ મેળવ્યું તથા દવાખાનાની સ્થાપના કીધી.

૩—શ્રી નરસીંગજીની શેવા પુજાની સ્થાતી બાંધી, બાઈ હર-કુંવરના વીલ પ્રમાણે

૪—આ ઠરાવ બરાબર ચાલ્યો નહિ એવે તેમના વીલના સેક્રેટરી રા. રા. અમરજી આણંદજી કચ્છીએ શ્રી સરકારમાં જાહેર કર્યું તે પરથી સરકારે "વાંકરવડ" ગામ કમીટીના હવાલામાં અલગ સાપ્યું

પૃષ્ટ ૨૪૧—શ્રી યુત અનંતજીભાઈનાં ભવિષ્ય પછી તેમના ધર્મ પત્નિનો ભલો વિચાર તમામ સ્થાવર જંગમ મિલ્કત ધર્માર્પણ કરવા તથા બીજા લોકોપયોગી કામ દાખલ વાપરવાનો થતાં, તે અમલમાં મુકતાં પહેલા તેના ચાલુની નિગાહબાનીને માટે ખુ. નવાબ સાહેબની હજુરમાં એક ગામ વેચાણ આપવાની મદદ કરવા તથા હમેશ માંગવામાં આવે તે બંધારણ નિભાવવાની તસલી મડયાની માગણી પુરી કીધી છેવટ સરકાર સ્વારી આજમ અનંતજીભાઈને ઘેર પધારી અને કોરી ૧૫૦૦૦૦ દોઢ લાખ સાટે વાંકરવડ ગામ સાંતી ૮૦નું સાથે આપવાનું મજૂર કીધું અને સંવત ૧૯૨૬માં ના. ૬૫નો પરવાનો લખી આપી ગામ કબજામાં સોંપ્યું. છેવટ સુધી ફરદાની કરી એ પ્રમાણે ધરના મોતીબાગ પર ખુ. બહાદુરખાનજીને આત પ્યાર હોવાથી તે ખુ. સાહેબને નજર કરવામાં આવ્યો, તેની અવેજ સરકાર તરફથી જાફરબાગ મળ્યો તે શ્રી ગુંસાઇજી મહારાજની હવેલીમાં અર્પણ કરી ધર્મનિષ્ઠ હર-કુંવરબાઇએ પોતાના પતિની આજ્ઞાનું પાલન કર્યું.



## સ્ફુટ નોંધ

બાઈ હરકુંવરબાઇએ ચિ. માણેકલાલને રૂ. ૨૬૦૦૦ આપી તેમને પણ આ ચાલુના ધર્મ પરાયણી રસ્તાઓ બાંધવામાં ભેળા લીધેલા પણ દૈવયોગે તેઓનું વચમાજ ભાવષ્ય થઇ ગયું.

હરકુંવરબાઈએ ત્યારપછી, મરહુમ માજી દિવાન ગોકલજી ઝાલા માલેહિન્દ, નૃસીંહભાઈ, વગેરે સદગૃહસ્થોને પોતાને મકાને પધરાવી તેમની સમક્ષ બાઈ મેં શકે [illegible] આ સઘળા વિચારો જાહેર મૂકાવી, "અનંત દવાશાળા" ખુલ્લી મૂકવાની ક્રિયા કરાવી હતી. તે દવાશાળા આજસુધી ચોકસ કમિટિની દેખરેખ તળે ચાલે છે

અસલ વીલમાં લખ્યા પ્રમાણે શ્રી નરસીંગજીનું મંદિર રહેવાના મકાનમાં કરવાની પોતાની ઈચ્છા પાર પાડવા. કામ કરનારા સંભવીત ગૃહસ્થોને એકઠા કીધા અને ખાત મૂહૂર્ત કરાવી પોતે બીજાં મકાનમાં રહેણાંક કરી, મંદિરનું કામ ચાલુ કરવાનું ઠરાવ્યું હતું. પરંતુ કાંઇ કારણને લઈને તે તકે ન બની શકયાથી તે કામ તે કાળે અધુરૂં રહી ગયું પાછળથી બાઇ [illegible]ની પ્રકૃતિ બગડતી ચાલી, અને છેવટ સંવત્ ૧૯૨૯ના ચૈત્ર શુદ ૨ ને રોજ સ્વર્ગવાસ થયો. એટલે તે પ્રમાણે મિલ્કત ધર્માદા ચલાવવા માટે મરહુમ રા. અનંતજીભાઇના [illegible] સરકાર શ્રીની સોંપણ થઇ હતી પરંતુ વીલ પ્રમાણે બરાબર વહીવટ ન ચાલવાથી, છેવટ તે વાત ખુ. સરકારશ્રીના બાંધેલા ધોરણ પ્રમાણે રા. રા. અમરજી આણંદજી કચ્છી તરફથી જાહેર થતાં મરહુમ માજી દિવાન [illegible] એ વાત મરહુમ અનંતજીભાઈના વીલ પ્રમાણે કરવા યત્ન કરીને "વાંકરવડ" ગામ માટે એક જૂદી કમિટિ મુકરર કરી, અસલ વીલ પ્રમાણે ધર્માદા કામ ચલાવવાનું બંધારણ બાંધી આપ્યું. પરંતુ તેમાં કેટલીક

તકરાર રહી જતાં હાના દિવાન સરદાર બહાદુર બેહેચરદાસ તથા નાયબ દિવાન રા. રા. પુરૂષોત્તમરાય ઝાલાએ નિવેડો લાવી તે બાબત નવેસરથી ઠરાવ કર્યો છે તે કમિટિમાં નીચે છપેલા ગ્રહસ્થો છે.

રા. રા. ભીકમજી નરભેરામ | રા. રા. શ્રીધરલાલ માધવદાસ.
|| || દુર્ગાપ્રસાદ હરીપ્રસાદ. | || || મોતીલાલ રામજી.
|| || સારાભાઇ માંડણજી કચ્છી || || જેસુખલાલ ભગવાનદાસ કચ્છી.

આ કમિટિના હવાલામાં નીચે પ્રમાણે વહીવટ ચાલેછે.

(૧) ગામ વાંદરવડની પેદાશ તથા વહીવટ કરવા સબંધી
(૨) જાત્રાએ આવનારા સાધુઓ ને સદાવ્રત– ખર્ચ ૬ થી ૮૦૦૦
(૩) દવાખાનાનું વાર્ષિક ખર્ચ જે આશરે કોરી ૪૦૦૦ થી ૫૦૦૦ સુધી તે તપાસવું.
(૪) શ્રી અનંતેશ્વર મહાદેવની દેખરેખ રાખવી.
(૫) શ્રી નરસિંહ મહેતાનું જુનું મંદીર થોડા વખતમાં કમિટિ મારફતે ચોકસ થશે તેની સંભાળ રાખવી.
(૬) કોરી ૫૦૦૦૦ નાગર નિરાશ્રિત ફંડમાં મરહુમ અનંતજીભાઇની મિલ્કતમાંથી આપવા ઠર્યું છે.
(૭) બાકીના રોકડ કોરી બીજાં ધર્માદાના કામમાં વપરાશે.

આ પ્રમાણે મરહુમ અનંતજીના સ્વર્ગવાસ પછી રાજકોટ અને જુનાગઢમાં ધર્માદા અને લોકોપયોગી કામ ચાલેછે.

---



# शुद्धिपत्रक.

| पृष्ट | ओळ. | अशुद्ध | शुद्ध |
|---|---|---|---|
| १० | १ | नास्तिह्म | नास्तिहयवुळा |
| १९ | १ | षड्पदा | षट्पदा. |
| | | फलाद | फलाद् |
| | | काटा | कंटा. |
| २३ | | शास्ति | शांत्ति. |
| ४४ | १ | सतसगच्य | सतसंगाच्य. |
| ४४ | २ | दि | द्दयं. |
| ४४ | ३ | कंथ | कथं. |
| ४४ | | वितरयात्ति | विघरयाति. |
| ४४ | | पूण्य | पुण्य. |
| ४५ | | ज्ञानाम्यं | ज्ञानव्य. |
| ४५ | | कार्ति | कीर्ति |
| ४४ | | भेषजम | भेषजस |
| ४७ | १ | संपर्क | संपर्क. |
| ५२ | | मगर्भच्युति | नगभच्युती. |
| ५४ | | सपक्ष॥ | क्षपक्षः॥ |
| ५४ | | दारुणोपिः | दारुणापि॥ |
| ५७ | २ | विपशा | विवशाः खलु |

| | | | |
|---|---|---|---|
| ६२ | १ | | |
| ६२ | १ | नृपाणा | नृपाणां. |
| ॥ | ४ | चष्य | चाष्यां. |
| ॥ | ॥ | परिक्षितान | परी क्षितान. |
| ६७ | २ | पुरेन | पुरेन. |
| | | श्रांतकेन् | श्रांतकेन. |
| ७१ | २ | सुखात | सुखात्. |
| ॥ | ॥ | सुराणा | सुराणाम् |
| ॥ | ॥ | प्यधिक | प्यधिकं. |
| ७० | ॥ | पतन्यं | पत्न्या. |
| ७९ | ॥ | विधि | बुधिः. |
| ८९ | | पुर्वपरे | पुर्वापरे. |
| ॥ | | सर्वपधासु | सर्वापदासु |
| ॥ | ॥ | राजार्थ | राजार्थ |
| ॥ | ॥ | स्वार्य | स्वार्थ. |
| ॥ | ॥ | लाकार्थ | लोकार्थ. |
| ॥ | ॥ | करकोली: | कारकोनि स्पृहः |
| ॥ | ॥ | शमोः | शमी. |
| ॥ | ॥ | वियो निव | नियोजि. |
| ॥ | ॥ | वणिक | वणिक. |



| | | | |
|---|---|---|---|
| ॥ | ॥ | मंत्री | मंत्री. |
| ९८ | ॥ | सुबन | चुंबनं. |
| ॥ | ॥ | मनुष्याळाम् | मनुष्याळाम. |
| ॥ | ॥ | परिष्वंवो | परिष्वंगो. |
| ॥ | ॥ | चुंबन— | चुंबनं. |
| ९२ | ॥ | या | या. |
| ॥ | ॥ | प्रभु | प्रभु. |
| ॥ | ॥ | कुर्वत | कुर्वते. |
| ९३ | ॥ | द्रष्यता | दवष्यता. |
| | | पदाना | पदानां. |
| ९४ | | वलये | वलयं |
| ॥ | | शशि | शशी. |
| ॥ | | विभासि | बिभाति. |
| ॥ | | सभा | सभा |
| | | शषि | शशी. |
| | | पुणं | पुर्णः |
| | | वामरा | वासळान् |
| | | सुराण।मप्य | सुराणामप्यधिकं |
| २०९ | | श्री राम | श्री रामं |
| २१८ | | स्ताद्धरुद्धाना | स्ताद्धरुद्धानां |
| २४३ | | मल | मली |

२४४………………दामोदराघ……… दामोदराध्य

२४४………१४………मही……………… महीं

२४४………२१……सुधायुतारसमया…… सुधायुतारत्नमया

२४५………१………स्विलशास्त्र…………खिलशास्त्र

२४५………७………कुशलेभूत………… कुशलोभूत्

॥…………॥.. ……तुः चक्रः………… चकार

॥…………॥………वेद्राविव……………वेंद्राविभ

११…… खलवालि……………खलावालि

॥ ……… १२…… करसुभात्व…………करणायामात्व

२४६……… २………द्रायधाव्यः………द्रव्यधान्यौः

॥………… ४………त्वएश्वरेण……… त्वनंतेश्वरेण

६………पुरासर……………पुरासर

७………शुत्वा………………श्रत्वा

१३……… सतत………… सतां

१३………भवसागरे………भवेसागरे

खडानंद………अखंडानंद

२४७………४ ……… जननी…………जननीं

विद्याय……… विधाय

६……… विद्वद……… विद्वद्वंद

७……… वायुभ्राता………वायुभ्रात्रा



१३……… जुगोव………जुगोप

२४८………१५……… भमतु……… म तु

१८……… न्यद्भमण……न्यर्भ्रमण

२१……… इत्पकजं………हत्पंकजे

२४९……… १…………त्रायाविधाति……यात्राविधेति

२………… श्रुत्वा………… श्रुत्वा

१२…………दुदभि…………दुंदभि

२५०……… ४…………केंटु……………केंडु

११…………सोविका……… सोविकां

१४…………सुस्वरुप……… सुम्वरुप

शशिनंद………शशिनद.

२५१……… ८…………तोढश्यते…………तौढश्येते

१५………… मुद्रिका…………मुद्रिकां.



NOT TO BE ISSUED
SMT. HANSA MEHTA LIBRARY BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY
NOT TO BE ISSUED
SHML
G21665
G. 21665
NOT TO BE ISSUED
7CT
1508
.V2B4
G. 21665